અંતરીઆળ

[illegible] [illegible] ઠક્કર

બંસરીબાલા.

(સચિત્ર સામાજિક નવલકથા.)

યોજક અને પ્રકાશક,

બ્રજલાલ જાદવજી ઠક્કર,

અમદાવાદ.

સોલ એજન્ટ,

એન૦ એમ૦ ત્રિપાઠી ઍન્ડ કંપની

બુકસેલર્સ અને પબ્લીશર્સ.

પ્રિન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવીરોડ. મુંબાઇ.

વિક્રમાબ્દ ૧૯૭૭ ખ્રિસ્તાબ્દ ૧૯૨૧ જુન.

આવૃત્તિ બીજી. પ્રત ૧૦૦૦

કુલ પ્રત ૨૧૦૦

અમદાવાદ ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટિંગ પ્રેસમાં પરિખ

દેવીદાસ છગનલાલે છાપ્યું.

મૂલ્ય રૂ. ૩-૮-૦.

આર્યસંસારનો આધુનિક ચિતાર [illegible] સંગ્ર

[સચિત્ર. સંસારદર્શન. સચિત્ર.]

પ્રયોજક, વ્રજલાલ જાદવજી ઠક્કર.

(સામાજિક વાર્ત્તાસંગ્રહ.)

આ વાર્ત્તાસંગ્રહમાં આધુનિક આર્યસંસારની વર્ત્તમાનકાળની પરિસ્થિતિનાં એવાં આકર્ષક ચિત્રચરિત્ર આલેખવામાં આવ્યાં છે કે, જે વાંચવાથી ભારતવર્ષના આધુનિક આર્યસંસારોની સંપૂર્ણ માહિતી સાથે આનન્દ, જ્ઞાન અને પ્રસન્નતા પ્રાપ્ત થયા સિવાય રહેશે નહિ. સુધારાનો સાર, કુધારાનો કોપ, સ્ત્રીસ્વાધીનતાનું પરિણામ, ધર્મશુન્ય શિક્ષણને લીધે સંસારમાં ચાલતો સ્વચ્છંદાચાર, સ્ત્રીજાતિનાં ગૃહકર્ત્તવ્ય, વગેરે અનેક ઉપયોગી વિષયોનો આ વાર્ત્તાસંગ્રહમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સ્વદેશની પરિસ્થિતિથી પરિચિત થવું હોય, કુટુંબકલેશ કિંવા ગૃહકલેશમાંથી મુક્ત થવું હોય, પતિ–પત્નીએ પરસ્પરના પ્રેમમાં લીન બની સ્નેહમય જીવન ગુજારવું હોય તો આ વાર્ત્તાસંગ્રહ અવશ્ય વાંચો. શૃંગાર, ભક્તિ, વૈરાગ્ય, શોક, હર્ષ, પ્રણય, વિયોગ વગેરે સર્વનો સમાવેશ આ સંગ્રહમાં થયેલો છે. લાયબ્રેરીને શોભાવે એવું પાકું સોનેરી પૂઠું; પૃષ્ટ સંખ્યા ૨૫૦ છતાં મૂલ્ય માત્ર રૂા. ૨–૮–૦.

'લુહાણા–બંધુ' કાર્યાલય–અમદાવાદ.

અર્પણપત્રિકા.

શ્રીયુત

વલ્લભજી રામજી ઇબજી

ઘાટકોપર (થાણા.)

આપશ્રીના મ્હારા પ્રત્યેના વિશુદ્ધ સ્નેહભાવને સ્મરણીય કરવાના સદુદ્દેશથી મ્હારી આ સામાજિક નવલકથા નિષ્કામભાવથી આપશ્રીના જ કરકમળમાં સાદર સમર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

અમદાવાદ
તા. ૨૮–૫–૨૧.

લિ૦
નિરંતર સ્નેહાધીન
વ્રજલાલ જાદવજી ઠક્કર.

વિષયાનુક્રમણિકા.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

આ નવલકથાની પ્રથમાવૃત્તિ ૧૯૧૯ ના મે માસમાં પ્રસિદ્ધ થઇ હતી. તેની સઘળી નકલો બે વર્ષ જેટલા સમયમાં ખપી જવાથી તેની આ બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરી વાર્ત્તાપ્રિય વાંચકબંધુઓના કરકમળમાં સાદર સમર્પણ કરવામાં આવે છે, તથા મ્હારી અન્યાન્ય નવલકથાઓની માફક આ નવલકથાને પણ લોકપ્રિય થયેલી જોઇ મ્હને આનંદ થાય એ સર્વથા સ્વાભાવિક છે.

વિશ્વવિગ્રહની સમાપ્તિ થઇ જતાં કાગળો, છપામણી, બંધામણી વગેરેની પણ કાંઈક સોંઘવારી થવાની આશા રાખવામાં આવતી હતી; પરંતુ વિગ્રહની સમાપ્તિ ઘણા વખતથી થઇ ગયેલી હોવા છતાં કાગળો, છપામણી, બંધામણી વગેરેના ભાવો વિશેષ મોંઘા જ થયા છે. યુદ્ધ ચાલતું હતું તે વખતે છપામણીના જે ભાવ હતા તે ભાવમાં અત્યારે ત્રણગણો વધારો થયો છે, કાગળોના ભાવમાં પણ ઘણો વધારો થયો છે અને બંધામણીનું પણ તેમજ છે. આવી સખ્ત મોંઘવારીમાં પુસ્તકો છપાવી પ્રસિદ્ધ કરવાનું કાર્ય કેટલું મુશ્કેલી ભર્યું છે એની કલ્પના સ્વાનુભવી સિવાય બીજા કોઈના અંતરમાં ઉપજવી સર્વથા અશક્ય છે. આવી વિષમ પરિસ્થિતિ હોવા છતાં છેલ્લાં બે વર્ષથી હું મ્હારી લખેલી ત્રણ ચાર નવલકથાઓ દર વર્ષે પ્રસિદ્ધ કરી સહૃદય વાંચકબંધુઓના કરકમળમાં મૂકી શકું છું તે માટે આ સ્થળે હું મ્હારાં પુસ્તકોના સોલ એજન્ટ શ્રીયુત **ઝવેરભાઈ** અને શ્રીયુત **નરહરિરામ** (એન૦ એમ૦ ત્રિપાઠી ઍન્ડ કંપનીના માલેકો) તથા શ્રીયુત **ગોવિંદરાવ** મહાદેવ રામચંદ્ર જાગુષ્ટેનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનું છું. ગુજરાતના આ સુપ્રતિષ્ઠિત ગ્રંથપ્રકાશકો અને ગ્રંથવિક્રેતાઓની વારંવાર મળતી પ્રાસંગિક મદદથી જ આ સાહિત્યસેવક વારંવાર પોતાની કૃતિસહ વિવેકશીલ વાંચકબંધુઓ સમક્ષ ઉપસ્થિત થઇ શકે છે, તેથી જો તેમનો અત્રે ઉપકાર માનવામાં ન આવે તો એ એક પ્રકારની કૃતઘ્નતા જ ગણાય.

મ્હારી નવલકથાઓ સંબંધી હું કાંઇ કહેવા માગતો નથી; કેમ કે સાહિત્યવિલાસી જનસમાજ એ વિષયનો ઉચિત વિચાર કરી શકે તેમ છે; વળી હસ્તકંકણને આયનાની શી જરૂર છે ?

અંતે જે અનંતનામી પરમકૃપાળુ પરમાત્માના કૃપાકટાક્ષથી હું મ્હારું સાહિત્યસેવાનું કર્ત્તવ્ય નિર્વિઘ્ને બજાવી શકું છું એ પિતાનો ઉપકાર માની વિરમું છું તથા ઉપર દર્શાવેલાં મોંઘવારીનાં કારણો ધ્યાનમાં લેતાં આ આવૃત્તિનું જે મૂલ્ય રાખવામાં આવ્યું છે તે કોઇને વિશેષ નહિ લાગે એવી આશા રાખું છું.

લિ.

અમદાવાદ.
તા. ૨૬—૫—૨૧

સાહિત્યસેવક
વ્રજલાલ જાદવજી ઠક્કર.

પ્રથમાવૃત્તિની પ્રસ્તાવના.

પ્રસ્તુત સામાજિક નવલકથા આધુનિક આર્યસંસારના એક પ્રાકૃત કિંવા યથાર્થ ચિત્રસ્વરૂપ છે એમ કહેવું જ ઉચિત જણાય છે. ધાર્મિક કેળવણીના અભાવે માત્ર પુસ્તકીઆ જ્ઞાન પ્રાપ્ત કરનાર મનુષ્ય સુખ મેળવવાની મહત્વાકાંક્ષાથી મોહાધીન બની જઈ-પાપકાર્યમાં પ્રવૃત્ત થઇ પોતાની, પોતાનાં કુટુંબીજનોની તથા પોતાના સંસારની શાન્તિનો વિનાશ કરી કેવું દારૂણ દુ:ખ ભોગવે છે એ પ્રસ્તુત નવલકથાના નાયક યોગેશ્વરના ચિત્ર ચારિત્ર્યપરથી વાંચકબંધુઓ સહેલાઇથી સમજી શકશે. વાસના એ જ દુ:ખનું મૂળ છે અને ચિત્તસંયમથી જ શાન્તિ મેળવી શકાય છે એ સૂત્રનો સાક્ષાત્કાર મુખ્યત્વે કરીને આ નવલકથામાં કરાવ્યો છે.

એક પતિપરાયણા સ્વધર્મશીલા આર્યનારીનું કર્ત્તવ્ય કેવું હોવું જોઇએ, તેણે ચારિત્ર્યભ્રષ્ટ અને ધર્મભ્રષ્ટ થયેલા પતિની મતિગતિનું સંશોધન કેવી રીતે કરવું જોઇએ, બાળવિધવાઓને કેવા પ્રકારની ધાર્મિક કેળવણી આપવી જોઈએ આદિ અનેક સાંસારિક ઉપયોગી વિષયોનું માર્ગદર્શક ચિત્ર આ નવલકથામાં વિવિધ પાત્રોદ્વારા અંકિત કરવામાં આવ્યું છે, અને મ્હારી અન્યાન્ય નવલકથાઓનો ગુર્જર સાહિત્યપ્રિય વાંચકોએ જેવો સત્કાર કર્યો છે તેવો સત્કાર આ નવલકથાનો થશે તો હું મ્હારા સકળ શ્રમની સાર્થકતા થયેલી સમજીશ, અત્રે મ્હને નિવેદન કરતાં હર્ષ થાય છે કે, મ્હારી એ ત્રણ સામાજિક નવલકથાઓનું ભાષાંતર કરવાની પરવાનગી હિન્દી લેખકોએ માગેલી હોઈ તે તેમને તદ્દન નિસ્વાર્થ ભાવથી આપવામાં આવી છે. આ સઘળી વસ્તુસ્થિતિનો વિચાર કરી પ્રસ્તુત સાંસારિક નવલકથા વિવેકશીલ વાંચકબંધુઓના કરકમળમાં સાદર સમર્પણ કરવામાં આવે છે.

આ પુસ્તકનું મુદ્રણ કાર્ય ચાલૂ હતું એ સમય દરમ્યાન કાર્ય પ્રસંગે ઘણો ખરો વખત મ્હારે બ્હાર ગામ રહેવું પડેલું હોવાથી પ્રુફ સંશોધનના કાર્યમાં આવશ્યકીય ધ્યાન અપાયું નથી એ માટે ક્ષમા યાચવામાં આવે છે. આ આવૃત્તિમાં રહી ગયેલી અશુદ્ધિઓનું પુનરાવૃત્તિ પ્રસંગે સંશોધન કરવામાં આવશે.

લિ.

અમદાવાદ. માંડવીની પોળ. } સાહિત્યસેવક
તા. ૯ મે ૧૯૧૯ } વ્રજલાલ જાદવજી ઠક્કર.

જરૂર વાંચો. ઢીલ કરશો તો પાછળથી પસ્તાશો.

અત્યંત દુર્લભ અતિ ઉપયોગી ગ્રંથ.

અસલી પ્રવીણસાગર

[આ ગ્રંથમાં ગુજરાતી ટીકા આપેલી હોઇ ગુજરાતી ભાષામાં બ્હાર પડેલાં સઘળાં પ્રવીણસાગરોના ગ્રંથો કરતાં આ ગ્રંથ ઘણો મ્હોટો, અતિશય ઉપયોગી, લાયબ્રેરીમાં રાખવા લાયક છે. માત્ર જુજ નકલો સિલ્લકે છે.]

આ સુવિખ્યાત ગ્રંથ રાજકોટના મહા વિદ્વાન્ મહારાણા શ્રી મેહરામણસિંહજીએ રચેલો હોઇ તેમાં તેમણે પોતાની અલૌકિક બુદ્ધિમત્તાનો પરિચય કરાવ્યો છે. બાળક, યુવક, તરુણ, પ્રૌઢ, વૃદ્ધ, વૃદ્ધા, પ્રૌઢા, તરૂણી, યુવતી, બાલિકા વગેરેમાંથી ગમે તે આ ગ્રંથના વાંચનથી અમૂલ્ય જ્ઞાન પ્રાપ્ત કરી શકે તેમ છે. ‘પ્રવીણસાગર’ નો અર્થ જ ‘ચતુરસાગર’ કિંવા ‘બુદ્ધિસાગર’ થાય છે, તેથી આવા અમૂલ્ય ગ્રંથમાં સમાયલા જ્ઞાનનું વર્ણન કરવું એ સોના ઉપર ઢોળ ચઢાવવા જેવું છે. કામધેનુ અને કલ્પવૃક્ષના આશ્રયથી જેવી રીતે ઇચ્છિત પદાર્થની પ્રાપ્તિ કરી શકાય છે તેવી રીતે હરેક મનુષ્યને આ ગ્રંથમાંથી ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થઇ શકશે. આ ગ્રંથના અધ્યયનથી યોગીજનો યોગવિદ્યાનો પરિચય પામશે, ભોગીજનો ભોગવિલાસ પામશે, પ્રણયીજનો પ્રણયનું ખરૂં સ્વરૂપ સમજી ખરાં પ્રણયી બનશે, કવિજનો સર્વ અલંકાર અને કાવ્ય-કળાને સમજશે, જ્ઞાની મહાજ્ઞાન પામશે, સામાન્ય મનુષ્ય બુદ્ધિનો અખૂટ ખજાનો મેળવશે. આ સર્વ ઉપરાંત આ ઘણા ઉપયોગી ગ્રંથમાં નાયક નાયિકાનો ભેદ, નાડી પરીક્ષા, અશ્વ પરીક્ષા, શુકનાવલી,

ॐ तत्सत्परमात्मने नमः ।

બંસરીબાલા.

પ્રકરણ ૧ લું.

પરિચય.

બાળક બોલ્યોઃ—" બા! ગીત ગા. " આમ કહી તે માતાના ખોળામાંથી ઉઠયો અને ઓરડાના એક ખુણેથી બીજા ખુણા સુધી દોડતો, પોતાના બન્ને હાથોને હલાવતો માથાને ધુણાવતો, નેત્રોને નચાવતો બાળક નાચવા લાગ્યો. નાચતાં નાચતાં પડવા લાગ્યો, ઉઠવા લાગ્યો અને દોડવા લાગ્યો.

બાળકની ઇચ્છાને અનુસરીને લાવણ્યમયી, વાત્સલ્યમયી પ્રથમ-પ્રસૂતિ નવયુવતીએ પોતાના કોમળ કંઠથી રૂપાની ઘંટડીના જેવા મધુર અવાજથી ભગવતી વીણાધારિણીના જેવા કર્ણ પ્રિય કંઠે ગાવાની શુરુઆત કરીઃ—

(ગરબી.)

" જાણો તો વશીકરણી વિદ્યા જાણજો,
અબલા સેંજે સબલ થશો સંસાર જો;
મંતર જંતર તંતર જૂઠાં ભામણાં,
જીભે મીઠાં મન મીઠાં સુખસાર જો. જાણો૦ ૧
જાપ અજપ પ્રીતિ નામ જપો મનથી તમે,
વ્રત પતિસેવા તનમનથી સચવાય જો;
દીક્ષા લો રતિપતિની સાચી નિર્મળી,
માગો વર પરસુખમાં ભેદ ન થાય જો. જાણો૦ ૨

પ્રેમ તણો રસ ઝીલ્યો સીતારામથું,
એ રસ પીધો ગોપી શ્યામશરીર જો,
સાવિત્રી મીરાં સર્વે એમાં ગળ્યાં,
દ્રોપદી તારા મંદોદરી સતી શિર જો. જાણો૦ ૩
દોરી પ્રેમ તણી જગજીવન જાણજો,
એણે બાંધ્યા નવ છોડયાં છોડાય જો,
રૂપ રંગ રસ સાંધ્યાં ઉખડે સેંજમાં,
અંગ પડે પણ પ્રેમ નહિ પલટાય જો. જાણો૦ ૪
પ્રેમથકી જગ ભાસે સઘળું એકમાં,
એકરસે દૃઢ ભક્તિ ભજે ગુણવાન જો,
મૂરખ પ્રેમમણીનું તેજ ન ઓળખે,
અથડાઈ મરતાં પણ ન લહે સાન જો. જાણો૦ ૫
વશ તેને પ્રભુ જે રસ જાણે પ્રેમનો,
વૃક્ષ જંતુ જલ જનનો તે શો ભાર જો,
વિષ અમૃત ઝટ અગ્નિ શીતળ ઉકળે,
એવાંને મુજ વંદન વારંવાર જો. જાણો૦ ૬

—મ૦ ન૦ દ્વિવેદી.

કિશોરી કોમળ સ્વરે ગાતી હતી. બાળક પોતાનો નાચવા કૂદવાનો વ્યવસાય છોડી દઈ મંગળકારિણી માતાની મધુર મૂર્ત્તિનું દર્શન કરતો સ્થિર ઉભો રહ્યો. ગાન પૂર્ણ થતાં જ તે માતાના ખોળામાં જઈને બેઠો. થોડા સમય પછી તે ખોળામાં જ આડો થયો અને જોત જોતાંમાં ઉંઘી ગયો. માતાએ બાળકને કૉચ ઉપર સૂવાડયો અને પોતે પણ જમણા હાથ ઉપર માથું રાખી વિસ્તૃત કૃષ્ણકેશકલાપને છૂટા રહેવા દઈને બાળકના કોમળ શરીર ઉપર પોતાનો એક હાથ રાખી તેને હૃદય સરસો ચાંપી પોતે પણ તેની સાથે સૂતી. થોડા સમયમાં જ માતા પુત્ર નિદ્રાધીન થયાં.

પાઠક! જો તમે ગૌરવર્ણની અને સુંદરી યા તો કિશોરી કહેતા

હોય તો આ નવલનાયિકા સુંદરી નથી; પરંતુ તેના શરીરના જેવું લાલિત્ય અને સૌંદર્ય હજાર સ્ત્રીઓમાં એકને જ હોય છે! રંગ નવી ઉગેલી દુર્વા જેવો નયનરંજક છે. અનેક સુંદરીઓની સુવર્ણકાન્તિ પણ તેના સૌંદર્ય સમક્ષ નિસ્તેજ લાગશે; પરંતુ રૂપ યા તો સૌંદર્ય એ મનનું જ કારણ છે. કોઇને સૂર્યનો પ્રકાશ ગમે છે તો કોઇને ચંદ્રનો પ્રકાશ ગમે છે. બાકી ખરી રીતે જોતાં ચંદ્રનો પ્રકાશ શીતળ અને સુખકર છે; પરંતુ કેટલાક સૂર્યનાં તેજસ્વી રશ્મિઓથી અંજાઇ જઇ ઘણો તાપ સહન કરવા છતાં મોહમુગ્ધ થઈ જાણી જોઇ સૂર્યનો પ્રકાશ પસંદ કરે છે; વાસ્તવિક રીતે જોવા જતાં તે અગ્નિ છે.

યૌવનનાં કિરણોનો પ્રકાશ સર્વાંશે પ્રસરતાં પહેલાં આપણી નવલનાયિકા બાળકની માતા થઇ છે.

"વહુ! બેટા! ઉઠો, વખત થઇ ગયો છે." આમ કહેતાં કહેતાં એક વૃદ્ધાએ આવીને બંસરીબાલાના ઓરડામાં પ્રવેશ કર્યો. ઓળખીતા અવાજથી બાળક જાગી ઉઠયો. બાળકને જાગેલો જોઇ વૃદ્ધાએ તેને ઊચકી લીધો અને અપાર સ્નેહથી તેના અધરોષ્ઠપર ચુંબન કરી છાતી સરસો ચાંપી તેના માથા ઉપર હાથ ફેરવતાં ફેરવતાં તે ત્યાંથી ચાલી ગઇ. બંસરીબાલાએ પણ જાગ્રત થઇ લજ્જિત બની જઇને પોતાની સાસૂ નવદુર્ગાની પાછળ ગમન કર્યું.

* * * * *

યોગેશ્વર દરિદ્ર બ્રાહ્મણનો પુત્ર છે. તેના પિતાનું નામાભિધાન રૂદ્રનારાયણ છે. પ્રસ્તુત કથાનક પ્રસંગે રૂદ્રનારાયણ ઇશ્વરની આરાધનામાં પોતાના દિવસો કોઇ પવિત્ર સ્થળે રહી પસાર કરે છે; પરંતુ તેમની પૂર્વ સ્થિતિનો થોડો પરિચય પામવાની આપણને આવશ્યકતા છે.

રૂદ્રનારાયણમાં અસામાન્ય પાંડિત્ય અને જ્ઞાન–ગાંભીર્ય છે; તેમની જન્મભૂમિ ચાણોદ છે. ત્યાં આગળ ઘણો સમય વાસ કરવાથી બ્રાહ્મણ-પુત્રો સાથેના સહવાસથી સંસ્કૃત ભાષાનું ઘણું સારું જ્ઞાન તેમણે મેળવ્યું છે. વૃદ્ધ પિતાના ઉપદેશથી તેમજ ગુરુદેવ જ્ઞાનાનંદ સરસ્વતીના

શિક્ષાગુણથી ઉપનયન સંસ્કાર થઇ ગયા પછી તેમણે અગ્નિહોત્ર ગ્રહણ કર્યો. સાંગોપાંગ વેદાધ્યયન કરી પિતા માતાના દેવલોક પામ્યા પછી રૂદ્રનારાયણ પોતાને મોસાળ આવીને વાસ કરવા લાગ્યા. ત્યાં આગળ જ શિવરામ પંડિતની એકની એક કન્યા નવદુર્ગાનું પાણી ગ્રહણ કરી તેઓ સંસારી થયા. આ નવદુર્ગાનો એકનો એક ગર્ભજાત પુત્ર તે જ યોગેશ્વર છે. યોગેશ્વરને તેની નવ વર્ષની ઉમ્મરે ઉપવિત ધારણ કરાવવામાં આવી ત્યાર પછી પુત્ર યોગેશ્વરને તેમ જ પત્ની નવદુર્ગાને શ્વસુરને સોંપી રૂદ્રનારાયણ આ અસાર સંસારની પ્રપંચમય પ્રવૃત્તિથી નિવૃત્ત થયા છે.

દુઃખિની નવદુર્ગા સ્વામી સહવાસથી વંચિતા થવા છતાં પણ અતિ યત્નથી યોગેશ્વરનું લાલન પાલન કરવા લાગી. નવદુર્ગાનો પુત્રને સુશિક્ષિત બનાવવા સિવાય બીજો કોઇ મહદ્ ધર્મ નહોતો. પિયરમાં રહી સ્નેહમયી નવદુર્ગા યોગેશ્વરને સુશિક્ષણ અપાવવા લાગી. તેના ગુણોથી ગામનાં માણસો તેને ભગવતી નવદુર્ગાના સ્નેહમય સંબોધનથી સંબોધવા લાગ્યાં. નવદુર્ગાના ગુણોનું વર્ણન થવું અશક્ય છે. પાકશાળામાં તે સ્વયં અન્નપૂર્ણા, સેવામાં રૂક્મિણિ, ગૃહિણીપણામાં કુંતી, પરિશ્રમમાં દમયન્તી, સહિષ્ણુતામાં સીતા અને પાતિવ્રત્યમાં સાક્ષાત સાવિત્રી છે. તેની સુવ્યવસ્થાને લીધે પંડિતજીનું ગૃહ ઇંદ્રમહાલય જેવું બની રહ્યું હતું.

મોસાળમાં રહી યોગેશ્વરે વ્યાકરણ, અલંકાર અને કાવ્યનો ઉત્તમ પ્રકારે અભ્યાસ કર્યો. આ પ્રસંગે અંગ્રેજોનો નુતન અમલ હતો. અંગ્રેજી વિદ્યા જાણનારને સારા પગારની નોકરી મળતી હતી; આથી શિવરામ પંડિતે યોગેશ્વરને અંગ્રેજી સ્કુલમાં દાખલ કરી દીધો. યોગેશ્વરે અંગ્રેજી વિદ્યાનો ઉત્તમ પ્રકારે અભ્યાસ કર્યો તથા કૉલેજમાં જઇ તેણે ત્યાંની સિનિયર શિષ્યવૃત્તિ મેળવી.

યોગેશ્વરને ઉમ્મર લાયક થયેલો જાણી વૃદ્ધ પંડિતે કન્યા શોધવાનો વિચાર કર્યો. એ વિચારને ભગવતી નવદુર્ગાએ અનુમોદન આપ્યું;

જેથી પંડિતે કન્યાની તપાસ કરવાનું કાર્ય ચાલૂ કર્યું.

ઘણી તપાસ કર્યા પછી બંસરીબાલાને પસંદ કરવામાં આવી. બંસરીબાલા પ્રતિષ્ઠિત કુટુંબની લાડકી કન્યા હતી. તેના પિતા ગિરીશચંદ્ર ઘણા જ સુચતુર અને ગંભીર પ્રકૃતિના પુરુષ હતા. તેમણે વિચાર્યું કે, 'યોગેશ્વર વિદ્વાન્, અંગ્રેજી શિક્ષાથી સુશિક્ષિત છે. આવું બીજું પાત્ર સહેલાઈથી મળી શકે તેમ નથી.' જો કે યોગેશ્વર પિતૃહીન તથા દરિદ્ર છે એ વાત ગિરીશચંદ્રની ધ્યાન બ્હાર નહોતી; છતાં તેમણે એ વિષયની બિલ્કુલ ચિંતા કરી નહિ. કેમ કે તેમની લાગવગ ઘણી જબરી હતી. તેઓ યોગેશ્વરને સહજમાં કોઇ ઉચ્ચ હોદ્દો અપાવી શકવાને સમર્થ હતા.

વિવાહ થયા પછી થોડા સમયમાં જ યોગેશ્વર ડેપ્યુટી કલેકટર થયો. યોગેશ્વરનું કાર્ય વગેરે જોઇ સરકાર બહાદુરે પ્રસન્ન થઇ તેની કલેકટરની જગ્યાએ બદલી કરી. આ સમયે યોગેશ્વરે પોતાના શ્વસુર વિરુદ્ધ એક પ્રકારની અસભ્ય વર્તણુંક ચલાવી, ગિરીશચંદ્રે કન્યા બંસરીબાલાને તેમ જ તેના નવજાત દોહિત્રને જમાઇ સાથે એકદમ મોકલવાની અનિચ્છા દર્શાવી; પરંતુ યોગેશ્વરે—કલેકટર યોગેશ્વરે શ્વસુરનું કાંઇ પણ સાંભળ્યું નહિ. તે તો અલ્પ સમયમાં જ પત્ની, પુત્ર તથા પોતાની પ્રૌઢા માતાને લઇ અમદાવાદ ચાલ્યો ગયો.

તેણે અમદાવાદમાં સાબરમતીપર એક સુરમ્ય બંગલો ભાડે રાખ્યો તથા ત્યાં વાસ કર્યો. બાળકની તેમ જ પત્નીની સાથે આનંદ વિનોદમાં દિવસો વીતવા લાગ્યા. બંગલાની અંદર યોગેશ્વરે પોતાનું દિવાનખાનું પણ ઘણું સુસજ્જિત બનાવી દીધું. જાજમ, કુરસી, ટેબલ, હિન્કસના લૅમ્પ, કોચ, ઇઝી ચેર તથા એવી જ બીજી વસ્તુઓને એવી રીતે ગોઠવવામાં આવી કે જેથી તેનું દિવાનખાનું ઘણું મનોહર બની ગયું.

દિવાનખાનાની પાસે જ શયનમંદિર છે. એક સુંદર છત્રપલંગે શયનાલયનો ઘણો ખરો ભાગ રોકયો છે. શયનાલયમાં ચારે તરફથી

અત્તરની સુવાસ દિનરાત આવ્યા કરે છે તથા યોગી આત્માને ભોગી બનાવી દે છે.

આ ઉપરાંત એક ઓરડો બંસરીબાલા માટે, તથા બીજો એક ભગવતી નવદુર્ગાને માટે મુકરર કર્યો છે. રસોડાની સગવડ તથા નોકર ચાકરોને રહેવાની વ્યવસ્થા નીચેના બાગમાં કરી છે. કંપાઉન્ડની અંદર બંગલાની ચારે દિશાએ એક ન્હાનો સરખો બાગ બનાવવામાં આવ્યો છે. એ બાગમાંનાં પુષ્પોની સુવાસથી તપ્ત હૃદય શીતળ થઇ શકે છે.

પ્રકરણ ૨ જું.

પતિ-પત્ની.

જોતજોતાંમાં યોગેશ્વરના વિવાહને બે વર્ષ થઇ ગયાં. એ સમયની અંદર બંસરીબાલા સ્વામીના અત્યાગ્રહથી વાંચતાં લખતાં શિખી; પરંતુ યોગેશ્વરને એટલાથી સંતોષ ન થયો. તેણે તેને વધારે શિખવવાનો પ્રયત્ન કર્યો. એક વખતે બંસરીએ કહ્યું:—"જ્યારે ત્યારે ભણભણ કરું ત્યારે પછી ઘરનું કાર્ય કોણ કરશે? બાળકની સંભાળ કોણ લેશે? હવે તો મ્હારે કાંઇ ભણવું નથી; તમે ભણ્યા છો પછી મ્હારે ભણીને શું કામ છે?"

"તું તો ગાંડી છે; દાસ દાસી છે તે ગૃહકાર્ય કરશે; તને કોણ કોઇ કામ કરવાનું કહે છે? ત્હારી ભણવાની ઇચ્છા નથી તેથી જ તું આ બધાં બ્હાનાં કાઢે છે." સહજ વિરક્ત ભાવથી યોગેશ્વરે કહ્યું.

"ના—ના, બ્હાનાં શા માટે કાઢું? પરંતુ તમે જ વિચાર કરો કે એ બીચારાંને શા માટે ત્રાસ આપવો?"

"એમાં ત્રાસ શાનો? ચાકર જાત કામ કરવાને જ સરજાયલી છે. જો બધે ઘેર ત્હારા જેવી ગૃહરાણીઓ હોય તો તો બીચારા ચાક-

શેના સુખનો પાર રહે નહિ, તેઓના ઍશઆરામમાં કોઇ પણ પ્રકારની ખામી જ રહે નહિ!"

"તમે તો જ્યારે ને ત્યારે મશ્કરી જ કર્યા કરવાના!"

"તને બધી મશ્કરી જ લાગે છે તો જવા દે એ વાત. જો સાંભળ, હવે થોડા જ સમયમાં આપણી સુરત બદલી થનાર છે; હુકમ પણ નીકળ્યો છે."

"ફરીથી બદલી? હું તો ઠેર ઠેર ભટકવા આવવાની નથી!"

"ઘણી સારી વાત! જેવી રાણી સાહેબની ઇચ્છા!"

"જુઓ, પાછી મશ્કરી કરી ખરી? આ હકીકત માતુશ્રીને કેમ જણાવી નથી? ક્યારે જવાનું થશે?" પત્નીએ પૂછ્યું.

"હવે વિશેષ વખત લાગનાર નથી. માતુશ્રી પણ આ સમાચાર સાંભળી ખુશી થશે; કારણ સુરત પણ સારું શહેર છે." યોગેશ્વરે પ્રત્યુત્તર આપ્યો.

થોડા સમય સુધી બંસરીબાલા કાંઇ વિચાર કરતી સ્થિર બેસી રહી. કોઈ પણ પ્રકારનો નિશ્ચય થતાં તેણે નમ્રતાથી યોગેશ્વરને પૂછ્યું–"મ્હારી એક વાત સાંભળશો કે?"

યોગેશ્વરે સ્મિત કરતાં કરતાં ઠાવકું મ્હોં રાખીને માથું નમાવી બન્ને હાથ જોડી કહ્યું:–"શી આજ્ઞા છે હુજૂર?!"

પતિદેવતાએ કરેલા ઉપહાસથી બંસરીબાલા હસી પડી. ક્ષણ કાળ માટે તેના અધર ઉપર વિશેષ લાલી તરી આવી. સ્મિત કરતાં કરતાં ધીમેથી તેણે કહ્યું:–"જુઓ, હવે દિવસો જેમ જેમ પસાર થતા જાય છે તેમ તેમ પ્રસવકાળ નજીક આવતો જાય છે. ગૃહનું સર્વ કાર્ય માજી સંભાળી શકે તેમ નથી. તેઓ તો બાળક શ્રીકાન્તને જ રાખી શકશે. ત્યારે પછી મ્હારે માટે ઉઠવેઠ તેમ જ ગૃહની વ્યવસ્થા કોણ કરશે? માટે મ્હારી તો એવી ઇચ્છા છે કે મ્હારી બ્હેન વિનોદિનીને અત્રે બોલાવીએ. ભોજન બનાવવામાં તે ઘણી જ કુશળ છે; એટલું જ નહિ પણ તે હિસાબ સુદ્ધાં રાખી જાણે છે."

"તમારી ગૃહજંજાળમાં હું કાંઇ ન જાણું. હું તો તમને જોઇતા પૈસા પૂરા પાડું,-તમારે ફાવે તેવી વ્યવસ્થા કરો. ગૃહકાર્ય સંભાળવાનો ભાર હમ્મેશાં ગૃહિણી ઉપર રહે છે. અમે અમારા કાર્યમાં લક્ષ્ય આપીએ કે ઘરની જંજાળમાં ?"

આ સમયે ભગવતી નવદુર્ગા શ્રીકાન્તને લઇ યોગેશ્વરના દિવાનખાનાના દ્વાર આગળ આવી બોલીઃ-"બેટા યોગિ ! આ શ્રીકાન્તને લે."

યોગેશ્વરે જઇ દ્વાર ઉઘાડ્યું અને શ્રીકાન્તને પોતાના હાથમાં લીધો. યોગેશ્વરે માતાને કહ્યુંઃ-"બા ! અંદર આવો, તમને એક વાત પૂછવાની છે." ભગવતીએ દિવાનખાનામાં પ્રવેશ કર્યો. બંસરીબાલા ઉતાવળી ઉતાવળી ઘુમટો તાણી પલંગપરથી ઉઠી નીચે ઇસ પાસે લપાઇ બેસી ગઇ. ભગવતીએ પૂછ્યુંઃ-"શું છે ભાઈ ?"

યોગેશ્વરે નમ્રતાથી કહ્યુંઃ-"બા ! ફરીથી આપણી સુરત બદલી થવાની છે. થોડા દિવસમાં જ હુકમ મળશે. મ્હારા વિચાર પ્રમાણે ત્યાં જવાથી તમારા મનનો કેટલોક ભાર ઓછો થશે."

"ભાઇ ! સોના કરતાં પીળું શું ? સુરત તાપી નદીના પવિત્ર કિનારા ઉપર છે. રોજ એવી પવિત્ર સરિતામાં સ્નાન કરવાનું મળશે તેમ જ ઇશ્વરાધનામાં અવશિષ્ટ આયુષ્ય પસાર કરી શકાશે."

"તમારું કહેવું યથાર્થ છે. વિશેષમાં એની ઇચ્છા વિનોદિનીને અત્રે બોલાવવાની છે; કારણ તમે જાણો જ છો. તમારી શી અનુમતિ છે ?"

"તેનું કહેવું ખોટું નથી. વિનોદિની ગુણવતી ચાલાક તેમ જ સકળ કાર્યોમાં હોશિયાર છે. આપણું ગૃહકાર્ય કરવાનું જો તે ખુશીથી સ્વીકારતી હોય તો તેને બોલાવો. તેના કાર્યનો બદલો આપણે કોઇ પણ રીતે વાળી આપીશું." આમ કહી શ્રીકાન્તને ત્યાં જ મૂકી ભગવતી નવદુર્ગા દિવાનખાનામાંથી બ્હાર નીકળી ધીમે પગલે પોતાના ઓરડા તરફ ચાલી ગઈ.

યોગેશ્વરે બાળક શ્રીકાન્તને સ્નેહથી ચુંબન કર્યું અને તે પોતાની

સાથે તેને પલંગમાં લઇ સૂતો. બંસરી પણ પતિદેવતાની ચરણસેવા કરવા લાગી. ધન્ય છે આર્ય અબળા! ત્હારી જેવી પતિવ્રતા પ્રમદાઓએ ભસ્માવશેષ ભારતવર્ષનું ગૌરવ જાળવી રાખ્યું છે. પતિસેવાને તમે તમારા ઇશ્વરની સેવાને સ્થળે સ્થાન આપ્યું છે તેથી જ ભારતીય સન્નારીઓની સત્કીર્ત્તિ આજે સમસ્ત વિશ્વસંસારમાં પ્રસરી રહી છે.

પ્રકરણ ૩ જું.

બાળવિધવા વિનોદિની.

" વહે વારિ ન્હોળું, નયન પરથી ગાલ પર છે,
તુષારે ભીંજેલા ફુલવત, દિસે ગૌર મુખડું;

× × × × ×

પડે છે કો બિંદુ ચિબુક પરથી એ સ્તન પરે,
અને ત્હાંથી ધીમે ટપકી પડતું જાજમ પરે;
સ્તનો બેની વચ્ચે ટપકી વળી કોઇ સ્થિર થતું,
દિસે જાણે મોતી શશીકરણમાં કો ચળકતું. "

—કલાપી.

વિનોદિની બંસરીબાલાના પિતરાઇ મામાની પુત્રી છે. હમણાં તે બીચારી વિધવા છે–ચિરકાલથી વિધવા થઇ છે. હમણાં વિનોદિનીની ઉમ્મર લગભગ અઢાર વર્ષની છે. જ્યારે તેની ઉમ્મર પાંચ વર્ષની હતી ત્યારે તેનો વિવાહ કરવામાં આવ્યો હતો. એ વિવાહની વાત બીચારી વિનોદિનીના ધ્યાનમાં પણ રહી નથી. પોતે ક્યારે વિધવા થઇ, કેમ થઇ તેનું પણ તેને જ્ઞાન નથી. તે ફક્ત એટલું જ જાણે છે કે પોતે વિધવા છે. તેનાથી કરકંકણનો તેમ જ કુંકુમનો ઉપયોગ કરી શકાતો નથી, અલંકાર આભુષણો પહેરી શકાતાં

નથી, તેને એકાદશીના અપવાસ કરવા પડે છે, ઘણો સમય પૂજાપાઠમાં પસાર કરવો પડે છે તથા ભૂમિશય્યા ઉપર શયન કરવું પડે છે.

તથાપિ વિનોદિની સ્વરૂપવતી છે. વિનોદને યૌવનસુલભ મુખ છે. કપોલ ભમર છે, નેત્રો છે. વિનોદનું ભરયૌવન પણ સ્થિર છે. ધીર અને ગંભીર યમુનાના પ્રવાહ પ્રમાણે યૌવન પ્રકાશી રહ્યું છે. તેમાં પ્રચંડ તરંગ નથી. પ્રભાતમાં પ્રફુલ્લ થયેલ કમળ જેવી. કાળાં વાદળાંને ભેદી બ્હાર આવતી વિજળીના જેવી ભભકવાળી, શેષ નાગની ફણા જેવા કેશકલાપવાળી, કામદેવના બાણ જેવી ભમરવાળી, રત્ન જેવાં અને કટાક્ષમાં કુશળ નયનોવાળી, મુનિજનને પણ મોહ પમાડે તેવા કામદેવે જેમાં અમૃત ભરી રાખ્યું છે એવા લાલચોળ ઓષ્ઠવાળી, દાઢિમની કળી જેવી દંતપક્તિવાળી, બહુ મ્હોટાં નહિ એવાં—પરદેશથી આવેલા અજાણ્યા યાત્રાળુની પેઠે લજ્જા અને ભયથી ધ્રુજતાં તથા તેથી જ ચોળીમાં સંતાઇ ગયેલાં પયોધરવાળી, દેહભાર ધારણ કરવાને જાણે અશક્ત હોય એવી કટીવાળી, મદનદેવતાની જાણે વેદિકા ન હોય એવાં ભારે નિતંબવાળી અર્થાત્ સંસારનું બધું સૌંદર્ય વિધિએ જેમાં ભરી મુકયું હોય એવી અમારી આ નવલકથાની ઉપનાયિકા વિનોદિની છે.

તે આટલી બધી સૌન્દર્યવતી હોવા છતાં તેના અધરપ્રાંતપર સુખ નથી, વાસના નથી, અનુરાગ નથી. તેનાં સર્વ લક્ષણો જોવાથી તે સંસારસુખવંચિતા વ્યક્તિ હોય એમ માલૂમ પડી આવે છે. સ્રીના મર્મપ્રદેશને ઉકેલી શકવા જેટલી આ ક્ષુદ્ર લેખકની શક્તિ નથી; કારણ ભલભલા તેમાં ભૂલા પડે છે. નારદ જેવા મહર્ષિ તથા શંકર જેવા મહાત્માઓ પણ ભામિનીચરિત્ર સમજવામાં ભૂલા પડ્યા છે તો એક સામાન્ય નવલકથાકાર શા હિસાબમાં ?

યોગેશ્વરની સુરત બદલી થવાથી તે કુટુંબસહ ત્યાં રહેવા લાગ્યો. બંસરીબાલા સાથે વિનોદિની પણ રહેવા લાગી; કારણ ગયા પ્રકરણમાં નક્કી કર્યા પ્રમાણે વિનોદિનીને તેડાવવામાં આવી છે. તે ઉત્સાહી

છે; પરંતુ કયા કારણને લઇ તે અપાર ઉત્સાહથી કાર્ય કરવા લાગી છે તે અમે સમજી શકતા નથી. તે પ્રાતઃકાલે રસોઇ કરવામાં રોકાય છે, મધ્યાન્હકાળે બાળક શ્રીકાન્તની સાથે વિનોદ કરે છે, સંધ્યા સમયે પુનઃ ભોજનાદિ તૈયાર કરવાની પ્રવૃત્તિમાં પડે છે અને મધ્યરાત્રિ સુધી ભગવતી નવદુર્ગાની ચરણસેવા કરે છે.

* * * * *

ભગવતી નવદુર્ગા વિધવા નહિ હોવા છતાં તેને વૈધવ્યવ્રતનું પાલન કરવું પડે છે. તેના સ્વામીનો—રૂદ્રનારાયણનો આજકાલ કરતાં અઢાર વર્ષથી પત્તો નથી. તેઓ ગયા તે ગયા જ. જો દેશાચાર અને શાસ્ત્ર માનીને વર્તે તો યોગેશ્વરને પોતાના પિતાનું શ્રાદ્ધ પણ કરવું પડે; પણ યોગેશ્વરને હજુ પણ આશા છે કે પિતાજીનાં ફરીથી દર્શન થશે. વિશેષતઃ માને વિધવા સ્વરૂપે જોવાની તેની બિલ્કુલ ઇચ્છા નથી; છતાં ભગવતી નવદુર્ગા વિધવા પ્રમાણે જ પોતાના આચાર વ્યવહાર રાખે છે, એકાદશી કરે છે, જપતપ કરે છે, ને ફળ મુળના આહાર ઉપર દિવસો પસાર કરે છે, તો પણ હજી તેના કપાલમાંથી કુંકુમનો તેમ જ કરમાંથી કંકણનો નાશ થયો નથી.

ભગવતી નવદુર્ગા સકળ ગુણસંપન્ન હોવા છતાં એક સાધારણ દોષ તેમનામાં છે. તેઓ સર્વની હકીકત સાંભળે છે અને સર્વના ઉપર વિશ્વાસ મુકે છે. તેમનું મન ઘણું જ ભોળું છે. આ સંસારના છળ પ્રપંચોનો તેમને બિલ્કુલ અનુભવ નથી. તેમણે પાંચ સાત માણસોને લઇ ગૃહસંસાર ચલાવ્યો હતો. સ્વામીની સાથે તેમણે દશ વર્ષ પસાર કર્યા હતાં; પરંતુ એ સમય દરમ્યાન તેમને ગૃહસંસારનો અનુભવ મળ્યો નહોતો. સ્વામી તો કેવળ જપ તપ કર્યા કરતા અને વેદાન્ત દર્શનનો પાઠ કર્યા કરતા. ભગવતી સ્વામીના કાર્યમાં આડે આવતાં નહિ; તેઓ પણ પતિની મરજી પ્રમાણે વર્તતાં હતાં; કારણ કે તેઓ જાણતાં હતાં કે સ્વામી માનુષ નથી પણ દેવતા છે!

પુત્રના સંસારમાં ગૃહિણી થવા છતાં નવદુર્ગાનું ધ્યાન ઇશ્વર

સિવાય બીજા કોઈનામાં નથી. પતિવિયોગિની થયા પછી ભગવતી ઇશ્વરની આરાધનામાં જ પોતાનો સર્વ કાળ પસાર કરે છે. અને ઘડી બે ઘડી સમય મળે છે, ત્યારે બાળરાજા શ્રીકાન્તને રમાડે છે. અતિ સ્નેહથી તેને છાતી સરસો ચાંપે છે. તેને પાસે બેસાડી ઈશ્વરનું સ્તવન કરે છે. વૃદ્ધા થવા છતાં મધુર કંઠથી તેઓ ઇશ્વરની આરાધના કરી શકતાં.

બંસરીબાલા પણ આ સંસારનું એક રત્ન છે. તે સાસુને માતા જેટલું જ માન આપી તેની આજ્ઞાંકિતા રહે છે. ભગવતી પાસેથી તેણે કેટલાંક ઇશ્વરસ્તુતિનાં ભજનો કંઠે કરી લીધાં છે. પોતાની નીતિ ઉત્તમ પ્રકારની રાખી તેવા ગુણોનો વિકાસ થાય એવાં જ પુસ્તકોનો તે અભ્યાસ કરે છે; તેથી પ્યારના નામે થતો હવસ તેનામાં પ્રવેશી શક્યો નથી. વળી તેનો અભ્યાસ પણ વિશેષ નથી. શ્વસુરપક્ષમાં આવ્યા પછી જ યોગેશ્વરે તેને સાધારણ લખતાં વાંચતાં શિખવાડ્યું છે. યોગેશ્વરની આકાંક્ષા તો ઘણી મ્હોટી છે. તેને પોતાની ભાર્યાને વિદ્યાવિલાસિની બનાવવી છે. અંગ્રેજી વિદ્યાથી વિભૂષિતા કરવાની છે; પરંતુ એ વિષયમાં પત્ની પતિની ઇચ્છાનુસાર વર્તી શકતી નથી. તે તો સાસુજીની સેવામાં રહી ધર્મનું જ્ઞાન મેળવે છે. ધાર્મિક પ્રશ્નો ઉપર વાદવિવાદ ચલાવતી રહે છે તથા પુત્ર શ્રીકાન્તમાં પણ ધાર્મિક વૃત્તિઓનું સિંચન કર્યા કરે છે.

યોગેશ્વરને આ બધું હંબગ જેવું લાગે છે. તે મનમાં ઘણો દુભાય છે; પરંતુ પ્રકાશમાં પત્નીને કંઈ પણ કહી શકતો નથી. તે જ્યારે પત્ની તરફ દૃષ્ટિ કરે છે, ત્યારે તેનાથી એકાએક ગાઢ નિશ્વાસ મૂકી દેવાય છે. તેની પત્ની તેને નિરસ લાગે છે. બંસરીબાલાના દૈવી ગુણોની પરીક્ષા યોગેશ્વર કરી શકતો નથી.

હવે વિનોદિનીના તરફ નજર કરીએ. તેણે આવીને ભગવતી નવદુર્ગાને અલ્પ સમયમાં જ વશ કરી દીધી. વિનોદ દરિદ્રની કન્યા હોવા છતાં તેનાં સર્વ કાર્યો વ્યવસ્થાપૂર્ણ છે, કારણ તે ભણેલી ગણેલી

છે. હિસાબ રાખવાનું કાર્ય પણ પોતે જ કરે છે. પ્રથમ એક માસમાં જેટલું ખરચ થતું હતું તેથી અડધા ખરચમાં હવે પ્રથમાનુસાર ગૃહ-સંસાર ચાલે છે. વળી વિનોદના સેવાભાવની પણ તુલના થઇ શકે તેમ નથી. તે મધ્યરાત્રિ સુધી ભગવતીની સેવા કર્યા કરે છે. બંસરીબાલા સાથે પણ તેને સારી રીતે બને છે. શ્રીકાન્ત પણ માશીને જોઈ ગાંડોઘેલો બની જાય છે. યોગેશ્વરના સંસારનું ચક્ર વિનોદિની નિર્ભય રીતે ફેરવ્યા કરે છે. તે પોતે જેમ કહે તે પ્રમાણે જ થાય છે.

ખરચમાં ઘટાડો કર્યા છતાં યોગેશ્વર માટે જોઈતી સર્વ વસ્તુઓ બહોળા હાથે ખરીદાય છે. બંસરીબાલા જાણી શકે નહિ એવી રીતે વિનોદિની યોગેશ્વરની સેવા કરે છે! એ જ વિનોદિની ભગવતી નવ-દુર્ગાનું નયનઅંજન થઇ પડી છે. જેમ વિનોદિની જુએ તેમજ ભગવતી જુએ છે; છતાં વિનોદિનીમાં ગર્વ નથી; તે તો પ્રથમના જેવી સચલ, સજીવ, સુંદર પાષાણ પ્રતિમા છે. ભગવતી નવદુર્ગા આ પ્રતિમાનું આશ્રયક્ષેત્ર છે.

પ્રકરણ ૪ થું.

શ્રીકાન્ત.

શ્રીકાન્ત લગભગ સાતેક વર્ષનો થયો છે. સારાં સારાં કપડાં પહેરી તે હવે વારંવાર પિતાની સાથે કચેરીમાં પણ જાય છે. વિનુમાશી પાસે બેસીને ન્હાની ન્હાની રસાત્મક વાતો પણ સાંભળે છે. વિનોદનું શ્રીકાન્ત ઉપર ઘણું જ હેત છે. શ્રીકાન્ત વિનોદ પાસે બેસી પોતાને રમવાને માટે કાગળની હોડી, ટોપી, ખડીઓ વગેરે ચીજો બનાવે છે. બાળકને વિનોદિનીની પાસે આનંદમાં જોઈ માતા તથા પિતા—બન્ને સુખી રહે છે.

એક દિવસે મધ્યાન્હકાળે શ્રીકાન્ત વિનોદિનીના ખોળામાં બેઠો

હતો. કાંઇ વાદ આવતાં તેણે એકાએક પૂછ્યું:—" વિનુમાશી ! તમે મ્હારા પિતાની સાથે વાતચિત કેમ કરતાં નથી ? પિતા એમ કહે છે કે તમે તો બોબડાં છો ! "

વિનોદિનીએ શ્રીકાન્તના માથા ઉપર પ્રેમથી પોતાનો કોમળ કર ફેરવતાં ફેરવતાં કહ્યું—" ભાઇ ! હું તો બોબડી નથી; ત્હારા પિતા જ બોબડા છે ! "

શ્રીકાન્તે અત્યંત આશ્ચર્ય પામી પૂછ્યું:—" કેમ, તેઓ તો મ્હારી વાત કરે છે, માતાજી સાથે વાત કરે છે તો પછી તમારી સાથે કેમ વાત ન કરે ?"

વિનોદિનીએ રસાત્મક ઉત્તર આપ્યો કે:—" ત્હારા પિતાના કાન વાંકા છે; તેમની જીભ તોતડી છે તેથી તેઓ મ્હારી વાત સાંભળતા નથી અને વાત કરતા નથી. "

" એ તો ઠીક માશી, પરંતુ તમે તેમને ભોજન કેમ પીરસતાં નથી ? " શ્રીકાન્તે બીજો પ્રશ્ન કર્યો.

" ત્હારા પિતા જાતિભ્રષ્ટ થઇ ગયા છે. તું જાણતો નથી કે કે તેઓ ખ્રિસ્તિ આચારવિચારના છે ? ! " વિનોદે વિચિત્ર પ્રત્યુત્તર આપ્યો.

" હું તેમને કહી દઇશ કે, તેમના કાન વાંકા છે, જીભ તોતડી છે, તેઓ ખ્રિસ્તિ છે એમ તમે કહો છો ! " બાળકે ભય દર્શાવ્યો.

" ત્હારા પિતાનો મ્હને ઘણો જ ભય લાગે છે. ભાઇ ! તેઓ વાઘ છે; તું તેમને કાંઇ પણ કહેતો નહિ. હોં ! "

શ્રીકાન્ત વિશેષ સમય સુધી ત્યાં બેસી ન રહેતાં ઉઠયો અને માતાના ઓરડામાં જઇ તેણે જોયું તો તે કોચ ઉપર સૂતી હતી. શ્રીકાન્ત જઇને સૂઇ રહેલી માતાના દેહ ઉપર ઘોડેસવાર થયો તથા માતાના માથાનો ચોટલો પકડી તેણે તેની લગામ કરી. બંસરીબાલા પોતાનો કેશકલાપ ખેંચાવાથી જાગ્રત થઇ. શ્રીકાન્ત ભયનો માર્યો માતાની પીઠ

ઉપરથી નીચે ઉતરી દૂર જઇને ઉભો. બંસરીબાલાએ તેને ધમકાવ્યો એટલે તે નમ્રતાથી કહેવા લાગ્યોઃ—"બા! તું મ્હને ધમકાવે છે એમ હું વિનુમાશીને કહી દઇશ તો તેઓ તને મારશે હોં!"

બંસરીબાલા હસી પડી. માતાને હસતી જોઇ શ્રીકાન્તે કહ્યું:—"પણ બા! વિનુમાશી તો કહે છે કે મ્હારા પિતાના કાન વાંકા છે, જીભ તોતડી છે, તેઓ ખ્રિસ્તી છે, વાઘ છે એ શું ખરું છે?"

બંસરીબાલાએ અંતરમાંથી એક ઉંડો નિશ્વાસ મૂકી કહ્યું:—"વાંકા કાન હશે તો સીધા થશે, ન્હાના હશે તો લાંબા થશે. તોતડી જીભ રસિક વાક્યોચ્ચાર કરતી થશે, વાઘને મોહની સાંકળ સાથે બાંધવામાં આવશે એટલે તે વશ થશે!"

શ્રીકાન્ત માતાનાં વાક્યોનો મર્મ સમજી શક્યો નહિ. તેની જીજ્ઞાસા ઉલટી વધી ગઇ. તે પિતા પાસે જવા માટે તેની માતાને પૂછવા લાગ્યોઃ—"મા! મ્હારે મ્હારા પિતા પાસે જવું છે. મ્હને કપડાં પહેરાવ." બંસરીએ પુત્રના કથન પ્રતિ દુર્લક્ષ્ય કર્યું તેથી શ્રીકાન્તે રૂદન કરવા માંડ્યું. તેનું રૂદન સાંભળી ભગવતી નવદુર્ગા એકાએક ત્યાં આવી પહોંચી અને શ્રીકાન્તને ઊંચકી લઇ બંસરી તરફ દૃષ્ટિ કરી તેને પ્રશ્ન કર્યોઃ—"બેટા બંસરિ! આને કેમ રડાવે છે? એને શું જોઇએ છીએ?"

બંસરીએ કાંઈ પણ પ્રત્યુત્તર આપ્યો નહિ. વૃદ્ધા પણ પુત્રવધૂના મર્મને સમજી શકી નહિ. હાલ તરત તો તેણે પણ ત્યાંથી પ્રસ્થાન કર્યું. બ્હાર જઇ તેણે શ્રીકાન્તને ચુંબન કરી તેનાં નેત્રોમાંનાં આંસુ સાફ કરી પૂછ્યું:—"બેટા! ત્હારે શું જોઇએ છીએ?"

"મ્હારે તો મા! મ્હારા બાપા પાસે જવું છે; મ્હને કપડાં પહેરાવો."

તરત જ વૃદ્ધાએ નોકરને બૂમ પાડી ગાડી ગાડી જોડવા કહ્યું અને તેણે શ્રીકાન્તને પોષાક પહેરાવ્યો. અંગ્રેજી પોષાકમાં શ્રીકાન્ત ઘણો મનોહર દેખાતો હતો. બાલ્યાવસ્થા હોવાથી તેના કાળા કેશ

સૂર્યના પ્રકાશમાં ઘણા જ પ્રકાશતા હતા. માથા ઉપર ક્રિશ્ચિયન્ કેપ મૂકી શ્રીકાન્ત હાથમાં નાજુક લાકડી હલાવતો હલાવતો, બૂટના ચમચમ અવાજને સાંભળી આનંદ પામતો પામતો વિનોદની પાસે ગયો અને તેણે કહ્યું:—“ માશી, હું મ્હારા પિતાને જોવા જાઉં છું ! તેમના કાન વાંકા છે ને ? ઠીક છે, હું જઇને જોઇશ. તેમનો ચહેરો વાઘ જેવો છે ને ? ઠીક છે તે પણ જોતો આવીશ અને જો તમે મ્હને અસત્ય કહ્યું હશે તો હું તમને શિક્ષા કરીશ ! ”

વિનોદિનીએ કાંઇ કહ્યું; પરંતુ શ્રીકાન્ત તે તરફ લક્ષ્ય ન આપતાં ચાલ્યો ગયો. વિનોદિની આ વખતે હસી પડી.

શ્રીકાન્તને કચેરી તરફ વિદાય કરી ભગવતી નવદુર્ગા હરિસ્મરણનો જપ કરવા લાગી. બંસરીબાલા અવશ–અલસ–ભાવથી ચિંતામગ્ન સ્થિતિમાં બેસી રહી. આ સમયે વિનોદિનીએ રસોડામાં પ્રવેશ કર્યો.

પ્રકરણ ૫ મું.

મોહની ઉત્પત્તિ.

“ સુખી એ છે તો મમ હૃદયનું છે સુખ નકી,
કરી તેને ભાગી સુખી દિલ શકું ના કરી દુઃખી;
પ્રિયાની વ્હાલી એ પણ મૃદુ સખી આ સમજતી,
દુઃખી એ હૈયું તો મમ હૃદયની છે પ્રતિકૃતિ. ”

—કલાપી.

એક દિવસે યોગેશ્વરને ઘેર આવતાં ઘણું મોડું થઇ ગયું. તેને ઘેર આવતાં લગભગ બાર વાગી ગયા. ઘેર આવીને તેણે પોતાના શયનાલયનું દ્વાર ખખડાવ્યું. બંસરી-

બાલાએ અંદરથી સાંકળ ઉઘાડી. અંદર જઇ યોગેશ્વરે વસ્ત્રો ઉતાર્યાં અને તે એક ઇઝી ચેર ઉપર પડયો પડયો સિગાર ફુંકવા લાગ્યો. સિગાર ફુંકી રહીને તે શય્યાવશ થયો. પછી હસતાં હસતાં તેણે પત્નીના કેશકલાપની એક લટ સાથે ગેલ કરતાં તેને પૂછ્યું:—"હજી સુધી શા માટે જાગતી બેસી રહી છે?"

બંસરીબાલાએ લજ્જાતિશયથી કહ્યું:—"બોલશો નહિ!"

"પરંતુ તું અત્યાર સુધી જાગે છે તે માંદી નહિ થાય?"

"ચુપ રહો, મા સાંભળશે!"

"આટલી બધી બ્હીક લાગે છે—આટલી બધી શર્મ લાગે છે તો પછી અત્યાર સુધી જાગે છે કેમ?" એટલું બોલતાંમાં તો યોગેશ્વરના મ્હોં ઉપર બંસરીબાલાએ હાથ દાબી દીધો. તે ચુપ થયો! પત્નીએ થોડા વખત પછી સ્વામીના મ્હોં ઉપરથી હાથ લઇ લીધો તથા તે સ્વામીની ચરણસેવા કરવામાં પ્રવૃત્ત થઇ.

"આટલી રાત્રે ચરણસેવા! આવી પતિભક્તિ સારી નહિ; તું સુઇ જા."

બંસરીબાલા પ્રથમ તો કાંઇ પણ ન સાંભળતાં ચરણસેવા કરવા લાગી; પરંતુ જ્યારે યોગેશ્વરે હઠ ન જ મૂકી ત્યારે ચરણસેવાનું કાર્ય બંધ કરી 'તમને પરસેવો બહુ વળ્યો છે.' એમ કહી પાસે પડેલા ટેબલ ઉપરથી પંખો લઇ પતિને પવન નાખવા લાગી.

યોગેશ્વરે બારીઓ ઉઘાડી નાખી તેને સૂઈ જવા કહ્યું.

બંસરીબાલાએ દુઃખિત મને ઉઠી બારીઓ ઉઘાડી. યોગેશ્વર તેનો ભાવ સમજ્યો—કારણ તેને સેવા કરવા દીધી હોત તો તે સુખી થાત. તે બારીઓ ઉઘાડી આવી એટલે તેણે હેતથી કહ્યું:—"પવન નાખવાની ના કહી તેથી ખોટું લાગ્યું? નાખ ત્યારે."

બંસરીબાલા પવન ન નાખતાં સૂઇ ગઇ.

"કેમ પવન નહિ નાખે?"

"ના, તમને ખોટું લાગે!"

"તું તો ભોળી છે—ગાંડી છે. તું વિશ્રામ લેવાને બદલે મ્હારા પગ ચાંપવા અને પવન નાખવાની મહેનત કરે તે શું મ્હને ઠીક લાગે?" સ્ત્રીનું દુઃખ જાણનાર પતિએ સહજ હસી પત્નીને હૃદય સરસી ચાંપીને કહ્યું. બંસરી પતિની છાતીમાં મ્હોં સંતાડી ઉષ્ણ આંસુથી પથારીને ભીંજવવા લાગી.

"એ તો ઠીક પણ બંસરિ! તું મ્હને ચ્હાય છે કે?" યોગેશ્વરનો આ પ્રશ્ન સાંભળી બંસરીબાલા શર્માઇ ગઇ.

યોગેશ્વર સ્વગત વિચારવા લાગ્યોઃ—" વિનોદિની, બંસરી, હું કોને વિશેષ ચ્હાઉં છું? વિનોદિનીને? ના! બંસરીને? ના! ત્યારે શું હું એમને બન્નેને ચ્હાઉં છું? વિનોદિની પુષ્પ ને બંસરીબાલા મધુ કે વિનોદિની મધુ અને બંસરીબાલા સુવાસ? મધુ પીવાથી તૃષ્ણા મટે—સુવાસથી તૃષ્ણા મટવાની નહિ. ત્યારે હું કોને વિશેષ ચ્હાઉં છું? વિનોદિનીને કે બંસરીબાલાને? આ હૃદય કે જે બંસરીબાલાને અર્પણ કર્યું છે તે વિનોદિનીને કેમ અર્પી શકાય? વળી મધ મીઠું અને સુવાસ મનોહર! મધ સારું કે સુવાસ સારી? ત્યારે હું કોને ચ્હાઉં છું? અરેરે! બંસરીબાલાએ જીતેલું હૃદય વિનોદિનીએ લઇ લીધું છે! જે ગુણો બંસરીબાલામાં છે તે ગુણો વિનોદિનીમાં પણ છે. અરેરે! પણ હું ચોર બનું છું, વિશ્વાસઘાતક થાઉં છું! બંસરિ! દેવિ! હું તને કેવી રીતે સુખી કરીશ. તું જેને પ્રત્યક્ષ દેવતા માને છે તે ત્હારા વિશ્વાસને પાત્ર નથી. ત્હારા જેવા પારિજાત પુષ્પથી શું મ્હારા જેવા દેવતાની પૂજા? મ્હારી પૂજા તો લાકડીથી જ થવી જોઇએ! અરેરે બંસરિ! મ્હારા જેવા દુષ્ટને તું શા માટે ચ્હાય છે!"

યોગેશ્વરનાં લાલ બની ગયેલાં નેત્રોમાંથી અશ્રુધારા નીકળી પડી! અધીરા થઇ ચોરની માફક બ્હીતાં બ્હીતાં તેણે બંસરીબાલાના અંગને સ્પર્શ કર્યો. તે બોલ્યોઃ—" બંસરિ! હું ત્હારા સ્નેહને યોગ્ય છું કે?"

"ભ–લી–રી–તે!" બંસરીબાલાએ અર્ધજાગ્રત અવસ્થામાં પ્રત્યુત્તર આપ્યો.

યોગેશ્વર! જે મનુષ્યને ત્હારે ભૂલવું જોઇએ તેને તું નહિ ભૂલે તો ત્હારી ક્ષતિ–તેની ક્ષતિ–સંસારની ક્ષતિ–અને તે સાથે એકાદ બે સંબંધીઓની ક્ષતિ થશે! તું પૂછીશ કે તેને ભૂલવા શું કરવું? કરવાનું એ જ કે, એ રસ્તે ત્હારે જવું નહિ, તેના નામનું પણ સ્મરણ કરવું નહિ, જ્યાં તેની ચર્ચા થતી હોય ત્યાં ઉભા રહેવું નહિ, જવું પણ નહિ. તેનું સ્પર્શન, સંભાષણ, દર્શન, સ્મરણ—એ સર્વથી સદાસર્વદા ત્હારે દૂર રહેવું. નહિ તો નક્કી સમજજે કે તું તેને ભૂલી શકનાર નથી અને તે તને ભૂલી શકનાર નથી! તેથી ત્હારો સંસાર બગડશે, ત્હારો આલોક બગડવાની સાથે પરલોક પણ બગડશે! તું મરીશ, એ મરશે અને બીજાં એક બે સંબંધીજન પણ મરશે!

પ્રકરણ ૬ હું.

સૂતિકાગાર.

વિનોદિનીના આગમનને લગભગ ચારેક માસ થઇ ગયા છે. સતી સાધ્વી બંસરીબાલાને હવે સૂતીકાગારમાં પ્રવેશ કરવો પડ્યો છે; કારણ થોડા દિવસ થયાં તેણે એક પુત્રને જન્મ આપ્યો છે. ભગવતી નવદુર્ગા શ્રીકાન્તને વિનોદિનીને સ્વાધીન કરી, આહાર નિદ્રા ત્યાગ કરી, જપ તપને મૂકી દઇ પુત્રવધૂની સારવાર ઉત્તમ પ્રકારે કરે છે. નવકુમારનું મ્હોં જોઇ પિતામહીના હર્ષનો પાર રહેતો નથી. તેને શોક એટલો જ થાય છે કે આવા સંસારસુખમાં ફક્ત એક જ પ્રકારની ખામી છે કે કુમારના પિતામહનો પત્તો નથી! જો તેમનાં શુભ પગલાં એક વખત આ સંસારમાં થાય તો તેમને કેટલો

બધો આનંદ થાય ? ક્યા પિતાનું હૃદય પુત્રના સુખી ગૃહસંસારને તથા પૌત્રાદિને જોઇ આનંદથી નઉભરાય ?

ભગવતીએ બે હાથને બદલે દશ હાથનું કાર્ય કરવા માંડ્યું. તેના યોગીનો પુત્ર, બંસરીનો બાળક !–હવે ભગવતીને બીજી શાની મહત્વાકાંક્ષા છે ? તો પણ કેટલીક વખત તે સ્વગત વિચાર કરે છે કેઃ— " મ્હને લાગે છે કે તે તેઓ સંન્યાસી થઇ ગયા હશે ! પરંતુ તેમણે ગૃહસ્થ હોવા છતાં પૌત્રમુખનું દર્શન કર્યું નહિ; આ દેવીરૂપ વધુનું મુખદર્શન કર્યું નહિ. આવા દેશમાન્ય પુત્રની પરિસ્થિતિ જોઇ નહિ ! એ બધું જોવા રહ્યા હોત તો તેઓ આજે સુખનાં સ્વમાંઓથી ગાંડાઘેલા થઇ ગયા હોત ! "

બંસરીબાલાને પુત્રનો પ્રસવ થવાથી તેને પણ એક પ્રકારનો આનંદ થયો. બન્ને પુત્રોથી તે પોતાના સ્વામી ઉપર સંપૂર્ણ અધિકાર ચલાવી શકે તેમ છે. તે યુગલકુમારની માતા થઇ છે ! એ બે સુવર્ણમય પ્રણયબંધનથી તે પોતાના સ્વામીને બાંધી રાખે, સ્વામીનાં ઉપર પ્રબળ અધિકારનો વિસ્તાર કરી શકે તેમ હતું તથા તે બીચારીની આશા ને વિશ્વાસ પણ એવો જ હતો.

બંસરીબાલા સૂતિકાગારમાં બેસી પોતાના મન સાથે અનેક પ્રકારના વિચારો કર્યા કરે છે. નવકુમારને ખોળામાં રાખી, તેને કેટલીક વખત કોઇ ન હોય ત્યારે પ્રેમથી ચુંબન કરી અનનુભૂત સુખસ્વાદનો અનુભવ લે છે. એક સમયે તે નવકુમારને પોતાના ખોળામાં લઇ બેઠી હતી તેવામાં એકાએક યોગેશ્વર અને શ્રીકાન્તે,–પિતા પુત્રે સાથે જ સૂતિકાગારમાં પ્રવેશ કર્યો. શ્રીકાન્ત ન્હાના ભાઇને લેવા માટે ઉત્સુક બન્યો. નવકુમાર બાળકને બંસરીબાલાએ એક ગરમ રૂમાલ સાથે નીચે મૂક્યો. યોગેશ્વરે પોતાના નવકુમાર પુત્રને ઊંચકી લઇ તેના અધરોષ્ટપર એક ચુંબન કર્યું. શ્રીકાન્ત ભાઇને લેવા ઊંચો નીચો થવા લાગ્યો; છેવટે યોગેશ્વરે શ્રીકાન્તને નીચે બેસાડી તેના ખોળામાં નવકુમારને મૂક્યો. શ્રીકાન્તે પણ સ્નેહપૂર્વક ભાઇને ચુંબન કર્યું અને

તેનાં નેત્રો સાથે પોતાનાં નેત્રોનું મિલન કરી તેને ખુશી કરવાનો વ્યર્થ પ્રયત્ન કરવા લાગ્યો. બંસરીબાલાએ સહજ સ્મિત કરતાં પ્રશ્ન કર્યોઃ—" આજે એકાએક કેમ કાંઇ કૃપા થઇ ગઇ ? "

યોગેશ્વર હવે પત્ની પાસે લજ્જાને લીધે કિંવા અન્ય કોઇ કારણને લીધે વિશેષ આવતો નહોતો. તે ફુરસદનો સમય પોતાના દિવાન-ખાનામાં બેસી અંગ્રેજી નવલકથાઓ વાંચવામાં વ્યતીત કરતો હતો. પત્નીના પ્રશ્નથી તેને કાંઇ યાદ આવ્યું ! વિનોદિનીની સ્મૃતિ તાજી થઇ ! તે સાથે વળી જાણે પોતે ગુન્હેગાર હોય અને ક્ષમા માટે પ્રાર્થના કરતો હોય તેમ તેણે નીચું જોયું અને પોતાના પગના અંગુઠાથી તે જમીન ખોતરવા લાગ્યો. બંસરીબાલા પતિની ચર્યા જોઇ વિશેષ વિચારમાં પડી. તેના મુખ ઉપરનો આનંદ ઉડી ગયો ! તેની ખાત્રી થઇ કે પતિદેવતાએ ખરેખર આત્મમેધ યજ્ઞની શુરુ-આત કરી દીધી છે ! એ યજ્ઞની અંદર પોતે, પતિ, પોતાનાં બે બાળકો તેમ જ વૃદ્ધ માતા ભગવતી નવદુર્ગા વગેરે અનેક જણનું બળિદાન દેવાય છે ! પ્રાચીનકાળમાં રાજાઓ અને બીજા ધનાઢ્યો અનેક ઉચ્ચ કામનાઓની સિદ્ધિ અર્થે અશ્વમેધાદિ યજ્ઞો કરતા હતા; પરંતુ હાલ કોણ જાણે કયા દુર્ગુણોને લઇ અનેક આર્યપુત્રોએ ભૌતિક કામ-નાઓ સિદ્ધ કરવા આત્મયજ્ઞ આરંભ્યા છે ?! તેઓ પોતાનાં સંબંધી-ઓ—પ્રાચીન ઇતિહાસપ્રસિદ્ધ આર્યપ્રજાને હોમવા તત્પર થયા છે. અરેરે ! પવિત્ર ભારતવર્ષ ! ત્હારી આવી દુર્દશા !

પ્રકરણ ૭ મું.

વિપિનવિહારી.

સુરતમાં યોગેશ્વરના અંગત સ્નેહીઓમાં ખાસ કરીને એક વિપિનવિહારી હતો. તે સાહિત્યસેવા કરી પોતાની આજીવિકા ચલાવતો હતો. તેની સ્થિતિ સાધારણ હતી તો પણ તે

ઉત્કૃષ્ટ લેખક અને સર્વોત્તમ કવિ ગણાતો હતો. પ્રસ્તુત પ્રસંગે વિપિન-વિહારીની ઉમર લગભગ ત્રીસેક વર્ષની હતી. તે શરીરે એકવડીઓ હોઇ તેની શારીરિક સ્થિતિ જોઇએ એવી સારી નહોતી.

વિપિનવિહારીની પત્નીનું નામ હેમલતા હતું. હેમલતાના પિતા શાળખાતામાં માસ્તર હતા. ઘરની સ્થિતિ છેક જ ગરીબ હોવા છતાં માસ્તર સાહેબ સુધરેલા વિચારના હતા. તેમણે પોતાની શક્તિ ઉપરાંત ખરચ કરીને પુત્રીને યોગ્ય શિક્ષણ આપ્યું હતું. હેમલતા ઘણી સ્વરૂપવતી હતી. પ્રથમ તો તેના સ્વરૂપથી મોહિત થઇ અનેક શેઠીઆઓએ તેના માટે માગું કર્યું હતું; પરંતુ એકાદ કમઅક્કલ શ્રીમંતને ફક્ત ગાડી વાડી અને લક્ષ્મીનું સુખ જોઇ પોતાની પુત્રી આપવાની માસ્તર સાહેબની બિલકુલ ઇચ્છા નહોતી. ગરીબ ભલેને હોય, પરંતુ વિદ્વાન્, સુશીલ અને પરોપકાર આદિ ગુણોથી જે વિભુષિત હોય તેને જ પોતાની પુત્રી આપવાની માસ્તર સાહેબની મહત્વાકાંક્ષા હતી, પરંતુ પોતાની મહત્વાકાંક્ષા પૂર્ણ થતાં પહેલાં જ તેઓ બીચારી હેમલતાને આ અસાર સંસારમાં એકલી મૂકી સ્વર્ગવાસી થયા. હેમલતાની માતા તેના દુર્ભાગ્યે તેની બાલ્યાવસ્થામાં જ સ્વર્ગવાસિની થઇ હતી.

માસ્તર સાહેબની સ્થિતિ સાધારણ હોવાથી હેમલતાને પોતાનો નિર્વાહ ચલાવવાના વાંધા પડવા લાગ્યા. લગ્ન થતાં સુધી પોતાનું પોષણ કયા રસ્તેથી કરવું તે વિચારમાં હેમલતા નિમગ્ન રહેતી.

છેવટે માસ્તર સાહેબના એક સ્નેહીએ કેટલીક સિફારસ કરાવી, તેને શાળાખાતામાં નોકરી અપાવી. આથી કરીને હેમલતા પોતાનો નિર્વાહ ચલાવવા લાગી. સ્કૂલમાં નોકરી મળ્યા પછી તેના સુશીલ સ્વભાવને લીધે વિપિનવિહારી સાથે તેનું લગ્ન થયું. પતિ અનુરૂપ મળ્યો અને સઘળું યથાસ્થિત થયું.

વિપિનવિહારીને માતા પિતામાં કોઇ નહોતું; ફક્ત તેના કાકા એકલા જ હતા, પરંતુ તેને પોતાના કાકા સાથે આજે ઘણી મુદત થયાં બનતું નહિ. તેના કાકાનું નામ આનંદચંદ્ર હતું. તેમની ઉમ્મર

લગભગ સીત્તર વર્ષની હોવા છતાં શરીર પ્રકૃતી એકાદ ૪૦—૪૫ વર્ષની ઉમ્મરના માણસ જેવી હતી. દુઃખદ પ્રસંગો કેવા હોય છે તેનું અદ્યાપિપર્યંત તેમને જ્ઞાન થયું નહોતું. મનુષ્યના વર્તન સંબંધી તેમણે કેટલાક નિયમો બાંધ્યા હતા. તે નિયમાનુસાર તેઓ સ્વતઃ ચાલતા હતા. બીજાઓ પણ પોતાના નિયમાનુસાર વર્તે એવી તેમની મહત્વાકાંક્ષા હતી. તેઓ તદ્દન નિર્વ્યસની હતા. ટૂંકામાં કહીએ તો નિર્વ્યસની-પણાના તેઓ એક જીવતા જાગતા નમૂનારૂપ હતા. તેઓ ઘણા ઉદાર હતા. ઇશ્વરની કૃપાથી તેમની પાસે વડિલોપાર્જીત દ્રવ્ય પણ પુષ્કળ હતું; આથી કરીને તેમણે પોતાની ઇચ્છાથી એક મ્હોટી લાયબ્રેરી પણ ખોલી હતી. એ લાયબ્રેરી વડોદરામાં હોઇ આનંદચંદ્રનું નિવાસસ્થાન પણ ત્યાં જ હતું.

આનંદચંદ્રનું વર્તન ચોખ્ખું તેમજ ન્યાયી હતું, પરંતુ દયાને માટે તેમાં અવકાશ નહોતો. તેમને ખબર નહોતી કે એકલા ન્યાયના કાંટા ઉપર આંગળી રાખવાથી કાંઇ પણ ચાલતું નથી. તેમનો સ્વભાવ પણ વિચિત્ર હતો. એક વખત જે મનમાં ઉતર્યું તે ખરું; પછી તે સત્ય હો કે અસત્ય હો ગમે તેમ હો ! વળી બીજું એમ હતું કે પોતાના નિયમોથી કોઇ વિરુદ્ધ વર્તનનું મનુષ્ય હોય તો તેઓ તેના તરફ ઘણા નિષ્ઠુર રહેતા. પુસ્તકો એકઠાં કરવાનું તેમને જબરદસ્ત વ્યસન હતું. વળી પુસ્તકોને તેઓ સાક્ષાત પ્રભુસ્વરૂપે જોતા! પુસ્તકોનો સંગ્રહ કરવામાં જ તેઓ પોતાના આયુષ્યની ઇતિકર્ત્તવ્યતા સમજતા હતા. તેમની લાયબ્રેરીમાં ભિન્નભિન્ન ભાષાઓના ન્હાના મ્હોટા મળી લગભગ પચાસહજાર ગ્રંથો હતા. આ પુસ્તકોને જોતાં જ તેમને બ્રહ્માનંદ થતો હતો.

તેમનો બંગલો પણ વિશાળ હતો. બંગલાની અંદર માત્ર ત્રણ માણસો જ હતાં. એક આનંદચંદ્ર પોતે, બીજો તેમના પ્રાયવેટ સેક્રેટરી શ્યામચરણ અને ત્રીજી આનંદચંદ્રે પુત્રીની માફક ઉછેરેલી સરલાસુંદરી.

આનંદચંદ્રને સંતાનમાં કોઇ નહોતું જેથી તેમણે એક અનાથ બાળિકા સરલાસુંદરીને તેની બાલ્યાવસ્થાથી ઉછેરીને મ્હોટી કરી હતી.

સરલાનો ઇતિહાસ પ્રકટ કરતાં એક બીજી મ્હોટી કથાની આવશ્યકતા થઇ પડે તેમ છે; માટે અત્રે ટૂંકમાં જ તેનો ખ્યાલ કરાવ્યો છે કે સરલા આનંદચંદ્રની પુત્રી નહિ; પરંતુ કોઇ દુઃખી કુટુંબની નિરાધાર બાળિકા હતી કે જેને પિતારૂપ આનંદચંદ્ર જેવા આશ્રયદાતાની પ્રાપ્તિ થઇ હતી. સરલાસુંદરીની વર્તમાન સ્થિતિની કેટલીક માહિતી અમે યથાક્રમે આપીશું.

* * * * *

કેટલાંક વર્ષો અગાઉ વિપિનવિહારી ઉપર આનંદચંદ્રનો ઘણો જ પ્રેમ હતો. તેઓ વિપિનવિહારીને પોતાના પુત્ર પ્રમાણે ગણતા હતા, પરંતુ તેમના આચારશાસ્ત્રની કેટલીક કલમો વિપિનવિહારીને પસંદ નહોતી. તે તેને એકતરફી અને સંકુચિત લાગતી હતી. આથી કરીને વિપિનવિહારીના આયુષ્યક્રમના આરંભમાં જ—તેની વીસ પચીસ વર્ષની ઉમ્મરે જ બન્નેનાં મન એક બીજાંથી ઊંચાં થયાં. એક બીજાંથી જૂદાં થયેલાં હૃદયોનું પછી સંધાન ન થયું તે ન થયું જ; કારણ ઉપર જણાવવામાં આવ્યું છે કે આનંદચંદ્રના મનમાં જે આવ્યું તે આવ્યું ! પછી તે સત્ય હો યા તો અસત્ય !!

વિપિનવિહારી પોતાની મિલકતની દેખરેખ રાખે, લાયબ્રેરીની વ્યવસ્થા રાખે, ગ્રંથસંગ્રહાલયના સ્તુત્ય ઉદ્દેશમાં પોતાને સહાયતા કરે—સારાંશ કે એકાદ ખાનગી કારભારી તરીકે તે પોતાની પાસે રહે એવી આનંદચંદ્રની મહત્વાકાંક્ષા હતી !

આવા પ્રકારના સુખની પુષ્કળ પ્રાપ્તિની અને થોડા અધિકારની નોકરી સાધારણતઃ કયા તરુણને મોહ પમાડે નહિ ! પરંતુ વિપિન-વિહારી એવા સાધારણ પુરુષોમાંનો નહોતો. તેનાથી પણ અધિક યોગ્યતાના અને અધિક ઉપયુક્તતાના કાર્યવ્યવસાયમાં જીવત વ્યતીત કરવાની તેની મહત્વકાંક્ષા હતી. વાંચનાલયમાં પુસ્તકો એકઠાં કરી તેના તરફ કૌતુકથી જોઇને બેસી રહેવું એ જ આયુષ્યની ઉચ્ચતમ ઇતિકર્તવ્યતા છે એવો આનંદચંદ્રનો નિયમ કોઇ પણ રીતે વિપિન-

વિહારીના મનમાં ઉતરી શક્યો નહિ.

વિપિનવિહારી પોતાના મતને સંમત થતો નથી એવું જ્યારે કાકાએ જાણ્યું ત્યારે તેઓ વિચાર કરવા લાગ્યા કેઃ—"મ્હારી પાસે રહે તો મ્હારા જેવું શુદ્ધ વર્તન રાખવું પડે, સ્વચ્છંદતા બિલકુલ ચાલે નહિ અને તેથી કરીને જ તેને મ્હારા વિચારો પસંદ આવતા નથી!"

"સ્વચ્છંદતાથી ચાલવાનો મ્હારો વિચાર હોવાથી હું આપની પાસે રહેતો નથી એવી જો આપની સમજ હોય તો તે ભૂલ ભરેલી છે. સમાજનાં દુઃખોનું નિવારણ કરવું એવો આપના પ્રમાણે મ્હારો પણ વિચાર છે, પરંતુ ફેર એટલો જ છે કે આપ વિશિષ્ટ દુઃખો તરફ જ લક્ષ્ય આપો છો. સમાજમાંના જૂદી જૂદી જાતના લોકોમાં મળી, તેમનાં વ્યસનો, તેમની પ્રવૃત્તિ વગેરેનું ખાસ નિરીક્ષણ તથા મનન કરી, તેમનાં સર્વ દુઃખોનું મૂળ શોધી કાઢવું તથા તે મૂળનો વિચ્છેદ કરવા જીંદગીપર્યંત પ્રયત્ન કર્યા કરવો એવી મ્હારી ઇચ્છા છે અને તેથી જ આપનો સંકુચિત આયુષ્યક્રમ મ્હને પસંદ નથી." આવા પ્રકારે પોતાના કાકાને સમજાવવા વિપિનવિહારીએ ઘણો યત્ન કર્યો પરંતુ તેનું કાંઇ સાર્થક થયું નહિ. ઉપર તેમના સ્વભાવદર્શનમાં સૂચવી દીધું છે કે તેમના મનમાં જે ભરાયું તે ભરાયું જ!

બન્નેનાં હૃદય એકબીજાથી ઉંચાં થયાં. આનંદચંદ્રની ઇચ્છા વિરુદ્ધ જવું તે લક્ષ્મી ચાંલ્લો કરવા આવે અને મ્હોં ધોવા જવું એવું હતું, કિન્તુ કર્ત્તવ્ય આગળ વિપિનવિહારીને પોતાના સુખની—લક્ષ્મીની ચિંતા નહોતી. પોતાના દુર્દૈવી દેશ બંધુઓની દુર્દશાનું કારણ શોધી કાઢી તેમને સુધારી ઠેકાણે લાવવા બનતો પ્રયત્ન કરવો એ કાકાની મિલકત મેળવવા કરતાં સહસ્રધા અધિક મહત્વનું છે એવું તેનું હૃદય—તેનો આત્મા જ તેને કહેતો હતો.

કાકાથી જૂદા થયા પછી વિપિનવિહારી સુરતમાં આવીને રહ્યો તથા જે ઠેકાણે સમાજમાંનાં નિત્કૃષ્ટ લોકો રહેતા હતા તે સ્થળે રહી તેમના આયુષ્યક્રમનું તેમની સાથે મળી જઇને તેણે નિરીક્ષણ કર્યું.

પોતાનો અનુભવ પ્રસિદ્ધ માસિકપત્રોમાં લખી તેમાંથી જે મળે તે ઉપર એ પોતાનો નિર્વાહ ચલાવવા લાગ્યો. ત્યાર પછી કુટ્ટણખાનાઓ, પીઠાંઓ, જુગારખાનાંઓ વગેરે સ્થળોએ પવિત્ર બુદ્ધિથી ફરી ત્યાંથી તેણે વસ્તુસ્થિતિનો અનુભવ મેળવ્યો.

પીઠાંઓ તથા જુગારખાનાંઓની મુલાકાત લેવાની તેને હોંશ હતી એમ નહોતું, પરંતુ એ વ્યસનમાં લોકો શા માટે પડે છે, એટલો બધો મોહ પમાડનાર કયી જાદુઇ વસ્તુ એમાં છે તથા એ વ્યસનોનું મૂળ શામાં છે એ શોધી કાઢવા માટે તે ઉપયુક્ત સ્થળોએ જઈ, ત્યાંના હલકટ વ્યસની લોકોને મળતો અને પૈસાનો તેમ જ નીતિનો ભંગ થવા ન દેતાં તે યોગ્ય ઉપયોગનો પ્રચાર કરતો.

વિપિનવિહારી પીઠાંઓ અને જુગારખાનાંઓમાં જાય છે વગેરે હકીકત આનંદચંદ્રના જાણવામાં આવવાથી તેમના મનમાં ભત્રિજા સંબંધી જે સાધારણ લાગણી હતી તે પણ ચાલી ગઇ. તેઓ કહેવા લાગ્યા કે:—" મ્હને લાગતું હતું કે છોકરો બગડશે ! મ્હારી પાસે નહોતો રહેતો તે આટલા માટે જ ! છોકરાનું નસીબ જ ફૂટ્યું ! વિનાંશકાળે વિપરીત બુદ્ધિ ! ! " આવી તેમણે પોતાના મન સાથે કલ્પના કરી.

પ્રકરણ ૮ મું.

યોગેશ્વરનું ઔષધ.

" મૃગજલ સમ સ્નેહી સ્નેહસિન્ધુ ધરે છે,
હૃદયમૃગ બિચારું આશ રાખી મરે છે;
સરપશિર મણિ ને પ્રેમ પ્રેમી તણો આ,
વિષ રગ રગ વ્યાપે પ્રાપ્ત થાયે કદી ના ! "

—કલાપી.

યોગેશ્વરનાથી ચિત્તસંયમ કરી શકાયો નહિ. ચિત્તજય તે જગજ્જય કરતાં ઘણો કઠિન છે ! જો યોગેશ્વર પોતાના હૃદયને સહજ પણ કાબુમાં રાખી શકતો હોય તો તે સ્મશાન-

વૈરાગ્યની માફક સમય પૂરતું જ. સંસારી મનુષ્યનું ચિત્ત બીજાં કાર્યોમાં ભળે તેટલી વખત પશુવૃત્તિઓ દબાઈ રહે એટલું જ.

યોગેશ્વર નિયમાનુસાર સ્નાન આહાર કરે છે. કામથી પરવારી ઘેર આવે છે અને ઘરના વ્યવહાર તરફ વિશેષ લક્ષ્ય આપતો નથી; છતાં તે એક દારુણ વ્યાધિમાં સપડાયો છે. એ વ્યાધિ વિનોદિનીનું દુઃખ જોઈને ઉત્પન્ન થતી ચિંતા છે. બારથી ચાર વાગ્યા સુધી તે કોર્ટનું કામ કરે છે તથા સ્હવારમાં ચ્હા પીને એક કલાક બ્હાર ફરી આવે છે. ત્યાર પછી ઘેર આવી ન્યુસપેપર ઉથામે છે અને વખત થતાં ભોજન કરી કોર્ટમાં જાય છે. સ્હાંજે પોતાના એકાદ મિત્ર સાથે પોતાની ગાડીમાં બે એક કલાક ફરી આવી સંધ્યા સમયે ઘેર આવે છે. પછીથી બાળક શ્રીકાન્ત સાથે હાસ્યવિનોદ કરે છે. રાત્રે દશ વાગ્યે પ્રવૃત્તિથી નિવૃત્ત થવા પથારીમાં પડે છે, પરંતુ નિદ્રાદેવી કોઈ પણ દિવસે એકાએક કૃપા કરતી નથી ! કારણુ વિનોદિનીનું ચિંત્વન ! આ ચિંત્વનથી તેની નિદ્રા પણ ચાલી ગઈ. રાતભરમાં જો ઘડી આરામ મળે તો સ્વપ્ન પણ તેનું જ ! કેટલીક વખત તો તે સ્વપ્નમાં પણ લવી ઉઠે છે કે, “ વિનોદ ! હું ત્હારા દુઃખનો નાશ કરીશ ! હું તને સહાયતા કરી ત્હારું જીવન સુખમય કરીશ ! ”

દિવસે દિવસે યોગેશ્વરનો વ્યાધી વધતો જ ચાલ્યો. એક દિવસે સંધ્યાકાળે બન્ને મિત્રો—વિપિનવિહારી ને યોગેશ્વર પગે ચાલતા જ ફરવા નીકળી પડયા. તાપીના પૂલ ઉપર ફરતા ફરતા તેઓ ઘણે દૂર નીકળી પડયા. વિપિનવિહારીએ યોગેશ્વરના હૃદયની સ્થિતિ તપાસવા માંડી.

“ ભાઈ ! ખોટું લગાડશો નહિ, મ્હારે તમને એક વાત પૂછવી છે!”

“ શી વાત ? ”

“ હું એમ ધારું છું કે તમે કોઈને ચ્હાઓ છો; પરંતુ તેમાં સફળ થઈ શકતા નથી તેથી જ તમારા મુખ ઉપર વિષાદનાં ચિન્હો જણાય છે ! કેમ ખરું કે નહિ ? ” ચતુર લેખકે વ્યાધિની ચિકિત્સા કરી.

" તમારી કલ્પનાશક્તિ બહુ બળવતી જણાય છે." મહાકષ્ટે હસીને યોગેશ્વરે કહ્યું.

" મશ્કરી નથી. ઘણું કરીને તો મ્હારી આ કલ્પનામાં બિલ્કુલ ભૂલ નથી."

" ક્યા લક્ષણથી આપે આવી કલ્પના કરી ?" દુઃખી ભાવે યોગેશ્વરે પૂછ્યું.

" ચોર પોતે કરેલી ચોરીનો સ્વીકાર કરે કે ?" વિપિનવિહારીએ હસતાં હસતાં કહ્યું, " એ તો પોતાના મ્હોં ઉપરના ભાવથી જ પકડાય! તમે વિના કારણ શા માટે છુપાવો છો? પ્રથમ તમે બહુ આનંદી હતા. આખો દિવસ તમારું વદન હાસ્યપ્રફુલ્લ રહેતું. હમણાં એક બે માસમાં એવો બનાવ બન્યો હોવો જોઇએ કે જેથી તમે આવી દુ:ખી સ્થિતિમાં આવી ગયા છો. હાસ્યપ્રસંગે તમે હસો છો ખરા; પણ તમારું એ હાસ્ય પ્રાણશૂન્ય, નિરાશ અને નિર્જીવ હોય છે. તમારાં કપડાં પણ તમે પ્રથમ પ્રમાણે વ્યવસ્થાપૂર્વક પહેરતા નથી. તમારું ચિત્ત સદાસર્વદા બીજી કોઇ વસ્તુ તરફ આકર્ષાયલું રહે છે. તમારી પ્રત્યેક વસ્તુની અવ્યવસ્થા જોઇ હું ધારું છું કે તમે ચિત્તશૂન્ય થતા જાઓ છો. વળી તમારી હાલની અવસ્થામાં પણ તમારી પ્રતિમા એવી સુંદર છે કે હું પુરુષ છું તો પણ મુગ્ધ થઇ જાઉં છું! તમારા સૌંદર્યમાં વિલક્ષણ મોહિની છે! તમને જોઇને અનેક ભામિનીઓ ભાન ભૂલે એમાં કાંઇ આશ્ચર્ય નથી! તેમાં વળી તમે રસિક છો. જે વયમાં પુરુષની પ્રથમ પ્રેમાકાંક્ષા ચોમાસાની ઉછળતી નદીની પેઠે પ્રેમીના સંગમ તરફ દોડે તે વયમાં પણ તમે ક્યારનાય આવી ચુક્યા છો! તમારી હૃદયનદીને તોફાને ચઢેલી જોઇ હું અનુમાન કરું છું કે તમને તમારી પ્રેમિકા તરફ જતાં કોઇ રોકે છે અને તેથી તમારું મન સર્વદા ઉદ્વિગ્ન રહે છે!"

" તમારા જેવા એક વિદ્વાન્ લેખક સિવાય બીજું કોણ આવી સુંદર કલ્પનાઓ કરી શકે ?" યોગેશ્વરે હસીને કહ્યું.

" ભાઇ ! આ મ્હારી કલ્પના નથી ! હમણાં પણ તમારું હાસ્ય તેવા જ પ્રકારનું છે. મ્હેં સાંભળ્યું છે કે ગાન કરવામાં તમારો કંઠ કિન્નરના જેવો છે. જેઓમાં આવા ગુણો હોય છે તેઓ સહજમાં નરનારીનાં ચિત્ત ચોરી લે છે ! તમે કોઇનું ચિત્ત ચોર્યું છે અને તમારું ચિત્ત બીજી કોઇ વ્યક્તિએ ચોર્યું છે એમાં તો સહજ પણ સંદેહ નથી. ભાઇ ! તમે મ્હારાથી શા માટે ગુપ્ત રાખો છો ? આ દુઃખ દાવાનળમાંથી તમે બચી શકો એવો કોઇ રસ્તો હશે તો તે હું તમને તે બતાવીશ અને તમારું દુઃખ દૂર થાય તેવો પ્રયત્ન કરીશ. "

" ઠીક છે, તમારા પ્રશ્નોના પ્રત્યુત્તર હું એક બે દિવસમાં આપીશ. હમણાં તો હવે આપણે ઘર તરફ જ પાછા ફરીશું; કારણ વખત ઘણો થઈ ગયો છે. "

" નહિ, તમારે મ્હને હમણાંજ કહેવું પડશે. તમે જાણી જોઇને શા માટે દુઃખી થાઓ છો ? "

ઘણી આનાકાની પછી યોગેશ્વરે કહ્યું:—"તમારું કથન સત્ય છે." આમ કહી પોતાની સઘળી હકીકત તેણે વિપિનવિહારીને કહી સંભળાવી.

વિપિનવિહારીએ સઘળી હકીકત સાંભળી રહ્યા પછી કહ્યું:—"ભાઇ ! તમે જાણી જોઇને અગ્નિમાં પડતું મૂકો છો ! તમે વિદ્વાન્ છો, ચતુર છો. સારાસારાનો વિચાર કરવાને શક્તિવાન્ છો. તમે દુનિયાને બીજાં ચક્ષુથી જોવાનો યત્ન શા માટે કરો છો ? તમે ભાવપ્રેરણ મનુષ્ય છો. તમારા મન ઉપર જલ્દીથી ડાઘ પડે છે. મોહનો ત્યાગ કરી આ દુઃખ ઉત્પન્ન કરનાર જાળમાંથી મુક્ત થાઓ. મનની ગતિને બીજી દિશાએ ફેરવવાથી સમયના જવા સાથે સઘળું ભુલી જવાશે.

" પ્રિય ભાઇ ! તમે વિચાર કરી જુઓ. તમે કુલીન છો; કુટુંબનાં માનમર્યાદા સાચવવાં એ કુલીનનો મુખ્ય ધર્મ છે. પોતાની પાપપૂર્ણ ઇચ્છા પૂર્ણ કરવા કુટુંબના ઉપર કલંક બેસાડવું તથા પતિપરાયણા સાધ્વી સતીને દુઃખી કરવી એ શું તમને ઉચિત લાગે છે ? આજે તમે જેને રત્ન સમજો છો તે કાળક્રમે તમને કાચનો ટુકડો

ભાસશે. તે સમયે તમારા દુઃખની સીમા નહિ રહે. તે સમયે તમને અત્યાર કરતાં સહસ્ત્રધા અધિક અનુતાપ થશે. સંયમ એ મનુષ્યનો મહદ્ ધર્મ છે. આપણી પાપી ઇચ્છાઓને રોકી તેની પ્રબળ સત્તાનો અમલ આપણા ઉપર ન થવા દેવો એ જ મનુષ્યનું મહદ્ કર્ત્તવ્ય છે. તમારા મનમાં જે વ્યથા થાય છે તે પ્રેમને લીધે થતી નથી. તેને તમે પ્રેમ સમજશો નહિ. એ તો ફક્ત રૂપતૃષ્ણા છે. રૂપ એ મનનું જ કારણ છે. તમારામાં હવસ પેદા થયો છે. જે ઝેર તમે પીવા માગો છો તે ગળ્યા પછી પાછું કાઢવું મુશ્કિલ થઇ પડશે, માટે તમે તેનાથી દૂર રહો. બે ચાર માસની રજા મેળવી તમે એકલા બ્હાર ગામ ફરી આવો યા તો તેને જ પોતાને ઘેર જવા દો. બાકી તમારામાં એટલી બધી શક્તિ નથી કે તમે મનોનિગ્રહ કરી શકો. ”

યોગેશ્વર વિપિનવિહારીને કાંઇ પણ ઉત્તર ન આપતાં નીચી નજરે તેનું કથન સાંભળી રહ્યો હતો. તે વિચારસાગરનાં તોફાની મોજાં સાથે તણાતો હતો. વિનોદિનીના રૂપલાવણ્યની મનોહર લહરિયો તેનાં નેત્રો સમક્ષ ઉપસ્થિત થઇ હતી ! તેની સ્થિતિ ઘણી કરૂણાજનક થઇ પડી હતી. તેણે વિપિનવિહારીને કાંઇ પ્રત્યુત્તર આપ્યો નહિ. બન્ને મિત્રો ઘર તરફ વળ્યા અને એક બીજાના નિવાસસ્થાન તરફ વિદાય થયા. વિપિનવિહારીને યોગેશ્વરની શોચનીય અવસ્થા માટે ઘણું લાગી આવ્યું.

પ્રકરણ ૯ મું.

દરિદ્રતાની પરિસીમા !

લગભગ મધ્યરાત્રિનો સમય થવા આવ્યો હતો. અંધકારની અપ્રતિહત સત્તાને રસ્તા ઉપર સળગતા ગૅસના દીવાઓ રોકીને પોતાનો પ્રકાશ પ્રસારી રહ્યા હતા. મનુષ્યોનો

અવર જવર ક્વચિત્ જ માલૂમ પડતો હતો.

એક સાધારણ ગૃહના મેડા ઉપર વિપિનવિહારી બેઠો બેઠો લખતો હતો. રૂમમાંના મોઠા ઘડીઆળમાં બારના ટકોરા થયા. તેનું કાર્ય એટલું બધું ત્વરાથી ચાલતું હતું કે છેવટના બે ટકોરા જ તેણે સાંભળ્યા. તેણે ઘડીઆળ તરફ દૃષ્ટિ કરી. કાંઇક આશ્ચર્ય લાગ્યું હોય એવું તેના મુખ ઉપરથી જણાયું. તે સ્વગત બોલ્યોઃ–" શું બાર વાગી ગયા? અરે! મધ્યરાત્રિનો સમય થયો? ત્રણ કલાક એટલામાં જ પસાર થઇ ગયા! અરે! મ્હને કલ્પના પણ નહોતી!" આવા ઉદ્ગાર તેના મુખમાંથી એકાએક બ્હાર નીકળી પડયા.

લખાતી ન્હાની નવલકથાનાં ટેબલ ઉપર પડેલાં પાનાં તેણે એકઠાં કર્યાં અને તે સ્વગત કહેવા લાગ્યોઃ—" દશ વાગ્યા પછી ફક્ત પંદર જ પાનાં લખાયાં! સ્હવારથી મ્હેં કાર્યની શુરુઆત કરી છે; છતાં નવલકથા ધારવા જેટલી લખાઇ નહિ. પહેલાં હું આવી ન્હાની નવલકથાઓ એકેક દિવસમાં લખી કાઢતો હતો!" આ પ્રમાણે વિચાર કરી તેણે પુનઃ હૉલ્ડર ઊંચક્યું; છતાં આગળ લખવાની જીજ્ઞાસા ઉત્પન્ન થઇ નહિ. ખુરસી ઉપર બરડો નાખી, ઊંચા હાથ કરી તેણે આળસ મરડયું. છતાં આગળ લખવા માટે ઉત્સાહ ઉત્પન્ન થયો નહિ.

" આમ કેમ થાય છે? વિચારો તો ઘણા સૂઝી આવે છે; પરંતુ પ્રથમાનુસાર શબ્દોદ્વારા તે પ્રદર્શિત કરતાં ફાવતું નથી. વિચારોનો પ્રવાહ પ્રથમ પ્રમાણે જ ચાલે છે; પરંતુ વાક્યરચના સહજમાં તૈયાર થઇ શકતી નથી." ડાબા હાથપર માથું ટેકાવી વિપિનવિહારી વિચાર કરવા લાગ્યોઃ—" મ્હારું શરીર તો નહિ બગડ્યું હોય? પરંતુ એમ બનવાનો સંભવ નથી! જમવાના કાર્યમાં હું ઘણો જ સાવચેત રહું છું. હમ્મેશાં એક વખત સાધારણ જમવાથી કાંઇ અપચો થાય નહિ અને અપચો થયા સિવાય શરીર બગડે નહિ."

એટલામાં રૂમનું દ્વાર ઉઘાડી હેમલતાએ અંદર પ્રવેશ કર્યો. તે પતિ જે ખુરસી ઉપર બેઠો હતો તેની પાછળ આવીને ઉભી રહી.

પ્રણુયિનીનું દર્શન થતાં જ તેણે તેને ખુરસી ઉપર પોતાની સાથે જ બેસાડી તથા તેના સુંદર મુખ ઉપર હાથ ફેરવતાં ફેરવતાં તેણે પ્રેમપૂર્ણ સ્વરે કહ્યું:—"હું તો ધારતો હતો કે તું નિદ્રાવશ થઇ ગઇ હોઇશ ?"

"ક્યારનીયે હું બિછાના ઉપર આળોટું છું; પરંતુ નિદ્રા આવતી જ નથી. વળી નિદ્રા કેમ કરીને આવે ? તમે આવી સખ્ત મહેનત કરો છો અને હું ઘોર્યા કરું તે શું સારું કે ? હવે આ ઘસડબોરો ક્યાં સૂધી ચલાવવાનો વિચાર છે ?"

"તું શું કહે છે ? ઘસડબોરો ?! મ્હારા ઉત્કૃષ્ટ ગ્રંથોની સમાલોચના કરવાનું કાર્ય તો તને ઉત્તમ પ્રકારે આવડે છે !" પ્રસ્તુત વાક્ય વિપિનવિહારી સહજ ક્રોધસૂચકસ્વરે બોલ્યો. બીચારી પ્રણુયિની હેમલતાનાં નેત્રો આંસુથી ઉભરાઇ ગયાં; કારણુ તે ઉપર્યુક્ત વાક્ય કોઇ પણુ પ્રકારના તિરસ્કારયુક્ત ભાવથી બોલી નહોતી. પત્નીને ખોટું લાગ્યું છે જાણી વિપિનવિહારી તેની પીઠ ઉપર પ્રેમથી હાથ ફેરવતાં ફેરવતાં કહેવા લાગ્યો:—"પ્રિયા ! ત્હારું કહેવું સર્વાંશે સત્ય છે ! ઘસડબોરો નહિ તો બીજું શું ? તેની કિમ્મત પણુ તેટલી જ. સો પાનાં લખાશે ત્યારે ક્રૂર હૃદયનો હરિગોવિંદ શેઠ વીસ રૂપિયા આપશે. આટલી મહેનત બદલ વીસ રૂપિયા તો વીસ ! એટલાથી પણુ આપણું પોષણુ થાય છે, છતાં હવે પ્રથમાનુસાર મ્હારાથી લખી શકાતું નથી."

"એ તો ઠીક; પરંતુ આટલા થોડા પૈસા આપતાં પ્રકાશકોને શર્મ નહિ આવતી હોય ?" હેમલતા પ્રકાશકોની કૃપણુતા માટે તિરસ્કાર પ્રદર્શિત કરતાં કહેવા લાગી.

"અરે ! પૈસાની વાત તો જાણે ઠીક છે; પરંતુ હરિગોવિંદ શેઠ તો એવી પ્રકૃતિના છે કે કેટલાંક મ્હારાં લખેલાં પુસ્તકો તેમણે પોતાના નામથી પ્રકટ કર્યાં છે અને પોતે વિદ્વાન્ હોવાનો ખોટો ડોળ કર્યો છે."

" તો પછી તમે શા માટે તેમને લખી આપો છો? શું ગુજરાતમાં બીજા પ્રકાશકો નથી ? "

' પરંતુ સાહિત્યને ઉત્તેજન કયાં મળે છે ? આજકાલ નવીન લેખકોને પ્રકાશકો તરફથી જોઇએ એવું ઉત્તેજન મળતું નથી. વળી પ્રથમથી જ હરિગોવિંદ શેઠે મ્હને આશ્રય આપ્યો છે એટલે તેમને કેમ છોડી દેવાય ?"

" તો પછી તેમની પાસે વધારે પૈસાની માગણી કરો. " હેમલતાએ સૂચવ્યું.

"પરંતુ તું જાણે છે કે હવે પ્રથમ પ્રમાણે ચમત્કારિક વાર્તાની માગણી થતી નથી. સમાજની અભિરૂચી બદલાઇ છે. હવે તો સમાજનું યથાર્થ ચિત્ર દર્શાવનાર વ્યવહારિક વાર્તા જ જનસમાજને પસંદ પડે છે તથા તેવી વાર્તા પ્રકટ કરનારાં પત્રોની પણ કયાં ખોટ છે ? "

"ત્યારે જનસમાજને અનુકૂળ થઈ પડે એવી વાર્તાઓ શા માટે નથી લખતા ? જો તેમ કરો તો તમારું પુસ્તક મનોરંજક થાય તેમ જ બોધપ્રદ પણ નિવડે."

વિપિનવિહારી અલ્પ સમય પર્યંત ચુપ રહ્યા પછી કહેવા લાગ્યો:—" તું કહે છે તે સત્ય છે; પરંતુ હવે નવી સ્ટાઇલ ઉપર નવલકથા લખવા પૂર્વે ઘણા જ વિચારો કરવાની આવશ્યકતા છે; જો કે એવી વાતો હું લખી શકું તેમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી; પરંતુ તે પૂર્ણ કરવાને બે ત્રણ માસની મુદત લાગે તેમ છે તેથી ત્યાં સુધી ઘર ખરચ કયાંથી ચલાવવું ? "

" કેમ તમારા ખાસ સ્નેહી યોગેશ્વરને કહેશો તો તે પણ તમને થોડી ઘણી મદદ કરશે. "

" તું જાણે છે કે હું મિત્રો પાસેથી કદાપિ આર્થિક મદદ મેળવતો નથી. અપવાસ કરવાનો વખત આવે તો તેની હરકત નહિ;

પરંતુ તેમ કરવું એ યોગ્ય નથી. ઘણા અનુભવને અંતે જ મ્હેં આવો નિશ્ચય કર્યો છે ?"

"હાલમાં તેમની તબિયત કેમ છે ?"

"ઠીકઠીક."

"એમ કેમ વારું ?"

"કાંઇ નહિ સહજ જ; તબિયત સારી છે."

"હું બંસરીબાલાના નવકુમારને રમાડવા એકાદ દિવસમાં તે તરફ જનાર છું."

"હા અવશ્ય જજે."

પછી હેમલતા શયનાલયમાં ગઇ. વિપિનવિહારીએ પોતાનું હૉલ્ડર આગળ ચલાવ્યું !

* * * * *

વિપિનવિહારીનું લેખનકાર્ય ઘણી જ ત્વરાથી ચાલતું હતું. તેનું હૉલ્ડર પંજાબ મેઇલની ઝડપથી દોડતું હતું. લગભગ પાએક કલાક એ પ્રમાણે ચાલ્યું ત્યાર પછી તેને કાને કોઇનો રુદનધ્વનિ સંભળાયો.

અવાજ ઉપરથી સ્પષ્ટ સમજાઇ આવતું હતું કે કોઇ બાળક રડે છે ! વિપિનવિહારીનું મન તે તરફ વળ્યું. તેણે હૉલ્ડર નીચે મૂક્યું તથા કોણ રડે છે તે જોવા માટે તે દરવાજો ઉઘાડીને છજામાં ગયો.

તેની રૂમના દીપકનો પ્રકાશ છજામાં પડતો હતો. મેડા ઉપર જવાના દાદરમાં બે ન્હાનાં બાળક એક બીજાં સાથે બેઠાં હતાં. વિપિનવિહારી ત્યાં જઇને તપાસ કરી તો તેણે શારદાપ્રસાદનાં સંતાનો શશિકાન્ત અને યમુનાને ત્યાં બેસીને રડતાં જોયાં. "તમે રડો છો શા માટે ? રાત્રિ અડધી વીતિ ગઇ છતાં સૂઇ કેમ નથી ગયાં ? ઉંઘ નથી આવતી કે શું ?" વિપિનવિહારીએ પ્રેમળ સ્વરે પૂછ્યું.

'ઓ વિહારી કાકા! અમને બિલ્કુલ ઉંઘ નથી આવતી." શશિકાન્તે વિપિનવિહારી તરફ ટગર ટગર જોતાં કરુણાજનક કંઠે કહ્યું.

"કેમ, ત્હારા પિતા હજી ઘેર નથી આવ્યા ?"

"પિતાજી નોકરી શોધવા ગયા છે તે પાછા આવ્યા જ નથી. ઘણો વખત થયો છે એટલે હવે જલ્દી આવવા જોઇએ!" યમુનાએ કહ્યું.

"શશિકાન્ત? તું પુરુષ થઇને ગભરાય છે શું? તને કેટલાં વર્ષ થયાં છે વારુ?"

થોડો વખત વિચાર કરી શશિકાન્ત બોલ્યો:—"હં, બરાબર, આ શિવરાત્રિને દિવસે મ્હને આઠમું વર્ષ ઉતરી નવમું બેસશે; તે દિવસે બાપા મ્હને આગગાડી અપાવવાના છે!"

"અરે વાહ રે વાહ! તને આગગાડી મળી એટલે તું આખા સુરતમાં ભપકાથી ફરવાનો! વારુ, કહે જોઉં કે તને આગગાડી મળશે એટલે પ્રથમ ક્યાં જઇશ?"

"આગગાડી હાથમાં આવી એટલે તો પ્રથમ બરફીવાળાની દુકાને જઇ બશેર બરફી લઇ આવીશ; પણ કાકા! મ્હારા પિતાશ્રી ક્યારે આવશે? અમને ઘણી ભૂખ લાગી છે!" શશિકાન્તે ક્ષુધાનો અનુભવ થવાથી કહ્યું.

"શશિકાન્ત! યમુના! તમને ભૂખ લાગી છે? જમ્યાને કેટલો વખત થયો?" વિપિનવિહારીએ સહાનુભૂતિસૂચક સ્વરે પૂછ્યું.

"બપોરે જમ્યાં હતાં. પિતાશ્રીના બ્હાર ગયા પછી અમે કાંઇ ખાધું નથી. અમને હવે તો ઘણી જ ક્ષુધા લાગી છે." યમુનાએ ઉત્તર આપ્યો.

બાળકોની આવી કરુણાજનક સ્થિતિ જોઇ વિપિનવિહારીને ઘણું લાગી આવ્યું. તે સ્વગત વિચારવા લાગ્યો:—"અરેરે! આપણા સમાજની આ કેવી સ્થિતિ! શારદાપ્રસાદ જેવા ઉદ્યોગી તથા સરળ મનુષ્યનાં બાળકોને પેટ પૂરતું અન્ન સુદ્ધાં મળતું નથી!"

આમ વિચારી બન્ને ક્ષુધાતુર બાળકોને ઉદ્દેશી તેણે કહ્યું:—"શશિકાન્ત અને યમુના! ચાલો રોટલી અને શાક છે, જોઉં જોઇએ કે તમારા બન્નેમાંથી કોણ વધારે ખાઇ શકે છે?"

શશિકાન્તને ઊંચકી લેવાને માટે વિપિનવિહારી નીચો વળ્યો. તેનો બાંધો સાધારણતઃ મજબૂત હતો; પરંતુ માનસિક શ્રમ અને તેને યોગ્ય મોબદલો ન મળવાથી થયેલી નિરાશા વગેરે કારણોથી આઠ વર્ષની ઉમ્મરના શશિકાન્તને પણ તે ઊંચકી શક્યો નહિ !

વિપિનવિહારી એ બન્ને બાળકોને પોતાની રૂમમાં લઇ ગયો તથા હેમલતાએ તેને માટે રાત્રે જે જમવાનું રાખી મૂક્યું હતું તે તેણે બાળકોને સોંપી દીધું.

બાળકોને ત્વરાથી જમતાં જોઇ વિપિનવિહારીને પ્રથમ તો કાંઇક આનંદ થયો; પરંતુ થોડા સમય પછી તેનું મન અસ્વસ્થ થયું તેસ્વગત વિચારવા લાગ્યોઃ—" આજે તો મ્હેં બાળકોને જમાડયાં; પરતુ કાલે તેમની કેવી અવસ્થા થશે તથા તેવી અવસ્થા ક્યાં સુધી રહેશે ? અરેરે ! આ બાળકો પ્રમાણે દેશમાં કેટલાં બાળકો ભૂખથી રીબાય છે ! આ આપણા સમાજની કેવી અધોગતિ ?! "

આવા પ્રકારના વિચારોમાં વિપિનવિહારી નિમગ્ન થઇ ગયો. પોતાના લખવાના કાર્યનું પણ તેને સ્મરણ રહ્યું નહિ. વિચારમાળા વધવા લાગીઃ—" કેટલા પુરુષો પોતાને સુખી જોઇ આખી દુનિયાને સુખી માની મૅાટરકારોમાં ને ઘોડાગાડીઓમાં ફરે છે અને મિષ્ટાન્ન ઉડાવે છે ! ત્યારે બીજી બાજૂએ આ એમના જ દેશબાંધવો કેવા રીબાય છે ! અરેરે ! એમને પેટ પૂરતું અન્ન પણ મળતું નથી એટલું જ નહિ પણ કેટલાક બુદ્ધિશાળી પુરુષો સુદ્ધાં દરિદ્રતાના દુઃખથી રઝળી રખડી રીબાઇને પોતાનું દુઃખપૂર્ણ જીવન પૂર્ણ કરે છે ! આ કાંઇ ઓછા શોકનો વિષય છે ? "

" મ્હારો શશિકાન્ત તેમ જ યમુના અત્રે છે કે ? " એવું મોડી રાત્રે ઘેર આવીને જ્યારે શારદાપ્રસાદે વિપિનવિહારીને પૂછ્યું ત્યારે જ તેનો વિચારપ્રવાહ અટક્યો તથા તેણે બાળકોને મેડે પહોંચાડયાં. બાળકો જમવા બેઠાં ત્યારથી તે વિચારસાગરમાં નિમજ્જિત થઇ ગયો હતો અને તેથી કરીને બાળકોને મેડે પહોંચાડી આવવાનું તે તદ્દન વિસરી ગયો હતો.

વિપિનવિહારીનું મન પોતાના કાર્યવ્યવસાય તરફ પુનઃ વળ્યું નહિ. તે વિચારી લાગ્યો કેઃ—" એ એક જ પ્રશ્ન વારંવાર મ્હારા અંતરમાં ઉત્પન્ન થાય છે. આપણા આ સકળ સાધનસંપન્ન અને સમૃદ્ધ દેશમાં હજારો લોકોની સ્થિતિ સર્વથા શોચનીય-દુઃખદારિદ્ર્યપૂર્ણ છે તથા તેઓ ઘણું દુઃખપૂર્ણ જીવન ગાળે છે. આ વિષય ઉપર એક મ્હોટો ગ્રંથ લખી સમાજવ્યવસ્થાની દીન દશા દર્શાવવી એવી મ્હને પ્રથમથી જ પ્રબળ જીજ્ઞાસા ઉત્પન્ન થઇ હતી; છતાં હજી સુધી મ્હેં કાંઇ કર્યું નહિ ! સેંકડો તરુણ ગ્રંથકારો આવા ઉચ્ચત્તમ પ્રકારનું ધ્યેય ત્યાગી આજીવિકા નિર્વાહાર્થે રસિક વાર્તાઓ લખવામાં જ પોતાનું આયુષ્ય વ્યતીત કરે છે. મ્હેં પણ અદ્યાપિપર્યંત તેમ જ કર્યું છે અને આવા ઉચ્ચતમ પ્રકારનું ધ્યેય છોડી ગ્રંથપ્રકાશક તરફથી મળતી સામાન્ય રકમ માટે મ્હારી બુદ્ધિમત્તાનો દુરુપયોગ કર્યો છે. આ કેવો અધઃપાત્ ! ! આ એક પ્રકારનો વિક્રય નહિ તો બીજું શું ? વેશ્યાને સમાજમાં ઘણા જ હલકા પ્રકારની ગણવામાં આવે છે; કારણ કે તે તનુવિક્રય કરે છે; પરંતુ મ્હને લાગે છે કે પૈસાને માટે પ્રકાશક સૂચવે એવું લખાણ લખનારા મ્હારા જેવા ગ્રંથકારો કિંવા વર્તમાનપત્ર અને માસિકના સંપાદકો વેશ્યા કરતાં પણ સવિશેષ નીચ છે. વેશ્યાઓ તો પોતાના શરીરને જ વેચે છે અને અમે તો આત્માને વેચીએ છીએ; વળી તે પણ કેટલા માટે ? ફક્ત નજીવી રકમ માટે જ ! "

આવા પ્રકારના વિચારો કરતો વિપિનવિહારી પોતાના ઓરડામાં આમ તેમ આંટા મારવા લાગ્યો. એકાએક તેનું લક્ષ્ય રૂમમાં પડેલી એક ટ્રંક તરફ ગયું. ટ્રંક ઉઘાડી તેમાંથી તેણે એક જુનું બંડલ બહાર કાઢ્યું તથા બંડલને જોઇ તે સ્વગત કહેવા લાગ્યોઃ—" આ મ્હારો અત્યંત મહત્વનો ગ્રંથ છે. આ ગ્રંથ જો મ્હેં પૂર્ણ કર્યો હોત તો કેવો ઉત્તમ નિવડત ? અન્નવસ્ત્રથી રીબાતા દેશબાંધવોની દુઃખી અવસ્થા સમાજને પ્રદર્શિત કરવા માટે હવે હું આ ગ્રંથ જ પૂર્ણ લખી કાઢીશ. આપણા દુઃખી બાંધવોની પરિસ્થિતિ સુધરે એવા આશયથી જ આ

ગ્રંથ મ્હેં લખ્યો છે. આ ગ્રંથને પૂર્ણ કરતાં લગભગ સાત આઠ માસ લાગશે તથા તૈયાર થયા પછી મહેનતના પ્રમાણમાં જો કે વિશેષ કાંઇ મળનાર નથી તો પણ તે પ્રસિદ્ધિમાં આવશે તો મ્હારા આત્માની મુક્તિ કર્યા જેવું થશે. અદ્યાપિપર્યંત મ્હારો આત્મા પ્રકાશક તરફ જોતો હતો; હવે તેમ થનાર નથી જ." વિપિનવિહારીના મુખપ્રદેશ ઉપર દૃઢતાનાં ચિન્હ સ્પષ્ટ દેખાવા લાગ્યાં. એટલામાં કર્મધર્મસંયોગે તેની નજર લખાતી વાર્ત્તાનાં પાનાં ઉપર પડી. તત્કાળ તેનું મુખમંડળ તિરસ્કારભાવથી મલિન બની ગયું.

ચાલૂ વાર્ત્તાનાં પાનાં તેણે એકઠાં કર્યાં. એક ક્ષણ વિચાર કરવામાં પસાર થઇ ગઇ. "સામાન્ય રકમ માટે શું હું મ્હારો આત્મા વેચું ? એમ કદાપિ બનનાર નથી. ઘણી મુદતથી આવા વિચારના પ્રકાશકની સેવા કરી છે. હવે તો હું ગુલામગીરીમાંથી મુકત થઇશ જ!" ફરીથી એક વખત તેણે એ પાનાં તરફ દૃષ્ટિ કરી તથા તરત જ દીવાના મનુષ્યાનુસાર તેણે કરેલી મહેનત ધૂળધાણી કરવા માંડી—તેણે તે પાનાંઓને ફાડી નાખ્યાં. તે પાનાંઓનાં સેંકડો કડકા થઇ ગયા; પરંતુ થોડા સમય પછી ચિત્ત સ્વસ્થ થતાં તેને વિચાર આવ્યો કેઃ—

"મ્હેં આ વાર્ત્તા તો ફાડી નાખી; પરંતુ હવે પૈસા વિના કેમ થશે ? મ્હારે લીધે—મ્હારા અવિચારને લીધે મ્હારી વ્હાલી પત્નીને હું શા માટે દુઃખ આપું ? તેણે મ્હારે લીધે ઘણાં સંકટો સહન કર્યાં છે. તે મ્હારે માટે અપવાસ પણ કરશે, છતાં અવિચારને લીધે હું તેને અપવાસી રાખવાનો વખત લાવ્યો એ ઠીક કર્યું કે ? બંધનમાંથી આત્માની મુક્તિ કરવા જતાં હું સારાસારનો વિચાર તદ્દન ભૂલી ગયો !"

ચિંતાથી તેમ જ દુઃખથી વિપિનવિહારી તદ્દન ઉન્માદગ્રસ્ત મનુષ્ય જેવો બની ગયો. ઓરડામાંની પ્રત્યેક વસ્તુ તેને ભમતી દેખાવા લાગી. ઓરડાની ભીંતો ફરે છે એવો તેને ભાસ થવા લાગ્યો ! તેના શરીરનો પ્રત્યેક અવયવ, પ્રત્યેક નસ કંપવા લાગી ! ! તેની આંખોએ અંધારાં આવ્યાં તથા તરત જ મુર્છિત થઇ તે જમીન ઉપર ઢળી પડ્યો ! !

પ્રકરણ ૧૦ મું.

વિધવાની વેદના.

" ન લાગે કૈં વેળા પ્રણયી પ્રણયીથી મળી જતાં,
રહે ના કૈં ભીતિ, રતિરસતણું ઐકય બનતાં;
ભલે પ્રીતિ પહેલાં, પરિચય કદી લેશ નવ હો,
ભલે પહેલી દૃષ્ટિ, પ્રણય કરવાનો સમય હો. "

*　　*　　*

" પરવશ થવું વ્હાલું શાને યુવાન દિલે હશે?
પરવશ થઇ રોવું શાને, યુવાન દિલો ચહે? "

—કલાપી.

યોગેશ્વરના સંસારમાં જો મુખ્ય વ્યક્તિ જોવા જઇએ તો તે વિનોદિની જ છે. તે શ્રીકાન્તની સેવા કરે છે, બન્ને સમયે રસોઇ બનાવે છે, ભગવતિ નવદુર્ગાની પણ સંભાળ લે છે તથા અન્ય વ્યક્તિઓથી ગુપ્ત રીતે યોગેશ્વરના ચિત્તવિનોદની ચેષ્ટા કરે છે. યોગેશ્વરને તે જ ભોજન પીરસે છે, તે જ જળપાન કરાવે છે, તે જ પાનનું બીડું આપે છે, તે જ કચેરીમાં પહેરી જવાના પોષાકની વ્યવસ્થા કરી રાખે છે—યોગેશ્વરના દેખતાં કોઇ કોઇ સમયે અંતરના ઊંડાણમાંથી નિશ્વાસ મૂકે છે. યોગેશ્વર પણ વિનોદના સ્થિર—સૌદામિની તુલ્ય રૂપની જ્યોતિ જોઇ અવાક્ બની જાય છે.

એક દિવસે સંધ્યાકાળ પછી યોગેશ્વર પોતાના દિવાનખાનામાં બેસી આહાર કરતો હતો. સ્હામે વિનોદિની ઉભી હતી. દિવાનખાનામાં બીજું કોઇ નહોતું. વાયુથી કંપતી દીપશિખા પ્રમાણે પૂર્ણ યૌવનના રૂપની શીખા પ્રકાશી રહી છે,—ઝમક ઝમક કરી રહી છે. પાસેની બત્તીનો પ્રકાશ તેના મુખ ઉપર પડી રહ્યો છે. યોગેશ્વર એકાગ્રદૃષ્ટિથી વિનોદનું દર્શન કરે છે. એકાએક કોણ જાણે શા વિચારથી યોગેશ્વરે

પોતાનાં નેત્રો બીજી દિશા તરફ ફેરવ્યાં. વિનોદિનીએ તરત જ એક દીર્ઘ નિશ્વાસ મૂકયો.

એ દીર્ઘ નિશ્વાસે યોગેશ્વરના મર્મપ્રદેશમાં. સ્પર્શ કર્યો. ફરીથી તેનાં અતૃપ્ત નેત્રયુગલ વિનોદિનીના તરફ વળ્યાં. અનેક ક્ષણ સુધી વિનોદિનીના હળાહળ તુલ્ય રૂપનું પાન કરી યોગેશ્વર બોલી ઉઠયોઃ—

" વિનોદ ! તું કેવી સુંદર છે ? "

" ના—ના, કૃપા કરીને પુનઃ કદાપિ આવા શબ્દો ઉચ્ચારશો નહિ." વિનોદિનીએ કરુણાપૂર્ણ કંઠે કહ્યું.

" પરંતુ ત્હારા સૌંદર્યનું દર્શન કરતાં પુરુષ પાગલ બની જાય છે ! ખરેખર વિનોદ ! તું સુંદરતાનો અદ્વિતીય નમુનો છે."

આટલું બોલતાં બોલતાં મેઘદૂતની નિમ્નલિખિત લીટીઓનું યોગેશ્વરને સ્મરણ થઇ આવ્યુંઃ—

" શ્યામ વેષે નહિ નિચિ ઉંચી, કૂટડાં ગાત્રવાળી
ઘાટે નાની, હરિણી સરખાં નેત્રવાળી રૂપાળી;
હારેહારે દશન કણિઓ રત્ન જેવી જણાતી,
શોભે ઝીણી કળિ અધરની બિંબશી રાતી રાતી.
ઉંડી નાભિ ઉદર વિલસે પાતળી કે'ડ જેની,
ભારે ઉંચા સ્તનથી કટિમાં, સે'જ નીચી નમેલી;
શ્રોણી ભારે મલપતી રુડી ચાલતી ધીમી ચાલે,
નારીરૂપે, પ્રથમ વિધિએ, હોય નિર્મેલી જાણે."

વિનોદે લજ્જાતિશયથી નીચું જોઇને કહ્યુંઃ—" મ્હેં કોઇ દિવસે આયનામાં મ્હારું મ્હોં જોયું નથી. કોઇ પણ સુંદર પુરુષે હજી સુધી મ્હારા રૂપની પ્રશંસા કરી નથી તો પછી તમે ભગિનીપતિ થઇ મ્હારા રૂપની આવી વ્યર્થ પ્રશંસા કેમ કરો છો ? "

" હું પ્રશંસા નથી કરતો. સત્ય કથા જ કહું છું કે, તું સુંદર છે ! ઘણી જ સુંદર છે ! ! "

" પરંતુ આવી વાત કરવાનું અત્યારે શું પ્રયોજન છે ? "

યોગેશ્વર જમી પરવારી આરામ ચેર ઉપર પડ્યો પડ્યો સિગાર ફૂંકવા લાગ્યો. સિગાર ફુંકતાં ફુંકતાં હજી પણ તે વિનોદિનીના મુખનું અધીર ભાવે દર્શન કરવા લાગ્યો. વિનોદિની વિશેષ સમય સૂધી ત્યાં ન બેસતાં રૂમમાંથી બ્હાર નીકળવા જતી હતી કે તરત જ યોગેશ્વર તેના તરફ જવા લાગ્યો. વિનોદિની ત્વરાથી પોતાના ઓરડા તરફ જવા લાગી. યોગેશ્વર થોડે સૂધી તેની પાછળ ગયો; પરંતુ પછીથી કાંઇ વિચાર આવ થી પાછો ફર્યો. આ વખતે કોઇ ચોર પ્રમાણે યોગેશ્વરનું સર્વાંગ કંપતું હતું. એક ચારને પકડાઇ જવાની જેટલી ભીતિ રહે અને તે ધ્રુજે તેવી જ યોગેશ્વરની સ્થિતિ હતી; પરંતુ તેની આવી સ્થિતિ વિશેષ સમય સૂધી રહી નહિ.

છેવટે યોગેશ્વર બ્હાર બેઠો બેઠો તમાકુનું સેવન કરવા લાગ્યો. તે વિચાર કરવા લાગ્યો કેઃ—" બંસરીબાલા મ્હને પ્રિય લાગતી નથી. કારણ તે રસથી અજ્ઞાત છે—પ્રેમ જાણતી નથી, વિરહવેદના સમજતી નથી, પ્રેમાલાપનું તેને ભાન નથી." આવો વિચાર કરતાં કરતાં છેવટે થયું એ કે યોગેશ્વરે પોતાના હૃદયની પ્રીતિધારાને તેના સ્વાભાવિક માર્ગમાં ન વહેવા દેતાં કૃત્રિમ નહેરોમાં વહેવા દેવાનો સંકલ્પ કર્યો. આ માર્ગમાં એક પ્રકારનો અવરોધ આવી પડવાથી તેનો સંકલ્પ વધારે દૃઢતર થયો. તેના પ્રયત્નો આ અવરોધને ઓળંગી આગળ વધવાનો પ્રયાસ કરવા લાગ્યા. યોગેશ્વરને પોતાના હૃદયની ગતિની ખબર નહોતી. જો તેણે પોતાના પ્રેમપ્રવાહને સ્વાભાવિક રસ્તે વહેવા દીધો હોત તો તેનું રક્ષણ થાત, તેની સતી સ્વરૂપિણી સહધર્મિણીનું રક્ષણ થાત અને કુટુંબનું પણ રક્ષણ થાત; પરંતુ યુવાવસ્થા, સ્વાધીનતા અને વિલાસ વિભવમાં પોતાનું આયુષ્ય પસાર કરનારાં સ્ત્રીપુરુષોનું અંતર કેટલું બધું નિર્બળ હોય છે. એ સર્વ સમજી શકે તેમ છે. વાસ્તવિક રીતે વિકારનો સ્વભાવ જ એવો છે કે, જેમ જેમ સ્ત્રી અથવા પુરુષનું મન એ વિકારના વિચારોમાં વિશેષ તન્મય થતું જાય છે તેમ તેમ તે સ્ત્રી અથવા પુરુષના હૃદયમાં વિકારનું વધારે ને

વધારે પ્રાબલ્ય થતું જાય છે. **कामांधो नैव पश्यति** એ સૂત્રાનુસાર યોગેશ્વરનાં અંધ નેત્રોમાં નીતિ તેમ જ સત્યતાનો શીતળ પ્રકાશ પ્રકાશિત થયો નહિ. તેને એમ જ લાગ્યું કે તેની દુર્જય પ્રણયતૃષ્ણા બંસરીબાલાથી શાન્ત થવાની નથી. હરિ ! હરિ !

વિનોદિનીની હકીકત યાદ કરવામાં જ સાર નથી. તેના રૂપ સ્હામે દૃષ્ટિ કરી શકાતી જ નથી. જેટલું તેના રૂપનું પાન કરીએ છીએ તેટલા આપણે રૂપસાગરમાં વિશેષ ડુબીએ છીએ. વિનોદ વિધવા છે એ અપરાધ તો વિનોદનો નથી ! જે દેવતાએ વિનોદનું અપાર સૌંદર્ય યોગેશ્વરને દેખાડયું તે જ દેવતાએ વિનોદિનીને વિધવા કેમ કરી ?! યોગેશ્વર પછીથી એ રૂપસાગરમાં ડૂબ્યાથી કેવી રીતે બચી શકે ? ઉપભોગાર્થે તો સૌન્દર્યસૃષ્ટિ ઉત્પન્ન થએલી છે. જેને જે અનુપમ લાગે તે તેનું ઉપભોગ્ય. છતાં વિનોદિની પરસ્ત્રી છે ! તેણે આવીને યોગેશ્વરના સ્વર્ગતુલ્ય સંસારમાં વિષાદના તરંગો ઉપસ્થિત કર્યા છે. વિનોદની દૃષ્ટિમાં કોણ જાણે શું છે—યોગેશ્વર એ દૃષ્ટિના જ્વાળામુખીના—અગ્નિમાં સળગવાની પ્રાણહારક મહત્વાકાંક્ષાનું પોતાના મનમાં પોષણ કર્યા કરે છે.

પેલી તરફ વિનોદિની પોતાના ઓરડામાં જઇ, વિષણ્ણવદને અનેક ક્ષણ સુધી બેસી રહી. એકાએક કોણ જાણે શા વિચારથી તેણે પોતાના મુખના પ્રતિબિંબનું એક ન્હાના આયનામાં દર્શન કર્યું. દર્શન કરી તે સ્વગત વિચારવા લાગી:—"એવું કહેવામાં આવે છે કે વિધવાનાં રક્ત, માંસ થોડા જ સમયમાં સુકાઈ જાય છે. આટલો બધો સમય જતાં સુધી હું એક પત્થરની માફક બેસી રહી—મ્હેં સંસાર તરફ દૃષ્ટિ પણ ન કરી; છતાં હજી મ્હારી જ્વાળાનો ધ્વંસ થયો નહિ ! ઓગણીસ વર્ષની ઉમ્મર થઇ તો પણ હજી રૂપયૌવન કાયમ જ રહ્યું, એ જતું નથી તેમ સુકાતું પણ નથી ! ફલ્ગુ નદીના પ્રવાહાનુસાર એ શરીરની અંદર આવીને સુધાધારાનું વહન કર્યા કરે છે ! હું અત્યાર સુધી બ્રહ્મચારિણી રહી તો પણ ઇશ્વરે મ્હને વાલુકામય કેમ ન

બનાવી દીધી ? પાંચ વર્ષની ઉમ્મરથી અદ્યાપિપર્યંત હું સ્થિરતાનું અવલંબન કરી રહી છું તો પણ કાંઇ થયું નહિ! હૃદયનો ભાવપ્રવાહ શુષ્ક થયો નહિ—હૃદય મરૂક્ષેત્ર થયું નહિ! હવે વધારે કાળ સૂધી એ કષ્ટ સહ્ય કરી શકવા અસમર્થ છું! યોગેશ્વર! ઓહ......" આટલું બોલતાં બોલતાં વિનોદિની અટકી પડી. તેનો પ્રાણ આકુળ વ્યાકુળ થવા લાગ્યો. તે બડબડી:—"બ્હેન! બંસરીબાલા! આટલા દિવસ સૂધી ત્હારું બ્હેન જાણી રક્ષણ કર્યું છે; હવે હું લાચાર છું! નિરુપાય છું! આ અંગની અનંગવ્યથા હવે મ્હારાથી સહન કરી શકાતી નથી!"

ઉન્માદિની આ પ્રમાણે અનેક કથા બોલી હસી—રડી તથા બકી.

અરેરે! સ્વર્ણમય પ્રતિમા બંસરીબાલા સૂતિકાગારમાં શયન કરી, દુઃખના પૂર્વાભાસથી ભીત અને વ્યથિત થઇ ક્રન્દન કરવા લાગી. સંદેહની પ્રથમ જ્વાળાથી તે જ્ઞાનશૂન્ય બની ગઇ.

અરેરે! જે સંસારમાં સુખ છે હાસ્ય છે એજ સંસારમા દુઃખે પ્રવેશ કર્યો! એજ સંસારમાં પાપના અવગુંઠને પ્રવેશ કર્યો!!

પ્રકરણ ૧૧ મું.

અધઃપતન.

" અરે મ્હારી વૃત્તિ, હૃદય મમ ને વૃત્ત મુજ એ,
ઘડીમાં શું જૂદાં થઈ જઇ બન્યાં મોહવશ રે!
અરે! નિર્માયું શું મમ હૃદયને ધૂળ મળવું?
અને એ કન્યાના હૃદય કુમળાને સળગવું?"

—કલાપી.

રાત્રિનો સમય છે. આકાશમાં વાદળાંઓ આમતેમ દોડાદોડ કરી રહ્યાં છે. વચ્ચે વચ્ચે વિદ્યુતના ચમકારા થાય છે, મેઘગર્જના થાય છે, ટપક ટપક વૃષ્ટિ પણ ટપકે છે, સખ્ત ઠંડી પડે છે.

વિનોદિનીએ રસોડાના કાર્યવ્યવસાયથી નિવૃત્ત થઇ યોગેશ્વરનું ભોજન તેના દિવાનખાનામાં એક ટેબલ ઉપર લાવીને મૂક્યું છે અને તે પોતે પણ દિવાનખાનાના પ્રવેશદ્વાર આગળ જ શેતરંજી બિછાવી સૂતી છે. બંગલામાં સર્વત્ર નિસ્તબ્ધતાનું સામ્રાજ્ય સ્થપાયલું માલૂમ પડે છે. યોગેશ્વર અદ્યાપિપર્યંત ઘેર આવ્યો નથી. તેની રાહ જોવાને માટે જ વિનોદિની આવી સ્થિતિમાં સૂતી છે! તેના સિવાય બંગલામાં સર્વે નિદ્રિત થયેલાં છે.

રાત્રિના લગભગ અગીઆરેકનો સુમાર થવા આવ્યો એટલે યોગેશ્વરે ધીમે ધીમે બંગલાની અંદર પ્રવેશ કર્યો તથા બીજા કોઇ સ્થળે નહિ જતાં તે બારોબાર પોતાના દિવાનખાના તરફ વળ્યો. પૂર્વે જ્યારે યોગેશ્વર બ્હારથી ઘેર આવતો ત્યારે નવદુર્ગાને બોલાવી તેની પાસે બેસી થોડો સમય વાતચિત કરતો અને ત્યાર પછી રસોડામાં જમીને શયનાલયમાં જતો. આજે કેટલાક દિવસથી તે હવે માને બોલાવતો નથી, રસોડામાં જમતો નથી, કોઇને જગાડતો નથી, ગુપચુપ ઘેર આવે છે. યોગેશ્વર ઘણી જ સાવચેતીથી પોતાના દિવાનખાના તરફ વળ્યો.

ઉભો રહે, યોગેશ્વર! ઉભો રહે! આગળ જઇશ નહિ. દિવાનખાનામાં તું પ્રવેશ કરીશ નહિ. આ જો, વિદ્યુત્ ચમકારો કરી તને અન્ય રસ્તો દર્શાવી આપે છે. આ જો સાંભળ, દેવતા ગર્જના કરી તને ત્હારી માતાની પાસે જવાનું સૂચવે છે. યોગેશ્વર! જઇશ નહિ—દિવાનખાનામાં જઇશ નહિ.

પ્રખર વિદ્યુતનો પ્રકાશ જોઇ યોગેશ્વર ચમકિત ભાવથી આગળ વધવા લાગ્યો. જુઓ આ સૂતિકાગાર! આ સ્થળે બંસરીબાલા યોગેશ્વરના આરસજાત પુત્રને છાતી સરસો ચાંપી નિદ્રિતા થઇ છે. આગળ જતાં પૂજાનો ઓરડો આવ્યો કે જ્યાં માતા નવદુર્ગા ઇષ્ટમંત્રનો જપ કરે છે. અને ક્ષણે ક્ષણે પુત્ર યોગેશ્વરના કલ્યાણની કામના કરે છે વળી બંસરીબાલાના સંસારસુખ માટે પણ પ્રાર્થના કરે છે. આ

ગળ યોગેશ્વરનું દિવાનખાનું છે તથા દિવાનખાનાની જોડાજોડ એક ભાગમાં શયનાલય છે. યોગેશ્વરના દિવાનખાનામાં બંસરીબાલાનું આ-લોકનું સકળ સુખસર્વસ્વ સમાઇ રહેલું છે અને અત્યારે એ સ્થળે સુખની કલ્પનામય નિદ્રા ઉપર સૂતી છે વિધવા વિનોદિની ! યોગે-શ્વરે વિહ્વળ દૃષ્ટિથી બધું જોયું. વિજળીએ વિકટ હાસ્ય કર્યું. એ હાસ્યના પ્રકાશથી યોગશ્વરે બધું જોયું. તો પણ યોગેશ્વર ધીમે ધીમે ધબકતા હૃદયે કોઇ અનનુભૂત સુખની કલ્પના કરતો કરતો આગળ વધવા જ લાગ્યો—તે પાછો હઠયો નહિ.

જો સાંભળ યોગેશ્વર ! આ ઊંચે આવેલા અનંત આકાશમાં દેવતાઓની ભીષણ ગર્જના સાંભળ ! વાયુ વ્યોમને કંપાવી પૃથિવીને વિચલિત કરે છે, એ ભયાનક અવાજ સાંભળ. સાંભળ—સાંભળ, યોગેશ્વર ! એ મહાન્ અવાજ એક વખત સાંભળી તેનો આંત-ર્ભાવ સમજી જા. એક વખત સાંભળી તેનો મર્મભેદ જાણી લે. એક-વખત સાંભળી તેની વિશ્વપ્રસારિણી ભીષણ કરુણાની કલ્પના કર ! યોગેશ્વર ! સાંભળ ! યોગેશ્વર કંપ્યો. કંપતો કંપતો તે પોતાના દિવાન-ખાનાના પ્રવેશદ્વાર આગળ ઉપસ્થિત થયો.

દ્વારમાં જ વિનોદિની સૂતી હતી. વિનોદ યોગેશ્વરની નજરે પડી. તેને કેવી રીતે જગાડવી એ સંબંધીનો યોગેશ્વર વિચાર કરવા લાગ્યો ! એકાએક તેના ખભા ઉપરના ખેસનો છેડો વિનોદિનીના મુખ ઉપર પડયો. વિનોદ તરત જ વ્યાકુળતાથી જાગ્રત થઈ બેઠી. યોગેશ્વરનો અંદર પ્રવેશ કરવાનો રસ્તો તેણે મુક્ત કર્યો. યોગેશ્વરે અંદર જઈ વસ્ત્રો બદલી આરામચેર ઉપર સ્થાન લીધું. પછી તે આરામ-ચેર ઉપર બેસી ચીરુટનો ધુમાડો કાઢવા લાગ્યો.

અત્યાર સુધી વિનોદ કે યોગેશ્વર કોઇ કાંઇ બોલ્યું નહિ. પછી વિનોદે અગ્રેસર થઈ પાનનું બીડું ભગિનીપતિના હાથમાં આપ્યું. પાન આપતાં આપતાં તેનો હાથ કંપી ઉઠયો. વિનોદ હવે ચુપ રહી શકી નહિ. સ્મિત કરી તેણે કહ્યું:—"થોડું દૂધ પીશો કે ?"

"કૃપા કરીને આપશો તો પીશ."

"ત્યારે હું લઇ આવું છું, પીશો ને?

યોગેશ્વર ધૈર્ય ધારણ કરી શકયો નહિ. તેણે કહ્યું:—"વિનોદ! હું તને આમ શુષ્ક કેમ દેખું છું. શું તું રડે છે?"

"હું રડું શા દુઃખે? જેમાં સુખ જણાય તેમાં જ દુઃખ હોય છે. હું સુખ તેમ જ દુઃખને ઓળખી શકું છું; શું હું આંધળી છું?!"

"સુખ દુઃખ એ પોતાના જ હાથની વાત છે. સુખી થવાનો યત્ન કરે તો સુખી થાય અને દુઃખી થવાનો યત્ન કરે તો દુઃખી થાય. તું સુખી કેમ થતી નથી?"

"તમે ભુલો છો! સુખ દુઃખ એ મનુષ્યાધીન નથી; મનુષ્ય તેને આધીન છે. ઇશ્વરની ઇચ્છા સિવાય કોઇ સુખી યા તો દુઃખી થઇ શકતું નથી. મ્હારું પોતાનું કોઇ એવું નથી કે જેથી હું સુખી થઇ શકું!"

"વિનોદ! તું જાણે છે કે પોતાના જ ગુણોથી પારકું આપણું થાય છે અને પારકાનાં આપણે થઇએ છીએ. જો ત્હારું પોતાનું કોઇ ન હોય તો તું ત્હારી વસ્તુસૃષ્ટિ કરી લે ને! જગતમાં પશુ પંખીઓની પણ જોડી હોય છે. જોડી હોવી એ જાણે કે આ સકળ વિશ્વસંસારનું વિધાન છે. જોડી સિવાય સંસારમાં જાણે કે શાન્તિ જ નથી. બે આત્માનું ઐક્ય થયા સિવાય શાન્તિ મળતી નથી. તું પણ ત્હારી શાન્તિની વસ્તુસૃષ્ટિ કરી લેને!?"

"ઇશ્વરની ઇચ્છા હશે તો સૃષ્ટિ કરી શકીશ; પણ મદદગાર વિના સૃષ્ટિ કેવી રીતે થઇ શકે?"

"મદદગાર મળવાને શો વાંધો છે?"

"એ તો ઠીક, પરંતુ સમાજભયનું શું કરવું?"

"આપણે આપણા સુખને માટે સમાજભયની પરવા શા માટે કરવી જોઇએ? એમ ભય રાખ્યાથી કાંઇ સુખની પ્રાપ્તિ કરી શકાય નહિ. તું ત્હારી મેળે જ ત્હારું અંગત મનુષ્ય શોધી લે અને તેના સહવાસથી સુખી થા."

"એ તો ઠીક, પરંતુ સમાજભયનું શું કરવું?" પૃષ્ઠ. ૪૬.



"એ તો ઠીક, પરંતુ સમાજભયનું શું કરવું?" પૃષ્ઠ. ૪૬.

મનોરંજન પ્રેસ, મુંબઇ.

" મ્હારું મન મ્હારી પાસે નથી એટલે કેવી રીતે શોધી લઉં ? "

" તો શું ત્હારું મન પરહસ્તગત છે ? તે તો પુનઃ મળવું મુશ્કિલ છે ! પરહસ્તગત ધન પુનઃ પાછું લઇ શકાય નહિ ! "

" ઉપાય નથી ! જેવી લલાટલિપિ ! "

વિનોદ વાત કરતાં કરતાં ઉભી થઇ અને યોગેશ્વરના તરફ આગળ વધવા લાગી. તેની પાછળ કેરોસીનનો ટેબલ લૅમ્પ બળે છે ત્યારે આગળ એક ટેબલ ઉપર વૉલસીટ બળે છે. પાછળ મ્હોટો દીવો અને આગળ ન્હાનો દીવો છે અને તે બન્ને દીવાઓના પ્રકાશની વચ્ચે ત્રિભુવનમોહિની વિનોદિની ઉભી છે. તેના માથા ઉપરનું વસ્ત્ર સહજ ખસી ગયું છે. સફેદ બારીક સાડીની અંદરથી ખીલતી ગુલાબ કળીના જેવો દેહરંગ બહાર દેખાઇ આવે છે. વર્ષાઋતુની રાત્રે જેમ વાદળાંરૂપી વસ્ત્રોની અંદરથી શીતળ ચંદ્રદેવ પોતાની પ્રભા પ્રદર્શીત કરે છે તેવી રીતે વિનોદિનીની શારીરિક પ્રભા પણ પાતળા વસ્ત્રરૂપી વાદળને ભેદી વિરહવ્યાકુળ યોગેશ્વરના ઉપર પડે છે !

યોગેશ્વર પણ કાંઈ આંધળો નથી. તે આ અલૌકિક રૂપ જોવા લાગ્યો ! રૂપમદિરાનું વિહ્વળ ભાવથી પાન કરવા લાગ્યો.

વિનોદ પણ જોયા કરે છે,—યોગેશ્વરને એકાગ્રદષ્ટિથી જોયા કરે છે. તેનો કાચા સોનાના જેવો રંગ, વિશાળ નયનયુગલ, સુપુષ્ટ ઓષ્ઠદ્વય, દઢ પેશીબદ્ધ, બાહુયુગલ, તેનો માંસલ સ્કંધ પ્રદેશ તથા પૃષ્ઠદેશ, તેનો વિશાલ વક્ષપ્રદેશ—વિનોદ સઘળું ભૂલી યોગેશ્વરના અંગ પ્રત્યંગનું મુગ્ધ દૃષ્ટિથી દર્શન કરે છે. જ્યારે યોગેશ્વર ઓષ્ઠદ્વયને ખુલ્લા કરી ચીરુટ પીએ છે ત્યારે વિનોદ એ ચંચલ અધર અને ઓષ્ઠની શોભા તન્મયતાથી જુએ છે ! વિનોદને લજ્જા નથી, ભય નથી—વિનોદ વિરહવ્યથાથી ભાન ભૂલી ગઇ છે ! ગાઢ અંધકારમયી રાત્રિ છે. ક્વચિત્ ક્વચિત્ વિદ્યુત્ પ્રકાશે છે. જનમાનવનો શબ્દ નથી. કેવળ ક્ષણે ક્ષણે વૃષ્ટિબિંદુઓનો ધ્વનિ સ્તબ્ધ પ્રકૃતિની સજીવતા સ્થાપન કરે છે. આવી ગંભીર મધ્યરાત્રે એકાન્તમાં એક દિવાનખાનામાં આવાં

સુંદર અને સુંદરી, યુવક અને યુવતી ક્યાં સુધી ફક્ત નિરીક્ષણ કરીને સ્થિરતા ધારણ કરી શકે ? યોગેશ્વરે શુષ્કકંપિત કંઠે ગદ્‌ગદ સ્વરે કહ્યું:— " વિનોદ ! ત્હારું આવું અલૌકિક રૂપ ! આટલું બધું લાવણ્ય ! !"

સંધ્યાસમયના આકાશનો શુભ્ર મેઘ જેવી રીતે અસ્તાચળમાં ઉતરી પડતા સૂર્યના પ્રખર પ્રકાશથી એકાએક લાલ થઇ જાય તેવી રીતે આ શબ્દો સાંભળી વિનોદિનીનું અંગ-પ્રત્યંગ લાલચોળ થઈ ગયું; પરંતુ આ રાગરંજન સ્થિર નથી. કોઈ સમયે તે લાલચોળ દેખાય છે, કોઈ કોઇ સમયે તે ખીલતા ગુલાબી રંગથી શોભાય છે તો કોઇ સમયે પાંડુવર્ણ બની જાય છે. ઇંદ્રધનુષ્યના રંગ વારંવાર જેવી રીતે બદલાય છે તેવી રીતે વિનોદિનીના આ વદનની પારવર્તનશીલ શોભા યોગેશ્વર જોવા લાગ્યો. તે સ્થિર રહી શક્યો નહિ. તેનું હૃદય ઘણી ત્વરાથી ચાલવા લાગ્યું. તે થરથર કંપવા લાગ્યો. વિરહજ્વાળાથી તે બળી જવા લાગ્યો ! વિનોદ પણ કંપી ઉઠી છે. આવી કંપિત અવસ્થામાં તેના વર્ણપરિવર્તનની કેટલીક શોભા વૃદ્ધિંગત થઇ. યોગેશ્વર નિર્નિમિષ નયને કંપતા હૃદયે વિનોદ તરફ વ્યાકુળતાથી જોઇ રહ્યો. અલ્પ સમયમાં જ હિતહિતનું સર્વથા વિસ્મરણ કરી યોગેશ્વરે પાપસાગરમાં પ્રવેશ કર્યો ! સર્વનાશ ! !

અરેરે ! સતી સાધ્વી બંસરીબાલા ! જેને ત્હેં આશ્રય આપ્યો તેણે જ ત્હારું સર્વસ્વ ધૂળધાણી કરી નાખ્યું ! હરિ ! હરિ ! !

પ્રકરણ ૧૨ મું.

ઔષધોપચારની ચિંતા.

" મજ્જાતંતુ ક્ષીણતાથી આમ થયું છે. ઇશ્વરે સઘળું સારું કર્યું; બાકી આવા પ્રસંગોમાંથી કેટલીક વખત ભયંકર બનાવ પણ બને છે."

ડૉક્ટર રજનીચંદ્ર વિપિનવિહારીની પથારી આગળ બેસીને આ પ્રમાણે કહેતો હતો.

વિપિનવિહારીના જમીન ઉપર પટકાઇ પડયાથી જે અવાજ થયો તેથી હેમલતા જાગી ઉઠી તથા શું થયું તે જોવા ઉપર આવી. ઉપર આવતાં તેણે પતિને બેશુદ્ધવસ્થામાં જોયો! હેમલતા સમયસૂચક હતી. ગભરાઇ જઇ રડવા ન બેસતાં તેણે પોતાના મેડા ઉપર રહેતા શારદાપ્રસાદને બૂમ પાડી.

શારદાપ્રસાદ તરત જ નીચે આવ્યો. તે જાતે પરોપકારી હતો એટલું જ નહિ; કિન્તુ પોતાનાં બાળકોને ભોજન કેવી રીતે મળ્યું હતું તે પણ તેણે બાળકોને મ્હોંડેથી સાંભળ્યું હતું.

શારદાપ્રસાદે વિપિનવિહારીને જમીન ઉપરથી ઊચકી લઇ બિછાના ઉપર સૂવાડયો, તથા તે ડૉક્ટરને બોલાવવા ગયો. ડૉક્ટર રજનીચંદ્ર સજ્જન પુરુષ હતો. એલ. આર. સી. પી. ડી. પી. એચ વગેરે મોટી પરીક્ષાઓમાં તે પાસ થયો હતો; તથાપિ દુર્ભાગ્યવશતઃ તે ગરીબ લોકોને જ રાત્રિના સમયે ઉપયોગમાં આવતો હતો.

હેમતલાએ સજળનયને દીનદૃષ્ટિથી ડૉક્ટર તરફ જોઇને પૂછયું:— "આરામ જલ્દી થશે ને ?"

"આરામ જ થશે, સમજ્યાં બ્હેન ! આમ ગભરાઇ જશો નહિ. તેમને ઘણીજ નિવૃત્તિની જરૂર છે. એક બાળક પ્રમાણે તેમણે નિવૃત્ત રહેવું જોઇએ. દિવસમાં ચાર પાંચ વખત થોડું થોડું ખાવું જોઇએ. દૂધ ઘીનો પણ વિશેષ અભ્યાસ રાખવાની જરૂર છે. વિશેષ શ્રમથી જ પ્રકૃતિ આવી ગંભીર સ્થિતિમાં આવી ગઇ છે."

હેમલતાનો કંઠ રુંધાઇ ગયો. ડૉક્ટર આગળ કહેવા લાગ્યો:— "ઓછામાં ઓછા પંદર વીસ દિવસ સુધી તો વિશ્રાંતિ લેવી જ જોઇએ. એક માસ સુધી લે તો વધારે સારું. આ વસતિવાળા પ્રદેશ કરતાં કોઇ એકાંત અને ઉત્તમ હવાવાળા સ્થળે રહેવાનું હોય તો ઠીક. હું પુનઃ મધ્યાન્હકાળે આવીશ." આમ કહી ડૉક્ટર ચાલ્યો ગયો.

ડૉક્ટરના ગયા પછી ઔષધપાણીના પૈસા ક્યાંથી લાવવા એ સંબંધીની ચિંતા હેમલતાને થવા લાગી.

એટલામાં તેને પતિએ લખેલી વાર્તાની યાદદાસ્ત થઇઃ—"વાર્તા અડધ ઉપરાંત લખાઇ ગઇ છે તે લઇ બુકસેલર પાસે જાઉં અને તેમને પતિની સ્થિતિના સમાચાર કહું એટલે તેઓ આ વાર્તા ઉપર યા તો ખાતે લખી દશ રૂપિયા આપશે. આરામ થયા પછી વાર્તા પૂર્ણ કરી આપશે. " આવો હેમલતાએ પોતાના મન સાથે વિચાર કર્યો.

સ્હવારે પાડોશમાં રહેતા શારદાપ્રસાદને પતિ પાસે બેસવાનું કહી બુકસેલર પાસે જઇ રૂપિયા લઇ આવવાનો વિચાર કર્યા પછી હેમલતા પતિના લખવાના ઓરડામાં ગઇ તથા પતિએ લખેલી વાર્તાના તેણે જ કરેલા હજારો ટુકડાઓ જોતાં તે સ્તબ્ધ થઇ ગઇ. તેને કાંઇ સમજ પડી નહિ.

" અરેરે ! તેમણે જ આ વાર્તા ફાડી નાખી હશે ! આવી વાર્તાઓ લખવાનો તેમને હૃદયથી તિરસ્કાર જ હતો તથા તેવું તેમણે સાફ કહી દીધું હતું. કદાચ તિરસ્કારથી તેમણે જ તે ફાડી નાખી હશે. ત્યાર પછી દુઃખમય ભવિષ્યનો વિચાર આવતાં તેમની આવી સ્થિતિ થઇ હશે. વાર્તા ફાડી નાખી તે માટે મ્હને કાંઇ લાગતું નથી; પરંતુ ઔષધોપચાર માટે પૈસા ક્યાંથી લાવવા ? "

હેમલતા આવો વિચાર કરતી હતી એવામાં એકાએક તેની નજર ટેબલ ઉપર પડેલા બંડલ તરફ ગઇ. તે બંડલ બ્રાઉન પેપરથી બાંધેલું હતું. હેમલતા પાછી વિચારવા લાગીઃ—"અવાજ સાંભળી હું ઉપર આવી ત્યારે આ બંડલ તેમના હાથમાં હતું. એમાં શું હશે ! " હેમલતાએ બંડલ છોડયું તો અંદર લખેલા કાગળોનો એક થોકડો હતો, જેના પ્રથમ પૃષ્ઠ ઉપર ' સમાજસ્થિતિ ક્યારે સુધરશે ? ' લેખકઃ—' સમાજસેવક' એમ મ્હોટા અક્ષરે લખેલું હતું. નામ વાંચતાં જ સર્વ પ્રકાર હેમલતાના ધ્યાનમાં આવ્યો.

આ મહત્વનો ગ્રંથ હજી અપૂર્ણ જ રહ્યો હતો, કારણ કે ઉદરનિ-

વાંહાર્થે વિપિનવિહારીને ન્હાની ન્હાની વાર્ત્તાઓ લખીને આપી દેવી પડતી હતી. આ કાર્યની અંદર તેનો સર્વ સમય પસાર થતો હોવાથી આ ગ્રંથ પૂર્ણ કરવાનો તેને વખત મળ્યો નહોતો. 'સમાજસ્થિતિ ક્યારે સુધરશે ?' એ ગ્રંથ ઘણા જ ગંભીર અને તાત્વિક વિચારોથી પરિપૂર્ણ હતો. આ પુસ્તક સંબંધી જ્યારે વાત નીકળતી ત્યારે વિપિન-વિહારી પોતાની પ્રાણાધિકા પત્નીને કહેતો કેઃ-" પાંચ છ માસ સુધી નિર્વાહ ચાલે એટલા પૈસા બચાવ્યા પછી હું આ ગ્રંથ પુનઃ આગળ લખવાની શુરુઆત કરીશ અને ચાલૂ લેખનવ્યવસાય બંધ કરીશ. મ્હારી ખાત્રી છે કે જો મ્હને આવશ્યક સમય મળશે તો હું બાકીનું લખાણ પણ ઘણું ઉત્તમ લખી શકીશ."

પરંતુ આ બધું મનોરાજ્ય હતું! શુદ્ધ મનોરાજ્ય! વિપિન-વિહારીને જો વિશેષ પૈસાની પ્રાપ્તિ થતી તો તે નવાં નવાં પુસ્તકો ખરીદતો. વળી બંગાળી, હિંદી, મરાઠી, ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષાઓનું તેને જ્ઞાન હોવાથી તેનું વાંચન વિશાળ હતું. વાંચન એ તેનું એક વ્યસન હતું એમ કહીશું તો પણ કાંઇ અતિશયોક્તિ જેવું નથી. તેની ઘણી ખરી આવક તો પુસ્તકો તેમ જ અન્ય ભાષાનાં માસિકો, પત્રો વગેરે ખરીદવામાં જતી હતી; જેથી તે અર્થસંચય કરી શકતો નહિ.

હેમલતાએ બંડલને બાંધતાં બાંધતાં વિચાર કર્યો કેઃ—" આ પુસ્તક ઉપર હરિગોવિંદ થોડા પૈસા આપશે કે કેમ? આપે તો ખરા જ! એમનો બન્નેનો સંબંધ કાંઇ આજકાલનો નથી. વળી આવી માંદગીના સમયે તેઓ ના તો નહિ જ પાડે!"

હેમલતા ભણેલી હતી; પરંતુ દુનિયાનો વિશેષ અનુભવ તેને નહોતો; તેથી જ તેણે 'સમાજસ્થિતિ ક્યારે સુધરશે?' એ પુસ્તક લઇ હરિગોવિંદ બૂકસેલર પાસે જવાનો નિશ્ચય કર્યો.

પ્રકરણ ૧૩ મું.

પ્રકાશકની નિષ્ઠુરતા.

સ્હવારે હેમલતા હરિગોવિંદ શેઠને ઘેર જઇ પહોંચી તથા તેણે તેને કહ્યું કેઃ—"તેઓ આકસ્મિક રીતે બીમાર થઇ ગયા છે. તેમણે એક વાર્તા ઘણી ખરી લખી હતી; પરંતુ ઉન્મત્તાવસ્થામાં તેમના જ હાથે તેના હજારો ટુકડા થઈ ગયા છે. તેમણે એક મ્હોટો તાત્વિક ગ્રંથ અડધ ઉપરાંત લખેલો હોય તે લઇને હું આપની પાસે આવી છું. આરામ થયા પછી તેઓ એ ગ્રંથનો બાકીનો ભાગ આપને લખી આપશે. તેમની દવા કરવા માટે થોડી રકમની જરૂર છે. જો આપ આ ગ્રંથ રાખીને થોડી રકમ આપો તો ઘણું સારું; તેથી હું મહાન્ ઉપકાર થયો સમજીશ."

માત્ર સ્વાર્થ અને દ્રવ્યના જ દાસ બનેલા હરિગોવિંદે હેમલતા પાસેથી ગ્રંથનાં પાનાં લઇ ઉપર ઉપરથી તપાસી જોયાં. ત્યાર પશ્ચાત્ માથું હલાવી તેણે કહ્યુંઃ—"આ ગ્રંથ અમને બિલ્કુલ ઉપયોગી નથી. અમારે તો આજકાલના જમાનાને પસંદ પડે એવી શ્રૃંગારિક વાર્તાઓની જરૂર છે; તેથી આ ગ્રંથ સ્વીકારી હું તમને કાંઈ પણ આપી શકવાને દિલગીર છું."

હરિગોવિંદ તરફથી મળેલા પ્રત્યુત્તરે હેમલતાના હૃદયમાં ઘણું દુઃખ ઉત્પન્ન કર્યું તથાપિ હેમલતાએ પોતાના અંતરનો ભાવ બ્હાર દર્શાવ્યો નહિ.

આ સ્થળે અમે બુકસેલર હરિગોવિંદનો થોડો પરિચય આપવાની જરૂર ધારીએ છીએ. તે સંકુચિત વિચારનો, અસત્યવાદી, દ્રવ્યલોભી અને સ્વાર્થપરાયણ પુરુષ હતો. ગુજરાતી ચાર ચોપડીઓનો અભ્યાસ કરી, ઠોઠ નિશાળીઆ તરીકે પ્રખ્યાત થઈ, શિક્ષકોની સોટીઓના

સપાટાથી બરડો ફુલી જવાથી તેણે નિશાળને સાષ્ટાંગ પ્રણામ કરી દીધા હતા; પરંતુ ઘરની સ્થિતિ તદ્દન ગરીબ હોવાથી અને તેનો પિતા તેને ન્હાની ઉમ્મરનો મુકી પરલોકવાસી થઇ ગયેલો હોવાથી કોઈ પણ ધંધો કે નોકરી ચાકરી કર્યા સિવાય તેનો છુટકો નહોતો. તેથી તેણે એક છાપખાનામાં માસિક ત્રણ રૂપિયાના પગારથી નોકર તરીકે રહીને કમ્પોઝીટરનું કામ શિખવા માંડ્યું. બાર મહિના સુધી માથાફોડ કર્યા પછી કિંવા હાથ કાળા કર્યા પછી તેણે 'ગજરા મારુ' 'સદેવંત શાવળીંગા' 'ઢોલામારુની વાર્તા' વગેરે ચોપડીઓ લઇ ફેરીઆનો ધંધો કરવા માંડયો અને છાપખાનું છોડી દીધું. ફેરીઆના ધંધામાંથી તેને દરરોજ સાત આઠ આનાનો નફો મળતો હતો. આવી સ્થિતિમાં થોડાં વર્ષ વીત્યાં અને હરિગોવિંદ બાવીસેક વર્ષનો થયો એટલે એકાએક તેના કાકાનું મૃત્યુ થયું તથા કાકાની પાછળ કોઇ વારસ નહિ હોવાથી તે તેમની મિલકતનો વારસ થયો. તેની કાકીને તેણે પોતાના ઘરમાં રાખી. કાકાની બે ત્રણ હજાર રૂપિયા જેટલી મિલકત હાથમાં આવી એટલે હરિગોવિંદે બુકસેલરની એક દુકાન કાઢી તથા દુકાને બેસીને જ તે પુસ્તકો વેચવાનું કામ કરવા લાગ્યો. દુકાનમાંથી પણ તેને માસિક પચીસેક રૂપિયા મળતા હતા. આવી રીતે દુકાનનો વ્યવસાય સાત આઠ વર્ષ ચાલ્યો એટલે જનસમાજની રૂચિ જોઇ હરિગોવિંદે નીચવૃત્તિના વાંચકોને ઉશ્કેરે એવાં વાર્તાઓનાં પુસ્તકો પ્રસિદ્ધ કરવા માંડયાં. ભાગ્યયોગે વિપિનવિહારી સાથે પણ તેનો સંબંધ થયો તથા તેની વાતચિતથી ભોળવાઇ જઇ વિપિનવિહારી તેને વાર્ત્તાઓ અને નવલકથાઓ લખી આપવા લાગ્યો. વિપિનવિહારી દ્રવ્યલોભી નહિ હોવાથી તે પોતાની આજીવિકા ચલાવવા જેટલા પૈસા મળતા હોવાથી હરિગોવિંદને પુસ્તકો લખી આપતો હતો; છતાં તેના ઉપકારના બદલામાં હરિગોવિંદે કેવી નીચતા દર્શાવી તે હેમલતાએ તેની સાથે કરેલી મુલાકાતથી આપણે જાણી શકયા છીએ.

'સમાજસ્થિતિ કયારે સુધરશે ?' એ ગ્રંથનાં પાનાં પુનઃ

આઉન પેપરમાં વાળતાં વાળતાં ધીરજ ધારી હેમલતા કરુણાજનક કંઠે કહેવા લાગી:–" શેઠજી, આ પુસ્તક ઉપર જો આપી શકો તેમ ન હો- તો ઉછીની થોડી રકમ આપો ! "

હરિગોવિંદે આ વાત તરફ પણ દુર્લક્ષ્ય કર્યું. તેણે આળસ મરડી કહ્યું:—" અગાઉથી પૈસા આપવાનો અમારો રીવાજ નથી. પુસ્તકનું સઘળું લખાણ મળ્યા પછી, તેને વાંચી જોઇ પસંદ કરી છપાવ્યા પછી જ અમે તેની રકમ અદા કરીએ છીએ. વળી વિપિનવિહારી પાસે જ અમારી થોડી રકમ લ્હેણી છે એવું મ્હારા ધ્યાનમાં છે."

" તેથી શું થયું ? જે પુસ્તકોની ત્રણ ત્રણ ચાર ચાર આવૃત્તિઓ છપાવી તમે પુષ્કળ પૈસા મેળવ્યા છે એ બધું કોની મહેનતનું પરિ- ણામ છે ! તમે તદ્દન નિષ્ઠુર થાઓ તે શું આવા પ્રસંગે તમને શોભતું છે કે ? " હેમલતાએ સહજ રોષમાં જ કહ્યું.

" શોભતું ન શોભતું વિચારવાનું કાર્ય તમારું નથી. વળી એક લેખક પાસેથી તેનું પુસ્તક લઇ અમે તેના મહેનતાણાના અમુક પૈસા આપી દઇએ એટલે પછી તેનો પોતાના પુસ્તક ઉપર બિલ્કુલ હક્ક રહેતો નથી. મ્હારા જેવા પ્રતિષ્ઠત પ્રકાશકનું અપમાન કરતાં તમને શર્મ નથી આવતી ? અમારે લીધે તો તમારો સંસાર ચાલે છે એ તમે શા માટે ભૂલી જાઓ છો ? " હરિગોવિંદે પણ એવા જ રોષમાં જવાબ આપ્યો.

"તમારી આ ધારણા ભૂલભરેલી છે. કોઇ કોઇને લીધે દુનિયામાં નભી રહેતું નથી. ઇશ્વરના અનુગ્રહ સિવાય કોઇ કોઇનું પોષણ કરી શકતું નથી. તમારે આટલું બધું અભિમાન રાખવું ઉચિત નથી."

" ઠીક—ઠીક, કૃપા કરીને તમે અહીંથી આબરૂમાં રસ્તો માપો. હું તમારી વિશેષ વાત સાંભળવા માગતો નથી ! "

હેમલતાએ પણ ત્યાં વધારે વખત રોકાવાનું ઉચિત ધાર્યું નહિ. તેણે ત્યાંથી પ્રસ્થાન કર્યું. અપમાન અને નિરાશાથી ઉત્પન્ન થયેલો આંસુનો પ્રવાહ તે રોકી શકી નહિ. વ્યાકુળ ચિત્તે ચાલતી ચાલતી

આગળ વધવા લાગી તથા ધીમે ધીમે સડક ઉપર જઇ પહોંચી.

સડક ઉપર તે નિરાશાને લીધે વિચાર વમળમાં મુઝાતી મુઝાતી આગળ વધતી હતી; એવામાં સ્હામેથી એક મૅાટર આવી પહોંચી. જો રસ્તે જનાર એક દયાળુ પુરુષે તેને પાછી ખેંચી લીધી ન હોત તો તે મૅાટોર નીચે ચગદાઇ જઇ મરણને શરણ થાત; કિન્તુ હમણાં બનેલા બનાવનો તેના હૃદય ઉપર આઘાત થયા સિવાય રહ્યો નહિ. તે પાસેના ફૂટપાથ ઉપર બેસી ગઇ. તેની આંખોએ અંધારાં આવ્યાં. તેના મ્હોંમાં મૅાળ છૂટવા લાગી અને એકાએક તેને મુર્છા આવી !

રસ્તે જતા આવતા લોકો પૈકી કેટલાકને તેની દયા આવી, "એને મુર્છા આવી છે !" એવું તેઓ પૈકીનો એક જણ બોલી ઉઠયો.

"પાસે જ ડૅાકટરનું દવાખાનું છે; એને ત્યાં લઇ લ્યો." બીજો બોલ્યો.

લોકો તેને ઊંચકીને દવાખાનામાં લઇ ગયા. ડૅાકટરે દવાનો એક ડોઝ બનાવી તેના મ્હોંમાં રેડી દીધો. થોડા સમય પછી હેમલતા શુદ્ધિમાં આવી.

"હું કયાં છું ? મ્હને શું થયું છે ?" એવું તે સ્વગતઃ બબડી. કાંઇ યાદ આવ્યું હોય એવી મુખમુદ્રા કરી તેણે પૂછયું:—"મ્હારા પ્રિયતમનું પ્રિય પુસ્તક કયાં છે ?"

"કેવું પુસ્તક ? એમાં શું છે ?" તેને દવાખાનામાં લઇ આવનારા પૈકી એકે પૂછયું.

"મ્હને મુર્છા આવી ત્યારે મ્હારા હાથમાં એક પુસ્તક હતું."

"ત્યારે તો તે બ્હાર રસ્તા ઉપર જ પડયું હશે. હું જઇને તપાસ કરી આવું છું." પૂછનાર પુરુષ આમ કહી તપાસ કરવા ગયો અને થોડા સમયમાં જ ખાલી હાથે પાછો આવ્યો.

"બ્હેન ! તમે કહો છો તેવું બંડલ તો ત્યાં નથી. વળી તેને દશ બાર મિનિટ થઇ ગઇ એટલે હવે કેવી રીતે પત્તો લાગે ? કામનું તો નહોતું ને ?"

હેમલતા ઉઠી. તે ધ્રુજતી હતી. ડૉક્ટર તરફ દૃષ્ટિ કરી તેણે ગદ્દગદ કંઠે કહ્યું:—“ આપનો મ્હારા ઉપર મહદ્ ઉપકાર થયો છે. આપના ઔષધના પૈસા સુદ્ધાં મ્હારી પાસે નથી તે માટે મ્હને ઘણી જ દિલગીરી થાય છે.”

“ કાંઇ હરકત નહિ. ” ડૉક્ટર બોલ્યો.

હેમલતા ત્યાંથી નીકળી સડક ઉપર જે જગ્યાએ પોતે મુર્છાવશ થઇ હતી ત્યાં ગઇ તથા બંડલની ઘણી તપાસ કરી; પરંતુ પત્તો ન જ લાગ્યો. તેણે જતા આવતા લોકોને પૂછ્યું, પરંતુ કોઇએ આશાસૂચક એક શબ્દ પણ કહ્યો નહિ. હવે તેને ચિંતા થવા લાગી કે:— “પતિએ અત્યંત પરિશ્રમ કરી લખેલો ઉપયોગી ગ્રંથ મ્હેં આજે સદાને માટે ગૂમાવ્યો. જ્યારે તેમને આરામ થશે અને આ પુસ્તક માટે પૂછશે ત્યારે હું શો જવાબ આપીશ ? પોતાની ઘણા દિવસની મહેનત વ્યર્થ ગયેલી જાણી તેમના હૃદયને કેવી અસહનીય યાતના થશે ? ” આવો વિચાર કરતી તે રસ્તે ચાલી જતી હતી. “ બ્હાર નીકળ્યાને ઘણો સમય થઇ ગયો. ઘેર જઇને હું શું કરીશ ? તેમના ઔષધોપચાર સંબંધીની વ્યવસ્થા પ્રબંધ હું કેવી રીતે કરી શકીશ ? ” આવા વિચારોએ તેને અત્યંત ચિંતાતુર બનાવી દીધી.

પ્રકરણ ૧૪ મું.

રમેશચંદ્ર.

યથાસમયે યોગેશ્વરને વિપિનવિહારીના બીમાર થઇ જવાના સમાચાર મળ્યા; તેથી તે પોતાના રમેશચંદ્ર નામના એક સ્નેહીને સાથે લઈ તેની ખબર જોવા ગયો. રમેશચંદ્રનો આપણી આ નવલકથા સાથે થોડો ઘણો સંબંધ હોવાથી અમે તેના સંબંધી કેટલુંક વર્ણન કરવાની જરૂર ધારીએ છીએ.

રમેશચંદ્રની ઉમ્મર યોગેશ્વરના જેટલી જ હતી. તે બંસરીબાલાનો પિત્રાઇ ભાઇ થતો હતો. રમેશચંદ્ર ઉમ્મરના પ્રમાણમાં વૃદ્ધ દેખાતો હતો. મેટ્રિકની પરિક્ષા પસાર કરીને તેણે મૅડિકલ કૉલેજમાં અભ્યાસ કર્યો હતો. બાલ્યકાળમાં તે યોગેશ્વરની સાથે જ અભ્યાસ કરતો હોવાથી ઉભય વચ્ચે ઘણું બંધુત્વ થયું હતું. બંધુત્વ જેવું દુર્લભ છે તેવું જ પરિવર્ત્તનશીલ છે. બાલ્યાવસ્થામાં શૈશવસહચર સાથે ઘણો ગાઢ આંતરિક સંબંધ બંધાય છે. યુવાવસ્થામાં વૃત્તિઓના વિકાશની સાથે સાથે જ બાલ્યાવસ્થાના સ્નેહીઓ અરસ્પરસથી છૂટા પડી જાય છે. ત્યાર પછી સંસારમાં પ્રવેશ કરી નવીન સ્થિતિમાં; નવીન વ્યવસ્થાથી મનુષ્ય નૂતન પરિચયની સ્થાપના કરે છે. છેવટે ચાળીસેક વર્ષની ઉમ્મર થતાં કામને લીધે જ બે ચાર જણની સાથે આંતરિકતાહિન ઘનિષ્ઠતા રહે છે. બાલ્યાવસ્થામાં, યુવાવસ્થામાં ક્રીડાક્ષેત્રમાં, વિદ્યાલયમાં તેમ જ પ્રવાસમાં કેટલા બધાં માણસોની સાથે પરિચય થાય છે; છતાં તેમનો પરિચય નિરંતર કાયમ રહેતો નથી; કારણ કે એવા પૂર્વપરિચિત માણસનો મેળાપ થતાં તેને ઓળખવાનું કાર્ય મશ્કેલીભર્યું થઇ પડે છે. વિદ્યાલયમાં રમેશની સાથે યોગેશ્વરનો જે પરિચય થયો હતો તે સૌભાગ્યક્રમે વિશેષ ગાઢ થયો હતો. કૉલેજમાં તેમનો ગાઢ–અભિન્ન સંબંધ જોઇ અન્યાન્ય વિદ્યાર્થીઓ તેમને ઉભયનો ઉપહાસ કરતા હતા. એ સમયે બન્ને મિત્રો જ્યાંત્યાં હમ્મેશાં સાથે જ ફરવા જતા હતા અને એકાંત સ્થળે બેસી ભાવિ જીવન સંબંધની ઘણી કલ્પનામય વાતચિત કરતા હતા. એ આજે ઘણા દિવસ ઉપરની વાત છે. પાંચ વર્ષ સૂધી ડૅાક્ટરીનો અભ્યાસ કરીને રમેશ હવે ડૅાક્ટર થયો છે. ભાગ્યયોગથી બન્ને જણા એક જ નગરમાં નિવાસ કરે છે. બન્ને જણાને એક બીજાને ત્રીજે ચોથે દિવસે મળ્યા સિવાય ચાલતું નથી. હમણાં રમેશના કપાળમાં એક બે રેખાઓ દેખાય છે, મસ્તકની બન્ને બાજૂઓ બે ચાર પાકા વાળ જેવામાં આવે છે, વર્ણ ગૌર છે, હસ્ત અને મ્હોંપર તામ્રપ્રભા છે. દેહ દીર્ઘાકાર છે એમ કહેવા કરતાં કૃશ છે એમ કહીશું તો તે વિશેષ

ઠીક લાગશે. મુછો મુડાવેલી છે, આંખોપર ચસમાં છે, મુખપર ચિંતાની છાયા છવાઇ રહેલી છે, રમેશચંદ્ર દીન દુઃખીનો સહાયક તથા બંધુ છે. ધનવાન્ માણસોને ત્યાં રોગી જોવા જતાં પહેલાં તે દુઃખી ગરીબ અને કંગાલ રોગીને જોવા જાય છે દરિદ્રની પાસે તે વિઝિટના કે ઔષધના પૈસા લેતો નથી; ઉલટો પથ્ય માટે તે પોતે કેટલીક વખતે તેમને મદદ કરે છે. અત્યંત કાળજીથી તે એવા દરદીઓની ચિકિત્સા કરે છે. પ્રભાતકાળે એના દવાખાનામાં ઘણાં દરિદ્ર, દીન હીન કંગાલ રોગીઓ દવા લેવા આવે છે, તથા દવા લઇ તેને શુભાશીષ આપે છે. રમેશ એક ચોપડીમાં ગરીબ રોગીઓનાં નામ ઠામ લખી રાખે છે. એ ચોપડી તેની હૅન્ડ બૅગમાં રહે છે. જો કોઇ રોગી અમુક દિવસે યથાકાળે દવા લઇ જતો નથી તો તે વિશેષ બીમારી હશે એમ ધારી રમેશ તેને ઘેર જાય છે. આમ હોવાથી જ તેનું નામ સાંભળવામાં આવતાં દુઃખી દરિદ્ર માણસો તેને માટે દેવતાના આશીર્વાદની ભિક્ષા માગે છે.

આમ હોવા છતાં સર્વ સ્થળે આશીર્વચનો સાર્થક થાય છે જ એવું નથી. સદ્વ્યવહારથી તેમ જ પરોપકારથી આત્મતૃપ્તિ ઉપરાંત વિશેષ કાંઇ મળે છે એવું સાનાન્યત: ભાગ્યે જ નજરે પડે છે. યોગેશ્વર એમ ધારી શકતો નહિ કે, તેનો બંધુ રમેશચંદ્ર સુખી છે. શા માટે તે દુઃખી છે એ સંબંધની થોડી ઘણી હકીકત તે બંસરીબાલાના કહેવાથી જાણી શકયો હતો; છતાં બંધુ યુગલ વચ્ચે એ વિષે કાંઇ ચર્ચા થતી નહિ. ઓગણીસ વર્ષની ઉમ્મરે રમેશચંદ્ર મેટ્રિકની પરીક્ષા પસાર કરી મૅડિકલ કૅાલેજમાં ગયો; એ સમયે તેનો વિવાહ થયો હતો. રમેશચંદ્રની માતા ચતુર ગૃહિણી હતી. તે કહેતી હતી કે, " સરખી સ્થિતિના માણસ સાથે જ હું સંબંધ કરીશ. સ્થિતિ ભેદવાળાં માણસો સાથે કરવામાં આવતો સંબંધ શાન્તિદાતા કિંવા સુખજનક નિવડતો નથી. " રમેશનો પણ આવો જ મત હતો; પરંતુ તેના પિતા શ્રીમંત સાથે સંબંધ બાંધવાની મહત્વાકાંક્ષાનું દમન

કરી શકયા નહિ. તેમણે સુરતના જ એક શ્રીમંત ગૃહસ્થની કન્યા સાથે પોતાના પુત્રનો વિવાહ સંબંધ સાંધ્યો.

સામાન્યતઃ વિવાહ પછી કેટલાક દિવસ સુધી યુવક પતિ, પત્નીની ચિંતામાં જ તન્મય રહે છે. એવા સમયે સુયોગ મળતાં બંધુ બાંધવ સાથે પત્નીના વાત કર્યા સિવાય તેને તૃપ્તિ થતી નથી. એ વખતે તે વાસ્તવ જગતનો ત્યાગ કરી કલ્પનાલોકમાં વાસ કરે છે. તે જાણે કે માયાપુરીના અમૃતરસનું અધીર ચિત્તે પાન કરે છે. પોતાની એવી સ્થિતિને તે કોઇ પણ રીતે છુપાવી શકતો નથી. પુષ્પ પોતાના હૃદયની સુગંધિ છુપાવી શકે છે કે ? પરંતુ યોગેશ્વરે રમેશચંદ્રને માટે આ વિષયમાં વિરુદ્ધતા જોઇ હતી. વિવાહ થયા પછીથી જ હાસ્યપ્રફુલ્લ રમેશચંદ્ર ચિંતાતુર અને વિચારશીલ બન્યો હતો. થોડા કાળમાં જ અકાળ ગાંભીર્ય તેનું પ્રકૃતિસહચર બની ગયું હતું. રમેશચંદ્રે તત્સંબંધી યોગેશ્વરને કાંઇ કહ્યું નહોતું; તેથી યોગેશ્વર બંધુને વિશેષ દુઃખ થશે એમ વિચારી કદાપિ એ પ્રસંગ ઉપસ્થિત કરતો નહિ.

આવી રીતે ત્રણ વર્ષ પસાર થઇ ગયાં. રમેશચંદ્રના પ્રફુલ્લ મુખપરનું વિષાદ ગાંભીર્ય સ્થાયી થઇ ગયું. ત્રીજા વર્ષે તે વાર્ષિક પરીક્ષામાં પસાર થઇ શકયો નહિ. તે પછીના વર્ષે પરીક્ષા થઇ ગયા પછી ઘણા કાળ સુધી પીડા રહેવાથી તેને શય્યાવશ થવું પડયું. દર્દની બીમારીથી તે ઘણો દુર્બળ બની ગયો. એવામાં એક વખતે યોગેશ્વરે તેને કહ્યું:–" આ વખતે પરીક્ષા આપીશ નહિ. " માતાએ કહ્યું:— " ત્હારું શરીર વધારે કે પરીક્ષા ? હમણાં અભ્યાસ કરીશ નહિ. " આ વાકયોના ઉત્તરમાં રમેશે કાંઇ કહ્યું નહિ. એક વખતે સંધ્યા સમયે બંધુને ઘેર જઇ યોગેશ્વરે તેને અભ્યાસ કરતો જોયો. યોગેશ્વરે તેના હાથમાંનું પુસ્તક પડાવી લઇને કહ્યું:—"તને આટ આટલું કહેવામાં આવે છે; છતાં અભ્યાસ કર્યા કરે છે ? જાણી જોઇને શા માટે શરીર ખરાબ કરે છે ? "

રમેશે કહ્યું:–" સફળ થવાનો પ્રયત્ન તો કરી જોવોને ? "

"આવા રોગી શરીરે મહેનત કરીશ નહિ. પરીક્ષામાં પસાર થવું એ જ જીવનનો મહાન્ ઉદ્દેશ છે કે ?"

"એમ તો કાંઇ નથી; પરંતુ સફળ થવાને માટે સઘળા લોકો કાર્યમાં પ્રવૃત્ત થાય છે; તેથી સફળ તો થવું જોઇએને ?"

"જગતના ઇતિહાસમાં સમુજ્વળ સાફલ્ય કરતાં અવનત અસાફલ્યનું ગૌરવ વિશેષ નથી કે ?"

"એ ઘણા થોડાને માટે છે. જગત્માં સફળતામાં જ સઘળુ છે. જગતમાં જે સફળ થાય છે તેના દોષો તરફ લોકો ક્ષમા દર્શાવે છે અને જે વિફળમનોરથ થાય છે તેના ગુણો તરફ કોઇ જોતું પણ નથી. સામાન્ય સફળતાનો બદલો યશ છે અને અસાફલ્યનો બદલો નિંદા છે"

"દિવસે દિવસે તું વિશેષ ચિંતાતુર બનતો જાય છે."

"ભાઇ ! નિરાશાનું દારુણ દુઃખ કેવું હોય છે એ તું જાણતો નથી. એક વખત હું નિરાશ થયો છું. અને હવે જો ફરીથી નિરાશ થઇશ તો કેટલા લોકો એમ માનશે કે હું ખરી રીતે શારીરિક સ્થિતિમાં નિર્બળ છું ?! મ્હારી નિરાશાને તેઓ માનસિક નિર્બળતા જ ધારી લેશે."

રમેશનો કંઠસ્વર ચિંતાથી કંપતો હતો. યોગેશ્વરે બંધુના મ્હોં તરફ જોયું. તેણે જોયું કે, રમેશ જે કાંઇ કહે છે એ કાલ્પનિક નથી. કોઈએ તેના અંતરમાં આવો સંદેહ ઉત્પન્ન કર્યો છે ! તેણે પૂછ્યું:—

"રમેશ ! ભાઇ! તું દુઃખી છે કે શું ?"

આ પ્રશ્નનો રમેશ નકારમાં ઉત્તર આપી શકયો નહિ.

યોગેશ્વરે સહાનુભૂતિસૂચક સ્વરે કહ્યું:—"ત્હારું દુઃખ દૂર થઇ શકે એવો એક પણ માર્ગ નથી કે ?"

"ના ભાઇ! હવે એ વાત કૃપા કરી તું પુનઃ મ્હારી પાસે કાઢીશ નહિ." આમ કહી બન્ને હાથથી અલ્પકાળ સુધી મ્હોં ઢાંકી દીધા પછી તેણે વાતચિતના પ્રવાહને બીજી દિશામાં પલટાવ્યો. એ

દિવસથી યોગેશ્વર ફરીથી રમેશ પાસે તેના દુઃખની વાત કાઢતો નહિ. બંધુની ગુપ્ત કથા જાણી તે બીજાને નહિ કહેવી એ જેવી રીતે બંધુનું કાર્ય છે તેવી જ રીતે બંધુની કોઇ ગુપ્ત વાત જાણવાની વ્યાકુળતા ન રાખવી એ પણ પ્રકૃત બંધુનું કાર્ય છે. જે કોઇ બંધુત્વના સુયોગથી બંધુની ગુપ્ત વાત જાણવાની વ્યાકુળતા ધરાવે છે તે બંધુત્વનો વ્યભિચાર કરે છે, એવા માણસ ઉપર કદાપિ વિશ્વાસ મૂકવો જોઇએ નહિ.

બંસરીબાલા સાથે યોગેશ્વરનો વિવાહ થવાથી રમેશચંદ્ર સાથેનું તેનું બંધુત્વ વિશેષ દૃઢતર થયું હતું. રમેશચંદ્રની માતા કાર્યદક્ષ અને સુચતુર ગૃહિણી હતી; છતાં રમેશની પત્નીને લીધે રમેશ કે તેની માતા—કોઇ સુખી નહોતું અને નથી. માતાને લીધે જ રમેશનું ઘર ચાલતું હતું; નહિ તો રમેશની પત્ની જેવી સ્ત્રીથી ભાગ્યે જ કોઇનો ઘરસંસાર ચાલી શકે. યથાસમયે બંસરીબાલાદ્વારા જ આ વિષય યોગેશ્વર જાણી શક્યો હતો.

* * * * *

રમેશચંદ્રે વિપિનવિહારીની પરીક્ષા કરીને કહ્યું:—" ભય પામવાનું કારણ નથી. હું મ્હારા માણસ સાથે જ દવા મોકલી આપીશ તથા હમ્મેશાં બે વખત હું જાતે આવીને પ્રકૃતિ જોઇ જઇશ."

રમેશચંદ્રે પથ્યાદિની વ્યવસ્થા માટે હેમલતાને પચાસ રૂપિયા આપ્યા તથા પુનઃ બીજે દિવસે આવવાનું કહી તે વિદાય થતો હતો. એવામાં વિપિનવિહારીનું પેલું મૂલ્યવાન્ પુસ્તક ગૂમ થવાની વાત સજળનયને હેમલતાએ યોગેશ્વરને કહી. એ પુસ્તક કોઇ પણ રીતે મેળવી આપવાનું આશ્વાસન આપી તે રમેશચંદ્રની સાથે ત્યાંથી વિદાય થયો તથા ગૂમ થયેલું પુસ્તક કેવી રીતે મેળવવું તેના વિચારો કરવા લાગ્યો.

પ્રકરણ ૧૫ મું.

પાપનો સ્ફોટ.

" અરેરે ! આશકોની તો વધારે મોત છે કીંમત !
સનમને જીવનારાની નહીં કોડી તણી કીંમત ! "

—કલાપી.

માનવહૃદયના જેવો ભેદભરેલો વ્યાપાર અન્ય એક પણ નથી. જેવી રીતે સૂર્યાસ્તથી લાલચોળ બનેલા પશ્ચિમાકાશની મેઘમાળા ક્ષણે ક્ષણે અવનવા આકાર ધારણ કરે છે તેવી જ રીતે મનુષ્યના હૃદયમાં ક્ષણે ક્ષણે અવનવા ભાવ ઉત્પન્ન થાય છે. માનવનું હૃદય કયી વૃત્તિના વિકાશથી, કયા ઉદ્દેશની ઉત્તેજનાથી, કયો બનાવ બનવાથી, કયો સ્વાર્થ સિદ્ધ થવાની સંભાવનાથી, કયી મુદિત કામના કુસુમિત થાય છે—કયો સામાન્ય પ્રયાસ પ્રબળ થાય છે—કયો ગુપ્તભાવ પ્રકાશિત થાય છે તેનો ઉત્તર કોણ આપી શકે તેમ છે? મનુષ્યનાં સઘળાં કાર્યો અમુક સરળ નિયમની આધીનતામાં લાવી શકાય તેમ નથી. મનુષ્યહૃદય અત્યંત રહસ્યમય—ભેદભરેલું—અજ્ઞાત અને નહિ સમજી શકાય એવું છે. મનુષ્યહૃદય સેંકડો ચક્રોથી ઘેરયલું છે. એ ચક્રોમાંથી કયા ચક્રનો વેગ ક્યારે શા કારણ પ્રબળ થઇ પડશે એ કોણ જાણી શકે તેમ છે ? મનુષ્યહૃદયમાં ક્યારે કયો ભાવ ઉત્પન્ન થશે એ કોણ સમજી શકે તેમ છે ? ક્યારે શી ચિંતા મનુષ્યના હૃદયમાં ચાલે છે તે કોઇ કહી શકે તેમ નથી. ઘટનાચક્રના ફરવાથી જે ફળ ઉત્પન્ન થાય છે તે કલ્પનામાં પણ ન આવી શકે એવા બનાવો બનાવે છે.

પોષ માસનો મધ્યાન્હકાળ વીતિ ગયા પછી ભગવાન્ સૂર્યનારાયણ જ્યારે પશ્ચિમાકાશમાં ધીમે ધીમે ઉતરતા હતા ત્યારે યોગેશ્વર પલંગમાં સૂઇ રહી એક વર્તમાનપત્ર હાથમાં રાખી સ્વગત કાંઇ વિચાર

કર્યા કરતો હતો. એક વિલાયતી રગથી તેનું અડધું શરીર ઢંકાયલું હતું. થોડા દિવસ ઉપર તેને પણ ઇન્ફ્લ્યુએન્ઝા લાગૂ પડી ગયેલો હોવાથી તેનું શરીર નિર્બળ બની ગયું હતું. રમેશચંદ્રની ચિકિત્સાથી જો કે તેને આરામ થયો હતો; પરંતુ હજી તે તેને હવાફેર કરવા જવાની સૂચના કર્યા કરતો હતો; કેમ કે, હજી તેનું મ્હોં લાવણ્યશૂન્ય હતું. યોગેશ્વર હવાફેર માટે કુમ્મસ જવાની તૈયારી કરતો હતો; પરંતુ હજી સઘળી તૈયારી થઈ નહોતી. પતિની શારીરિક અસ્વસ્થતા થયેલી જોઇ બંસરીબાલાનું ચિત્ત પણ અત્યંત વ્યથિત થતું હતું. વિનોદના શોકની તો સીમા જ નહોતી.

હાથમાં વર્ત્તમાનપત્ર હોવા છતાં તે વાંચવા તરફ યોગેશ્વરનું ધ્યાન નહોતું એમ તેને જે કોઇ જુએ તે તત્કાળ સમજી શકે તેમ હતું. બાળક આંકની ચોપડી ઉઘાડી રાખી રજાનો વિચાર કર્યા કરે, યુવક અભ્યાસનું પુસ્તક લઇ પ્રિયતમાના વિચાર કર્યા કરે અને વિષયી વૃદ્ધ હરીનામની માળા હાથમાં લઇ પોતાના સ્વાર્થનો વિચાર કર્યા કરે તેવી જ રીતે તે વર્તમાનપત્ર વાંચતો હતો એમ કહીએ તો તેમાં લેશ પણ અતિશયોક્તિ નથી. બાળકની ચોપડી, યુવકનું પુસ્તક અને વૃદ્ધની માળા જેવી રીતે માત્ર ઉપલક્ષ છે તેવી જ રીતે એ વર્ત્તમાન-પત્ર પણ ઉપલક્ષ હતું. તે શા વિચાર કર્યા કરતો હતો તત્સંબંધી અમે કાંઈ કહી શકતા નથી; પરંતુ બંસરીબાલાએ મોકલેલી વિનોદિની જ્યારે તેને કાંઇ પૂછવા આવી ત્યારે તેના પગનો અવાજ સાંભળી તેણે શયનગૃહના દ્વાર તરફ દૃષ્ટિ ફેરવી. તેની સ્વાભાવિક કોમળ દૃષ્ટિ એકાએક અદૃશ્ય થઇ. સૂર્યદેવથી પ્રકાશી રહેલા દિવસે આસમાની આકાશમાં ઉડતા કબુતર તરફ બાજપક્ષી જેવી દૃષ્ટિથી જુએ તેવી જ અત્યારે યોગેશ્વરની દૃષ્ટિ હતી. અત્યાર પૂર્વે વિનોદિનીની સ્થિતિનો વિચાર કરતાં તેના મનમાં જે દયા ઉત્પન્ન થઈ હતી તે ખોટી દયા એક પ્રકારનું આકર્ષણ હતું. શરીર સારું હોય છે તો મન પણ શાન્ત અને સ્વસ્થ રહે છે, જ્યારે શરીર સારું નથી હોતું ત્યારે મન

અસ્વસ્થ રહે છે. એક દુર્બળ માણસ માટે મનોનિગ્રહનું–ઇંદ્રિયદમનનું કાર્ય ઘણું મુશ્કેલી ભર્યું છે. પુરુષ જ્યારે પ્રચંડ ઝંઝાવાત છે ત્યારે રમણી મૃદુમયલ છે. પુરુષ પોતે પોતાની ગતિને રોકી શકવા અશક્ત છે–એ ગતિ ધીમે ધીમે પ્રબળ થઇને અંતે વિનાશને માર્ગે લઇ જાય છે અને રમણી પોતાની ગતિને પોતે જ રોકી શકે છે તથા છૂટી કરી શકે છે. પુરુષની વાસના પ્રબળ થતાં તેનું નિવારણ થવું કઠિન છે અને રમણીની વાસનાનું નિવારણ સહેલાઇથી થઇ શકે છે. રમણી પોતાને પોતાની જાતે જ ચલાવે છે અને પુરુષની વાસના પ્રબળ થતાં એ વાસના જ પુરુષને ચલાવે છે. વિધાતાનું વિધાન જ આવું છે. નિર્બળ હૃદયના યોગેશ્વરના હૃદયમાં જે વાસનાનો પ્રચંડ જ્વાળામુખી સળગ્યો છે તેની શાન્તિ કેવી રીતે થશે ? શું એ જ્વાળામુખીના ભીષણ અગ્નિમાં તેને બળી મરવું પડશે ?

વાસનાની ઉત્તેજનાનું સામર્થ્ય ઘણું હોય છે. એક વર્ષ સુધીની ચિંતાથી જે કાર્ય કરી શકાતું નથી તે વાસનાની પ્રબળતાથી ક્ષણ માત્રમાં અનાયાસે થઇ જાય છે. ક્ષણકાળની ઉત્તેજનાથી જે વાત બોલી જવાય છે, જે કાર્ય કરાય છે તે ઘણાં વર્ષ સુધીની ચિંતાથી બોલાતું નથી અને કરાતું પણ નથી. ઘણી વખત ક્ષણિક ઉત્તેજનાથી કહેવામાં આવેલી વાતનું કિંવા કરેલા કર્મનું ફળ જીવનપર્યંત પરિશ્રમ કરવા છતાં દૂર કરી શકાતું નથી. યોગેશ્વરે પણ વાસનાની ઉત્તેજનાથી ક્ષણ માત્રમાં જે કાર્ય કર્યું તે કાર્ય જો તેનામાં વાસનાની ઉત્તેજના ઉત્પન્ન ન થઇ હોત તો એ કરી શકત નહિ. એ કાર્યનું–એ મહાપાપનું પ્રાયશ્ચિત્ત ભોગવ્યા સિવાય હવે તેનો છુટકો નહોતો. આવેગને વશ થઇ તે જે કાંઇ બોલ્યો તે વિનોદિનીના કાનમાં અમૃત જેવું લાગ્યું.

રસાર્દ્ર ક્ષેત્રમાં બીજ સત્વર અંકુરિત થાય છે. વિવિધ બનાવો બનવાથી વિનોદિનીનું હૃદય એવું થયું હતું કે તેના માટે જીવનપર્યંતની પ્રચંડ જ્વાળાનું દ્વાર ખુલ્લું થયું હતું.

વિશ્વાસ અને ધર્મભયના જે બંધને આટલા કાળ સુધી અભા-

ગિની વિનોદને પવિત્ર રાખી હતી તે બંધન ગૌરવનો અલંકાર છે એમ જ પહેલાં તે સમજતી હતી; પરંતુ હવે યૌવનની ચપળતાથી તેનામાં જે વાસના ઉત્પન્ન થઇ હતી એ વાસનાના પ્રાબલ્યથી તે એ પવિત્ર બંધનને પરાધીનતાનું પિંજર સમજવા લાગી. વાસનાના વેગથી એ પુણ્યબંધન છિન્ન ભિન્ન થઇ ગયું. તે એ સુશીતળ આશ્રમનો ત્યાગ કરી મરૂક્ષેત્રમાં આવી ગઇ.

યોગેશ્વરે કંપતા હાથે વિનોદિનીનો હાથ પકડયો. સમીરના સપાટાથી પુષ્પલતા જેવી રીતે કંપી ઉઠે તેવી જ રીતે યોગેશ્વરના હાથનો સ્પર્શ થવાથી તેની નસેનસનું લોહી ચંચળ બની ગયું. અરેરે! છેવટે એ અભાગિની અજાણ્યા માર્ગે આગળ વધી.

બીજી તરફથી બંસરીબાલા નિશ્ચિંત હતી. સંદેહ કરવો એ એના સ્વભાવથી વિરુદ્ધ હતું. તેનું હૃદય અત્યંત સરળ હતું. ક્વચિત્ જો ક્ષણકાળ માટે પણ વિનોદિનીના ચારિત્ર્ય માટે તેના અંતરમાં સંશયનો સંચાર થતો તો તે પોતાનો તિરસ્કાર કરતી હતી. તે એમ વિચારતી કે, " જ્યારે હું બ્હેનપર વિશ્વાસ નહિ રાખું ત્યારે કોના ઉપર રાખીશ ? વળી જે દિવસથી પતિદેવતા માટે મ્હારા અંતરમાં સંદેહ ઉત્પન્ન થાય તે દિવસે જ મ્હારું મરણ નિપજે એમ જ હું ઇચ્છું છું.

સંદેહ જ પ્રેમની આકુળતા છે; છતાં બંસરીબાલાની પ્રકૃતિ સંદેહથી સર્વથા વિરુદ્ધ હતી. હમ્મેશાં અભિમાનથી જ ફુલાઇ રહેતી યુવતીનો જે પ્રેમ પતિના હૃદયનું સર્વસ્વ પ્રાપ્ત થવા છતાં તૃષાતુર રહે છે, જે પ્રેમ કદાપિ તૃપ્ત થતો જ નથી, જે પ્રેમ ઇચ્છિતને ક્ષણ કાળ માટે પણ દૂર કરી શકતો નથી, જે પ્રેમથી જીવનકુંજમાં વસન્તનો આવિર્ભાવ થાય છે એ પ્રેમ બંસરીબાલાની પ્રકૃતિના જેવી પ્રકૃતિમાં પુષ્ટ થઇ શકે તેમ નથી; એ પ્રેમની પુષ્ટિ માટે અન્ય હૃદયની આવશ્યકતા છે.

વિનોદિનીનો પ્રેમ ગંભીર છે. પુણ્યસાગરના સંગમથી વિસ્તિર્ણ

થયેલી સરિતા જેવી રીતે પોતાનું સર્વસ્વ સાગરને સમર્પણ કરે છે—પાછું ફરીને જોતી પણ નથી, પોતાને માટે સામાન્ય સંચય સુદ્ધાં રાખતી નથી તેની એ સમયની મધુરતા બંસરીબાલાના સૌન્દર્ય સાથે ઉપમેય છે. એ પ્રેમ ચંચળતા વગરનો છે. એ પ્રેમ સર્વસ્વનું દાન કરે છે—પ્રતિદાનની આશા રાખતો નથી. એ પ્રેમ હૃદય આપીને તૃપ્તિ મેળવે છે. એ પ્રેમ સંદેહશૂન્ય છે. ખરી રીતે જોવા જતાં એ પ્રેમ ભક્તિનું જ રૂપાંતર છે. પ્રેમના સ્પર્શથી ઇચ્છિતના દોષ પણ ગુણ તરીકે માલૂમ પડે છે. એ પ્રેમ જેના હૃદયમાં હોય છે તે ઇચ્છિતને દેવતારૂપે હૃદયમાં પ્રતિષ્ઠિત કરીને પોતે ઉપાસિકા થઇ સુખ મેળવે છે. આવી રીતે બંસરીબાલા યોગેશ્વરની ઉપાસિકા છે—તેની ભક્તિ કરવી એ જ તેનો પ્રેમ છે. ધન્ય છે આર્ય અબળા ! તું જ આ ભસ્માવશેષ ભારતની કીર્ત્તિ, પ્રતિષ્ઠા અને ગૌરવ છે ! !

વિનોદિનીને પાછી ફરતાં વિલંબ થતો જોઇ બંસરીબાલાએ એમ વિચાર્યું કે, તે બીજા કોઇ કાર્યમાં ગુંથાઇ હશે; તેથી જે વાત પૂછવાને માટે તેણે વિનોદિનીને યોગેશ્વર પાસે મોકલી હતી તે વાતનો ઉત્તર મેળવવાને માટે તે પોતે જ પતિના શયનગૃહ તરફ જવા લાગી. તેણે શયનગૃહના દ્વાર પાસે ઉપસ્થિત થઇને વિનોદિનીને યોગેશ્વરના પલંગપર બેઠેલી જોઇ. પશ્ચિમાકાશમાં ઉતરી પડેલા ભગવાન્ પ્રભાકરનાં રંગબેરંગી કિરણોનો પ્રકાશ વિનોદિનીના મુખમંડળપર પડેલો હતો. તેણે પોતાના હાથમાં યોગેશ્વરના હાથ પકડી રાખ્યા હતા. તેનાં નેત્રોમાં અશ્રુજળ જોવામાં આવતું હતું; છતાં એ અશ્રુઓમાં આનંદ-કિરણો જોવામાં આવતાં હતાં.

બંસરીબાલા વિનોદિનીના મુખમંડળપર પોતાની લલાટલિપિ ઉકેલી શકી. તેના મસ્તકપર જાણે કે વજ્રાઘાત થયો. તે પાષાણ પ્રતિમાની માફક સ્થિર થઇ ગઇ. અત્યંત યાતનાથી તેના હૃદયની ગતિ ઘણી ધીમી પડી ગઇ. પછી તેણે એક ગાઢ નિશ્વાસ મૂકયો.

બંસરીબાલા યોગેશ્વરના શયનગૃહ પાસેથી પાછી ચાલી જતી હતી એવામાં શ્રીકાન્ત સાથે તેનો મેળાપ થયો. તેણે પ્રાણાધિક પુત્રને

ઊંચકી લીધો તથા તેના મુખપર ચુંબન કર્યું. આ સમયે અશ્રુજળની વૃષ્ટિ થવા લાગી. શ્રીકાન્ત માતાના રુદનનું કારણ કળી શકયો નહિ.

રુદન કરી કરીને બંસરીબાલાએ પોતાની દુઃખની રાત્રિ પસાર કરી તથા તેના દુઃખના દિવસનો આરંભ થયો. જગતમાં દુઃખીના દુઃખથી કેટલાં માણસો દાઝે છે ? એ દુઃખમયી રાત્રે દુઃખિની બંસરીબાલાપર નિદ્રાદેવીએ પણ કૃપા કરી નહિ.

ગઇ કાલે પણ આવી રીતે રાત્રિ વીતિ પ્રભાત થયું હતું; પરંતુ એ પ્રભાત અને આજના પ્રભાતમાં કેટલો બધો ફર્ક છે ? સંસારનું સુખ પાણીના પરપોટા જેવું છે. પ્રકૃતિ પણ ગઇ કાલના જેવી જ છે; છતાં ફર્ક ક્યાં છે ? ફર્ક માત્ર માનવાના મનમાં છે હૃદયદર્પણમાં ચિંતાની છાયા છવાઇ જતાં તેમાં કોઇ પણ વસ્તુ અથવા પદાર્થ સ્પષ્ટતાથી દેખાતો નથી, અશ્રુજળથી ભરેલાં નેત્રોએ નજરે પડતો પદાર્થ ઉજ્વળતાશૂન્ય લાગે છે—મલિન દેખાય છે.

હમણાં જે પોતાને સર્વ પ્રકારનું સુખ હોવાનું અભિમાન કરે છે તેનું સઘળું અભિમાન અલ્પકાળમાં જતું રહે તો પછી તેના જીવનમાં શાનું સુખ રહે ? આજે જે સર્વ પ્રકારે સુખી હોય છે તે આવતી કાલે દીન હીન કંગાલ બની જાય તો તેના ભાગ્યમાં દુઃખ સિવાય બીજું શું રહે ? રમણીજાતિનું સુખ કહો, ઐશ્વર્ય કહો, કિંવા ગર્વ કહો જે કહો તે સઘળું તેના પતિમાં જ છે. પતિના પ્રેમ વગરની પ્રમદા મુકુટધારિણી રાજરાણી હોવા છતાં તે એક ભિખારિણી કરતાં પણ વિશેષ દુઃખિની હોય છે. જે રમણી પતિનો પ્રેમ ગૂમાવે છે. તેના ભાગ્યમાં શું સુખ રહે છે ? ગઈ કાલે બંસરીબાલા પાસે સઘળું હતું; પરંતુ આજે તેના દુર્ભાગ્યે તેની પાસે કાંઇ નથી. કાલે જીવનમાં સુખ હતું, હૃદયમાં આનન્દ હતો, સંસારમાં આકર્ષણ હતું અને આજે જીવનમાં જ્વાળા, હૃદયમાં વેદના અને નયનમાં અશ્રુજળ છે. તેથી તેના આજના અને ગઇ કાલના પ્રભાતમાં કેટલો ફર્ક છે એ વાંચકબંધુઓ સમજી શકશે.

સંસારદુઃખની જ્વાળાથી રમણી એમ વિચારે છે કે, પતિના પ્રેમરૂપી ઔષધથી હૃદયવેદના દૂર થશે તથા તપ્ત હૃદય શાન્ત થશે. પછીથી તે જ્યારે પતિનો પ્રેમ પ્રાપ્ત કરવામાં નિરાશ થાય છે ત્યારે એક ડૂબી જતું માણસ બચવાની આશાથી જેવી રીતે તૃણખણ્ડનું અવલંબન કરે તેવી રીતે તે સંતાનદ્વારા પોતાનું દુઃખ દૂર થવાની આશા રાખે છે. સંતાનનું સુખ પ્રાપ્ત કરવા માટે સ્ત્રીજાતિ શું નથી કરતી ? સંતાનોના સ્નેહસ્પર્શથી પણ બંસરીબાલાનું દુઃખ ઓછું થયું નહિ. તેનાં આવા ભાગ્યપરિવર્ત્તનથી સંસારમાં દુઃખની છાયા પડી. બાળકો કાંઇ સમજી શકયા નહિ. તેમણે માતાના મુખને ચિંતાતુર બની ગયેલું જોયું. શ્રીકાન્તે એક વખત માતાના કંઠમાં બન્ને હાથથી વળગી પડીને પૂછ્યું:—" બા ! તું શા માટે રડે છે ? " પ્રાણાધિક પુત્રના આ પ્રશ્નનો કાંઇ ઉત્તર બંસરીબાલા આપી શકી નહિ. તેનાથી છૂટે મ્હોંડે રડી દેવાયું.

શ્રીકાન્ત દરરોજ સ્હવારે તેના પિતા પાસે બેસીને ચ્હા પીતો હતો; પરંતુ સંસારનું અનીતિનું ચિત્ર પુત્ર જોઇ શકે નહિ એવા હેતુથી બંસરીબાલાએ હવે પુત્રને તેના પિતા પાસે જવા દીધો નહિ. પતિનું ચરિત્ર સુધારવા માટે શો ઉપાય યોજવો તેનો કાંઇ નિર્ણય બંસરીબાલા કરી શકી નહિ. તે પોતાના મનમાં ઇષ્ટદેવતાનું સ્મરણ કરવા લાગી.

પ્રકરણ ૧૬ મું.

કોણ દુઃખી છે ?

માત્ર એકલી બંસરીબાલાની જ રાત્રિ દુઃખમાં પસાર થઇ અને તેના જ દુઃખી દિવસનો આરંભ થયો કે ? બંસરીબાલાને, પોતે પતિના પ્રેમથી વંચિતા થઇ એ જ દુઃખ છે ત્યારે યોગેશ્વરને તેણે કરેલું મહા પાપ દુઃખી કરે છે. પત્ની પોતે

નિષ્પાપ છે—તેનું હૃદય આત્મગ્લાનિશૂન્ય છે. પતિના પાપાચારથી તે દુઃખી થઇ છે. યોગેશ્વરનું હૃદય આત્મગ્લાનિથી દુઃખી થાય છે. બન્નેમાંથી વિશેષ દુઃખી કોણ છે?

શયનગૃહના દ્વાર પાસેથી બંસરીબાલા ગાઢ નિશ્વાસ મૂકીને ચાલી ગઇ એ પ્રકાર યોગેશ્વરના જોવામાં આવ્યો હતો. ઉષઃકાળના આગમનથી જેવી રીતે રાત્રિનો અંધકાર અદૃશ્ય થઇ જાય તેવી જ રીતે શયનગૃહના દ્વાર પાસેથી ચાલી જતી ચિંતાતુર પત્નીને જોઇ યોગેશ્વરના મોહની ક્ષણસ્થાયી ઉત્તેજના દૂર થઇ ગઇ છે. તેના અંતરમાં લજ્જા ઉત્પન્ન થઇ છે. થોડા દિવસ ઉપર તેના જીવનમાં બંસરીબાલા સિવાય સુખ નહોતું; પરંતુ પોતાના કર્મફળથી હવે એવો પ્રસંગ ઉપસ્થિત થયો છે કે, બંસરીબાલાને મુખ બતાવતાં પણ તે શર્માય છે. થોડા સમય પૂર્વે જે સુંદરી તેના ગૃહસંસારમાં ગૃહિણી, કાર્યમાં મંત્રી, અવકાશમાં સખી હતી, જે તેના રોગમાં શુશ્રુષા, શોકમાં સાંત્વના, એકાન્તમાં સખી, અને આપ્તમંડળની હાજરીમાં ગર્વનો વિષય હતી તેની અને પોતાની વચ્ચે યોગેશ્વરે મોહની ઉત્તેજનાથી કેવો વિષમ ભેદ ઉપસ્થિત કર્યો છે! કેવી રીતે એ ભેદ દૂર થશે?

બંસરીબાલા ચાલી ગઈ તે સાથે જ યોગેશ્વર પોતાના મન સાથે અનેકવિધ વિચારો કરવા લાગ્યો. ધીમે ધીમે વિનોદિનીના આનંદોજ્વળ મુખમંડળપરથી સૂર્યકિરણોની જ્યોતિ અદૃશ્ય થઈ ગઈ. હજી સુધી યોગેશ્વરના હાથ તેના હાથમાં જ છે. એ મોહનયી હૃદયદેવતાના મનમોહક મુખમંડળ તરફ હજી પણ વિહ્વળ દૃષ્ટિથી જોઇ રહી છે. યોગેશ્વર ચિંતાતુર બની ગયો છે. પ્રેમ અગર સ્વાર્થ, વાસના અગર લાલસા—જેથી સ્ત્રી પુરુષ એકત્ર થાય છે—તેના આરંભમાં બન્ને જણાં પુષ્કળ વાતચિત કરે છે. એ પ્રસંગે તેઓ વાક્યસંયમ કરી શકતાં નથી. આરંભમાં વિશેષતા રહે છે—ગંભીરતા રહેતી નથી; ઉચ્છ્વાસ રહે છે, ચિંતા રહેતી નથી. આ નિયમ જ્યાં વિરુદ્ધ નિવડે છે એ સ્થળે સત્વર સંકટ આવે છે. એ સ્થળે એમ જ સમ-

જવું જોઇએ કે જે આકર્ષણે ઉભયને એકત્ર કર્યા છે એ આકર્ષણ તદ્દન ક્ષણભંગુર છે. જેવી રીતે પ્રચંડ વંટોળીઆની ઉડતી ધૂળથી પથિક માર્ગનું દર્શન કરી શકે નહિ તથા તે નેત્રો મીંચેલા રાખી કોઈ બીજે જ રસ્તે ચઢી જાય તેવી જ રીતે વિકારરૂપી વંટોળીઆના પ્રાબલ્યથી યોગેશ્વર સંસારનો ખરો માર્ગ ભૂલી, નેત્રો મીંચી અધર્મના અવળા માર્ગે અગ્રેસર થયો છે; પરંતુ હવે શો ઉપાય છે ? યોગેશ્વર હવે શું કરવું તેની ગંભીર ચિંતામાં નિમગ્ન થઇ ગયો.

નોકર યથા સમયે તેની પાસે ચ્હા મૂકી ગયો. શ્રીકાન્ત તેની પાસે આવ્યો નહિ તથા પોતે તેને બોલાવવાનું સાહસ કરી શકયો નહિ. પાપ નિર્જનતાપ્રિય જ હોય છે. યોગેશ્વર સમજી શકયો કે, પોતાના કર્મદોષથી આજે તે ત્યાજ્ય થઇ પડયો છે. જે મૂર્ખ હોય છે, જેનામાં વિશેષ અક્કલ હોતી નથી તે કોઇ કાર્યમાં પ્રવૃત્ત થઇ તેમાંથી સહેલાઇથી છૂટો થઇ શકે છે; પરંતુ જે વિદ્વાન્ તેમ જ બુદ્ધિવાન્ હોય છે તેનાથી એવી રીતે છૂટા થઇ શકાતું નથી. તે જે માર્ગે ગયેલો હોય છે એ માર્ગપરથી સહજમાં પાછો ફરતાં શર્માય છે, તેથી તેને આત્મગ્લાનિ થાય છે. આમ હોવાથી તે પોતે પોતાના કાર્યનું સમર્થન કરવાની યુક્તિઓ શોધે છે. તે પોતે જ પોતાને છેતરે છે. પોતે ગ્રહણ કરેલો માર્ગ જો કદાચ દુર્ગમ હોય છે તો તે તેને સુગમ કરે છે. ગ્રહણ કરવામાં આવેલો માર્ગ સારો હોય છે તો પણ આમ બને છે અને ખોટો હોય છે તો પણ આમ બને છે.

અનેક પ્રકારની ચિંતામાં યોગેશ્વર ચંચળ બની ગયો હતો. મનુષ્યનું એક વખત અધઃપતન થવાથી—એક કાર્યમાં તેનું આત્મભાન દૂર થવાથી સર્વ વિષયોમાં કાંઇ તેનું અધઃપતન થતું નથી. હૃદયનો એક ભાગ દુષ્ટ હોય તો તેથી સમસ્ત હૃદય કાંઇ દુષ્ટ હોતું નથી. મનુષ્યહૃદયનો કોઇ સહજ નિયમથી વિચાર કરવો એ મૂર્ખનું કાર્ય છે. જે કુચરિત્ર હોય છે તે પણ ઘણી વખતે દયાળુ હોય છે. જે સ્વાર્થી હોય છે તે પણ ઘણી વખતે સહૃદય જોવામાં આવે છે. જે દુરાચારી

હોય છે તે પણ ઘણી વખતે નીતિપરાયણ તરીકે નજરે પડે છે. તાત્પર્ય એ છે કે, એક જણનું એક વખત અધઃપતન થવાથી તેનો ઉદ્ધાર જ નહિ થાય એમ સમજવું એ ગંભીર ભૂલ કરવા જેવું છે. તેના ઉદ્ધાર માટે પ્રયત્ન કરવાની જરૂર છે. તિરસ્કારયુક્ત દૃષ્ટિ જ તેના દુષ્કાર્યનો યથોચિત પુરષ્કાર છે.

યોગેશ્વરની વિચારશક્તિ ગૂમ થઇ ગઇ નથી–તેની દયાવૃત્તિ દૂર થઇ નથી. હવે તેના મનમાં મુખ્ય ચિંતા વિનોદ સંબંધી છે. વિનોદ માટે તે પોતે ગ્રહણ કરેલા માર્ગેથી પાછો ફરવા અશક્ત છે. દોષ યોગેશ્વરનો જ છે! તે સંસારના સકળ સુખથી સુખી થઇને પણ તૃપ્તિ મેળવી શક્યો નથી. જે વસ્તુ નિષિદ્ધ છે તેને પ્રાપ્ત કરવા માટે તેણે પોતાના હાથ લંબાવ્યા છે. પ્રેમમયી પત્ની, મમતામયી જનની વગેરે સર્વના અંતરાત્માને દુઃખી કરીને તેણે પોતાના સુખમય સંસારમાં દુઃખનો અગ્નિ સળગાવ્યો છે. જે વિનોદ આલોકના સકળ સુખથી વંચિત હતી તેને તેણે આત્મદાન દીધું છે. તેનો ભ્રમ સુધારવો એ જ યોગેશ્વરનું કર્તવ્ય હતું; કેમ કે હમણાં તે તેના આશ્રયમાં હતી. તેની વાસનાનો અગ્નિ શાન્ત નહિ કરતાં યોગેશ્વરે તેમાં ધૃતાહૂતિ આપવાની વ્યવસ્થા કરી છે. આમ હોવાથી પોતે પાપી છે તેથી પોતાને જ પોતાના પાપનું ફળ ભોગવવું જોઇએ એમ વિચારી તે વિનોદનો ત્યાગ કરી શક્યો નહિ. જે હળાહળનું તેણે અમૃત સમજીને પાન કર્યું છે તે હળાહળ પેટમાં ઉતારી જીવનપર્યંત માનસિક યાતના સહન કર્યા સિવાય તેનો છુટકો નથી.

પ્રકરણ ૧૭ મું.

દોષિત કોણ?

સારું થાઓ યા ખોટું થાઓ, જે થવાનું છે તે તો થયા કરશે જ; પરંતુ જો કદાચ ખોટું થયું તો કોના દોષથી થયું એની ચર્ચા સઘળાં મનુષ્ય કરવાનાં જ; તેમ કર્યા

સિવાય મનુષ્યોને શાંતિ મળતી નથી. પરિચિત આત્મીય સ્વજનોની અંદર, એક જણને દોષી તરીકે નક્કી કરી મતામત પ્રકાશ કરવો એ જનસમાજની પ્રકૃતિ જ છે. સકળ ઘટના જો કે ઇશ્વરાધીન છે તો પણ દોષિત તો કેવળ મનુષ્ય જ ઠરે છે.

વિનોદિની તેમ જ યોગેશ્વર એક બીજાંની મોહજાળમાં સપડાયાં; આથી કરીને શ્રીમતી બંસરીબાલાના રુદનનો માર્ગ ચિરકાળ માટે ખુલ્લો જ થયો.

યોગેશ્વર યુવક છે આંગ્લ શિક્ષા પામેલો છે; પરંતુ તે સંયમી યુવક નથી. તેણે કોઈ પણ પ્રસંગે ધર્મનું જ્ઞાન મેળવ્યું નથી. પદ્ધતિ-ક્રમાનુસાર તે ધર્માચરણ પણ કરતો નથી. તે વાંચવા લખવાનું શિખ્યો છે ખરો; પરંતુ તેણે યથાર્થ શિક્ષણની પ્રાપ્તિ કરી નથી. દુઃખ આવી પડવાથી મનુષ્યને શિખામણ મળે છે તથા સત્સંગ અને સાધુ પુરુષોના ઉપદેશથી મનુષ્યને સુશિક્ષણ મળે છે; પરંતુ યોગેશ્વરના ભાગ્યમાં આ બેમાંથી એક પણ પ્રકારનો પ્રસંગ ઉપસ્થિત થયો નથી. તે ફક્ત અંગ્રેજી શિખ્યો છે. યથાસમયે તેણે વિવાહ કર્યો છે. હમણાં તે નોકરી કરે છે, તે મ્હોટો અધિકારી થયો છે. અરેરે ! યોગેશ્વર પતિવિયોગિની સતી સાધ્વીનો એકનો એક પુત્ર ઘણા જ લાડમાં ઉછરેલો છે. યોગેશ્વરે જેની સાથે વિવાહ કર્યો છે તે પણ પિતાની લાડકી એકની એક પુત્રી છે. આથી કરીને યોગેશ્વર શ્વસુરનો પ્રિય જમાઇ છે, એટલું જ નહિ, પણ તેમના પુત્રાધિક સ્નેહનો અધિકારી છે. તેની ઇચ્છાશક્તિ વિરુદ્ધ કોઇ પણ તેને કાંઇ કહી શકતું નથી. યોગેશ્વર સંસારના તરફ પણ લેશ માત્ર લક્ષ્ય આપતો નથી. દર માસે પગાર લાવી રૂપિયા માતાને સોંપી તે નિશ્ચિંત થાય છે.

સતી સાધ્વી પત્નીને લઇ યોગેશ્વરે પોતાનો સંસાર ચલાવ્યો. યૌવનનો પ્રેમપ્રવાહ બંસરીબાલા તરફ તેણે વહેવા દીધો. માતાના સુશીતળ આશ્રયમાં રહી પાશ્ચાત્ય શિક્ષણથી શિક્ષિત થયેલા અધમ, ઉદ્ધત,અને કાંડ-જ્ઞાનશૂન્ય યોગેશ્વરે ગૃહસ્થાશ્રમના સકળ ધર્મની અવહેલના કરી. એકાએક

વિનોદિનીને જોવાથી તે સારાસારનો વિચાર ભૂલી ગયો અને તેણે પાપ-સાગરમાં ડૂબી જવાની શુરુઆત કરી. અરેરે ! હેલનને માટે જે અગ્નિએ ટ્રોય રાજ્ય બાળી ભસ્મીભૂત કરી નાખ્યું, કિલયોપેટ્રાને લીધે જે જ્વલન્ત અગ્નિશિખાએ વિશાળ રોમ રાજ્ય ભસ્મીભૂત કરી નાખ્યું તથા જોસે-ફાઇન માટે જે પ્રબળ અગ્નિએ દિગ્વિજયી વીર નેપોલિયન બોનાપાર્ટનું અધઃપતન કર્યું તેજ અગ્નિથી વિનોદિનીએ યોગેશ્વર તેમ જ બંસરી-બાલાના સંસારને ભસ્મીભૂત કરી નાખવાનો આરંભ કર્યો.

યોગેશ્વર વિનોદિનીને ઓળખી શક્યો નહિ. ઉન્મત્ત યોગેશ્વર તેની ભાવના કળી શક્યો નહિ. વિલાસવૃત્તિને વશ થઇ યોગેશ્વર વિનોદિનીને અપૂર્વ સ્વરૂપે જોવા લાગ્યો. બંસરીબાલા જેવા અમૂલ્ય નિધિનો ત્યાગ કરી તે વિનોદિનીના રૂપના સ્વચ્છ કાચપાત્રમાં કેવળ મોહમદિરાનું પાન કરવા લાગ્યો. યોગેશ્વરનો દોષ શો છે ? જેવી સ્થિતિમાં તે આવી પડ્યો છે તથા જેવી શિક્ષા તેણે મેળવી છે તે પ્રમાણે તેણે કર્યું છે. જેનામાં એકનિષ્ઠા નથી, જેનામાં પાપપુણ્યનો વિચાર કરવાની શક્તિ નથી અને જેનામાં ધર્માધર્મ સમજવાનું જ્ઞાન નથી તે કદાચ ધર્મ અને નીતિની વિરુદ્ધ વર્તે તો તેને અપરાધી કહી શકાય ?

હવે વિનોદિનીનો વિચાર કરીએ. એ તો ચિરદુઃખિની છે. એનામાં રૂપ છે, યૌવન છે, આકાંક્ષા છે. કેવળ પોતાની ઇચ્છા પાર પાડવાનો તેને અત્યાર સૂધી સુયોગ મળ્યો નહોતો. તે બીચારી પોતાની તદ્દન શૈશવાવસ્થામાં જ વિધવા થઇ છે પૂર્ણ યૌવનની પ્રાપ્તિ થતાં સૂધી વિધવાના બાહ્ય આચરણોનું તેણે યથાનિયમ પાલન કર્યું છે; છતાં તેની આવી સ્થિતિમાં તેને કોઇએ સદુપદેશ આપ્યો નથી, સત્કથા કહી નથી, કોઇએ તેને બ્રહ્મચર્યનો અલૌકિક પ્રભાવ સમજાવ્યો નથી. સ્રીની ખરેખરી સામગ્રી—આલોકનું તેમજ પરલોકનું સકળ સુખ તે પતિ જ છે. પોતાની સહચરીઓની પાસેથી રસયુકત શ્રૃંગારિક કથા-વાર્તાઓ સાંભળી વિનોદિનીનું હૃદય ઘણું જ દુઃખ સહન કરવા લાગ્યું. પોતાની સખીઓનો વેણીવિન્યાસ તેમ જ તેમની સાંસારિક પ્રણય-

કથાઓ સાંભળી વિનોદ વારંવાર ગાઢ નિશ્વાસ મૂકતી; છતાં અત્યાર સુધી તે પાષાણુની માફક સ્થિરતા ધારણ કરી રહી હતી; અંતે યોગેશ્વરને જોઈ તે પોતાની ઇચ્છાઓને દાબી શકી નહિ. તેની ઓગણીસ વર્ષ સુધીની સ્થિરતા યોગેશ્વરના સ્વરૂપના પ્રવાહમાં તણાઇ ગઈ.

વિનોદ ધર્માધર્મ જાણુતી નથી—પાપ પુણ્ય સમજી શકતી નથી. ઘણી વખત તેના મનમાં વિલાસવાસના ઉત્પન્ન થતી; છતાં લજ્જા-ભય તેમજ નિંદાભયથી તે સ્થિરતા ધારણ કરી રહી હતી. અંતે યોગેશ્વરના સંસારમાં આવી સ્વાધીનતા અને સુયોગ મળવાથી તે સ્વેચ્છાચારિણી થઇ. તે રાત્રિ દિવસ યોગેશ્વરનું દર્શન કરવા લાગી. દર્શન કરી કરીને તેના રૂપનું ધ્યાન ધરતાં તેણે પોતાની વિષધર ફણા યોગેશ્વરના તરફ ઊંચી કરી; યોગેશ્વરની દુર્બળતા જોઇ તેની લજ્જાનું આવરણ ખસી ગયું. વિનોદે બંસરીબાલાને ભૂલી, સમાજને ભૂલી, પોતાને ભૂલી, તેનું આલોકનું તેમ જ પરલોકનું સર્વસ્વ યોગેશ્વરને અર્પણ કર્યું. તે આત્મ-ભાન ભૂલી ગઇ. જો વિનોદિનીના મનમાં પોતાના પરલોકવાસી પતિની છાયાનો સહજ પણ આભાસ હોત તો તે આત્મભાન ભૂલત નહિ; પરંતુ અફસોસ કે બાળલગ્ન જેવા અનિષ્ટ રીવાજથી તેનો વિવાહ થયો હતો. તેનો ક્યારે વિવાહ થયો તથા સ્વામીનું મૃત્યુ ક્યારે થયું તેની પણ તેને ખબર નથી. આથી કરીને જ વિનોદ આત્મભાન ભૂલી યોગેશ્વરની પાસે વેચાઇ. વિનોદનો શો દોષ ? શું તે વિધવા છે એ તેનો અપરાધ છે ? જો તે વિધવા થઇ તો સૃષ્ટિકર્ત્તાએ તેના સૌંદર્યનો નાશ કેમ ન કર્યો—તેના યૌવનનો વિલય કેમ ન થયો ? પ્રકૃત બ્રહ્મચારિણીનાં આત્મીય સ્વજનોએ તેની હૃદયવ્યથાનો વિચાર કરી તેને સુખી કરવાનો પ્રયત્ન શા માટે ન કર્યો ?

ત્યારે શું આ દોષ ગૃહિણી નવદુર્ગાનો છે ? વાસ્તવિક રીતે જોવા જતાં એમ જ લાગે છે.

તે ગૃહિણી છે, યોગેશ્વરની માતા છે. યોગેશ્વરના સંસારની અધિષ્ઠાત્રી દેવી છે. તેણે ધૃત અને અગ્નિ જેવો વિષમ સંયોગ શા

માટે થવા દીધો ? તેણે વિનોદને યોગેશ્વરની પાસે શા માટે વધારે છૂટ લેવા દીધી ? તેણે વિધવા વિનોદને શા માટે પોતાના સંસારમાં બોલાવી ? તેણે પુત્રવધૂની સૂવાવડના કાર્યમાં તથા નવજાત પૌત્રની સેવામાં પ્રવૃત્ત રહી સંસારનાં અન્ય કર્ત્તવ્યોની શા માટે અવગણના કરી ? વિનોદને માથે જ પુત્રવધૂની સઘળી સેવાનો ભાર તેણે શા માટે ન મૂક્યો ? જો તેણે બરાબર તપાસ રાખી હોત તો તેથી તેની સેવામાં અડચણ ઉપસ્થિત થાત કે ? અમને તો એમ લાગે છે કે, અચડણ ઉપસ્થિત થાત નહિ તેમ જ બંસરીબાલાને પણ કાંઇ ખોટું લાગત નહિ. નવદુર્ગાએ તેને હવે પોતાનો અભાવ જણાવવાની જરૂર હતી; કારણ માથે આવી પડયા વિના ગૃહણીધર્મ શિખી શકાતો નથી. વૃદ્ધ થયા પછી પોતાને આ અસાર સંસારનો ત્યાગ કરવાનો છે; અરે ! વૃદ્ધાવસ્થાની તો શી વાત; પરંતુ કાલે શું થશે તેની કોને ખબર છે ? તે સમયે પોતાનો અભાવ ઉપસ્થિત થતાં પુત્રવધૂ ગૃહિણીધર્મ કેવી રીતે બજાવશે તેની નવદુર્ગાએ આ સમયે ચિકિત્સા કરવી આવશ્યક હતી. યોગેશ્વર—કલેકટર સાહેબ,—સમાજનો પ્રતિષ્ઠિત અધિકારી છે બંસરી-બાલા તેની સહધર્મિણી—ગૃહિણી છે. એ બાબતનો નવદુર્ગાએ કોઇ દિવસે સ્નેહાતિશયથી વિચાર કર્યો નહોતો. તે યોગેશ્વરને હમ્મેશાં બાળક સમજતી. યોગેશ્વરની વધૂ બંસરીબાલા હવે ગૃહિણી થશે—સંસારનાં સર્વ કાર્ય તેને કરવાં પડશે તેની કલ્પના સ્નેહઘેલી નવદુર્ગાને થઈ નહિ.

અરેરે મા ! આ ક્ષુદ્ર મુષ્ટિમય સંસારમાં ત્હારા અસીમ હૃદયના જેવો અપાર સ્નેહ રાખી શકે એવું કોઇ જ નથી; પરંતુ જેને તું સ્નેહસાગરમાં ડુબાવી રાખે છે તે તો ડુબતાં ડૂબતાં હળાહળનું પાન કરે છે ! તું જેને માટે પરલોકનું વિસ્મરણ કરી સૂતિકાગારની દુર્ગંધ પણ પ્રસન્નતાથી સહન કરે છે તેને લીધે તો ઉલટી તું અપરાધિની ઠરી છે !

પ્રકરણ ૧૮ મું.

વિદાય.

શ્રીમતી બંસરીબાલાના પિતા ગિરીશચંદ્ર, કન્યાને સંતાનનો પ્રસવ થયાના સમાચાર જાણી, પોતે જાતે સુરત આવ્યાછે. તેમની ઇચ્છા બંસરીબાલા અને પોતાના દૌહિત્રોને થોડા દિવસ માટે પોતાને ઘેર લઇ જવાની છે. વળી બંસરીબાલા ઘણા દિવસથી પિયર ગઇ નથી. જો કે ગિરીશચંદ્રે પ્રથમ કેટલીક વખતે વહેવાણને પોતાની પુત્રીને થોડા દિવસ માટે પિયરમાં મોકલવા-લખ્યું હતું; પરંતુ ભગવતી નવદુર્ગાનો પુત્રવધૂ ઉપર તેમજ પૌત્રો ઉપર અપાર પ્રેમ હોવાથી તેણે વહેવાઇ મહાશયના પત્રો તરફ બિલ્કુલ લક્ષ્ય આપ્યું નહોતું; છતાં હવે તો વહેવાઇ પોતે આવેલા હોવાથી નવદુર્ગાનો પુત્રવધૂને તેને પિયર મોકલ્યા સિવાય છુટકો નહોતો.

જ્યારે ગિરીશચંદ્રે પુત્રીને થોડા દિવસ માટે પોતાની સાથે લઇ જવાની વાત નવદુર્ગા પાસે કાઢી ત્યારે નવદુર્ગાએ કહ્યું:—"હું મ્હારી બંસરીને આપની સાથે કેવી રીતે મોકલું ? તે મ્હારા ઘરની લક્ષ્મી છે; વળી તેનાં બંને બાળકો એ મારા નેત્રયુગલ છે. આપ કહો જોઇએ વારું હું મ્હારાં નેત્રયુગલને દુર કરી, મ્હારા દિવસો કેવી રીતે પસાર કરું ?"

ગિરીશચંદ્રે સ્મિત હાસ્ય કરી ઉત્તર આપ્યો કે:—"દેવિ ! તમે એક કાર્ય કરો; તમે પણ અમારી સાથે ચાલો !"

"આપનું કહેવું સત્ય છે; પરંતુ મ્હારા યોગીને અહીં એકલો મુકીને આવી શકવાનું મ્હારાથી બની શકે તેમ નથી. તેને કષ્ટ થાય તે કાર્ય મ્હારાથી કેવી રીતે કરી શકાય ? શું કરવું ? મ્હને કાંઇ સુઝતું નથી !" નેત્રોમાંનું અશ્રુજળ પહેરેલા વસ્ત્રના પાલવથી સ્વચ્છ કરતાં કરતાં નવદુર્ગાએ કહ્યું.

યોગેશ્વરને તો કોઇ પણ પ્રકારની ચિંતા નહોતી. તેણે તો એમ જ વિચાર્યું કે 'બંસરીબાલા પિયરપક્ષમાં જાય તો હું સર્વ પ્રકારે સ્વતંત્ર અને નિર્ભય થઇ શકું.' પોતાના મન સાથે તે અનેક પ્રકારના સુખની કલ્પિત દુરાકાંક્ષાઓ કરવા લાગ્યો. યોગેશ્વરની રજા લેવા માટે છેવટે તેના શ્વસુર તેની પાસે પણ આવ્યા. યોગેશ્વરે શ્વસુરને સંમતિ જ આપી. છેવટે બંસરીબાલાનું પિયરમાં જવાનું નક્કી થયું.

બંસરીબાલા સૂતિકાગારમાંથી બ્હાર નીકળ્યા પછી પતિના પરિચયમાં વિશેષ આવી નથી; કારણ કે એક પ્રકારે જોતાં નવદુર્ગા ઘણી સુચતુર ગૃહિણી છે. તેણે આટલા દિવસ સુધી પુત્રવધૂને પોતાની પાસે જ સૂવાડી છે. બનતાં સુધી નવદુર્ગા યોગેશ્વર સાથે બંસરીબાલાની એકાન્તમાં મુલાકાત થવા દેતી નહિ; છતાં કેટલીક વખત બંસરીબાલાને એમ લાગતું કે તેના ઉપર ભગવતે કોપ કર્યો છે—તેનું ભાગ્ય દિવસે દિવસે ફૂટતું જ જાય છે.

બંસરીબાલાના પ્રયાણનો દિવસ નક્કી થયો. શ્રીકાન્તને પિતામહી પાસે રહેવાનું ઠર્યું. બંસરીબાલા ફક્ત પોતાના નવજાત પુત્ર સાથે પિયરમાં જવાની હતી.

યોગેશ્વર કચેરીની કાર્યપ્રવૃત્તિથી નિવૃત્ત થઇ આજે સવેળા ઘેર આવ્યો છે. લગભગ ચાર વાગવાનો સમય થયો છે. યોગેશ્વર પોતાના દિવાનખાનામાં વિરામાસન ઉપર ચિરુટ ફૂંકતો ફૂંકતો બેઠો છે. બંસરીબાલાએ ચુપ ચુપ ધીમે ધીમે સહજ ભયથી એ દિવાનખાનામાં પ્રવેશ કર્યો. તેણે આવીને પતિને નમન કર્યું. જે યોગેશ્વર પૂર્વે બંસરીબાલાને જોતાં તેની સાથે હાસ્યવિનોદ કરતો, જે યોગેશ્વર પત્નીને જોતાં તેને પોતાના હૃદય સાથે સ્નેહાતિશયથી ચાંપતો તે જ યોગેશ્વર આજે લજ્જા અને સંકોચથી વિમૂઢ બની ગયો. તેનું પાપ તેના હૃદયને ડંખવા લાગ્યું.

બંસરીબાલાએ અશ્રુપૂર્ણ નયનથી, દયાજનક મુદ્રાથી તેમજ કરુણાર્દ્ર સ્વરથી કહ્યું:—"સ્વામિન્! જ્યાં સુધી બે નેત્રો હોય છે ત્યાં સુધી અંધની સ્થિતિની ખરી કલ્પના કરી શકાતી નથી. પ્રિય વસ્તુના

અભાવે જ તેની ખરી કલ્પના મનુષ્યના મસ્તિષ્કમાં ઉત્પન્ન થાય છે,"

"આજે આમ કેમ? શા માટે તું આ પ્રમાણે કહે છે તે હું સમજી શકતો નથી!"

"નાથ! જાણવા છતાં આપ શા માટે આંખ આડા કાન કરો છો; પરંતુ પ્રભુ! તેમાં આપનો યત્કિંચિત્ પણ દોષ નથી. આપનો શો દોષ છે? આપ તો મ્હારા ઇષ્ટ દેવતા, મ્હારી આરાધનાનું ધન છો. હું મૂઢ આપની ભક્તિ કેવી રીતે કરવી તથા આપને સંતોષ કેવી રીતે આપવો તે સમજી શકી નહિ તેના જ પરિણામે આપ મ્હારા ઉપર પ્રસન્ન રહ્યા નહિ. મ્હારી પતિભક્તિમાં જ એટલી ખામી છે."

આમ કહેતાં કહેતાં બંસરીબાલા રડી પડી. મ્હોં ઉપર સાડીનો પાલવ ઢાંકી રુદન કરી તેણે પોતાનો હૃદયભાર કેટલેક અંશે ઓછો કર્યો. યોગેશ્વર પત્થરની પ્રતિમા પ્રમાણે સ્થિરતાથી એ સજળનયના સાધ્વી સતીના કરુણાજનક મુખમંડળ તરફ એક અપરાધીની માફક જોઇ રહ્યો.

બંસરીબાલાએ પુનઃ પતિની ચરણરજને મસ્તિષ્ક ઉપર સ્થાન આપી, એક વખત સ્વામીના મુખનું દર્શન કર્યું અને ત્યાર પછી તે ત્યાંથી ચાલી ગઇ.

પ્રકરણ ૧૯ મું.

ગ્રંથ પ્રાપ્તિ.

કાંઇ કામ ન હોવાથી ગુલાબ શહેરમાં રખડતો હતો એટલામાં તેણે થોડે દૂર રસ્તા ઉપર કેટલાક માણસોને એકઠા થતા જોયા. શું બન્યું છે તેની તપાસ કરવા માટે ગુલાબ ત્યાં ગયો તો 'એક સ્ત્રી મુર્છા આવવાથી બેશુદ્ધ બની ગઇ છે' એવું એક જણે તેને કહ્યું.

" ઓહો ! " ગુલાબ સ્વતઃ બરબડયો. તે ઊંચું માથું કરી તે સ્ત્રીને જોવાનો પ્રયત્ન કરતો હતો એટલામાં તેની નજરે બીજો દેખાવ પડયો.

એક ન્હાના છોકરાને એક બ્રાઉન પેપરથી બાંધેલું બંડલ ગટરમાંથી ઊંચકી લેતાં તેણે જોયો. બંડલ લઇ તે છોકરો નાસવા લાગ્યો. ગુલાબ તેની પાછળ પડયો. બંડલમાં શું છે તે જાણવાની તેને ઘણી જ ઉત્કંઠા થઇ.

છોકરો ઘણો જ ઉસ્તાદ હતો. દોડવામાં પણ પાણીના રેલા જેવો હતો. ગલા કુંચીઓમાંથી તે અટકયા સિવાય દોડતો જતો હતો,

આપણો ગુલાબ પણ કાંઇ તેનાથી ઉતરે તેમ નહોતો. તે પણ તેની પાછળ ઝડપથી દોડવા લાગ્યો; છેવટે ઘણે દૂર જઇ તેણે તે છોકરાને પકડયો તથા તેના હાથમાંનું બંડલ ખુંચવી લીધું. પછી ગુલાબે બંડલ છોડીને જોયું તો એક હસ્તલિખિત પુસ્તક તેની નજરે પડયું. ગુલાબના મનમાં ઘણી નિરાશા ઉત્પન્ન થઇ; પણ એક વખત પ્રતાપચંદ્રને બતાવી તે કહે તેવી તેની વ્યવસ્થા કરવી એવો નિશ્ચય કરી તે કુંજવિહાર હૉટેલ તરફ વળ્યો.

પ્રતાપચંદ્ર એક પ્રખ્યાત ડિટેક્ટિવ હતો. ઘણી મુદતથી તે સુરતમાં જ રહેતો હતો. તે સરકારી નોકર નહોતો. ખાનગી રીતે તે પોતાનો ધંધો ચલાવતો હતો. તેના મદદનીશો પૈકી ગુલાબ એ તેનો જમણો હાથ હતો. પ્રતાપચંદ્ર સુરતમાં હોય ત્યારે તે ઘણું કરીને ' કુંજવિહાર ' હૉટેલમાં જ રહેતો; કારણ કે એ હૉટેલની વ્યવસ્થા તેને ઘણી પસંદ હતી.

ગુલાબ આવ્યો ત્યારે પ્રતાપચંદ્ર સિગાર સળગાવી, હાથમાંની દીવાસળી ફેંકી દેતો હતો.

" દીવાસળી ફોકટ નાખી દેશો નહિ. આ બંડલ પણ તેના ભોગને જ લાયક છે–તદન નકામું છે ! " ગુલાબે કહ્યું.

" ગુલાબ, તું આમ લાવ ! મ્હને જોવા તો દે. "

" અંગ્રેજી મૅન્યુસ્ક્રિપ્ટ જેવું છે ! "

" ત્હારું અંગ્રેજી પાંડિત્ય તો ઘણું છે! શું છે ? આમ લાવ."

ગુલાબે પોતાના હાથમાંનું બંડલ પ્રતાપચંદ્રને આપ્યું. પ્રતાપચંદ્રે જોયું તો એ પુસ્તકના મુખપૃષ્ઠપર 'સમાજસ્થિતિ ક્યારે સુધરશે ?' લેખક;–'સમાજસેવક' એવા શબ્દો લખેલા હતા, આ શબ્દો વાંચી પ્રતાપ સ્વગત વિચારવા લાગ્યો:–" આ ગ્રંથકારનું નામ તો મ્હેં અદ્યાપિપર્યંત સાંભળ્યું નથી. દેખાય છે તો ઘણો માર્મિક ! વિષયપ્રવેશ ઘણો જ ઉત્તમ છે! ગ્રંથકાર ઉત્તમ બુદ્ધિમત્તા ધરાવતો હોય એમ જ લાગે છે ! "

ગુલાબે હસતાં હસતાં કહ્યું:–" જો જો, છેતરાઇ ન જતા. આજકાલ આ વીસમીદીના સુધરેલા જમાનામાં લેખકો તેમ જ કવિઓની સંખ્યા ઘણી વધી ગયેલી છે; એ સઘળા ગ્રંથકારોમાં કોણ ઉત્તમ છે અને કોણ કનિષ્ટ છે એનો નિર્ણય કરવાનું કામ ઘણું મુશ્કેલીભર્યું છે. "

" તું બકવાદ છોડી દે અને મ્હને બે ત્રણ કલાક સુધી નિશ્ચિંતતાથી બેસવા દે. "

ગુલાબ હસતો હસતો ત્યાંથી બ્હાર ચાલ્યો ગયો તથા ત્રણેક કલાક પછી પાછો તે આવ્યો ત્યારે પણ પ્રતાપચંદ્ર પેલી હસ્તલિખિત પ્રતના વાંચનવ્યવસાયમાં જ નિમગ્ન હતો.

કેટલાક વખત પછી હસ્તલિખિત પ્રત નીચે મૂકી પ્રતાપ બોલ્યો:– " ગુલાબ ! તને આ બંડલ ક્યાંથી મળ્યું ? જલ્દી કહે–વખત ન ગૂમાવ."

" પરંતુ આટલા બધા ઉતાવળા થવા જેવું તેમાં કાંઇ હોય એમ હું ધારતો નથી ! "

" ઉતાવળ ! ગુલાબ તું શું કહે છે ? આ ગ્રંથ જેણે લખ્યો છે તેની ઘણી જ નામના થાય તેમ છે. "

" પરંતુ તેની નામના સાથે આપણને શો સંબંધ છે ? "

"સાંભળ, આજ સુધીમાં મ્હેં ઘણાં પુસ્તકો વાંચ્યાં છે; પણ આવા પ્રકારનું ઉત્તમ પુસ્તક અદ્યાપિપર્યંત મ્હારા વાંચવામાં આવ્યું નથી. સમાજમાંના ગરીબ લોકોની સ્થિતિનું ચિત્ર આમાં આબેહુબ દોરવામાં આવ્યું છે."

પ્રતાપચંદ્રના આ શબ્દોની ગુલાબના મન ઉપર સહજ અસર થઇ. પોતાને ખરેખર એક ઉત્કૃષ્ટ ગ્રંથની પ્રાપ્તિ થઇ હોય એવું તેને લાગ્યું. તેણે પ્રતાપચંદ્રને સઘળી હકીકત કહી સંભળાવી. એ હકીકત સાંભળ્યા પછી પ્રતાપચંદ્રે ગુલાબને સંબોધીને કહ્યું:—"કદાચ તે મુર્છા પામેલી સ્ત્રીનું જ આ બંડલ હશે. જો કે અક્ષર સ્ત્રીના હોય એ સંભવિત નથી; પરંતુ આ બંડલ તેના હાથમાંથી જ પડી ગયેલું હોવું જોઇએ! ઠીક, પછી તે સ્ત્રીનું શું થયું તેની તને કાંઇ ખબર છે?"

"તેનું શું થયું તે ઇશ્વર જાણે! તેની આગળ ગિર્દી વિશેષ થઇ હતી. હું તપાસ કરવાનો હતો એટલામાં જ આ બંડલ તરફ મ્હારું લક્ષ્ય ગયું અને હું તે મેળવવાના કાર્યમાં પ્રવૃત્ત થયો. પુસ્તક ઘણું ઉત્તમ છે, કેમ નહિ?" ગુલાબના બોલવા તરફ પ્રતાપચંદ્રનું લક્ષ્ય જ નહોતું. તે થોડા સમય સુધી સ્વગત કાંઇ વિચાર કરી ગુલાબને કહેવા લાગ્યો:–" આ મહત્વનું પુસ્તક આપણે એ સ્ત્રીની તપાસ કરી તેને તરત પાછું સોંપવું જોઇએ. સત્વર કપડાં પહેરી આવ. પાછું. ત્હારે બ્હાર જવાનું છે."

પ્રતાપચંદ્રે એક નોટપેપર લીધું અને તેના ઉપર નીચે પ્રમાણે લખ્યું.

'સમાજસ્થિતિ કયારે સુધરશે?' એ નામનું એક અપૂર્ણ હસ્તલિખિત પુસ્તક મળી આવ્યું છે. લેખક 'સમાજસેવક' છે. તેમણે 'કુંજવિહાર' હૉટેલમાં આવીને ખાનગી ડિરેકટર પ્રતાપચંદ્રને મળવું. ખાત્રી થવાથી પાછું સોંપવામાં આવશે."

ગુલાબ કપડાં પહેરીને ત્યાં આવ્યો. પ્રતાપચંદ્રે તેને કહ્યું:— "ગુલાબ! આની નકલો કરી સઘળાં વર્તમાનપત્રોમાં આ જાહેરખબર આપી આવ."

"આપને આ પુસ્તકની ઘણી જ કાળજી થતી હોય એમ લાગે છે." ગુલાબે જાહિરખબર વાંચીને કહ્યું.

મ્હને તો ફક્ત કાળજી જ થાય છે; પરંતુ બીચારા ગ્રંથકારને કેટલી બધી ચિંતા થતી હશે? પોતાનું અત્યંત પ્રિય પુસ્તક ગૂમ થઇ જવાથી પોતાનો સર્વ પરિશ્રમ વૃથા થયો વિચારી તેના હૃદયને કેટલી બધી વ્યથા થતી હશે એની કલ્પના તું ક્યાંથી કરી શકે? જા–જા, જલ્દી જા. હવે વખત ગૂમાવીશ નહિ."

જરૂર જેટલી નકલો કરી ગુલાબ ચાલ્યો ગયો.

એ દિવસે પ્રતાપચંદ્રને તે પુસ્તક સિવાય બીજું કાંઇ સૂઝ્યું નહિ. આખી રાત જાગીને તેણે તે અપૂર્ણ ગ્રંથ ફરીથી વાંચ્યો. વિષયનું પ્રતિપાદન એવું આકર્ષક હતું કે એક વખત વાંચનકાર્યનો આરંભ કર્યા પછી તે પૂર્ણ કર્યા સિવાય છોડી દેવાની ઇચ્છા જ ન થાય. પ્રતાપે સ્વગત વિચાર કર્યો કે:—"મ્હેં જાહિરખબર આપી છે. કાલે સ્હવારે એ અલૌકિક બુદ્ધિ ધરાવનાર ગ્રંથકાર 'સમાજસેવક' મ્હારી પાસે આવશે. તેની સાથે મ્હારી મુલાકાત થશે અને તેની સાથે વાતચિત કરવાનો અલભ્ય લાભ મ્હને મળશે."

બીજા દિવસના સંધ્યા સમયના છ વાગ્યા સૂધી પ્રતાપચંદ્રે 'સમાજસેવક'ની ઘણી જ ઉત્સુકતાથી રાહ જોઇ; પરંતુ કોઇ આવ્યું નહિ તેથી કંટાળીને તે બ્હાર ફરવા નીકળી પડ્યો.

રસ્તે જતાં જતાં 'હડે હડે' એવો જોરથી થતો અવાજ પ્રતાપચંદ્રને કાને પડ્યો. પોતાનો કૂતરો કોઇના અંગ ઉપર કુદ્યો છે કે કેમ એ બાબતની ખાત્રી કરવા પ્રતાપે પાછા ફરીને જોયું તો તેણે આવા શબ્દો સાંભળ્યા: "કૂતરો આપનો હોય એમ જણાય છે! જેના તેના અંગ ઉપર ધસે છે; હડકાયો તો નથી થયો ને?"

પ્રતાપનો કૂતરો ઘણો ચાલાક હતો. ગમે તે મનુષ્યના અંગ ઉપર તે એકદમ ધસતો નહિ. ચોર બદમાશને ઓળખીને જ તેના તરફ તે ધસતો. તેને થતું જ્ઞાન કોઈ પણ સમયે અસત્ય ઠરતું નહિ.

કૂતરાને સાંકળથી ખેંચી તેને શાંત કરી પ્રતાપચંદ્રે તે નવીન મનુષ્ય તરફ ગંભીરતાથી જોઇ રહીને કહ્યું:–" મ્હારો કૂતરો સ્વસ્થ છે એ માટે મ્હને સંપૂર્ણ ખાત્રી છે. સભ્ય સ્ત્રી પુરુષોના અંગ ઉપર તે ધસતો જ નથી એવો મ્હને અનુભવ છે; કદાચ તમારો આ વિલક્ષણ કાળો ઑવરકોટ જોઇને તે ધસ્યો હશે ! "

એ મનુષ્યે એક મ્હોટો ઑવરકોટ પહેરેલો હતો. પ્રતાપે એક વખત પુનઃ એ મનુષ્ય તરફ જોયું અને પોતે કૂતરાને લઇ હસતો હસતો ત્યાંથી ચાલ્યો ગયો.

પ્રતાપને બ્હાર જતો જોઇ ઉપર દર્શાવવામાં આવેલા નવીન મનુષ્યને સહજ આનંદ થયો. તે સ્વગત બોલ્યો:–" પ્રતાપનો જ આ કૂતરો છે ! આ રસ્તે બીજો કોઈ એવો ભયંકર કૂતરો નથી. તે પણ આ વખતે પોતાના ધણી સાથે બ્હાર ગયો એ ઠીક જ થયું. હવે મ્હારું કાર્ય સહેલાઇથી પાર પડશે. "

ધીમે ધીમે ચાલતો તે ' કુંજવિહાર ' હૉટેલ નજીક જઇ પહોંચ્યો તથા એક બે મિનિટ સુધી કંપાઉન્ડમાં લટાર મારી તે ઠેઠ પચંદ્રની રૂમ તરફ ગયો.

*   *   *   *

લગભગ કલાકેક ફરીને પ્રતાપચંદ્ર પાછો ફર્યો. જ્યારે તે બ્હાર ફરવા જતો ત્યારે તેના પાછા ફરવાના સમયે ગુલાબ હમ્મેશાં દ્વાર આગળ બેસી તેની રાહ જોયા કરતો; પરંતુ આજે ગુલાબ દ્વાર પાસે નજરે નહિ પડવાથી પ્રતાપને આશ્ચર્ય લાગ્યું. તેની રૂમમાં પણ ગુલાબ નહોતો. આસપાસની રૂમોમાં તપાસ કરતાં પણ ગુલાબનો પત્તો નહિ લાગવાથી છેવટે તેણે પોતાની રૂમમાં આવી ગુલાબને હાંક મારવાનો વિચાર કર્યો. અંતે એકાએક તેના કાને કોઇ ગુંગળાઈ મરતા મનુષ્યનો અસ્પષ્ટ ધ્વનિ સંભળાયો.

પ્રતાપને ઘણું જ આશ્ચર્ય લાગ્યું. કોનો અવાજ છે તથા શું થયું છે એ તેના ધ્યાનમાં આવ્યું નહિ. તેની બેઠકની રૂમના ખુણામાં

ગોઠવેલા કબાટ તરફથી એ અવાજ આવતો હતો. પ્રતાપ ઘણો ગભરાયો. કબાટ બંધ હતું. બ્હાર જતી વખતે તેણે પોતાની ચોક્કસ કરી રાખેલી ખુંટી ઉપર કુંચી ભરવેલી હતી. હમણાં તે સ્થળે કુંચી નહોતી!

પ્રતાપનો ધંધો જ ગુપ્તપોલિસનો હતો; તેથી તેણે ઘણી ન્હાની મ્હોટી કુંચીઓ તથા હથિયારો વગેરે રાખ્યું હતું. તેણે કુંચીઓના ઝુમખામાંથી એક કુંચી બેસાડીને કબાટ ઉઘાડયું એટલે એક ધોતીઆમાં કાંઇ બંધાયલું તેની નજરે પડયું.

પ્રતાપે તે બાંધેલું પોટલું છોડયું તો હાથ પગથી બંધાઇ ગયેલો ગુલાબ તેની નજરે પડયો. બીચારાના મ્હોં ઉપર કાનટોપી પહેરાવી તેને ગળા સૂધી ખેંચી કંઠ સાથે બાંધી દીધી હતી! આથી કરીને તે વિશેષ ગભરાઇ ગયો હતો. તેના માથા ઉપર સખ્ત ઘા થયો હતો; તે એક અક્ષર પણ બોલી શકયો નહિ; છતાં નજરે પડેલા પ્રકાર ઉપરથી પ્રતાપે કલ્પના કરી કે પેલી હસ્તલિખિત પ્રત પુનઃ ગૂમ થઇ હશે! અંતે પ્રતાપની આ કલ્પના સત્ય જ ઠરી.

પ્રકરણ ૨૦ મું.

ગ્રંથ પુનઃ ગૂમ થયો.

"આપ વખતસર આવી પહોંચ્યા તેથી જ મ્હારો જીવ બચ્યો; નહિ તો આજે જીંદગીનો અંત આવી જાત!" ગુલાબે કંપિત કંઠે કહ્યું.

"ગુલાબ! તું કહે તો ખરો કે શું બન્યું છે? અહીં કોણ આવ્યું હતું?" પ્રતાપે ગુલાબના માથામાં પડેલા લાકડીના ઘા તરફ જોતાં પૂછ્યું.

"સમાજસેવક આવ્યો હતો."

"આપણને મળી આવેલા હસ્તલિખિત ગ્રંથનો કર્ત્તા કે?"

"હા, તે જ. તમે કહેતા હતા ને કે એ મ્હોટો અજબ લેખક

હોવો જોઇએ-! તદ્દન બરાબર ! તે અજબ જ છે! ” ગુલાબે માથા ઉપર થયેલા ઘાપર હાથ ફેરવતાં કહ્યું.

“ પરંતુ એ ગ્રંથકર્ત્તા આ પ્રમાણે કરે એ સર્વથા અશક્ય છે; ઉલટું તેની પ્રત પરત મળ્યા બદલ તે આપણો આભાર માન્યા સિવાય રહે નહિ. આ પ્રકારના કારણરૂપ ‘ સમાજસેવક ’ નથી જ એમ હું ખાત્રીપુર્વક કહું છું. ”

“ આપ કેમ ભૂલો છો ? મ્હોટા મ્હોટા બુદ્ધિશાળી ગ્રંથકારો ચક્રમ ભેજાના જ હોય છે ને ?! ”

“ તું ગમે તેમ કહે; પરંતુ એ ગ્રંથનો કર્ત્તા આવું કૃત્ય કદાપિ કરે નહિ. શું થયું છે તે કહે એટલે તત્સંબંધી કાંઇ ચોક્કસ વિચાર કરી શકાશે. તે ‘ સમાજસેવક ’ જ હતો એવી ત્હારી ખાત્રી છે ? ”

“ તેણે પોતાની ઓળખાણ ‘ સમાજસેવક ’ના નામથી જ આપી હતી. તે મજબૂત પણ ઘણો છે. લગભગ ૭ ફીટ ઊંચો છે. કદાચ તે કોઇ લુચ્ચો પણ હોય. તે આપના બ્હાર જવાની રાહ જોતો હશે; કારણ આપના બ્હાર ગયા પછી પાંચ દશ મિનિટમાં જ તે આવ્યો અને ‘ હું તે હસ્તલિખિત પ્રતનો માલિક છું. ’ એમ તેણે મ્હને કહ્યું. તેને મ્હેં ઘણી જ નમ્રતાથી પ્રશ્ન કર્યો, ‘ આપ જ સમાજ-સેવક છો કે ? ’ તેણે પ્રત્યુત્તર આપ્યો, ‘ હા, એ નામથી હું મ્હારાં સર્વ પુસ્તકો લખું છું. ’ તેનો પ્રત્યુત્તર મળ્યા પછી મ્હેં પૂછ્યું, ‘ ત્યારે આપનું સત્ય નામ શું છે ? ’ તરત જ તેણે ક્રોધથી લાલચોળ બની જઇને કહ્યું, ‘મ્હારા સત્ય નામનું તમારે શું કામ છે ? મ્હારું પુસ્તક મ્હને સ્વાધીન કરી દો; મ્હારે ઉતાવળનું કામ છે. ’ મ્હેં કહ્યું, ‘ આપનું સત્ય નામ જણાવવા આપને શી હરકત છે ? આપ જ તેના માલિક છો એવી ખાત્રી થયા સિવાય હું તે આપને કેવી રીતે આપી શકું ? પ્રતાપચંદ્ર બ્હાર ફરવા ગયા છે. તમે સ્હવારે આવજો. તે વખતે તેઓ હાજર હશે. તેમને મળીને આપ આપનો ગ્રંથ બેલાશક લઇ જજો. ’ મ્હારું બોલવું પૂર્ણ થતાં પહેલાં જ સમાજસેવક ગરમ થઇ ગયો

અને મ્હારા શરીર ઉપર ધસ્યો. તેણે ગુસ્સાથી કહ્યું, 'શું મ્હારે બીજું કાંઇ કામ નહિ હોય કે હું અહીં વારંવાર ધક્કા ખાયા કરું ? મ્હારે તે ગ્રંથ હમણાં જ જોઇએ. જુઓ! એ ગ્રંથ પેલા ટેબલ ઉપર જ પડયો છે.' આમ કહી તે ટેબલ તરફ વળ્યો અને ટેબલ ઉપરથી તે હસ્તલિખિત ગ્રંથ તેણે ઉંચકી લીધો. આવો પ્રકાર જોઇ હું મ્હારો ક્રોધ શાન્ત કરી શક્યો નહિ. હું તેની સ્હામે થયો. તે ઘણો જ ઉસ્તાદ હતો! તેના હાથમાંની લાકડી તેણે એવા તો જોરથી મ્હારા માથામાં ફટકાવી કે હું મુર્ચ્છાવશ થઇ નીચે પડયો. ત્યાર પછી શું બન્યું તે હું બરાબર જાણતો નથી. થોડા સમય પછી માલૂમ પડ્યું કે તેણે મ્હને બાંધીને કબાટમાં પૂર્યો છે."

"આ કાંઇ બીજું જ પ્રકરણ ઉપસ્થિત થયું છે ! એ સમાજ-સેવક હોય જ નહિ. ઠીક, તેનો પોષાક કેવો હતો ?"

"તેણે એક મ્હોટો કાળો ઑવરકોટ પેહેરેલો હતો. વળી તેના ગળામાં કડક કૉલર હતો."

પ્રતાપે થોડા સમય સૂધી કાંઇ વિચાર કરીને કહ્યું:—"ત્યારે તો એ મનુષ્યને મ્હેં જોયો છે. હું બ્હાર ગયો તે વખતે એ મ્હને રસ્તામાં જ મળ્યો હતો. કૂતરો તેના અંગ ઉપર ધસ્યો પણ હતો; કદાચ તેને તેનો સંશય આવ્યો હશે; પરંતુ એકંદરે ઘણો વિલક્ષણ પ્રકાર બન્યો છે !"

એટલામાં એક માણસ એક ચીઠ્ઠી લઇ પ્રતાપચંદ્રની રૂમમાં આવ્યો અને તેણે પ્રતાપના હાથમાં તે ચીઠ્ઠી મૂકી. પ્રતાપે ચીઠ્ઠી વાંચી જોઇ તો તે ડૉક્ટર રમેશચંદ્રની હતી. તેમાં નીચે દર્શાવેલી હકીકત લખેલી હતી.

"શ્રીમાન્ પ્રતાપસિંહ !

આપની જાહિરખબર મ્હારા વાંચવામાં આવી છે. આપને એક હસ્તલિખિત પુસ્તક મળ્યું છે તે સંબંધી કેટલીક અગત્યની વાતચિત કરવાની છે માટે આ પત્ર મળતાંની સાથે જ આવેલા માણસ સાથે મ્હને મળવા આવવાની કૃપા કરશો. એ પુસ્તક એક ઓતું છે. એ

બાઇના પતિ બીમાર હોઇ હાલ તેઓ મ્હારી સારવારમાં છે. તેમણે જ એ ગ્રંથ લખેલો છે. વિશેષ વાતચિત રુબરુમાં કરીશું.

સ્નેહાભિલાષી રમેશચંદ્ર."

પ્રતાપે ગુલાબને કહ્યું:—" હું જરૂરનું કાર્ય હોવાથી ડૉક્ટર રમેશચંદ્ર પાસે જાઉં છું. તને હવે આરામ જેવું લાગે છે ને ? "

" હા. "

" ત્યારે એક કામ કર. મોતીઆને (પ્રતાપચંદ્રનો કૂતરો) લઈ તું બ્હાર જા અને તે વેશધારી 'સમાજસેવક' ક્યાં રહે છે તેની તપાસ કરી લાવ. સાવધાનતા રાખજે. પુનઃ ઝપાઝપીનો પ્રસંગ લાવીશ નહિ તથા કાર્ય થઇ રહે કે તત્કાળ પાછો અત્રે આવજે." આવી સૂચના કરી પ્રતાપ ડૉક્ટર રમેશચંદ્ર તરફ ગયો.

ડૉક્ટર રમેશચંદ્રે પ્રતાપને ટૂંકમાં જ સઘળી હકીકત કહી સંભળાવ્યા પછી પૂછ્યું:—" તમે તે ગ્રંથ અત્રે લેતા આવ્યા છો કે ? "

" એ ગ્રંથ તો એ બાઇનો પતિ આવીને લઇ ગયો છે ! "

" એમ બનવું તદ્દન અશક્ય છે; કારણ તે બાઇના પતિ બીમાર હોઇ હું જ તેમની દવા કરું છું. તેથી એ કેવી રીતે પુસ્તક લેવા આવી શકે ? બીજો કોઇ આવીને લઇ ગયો કે શું ? "

" હા, કાંઇ વિલક્ષણ પ્રકાર બન્યો છે. ઠીક, એ બાઇ ક્યાં રહે છે એ આપ જાણો છો ? "

" હા." એમ કહી ડૉક્ટરે પોતાની ડાયરીમાંથી પ્રતાપને શિરનામું લખી આપ્યું. પ્રતાપ શિરનામું લઇ ત્યાંથી ચાલ્યો ગયો.

પ્રકરણ ૨૧ મું.

વખતસર મદદ.

સહાંજના લગભગ પાંચેક વાગ્યાનો સુમાર થવા આવ્યો હતો. યોગેશ્વર મધ્યાન્હનો સમય નિદ્રામાં વીતાડી દીધા પછી, ઉઠી હાથ મ્હોં ધોઇ, વસ્ત્રો પહેરી ગાડી જોડા-

વીને તેમાં બેઠો તથા કોચમેનને તેણે હુકમ કર્યો કે: "વિપિનવિહારી ત્યાં."

કોચમેને હાથમાંની ચાબુક ઊંચી કરી તે સાથે જ ઘોડો છૂટયો અને પાંચ મિનિટમાં તો યોગેશ્વર વિપિનવિહારીને ત્યાં જઇ પહોંચ્યો. કોચમેનને ગાડી ઊભી રાખવાની સૂચના કરી તે સીધો મેડા ઉપર ગયો.

આ સમયે વિપિનવિહારી શુદ્ધિમાં નહોતો. તે દુઃખની પ્રબળ વ્યથાથી શય્યામાં પડી રહ્યો હતો. શય્યાની પાસે જ હેમલતા બેઠી બેઠી પતિદેવતાનું મસ્તક દબાવતી હતી. પતિ ન જાણે તે પ્રમાણે કેટલીક વખતે તે અશ્રુદ્વારા હૃદયનો ભાર ખાલી કરતી હતી. યોગેશ્વરને આવેલો જોઇ હેમલતાએ કૃતજ્ઞતાસૂચક સ્વરે કહ્યું:—" આવો ભાઇ ! ડૉક્ટર રમેશચંદ્રભાઇની દવાથી પ્રકૃતિ જો કે સુધારાપર છે; પરંતુ હજી તેઓ ઘણોખરો વખત બેશુદ્ધાવસ્થામાં જ રહે છે. "

" બ્હેન ! ચિંતા કરશો નહિ. ઇશ્વર સર્વ સારું જ કરશે." યોગેશ્વરે સહાનુભૂતિસૂચક સ્વરે કહ્યું.

" પેલા હસ્તલિખિત ગ્રંથનો કાંઇ પત્તો લાગ્યો કે ? " હેમલતાએ અધીરતાથી પૂછ્યું.

" ના, એ સંબંધીનું કામ મ્હેં મ્હારા અભિન્નહૃદય બંધુ રમેશચંદ્રને સોંપ્યું છે; તેથી તમે એ માટે બિલ્કુલ ચિન્તા કરશો નહિ." યોગેશ્વરે આશા દર્શાવતાં કહ્યું.

" ખરેખર, જો તે પુસ્તક પુનઃ પ્રાપ્ત નહિ થાય તો દુઃખની સીમા રહેવાની નથી. આવી ભયંકર સ્થિતિમાં પણ તેઓ એ પુસ્તકનાં મથાળાં, મથાળાં ઉપર આપેલાં અવતરણો વગેરેને બબડયા કરે છે. તેમને સહજ આરામ થતાં જ એ પુસ્તકની જરૂર પડશે. શું કરવું ? કાંઇ સૂઝતું નથી. જે પુસ્તક તેમને પોતાના સર્વસ્વ સમાન લાગે છે, જેને માટે તેમણે અત્યંત પરિશ્રમ ઉઠાવ્યો છે તે પુસ્તક મ્હારી જ નિષ્કાળજીથી ગૂમ થયું છે એમ હું કેવી રીતે કહી શકીશ અને ધારો કે જો કદાચ કહું તો તેમના દુઃખપૂર્ણ હૃદયપર તેથી કેવો સખ્ત આઘાત થશે ? એવો આઘાત થતાં આપણા દુર્દૈવે કાંઇ અનિષ્ટ

પરિણામ પણ આવે એવો મ્હારા મનમાં ભય રહે છે."

યોગેશ્વરે હેમલતાના મનનું સમાધાન કરી તથા અમુક રકમ મોકલી આપવાનું કહી ત્યાંથી ઉઠવાની તૈયારી કરી; એટલામાં શારદાપ્રસાદની યમુના હેમલતા પાસે આવી કહેવા લાગીઃ—"કાકી, તમને મળવાને કોઈ માણસ આવ્યું છે!"

"યમુના! તેમને અંદર લઇ આવ. આ ખુરસીને સહજ પેલી તરફ ખેંચ. તેના ઉપર તેઓ બેસશે.

થોડા સમયમાં જ યમુના આવેલા માણસને લઇ અંદર આવી. આવનાર વ્યક્તિ બીજી કોઈ નહિ પરંતુ પ્રતાપચંદ્ર જ હતો; તેણે આવતાંની સાથે જ પ્રશ્ન કર્યોઃ—"બ્હેન! તમારું નામ શ્રીમતી હેમલતા છે કે? મ્હારું નામ પ્રતાપચંદ્ર છે. કદાચ તમે મ્હારું નામ સાંભળ્યું પણ હશે! 'સમાજસેવક' નામના લેખકને તમે પિછાનો છો કે? આ વિચિત્ર પ્રશ્ન સાંભળી તમે કાંઇ ભળતી કલ્પના કરશો નહિ. અમુક ખાસ કારણને લીધે મ્હને આ પ્રશ્ન પૂછવાની જરૂર પડી છે."

યોગેશ્વર ડિસ્ટ્રિક્ટ કલેકટર હોવાથી ઘણા ડિટેક્ટિવોનાં નામ તે જાણતો હતો. પ્રતાપચંદ્રનું નામ પણ તેના સાંભળવામાં આવ્યું હતું. તેણે તરત જ ઉભા થઇ પ્રતાપચંદ્ર સાથે સેકહેન્ડ કરી અને કહ્યુંઃ—"હું અહીંનો ડિસ્ટ્રિક્ટ કલેટકર છું. તમારું નામ મ્હેં સાંભળ્યું છે. તમારું આગમન અત્રે શા માટે થયું છે?"

પ્રતાપચંદ્રે યોગેશ્વરની સ્હામે ખુરસી ઉપર સ્થાન લેતાં લેતાં પોતાના ખીસ્સામાંથી એક ન્યુસપેપર કાઢી તે યોગેશ્વરના હાથમાં મૂક્યું તથા ગૂમ થઈ ગયેલા ગ્રંથની જે જાહિરખબર હતી તે બતાવીને વાંચી જોવા સૂચવ્યું. યોગેશ્વરે જાહિરખબર વાંચી જોઇ ન્યુસપેપર હેમલતાને આપ્યું તથા તેણે પ્રતાપચંદ્ર તરફ જોઇ પ્રસન્નતાપૂર્વક પૂછ્યુંઃ—"ત્યારે શું એ પુસ્તક આપને જ મળ્યું છે? તે આપ લેતા આવ્યા છો કે?"

હેમલતાનાં નેત્રયુગલમાં આનંદનાં આંસુ ભરાઇ આવ્યાં.

પ્રત્યુત્તર સાંભળવાને તે ઘણી અધીરી બની ગઇ.

" ના, લાવ્યો નથી! " પ્રતાપ અચકાતો અચકાતો કહેવા લાગ્યો, " તે પુસ્તક પોતાનું જણાવીને એક ગૃહસ્થ મ્હારા નોકર પાસેથી મ્હારી ગેરહાજરીમાં લઇ ગયો છે ! "

" પોતાનું કહીને?! બીજો કોઇ એ પુસ્તકને પોતાનું કેવી રીતે કહી શકે ? તેમના ગ્રંથને પોતાનો જણાવી અસત્ય બોલનાર એ પાપાત્મા કોણ છે ? એ પુસ્તકની એક બે જણને જ માહિતી હતી– ફક્ત બે જણને ! ! " હેમલતાએ સહજ આવેશથી કહ્યું.

યોગેશ્વર દિઙ્મૂઢ બની જઇ સર્વ હકીકત સાંભળ્યા કરતો હતો. પ્રતાપે હેમલતાને પ્રશ્ન પૂછ્યો:–" એ બે માણસો કોણ છે તે કહો જોઉં ?એ ઉપરથી પુસ્તક કોણ લઈ ગયું છે તેની શોધ કરવી સુલભ થઇ પડશે. "

"એક તો આપણા સુરતનો નીચ, સ્વાર્થી અને નિષ્ઠુર બૂકસેલર હરિગોવિંદ અને બીજો ભરુચમાં સાર્વજનિક લાયબ્રેરી સ્થાપનાર આનંદચંદ્રનો પ્રાયવેટ સેક્રેટરી શ્યામચરણ છે. "

" તમારે ને આનંદચંદ્રને કાંઇ સંબંધ છે કે ? "

" હા, આનંદચંદ્ર મ્હારા કાકાસસરા થાય છે. "

" ત્હારે જો મ્હારા ઉપર તમને વિશ્વાસ હોય તો તમે મ્હને સઘળી હકીકત સવિસ્તર કહી સંભળાવો. "

તરત જ હેમલતાએ વિપિનવિહારીના આયુષ્યની કરુણાજનક કહાણી તેમ જ પોતાનો તથા આનંદચંદ્રનો હવે એક બીજા તરફ કેવો વિરાગ છે તે સર્વ હકીકત પ્રતાપને કહી સંભળાવી. પ્રતાપનું હૃદય ઘણું દુ:ખિત થયું. તેણે ઉત્સુકતાથી પૂછ્યું:–" શ્યામચરણને આ પુસ્તક સંબંધીની કાંઇ પણ હકીકત માલૂમ હતી કે ? "

" હા, પ્રથમ એક વખત હું ત્યાં ગઇ ત્યારે તેનું વર્તન સહાનુભૂતિદર્શક હતું; ત્યાંથી હું પાછી ફરી ત્યારે તે પોતે મ્હને સ્ટેશન સુધી પહોંચાડવા આવ્યો હતો. તે વખતે તેણે મ્હને કહ્યું હતું કે,

'વિપિનવિહારી હમ્મેશાં અરેબિયન નાઇટ્સ જેવી જ વાર્તાઓ લખ્યા કરે છે એ શું સારું છે કે ? તેમની લખવાની પદ્ધતિ ઉત્તમ પ્રકારની છે. વર્તમાન હિન્દુ સમાજની સ્થિતિનું યથાર્થ ચિત્ર આલેખી તેના ગુણદોષ સમાજને દર્શાવી શકાય એવું એકાદ પુસ્તક તેઓ કેમ લખતા નથી ? વળી એવા પ્રકારના ઉપયુક્ત ગ્રંથો લખ્યા સિવાય કાકા મહાશયનો ક્રોધ શાન્ત થનાર નથી. વિપિનવિહારી વિદ્વાન્ અને બુદ્ધિમાન્ છે. આટલા સમયમાં તો તેમણે ઉત્તમ ગ્રંથકાર તરીકે પોતાનું નામ પ્રસિદ્ધ કર્યું હોત એવું કાકા મહાશય વારંવાર કહે છે.' એ હકીકત સાંભળી રહ્યા પછી મ્હેં તેને 'સમાજસ્થિતિ ક્યારે સુધરશે ?' એ પુસ્તક સંબંધી વાત કરી ત્યારે તેણે ઉત્તરમાં કહ્યું કે, 'હા, જો એવો ઉત્તમ ગ્રંથ વિપિનવિહારીએ લખ્યો છે એવું કાકા મહાશય જાણશે તો તેઓ ભૂતકાળની સર્વ હકીકત ભૂલી જશે. તેમને શાંત કરવા તથા તેમની કૃપા મેળવવા માટે આ કરતાં બીજો કોઇ ઉત્તમ માર્ગ નથી."

વળી થોડો સમય અટકી હેમલતાએ કહ્યું:—"શ્યામચરણ કહેતો હતો તે વ્યાજબી હતું. સારાં સારાં પુસ્તકોનો સંગ્રહ કરવો એમાં જ કાકાજી પોતાના જીવનની ઇતિકર્તવ્યતા સમજે છે !"

"આનંદચંદ્રની સાથે મ્હારે પ્રત્યક્ષ ઓળખાણ નથી; પરંતુ તેમનું લૌકિક હું જાણું છું. સામાજિક ઉત્તમ પ્રકારના ગ્રંથો તેમને ઘણા જ પિય થઇ પડે છે, 'સમાજસ્થિતિ ક્યારે સુધરશે ?' એ ગ્રંથ ખાત્રીથી તેમને પસંદ પડશે; પરંતુ હમણાં તત્સંબંધી વિચાર કરવો અનાવશ્યક છે. હમણાં તો તમે વિપિનવિહારીને લઇ થોડા દિવસ માટે ભરુચ તરફ જ જાઓ. મ્હારા ધારવા પ્રમાણે અહીંના કરતાં ત્યાંનાં હવા પાણી ઉત્તમ છે." પ્રતાપે સૂચના કરી.

ઘણા સમયથી શાન્ત રહેલા યોગેશ્વરે પણ પ્રતાપના વિચારને અનુમોદન આપી કહ્યું:—"પ્રતાપચંદ્રનું કહેવું સત્ય છે. અમે પણ સમયાનુસાર ત્યાં આવતા જતા રહીશું. આવશ્યક વ્યવસ્થા હું થોડા વખતમાં કરી આપું છું."

"પ્રતાપચંદ્ર! આપે અમારે માટે ઘણી મહેનત ઉઠાવી છે; આપના ઉપકારનો બદલો કેવી રીતે વાળી શકાશે? કૃપા કરી એ પુસ્તકની શોધ કરી આપશો તો આપના ઉપકારઋણનું વિસ્મરણ અમારાથી જીવનમાં કદાપિ નહિ થાય."

"તમે બિલ્કુલ ચિંતા ન કરો. એ પુસ્તકને હું શોધી કાઢ્યા સિવાય રહેનાર નથી. વળી કાંઇ તમારે ઉપકાર માનવાની આવશ્યકતા નથી. મનુષ્ય માત્રનો ધર્મ છે કે એક બીજાને સંકટ સમયે બનતી મદદ કરવી જોઇએ."

"પરંતુ બધી દુનિયા કાંઇ સરખી હોય છે? સ્વાર્થી હરિગોવિંદ જેવા નિષ્ઠુર નરાધમો પણ વિશ્વસંસારમાં અસ્તિત્વ ધરાવે છે ને?"

"જો ન હોય તો દુનિયા ચાલે કેવી રીતે? દુરાચારી મનુષ્યોના અસ્તિત્વથી જ સદાચારી મનુષ્યોની મહત્તાનું મૂલ્ય અંકાય છે."

ત્યાર પછી યોગેશ્વર અને પ્રતાપચંદ્ર હેમલતાને ધીરજ આપી બ્હાર નિકળ્યા. યોગેશ્વરે પ્રતાપચંદ્રને પોતાની ગાડીમાં સાથે જ લીધો અને પોતાને ઘેર તેડી ગયા પછી ન્હાપાણી વગેરેથી તેનો સત્કાર કરી તેણે તેને જવાને માટે રજા આપી. પ્રતાપચંદ્રના ગયા પછી યોગેશ્વરે એક વિશ્વાસુ માણસ સાથે હેમલતાને સો રૂપિયાની રકમ મોકલી આપી.

પ્રકરણ ૨૨ મું.

પાપી પંખીડાં.

બંસરીબાલા શ્વસુરપક્ષમાં ગઇ એટલે યોગેશ્વર સર્વથા નિર્ભય થયો. તેના આચાર વિચાર વિશેષ ઉદ્ધત થયા. તે પોતાનું ભાન ભૂલ્યો. વિષયવાસનાને આધીન થઇ તેણે સમાજની રૂઢીઓ ઉપર પદાઘાત કર્યો, ગરીબ બીચારી બંસરી-

બાલાને હમ્મેશાં દુઃખી રાખવાનો માર્ગ તેણે સ્વીકાર્યો. સુધાકરનાં મોજાંથી પ્રશાંત સાગર જેટલો ઉછળે તેના કરતાં પણ યોગેશ્વરનું હૃદય વિનોદિનીના મુખરૂપી સુધાકરને જોઇ વિશેષ ઉછળવા લાગ્યું. વિનોદરૂપી લોહચુંબક તરફ તે લોઢા માફક ખેંચાવા લાગ્યો. સમાજને તેમ જ રૂઢીનાં બંધનને છિન્નભિન્ન કરી નાખીને તેણે પાપસાગરમાં ઝંપલાવ્યું; પરંતુ પાપસાગરમાં ડૂબવા છતાં તેનો મોહ દૂર થયો નહિ. તે તેમાં વધારે ને વધારે ઊંડો ઉતરવા લાગ્યો ! હરિ હરિ ! !

વિનોદિની પણ વિષયની વાસનાનો ત્યાગ કરી શકિ નહિ. તે પોતાના મન સાથે અનેક સુખની કલ્પનાઓ કરવા લાગી. પોતાના આલોક તેમ જ પરલોકને ભૂલી જઇ વિનોદિની પાપને માર્ગે અગ્રગામિની થઇ. તે અંધ બની ગઇ !

ભગવતી નવદુર્ગા તો સાક્ષાત દેવીનો જ અવતાર છે. આ વિશ્વમાં પાપાચરણો કેવી રીતે થાય છે તેનું તેને લેશ માત્ર પણ જ્ઞાન નથી. સમાજ ભલે તેને અપરાધિની ઠરાવે; પરંતુ અમારી દૃષ્ટિમાં તો તે સર્વથા નિર્દોષ જ છે.

રાત્રિના લગભગ આઠેક લાગ્યા છે. ભોજનકાર્ય પૂર્ણ થઇ ગયું છે. ભગવતી નવદુર્ગા જમી પરવારી ઇષ્ટ નામનો જપ જપતી પોતાના પ્રાણાધિક પુત્ર શ્રીકાન્ત સાથે પોતાના ઓરડામાં બેઠી છે. યોગેશ્વર હજી સુધી બ્હારથી ફરીને આવ્યો નથી. પ્રકૃતિને આરામ થઇ ગયેલો હોવાથી હવે તેણે હવાફેર માટે અન્ય સ્થળે જવાનો વિચાર માંડી વાળ્યો છે. વિનોદિની યોગેશ્વરનું તેમ જ પોતાનું ભોજન યોગેશ્વરના દિવાનખાનામાં લાવી, યોગેશ્વરની રાહ જોતી એક દીપક આગળ બેસી પોતાની ચંપકકલિ જેવી અંગુલિઓદ્વારા યોગેશ્વરને માટે એક પુષ્પમાળ બનાવી રહી છે. વિનોદિનીના કરપદ્મની પ્રભાથી પુષ્પો પણ પ્રભાહીન દેખાય છે. વાંકો ચુંકો વિમુક્ત કૃષ્ણકેશકલાપ તેના વક્ષપ્રદેશ અને સ્કંધપ્રદેશપર થઇ જમીન સુધી પહોંચ્યો છે. સ્હામેની બારીમાંથી સુધાકરનાં શીતળ કિરણોનો પ્રકાશ વિનોદિનીના મુખમંડળ ઉપર પડે છે.

વાયુએ પણ નિર્લજ્જ કિંવા મોહાંધ બની તેણે પહેરેલા શ્વેત વસ્ત્રની ખેંચતાણ કરવા માંડી છે. અલંકારો નહિ હોવા છતાં પણ તેનું પ્રાકૃતિક સૌંદર્ય અનેક અલંકારો કરતાં અધિક દીપી નીકળ્યું છે.

થોડો સમય પસાર થયો એટલે યોગેશ્વર ઘેર આવી પહોંચ્યો અને બારોબાર પોતાના દિવાનખાનામાં જ ગયો. વિનોદ ઊભી થઇ ગઇ તથા તૈયાર થયેલી પુષ્પમાળાને વચ્ચે પડેલા એક રાઉન્ડ ટેબલ ઉપર મૂકી યોગેશ્વરને વસ્ત્રો ઉતારવામાં તેણે સહાયતા કરી. ત્યાર પછી વિનોદ અને યોગેશ્વર એક બીજા સાથે એક જ પાત્રમાં ભોજન કરવા બેઠાં. ભોજન કરતાં કરતાં યોગેશ્વરે વાત ઉપાડી:—"કેમ વિનોદ! તું અત્યાર સુધી ભોજન લીધા વિના કેમ બેસી રહે છે? તને મ્હારાથી પહેલાં ભોજન લેવાને શી હરકત છે?"

વિનોદે સ્મિત કરતાં કરતાં પોતાના કપાળ ઉપર ઉડી આવેલી કેશકલાપની એક લટને દૂર કરતાં પ્રત્યુત્તર આપ્યો:—"તમારી સાથે ભોજન લેવાથી મ્હને અપાર આનંદ થાય છે! પ્રભુ! તમારું મુખ જોઇ હું ગાંડીઘેલી બની જાઉં છું. જો આ સંસારમાં કોઇ રીતે મ્હને સુખ લાગતું હોય તો ફક્ત તમારા મિલનમાં જ. તમે જ—મ્હારા સર્વસ્વ છો."

"વિનોદ! મ્હારે મન તો તું સ્વર્ગની પ્રતિમા છે! તને સુખી રાખવાને માટે હું મ્હારાથી જેટલું બને તેટલું કરવા તૈયાર છું. પ્રાણેશ્વરિ! ત્હારા કરતાં શું વિશેષ છે? ત્હેં મ્હારે માટે શું નથી કર્યું? નિંદાભયને, સમાજભયને ત્હેં મ્હારે માટે જ તિલાંજલિ આપી છે. મ્હારે માટે જ ત્હેં ત્હારો આલોક તેમજ પરલોક બગાડ્યો છે."

"નાથ! હું રંકના બેલી પ્રભુ! એમાં મ્હેં શું વિશેષ કર્યું છે? પરંતુ આપને મ્હારી એટલી જ વિનંતિ છે કે આપ આ દાસીને ભૂલશો નહિ; વિશેષ શું કહું?"

"વ્હાલી, હૃદયના પ્રેમથી એક બીજાને સુખી કરી શકાય

છે. ત્હારે માટે હું જાતિભ્રષ્ટ થઇશ, સમાજભ્રષ્ટ થઇશ તથા મ્હારું બળિદાન આપવાનો સમય આવશે તો પણ હું પાછો હઠીશ નહિ."

વિનોદે એક તીક્ષ્ણ કટાક્ષ યોગેશ્વરના તરફ ફેંક્યો, કટાક્ષ સાથે હૃદયને ઉન્માદ સ્થિતિમાં લાવી મૂકે એવું મૃદુ હાસ્ય કર્યું! રૂપોન્મત્ત યોગેશ્વરનું મસ્તક ભમવા લાગ્યું. તેને સમગ્ર બ્રહ્માંડ ભમતું હોય એવો ભાસ થવા લાગ્યો!

ભોજન કરી રહ્યા પછી યોગેશ્વર અને વિનોદ ઉઠયાં. વિનોદ પલંગપર બેઠી. યોગેશ્વર આરામચેર ઉપર પડયો પડયો સિગાર ફુંકવા લાગ્યો. યોગેશ્વરના હૃદયમાં અનંત વિચારો ઉપસ્થિત થવા લાગ્યા! ગરીબ બીચારી બંસરીબાલાની દીન પ્રતિમા તેનાં નેત્રો સમક્ષ ઉપસ્થિત થઇ. તેને એમ લાગ્યું કે, "હું વિનોદ ઉપર પ્રેમ કરું છું એ એક પ્રકારનો અન્યાય કરું છું. હું એક મ્યાનમાં બે તલ્વાર શમાવવાનો પ્રયત્ન કરું છું; એ કેમ બનશે? ત્યારે શું મ્હારે વિનોદનો ત્યાગ કરવો પડશે? નહિ, મ્હારાથી એમ કાળાંતરે બની શકશે નહિ. હું વિનોદ અને બંસરીબાલા બન્નેને ચ્હાઇશ!"

વિનોદ યોગેશ્વરનું હૃદય ઉકેલી શકી. એકાએક તેને પેલી પુષ્પમાળા યાદ આવી. તેણે પલંગપરથી ઉઠી ટેબલ ઉપર પડેલી પુષ્પમાળા પોતાના કોમળ કરમાં લીધી તથા જે પ્રમાણે કોઇ દેવી સ્વર્ગના દેવતાને વરમાળા આરોપવા આનંદાવેશમાં જાય તેથી વિશેષ આનંદાવેશથી તેણે યોગેશ્વર પાસે જઇ, તેના કંઠમાં બકુલની માળા પહેરાવી. યોગેશ્વર પોતાના સર્વ વિચારો ભૂલ્યો. પાછો તે મોહસાગરમાં ડૂબવા લાગ્યો. તે ધર્માધર્મનું ભાન ભૂલી ગયો અને વિનોદ–વિહ્વળા વિનોદને તેણે ઘણા જ સ્નેહથી ગાઢ આલિંગન કર્યું! પાઠક! આ પાપાચારનું વિશેષ દૃશ્ય જોવાથી કાંઇ લાભ નથી; માટે આપણે આ પાપી પંખીડાંનો ત્યાગ કરી બીજી તરફ આપણી દૃષ્ટિ ફેરવીએ.

પ્રકરણ ૨૩ મું.

પત્તો લાગ્યો.

પ્રતાપચંદ્રના ચાલ્યા ગયા પછી થોડા જ વખતમાં પેલા વેશધારી સમાજસેવકની શોધાર્થે મોતીઆને લઇ ગુલાબ બ્હાર નીકળી પડ્યો. ગુલાબે ખોટી મુછો લગાવી પોતાનો વેશ બદલી નાખ્યો હતો. તેમ કરવાનો ઉદ્દેશ એ હતો કે કદાચ પેલા વેશધારીની મુલાકાત થાય તો તે તેને ઓળખી શકે નહિ.

મોતીઆને લઇ ગુલાબ જે સ્થળે પ્રતાપચંદ્રની પેલા વેશધારી સાથે મુલાકાત થઇ હતી ત્યાં જઇ પહોંચ્યો. એ ઠેકાણું પ્રતાપે પ્રથમથી જ ગુલાબને જણાવ્યું હતું.

એ જગ્યાએથી ઉલટેલાં પગલાંના આકાર ઉપરથી તે એ વેશધારીનાં જ છે એવું ગુલાબના લક્ષ્યમાં આવ્યું. પગલાં ઉપરથી રસ્તો શોધી કાઢવામાં મોતીઓ ઘણો ચતુર હતો. કુતરાને એ જ્ઞાન ઉત્પન્ન થાય છે જ; તેમાં વળી આપણો મોતીઓ તો ચતુર અને કાર્યદક્ષ હતો તથા પ્રતાપચન્દ્રના સહવાસથી તેમ જ તેના શિક્ષણથી તે કેળવાયો હતો.

તરત જ પોતાની કામગીરી શી છે એ મોતીઆના લક્ષ્યમાં આવ્યું અને તે પગલાંના આકાર ઉપરથી આગળ વધવા લાગ્યો. આવી રીતે કેટલીક ન્હાની ગલીકુંચીઓ વટાવી એક મહોલ્લાના નાકા આગળના બંગલા પાસે મોતીઆની સાથે ગુલાબ જઇ પહોંચ્યો. મોતીઓ ત્યાં જ ઉભો રહી પુંછડી હલાવવા લાગ્યો.

એ બંગલાની આગલી બાજૂ મ્હોટા રસ્તા ઉપર હતી તથા બંગલાની આસપાસ એક ન્હાનો બાગ હતો. બંગલો ત્રણ માળનો હતો અને તેના ઉપલા માળપર જવાનો રસ્તો બ્હારથી જ હતો.

મોતીઆએ 'પત્તો લાગ્યો છે' એમ જણાવવાને પોતાની

પુછડી હલાવી તથા ગુલાબ તરફ તે અર્થપૂર્ણ દૃષ્ટિથી જોઇ રહ્યો. વચ્ચે વચ્ચે તે દાદરનાં પથીઆં તરફ દોડવા લાગ્યો.

ધીમેથી સાંકળ ખેંચીને ગુલાબે મોતીઆને તેમ કરતાં અટકાવ્યો તથા પોતે સ્વતઃ વિચાર્યું કેઃ—" છેવટે શિકારનો પત્તો લાગ્યો હોય એમ જણાય છે. દરવાજા ઉપર નામનું પાટીઉં પણ છે."

" જાહિરાત એજન્સી—નીચેનો મજલો."

" કૃષ્ણકાન્ત શર્મા—ખાનગી ડિટેકિટવ—બીજો મજલો.

" લીપ્ટન ટી એજન્સી—ત્રીજો મજલો."

પાટીઉં વાંચી ગુલાબે વિચાર્યુંઃ--"ખાનગી ડિટેકિટવ ?! અમારા ધંધાવાળો જ અમારો પ્રતિસ્પર્ધી છે કે શું ? અદ્યાપિપર્યંત આ શર્માનું નામ મ્હેં બિલ્કુલ સાંભળ્યું નથી. આ હકીકત મ્હારે પ્રતાપચંદ્રને અવશ્ય જણાવવી જોઇએ. કૃષ્ણકાન્ત શર્મા કોણ હશે ? મ્હારી પાસે આવેલો બદમાશ તો નહિ હોય ! તેણે જ પોતાની શકિતનો મ્હારા ઉપર પ્રયોગ કર્યો છે કે શું ? બીજે મજલે, કેમ ? હાં ઠીક, આગલી બારી પણ ઉઘાડી છે. એજ શર્માની ઑફિસ છે. અંદર દીવો બળે છે એટલે તે અંદર જ હોવો જોઇએ એમ લાગે છે. ઉપર જઇને હું તપાસ કરું ? ના, એવું સાહસ કરવાની પ્રતાપચંદ્રે સખ્ત મનાઇ કરી છે. હવે કેવી રીતે તપાસ કરવી ? ઠીક, ચિંતા નહિ ! "

રસ્તા ઉપર ગૅસના દીવાઓ પણ ઘણા ઊંચા આવેલા હતા. એ દીવા સળગાવનારો નિસરણી લઇને દીવા સળગાવવા આવતો હતો. તે ધીમે ધીમે છેક ગુલાબ પાસે આવી પહોંચ્યો. તેને પાસે આવેલો જોઇ ગુલાબે સહાનુભૂતિસૂચક કહ્યુંઃ—" હરિ હરિ ! આ દીવા સળગાવવાનો તને કંટાળો નથી આવતો ? સંધ્યાકાળ થઇ ગયો છે. લોકોએ પોતાનાં ઘરોમાં દીવા સળગાવ્યા છે; તો પણ હજી ત્હારું દીવા સળગાવવાનું કાર્ય ચાલ્યા જ કરે છે ! "

" શું કરું ભાઇ ? ઇન્સ્પેકટર વિચિત્ર સ્વભાવનો માણસ છે. ઘેર સ્ત્રી માંદી હોવાથી મ્હને આજે વિલંબ થયો છે. "

"ઠીક ત્યારે, તને હું આ દીવા સળગાવી આપું ? મ્હને દીવાઓ સળગાવવાનો ઘણો જ શૉખ છે !"

"તમને શૉખ છે ! ઘણી આશ્ચર્યજનક વાત ! સ્ત્રી, પુત્ર પરિવારનું પોષણ કરવા માટે જ હું આ ધંધો કરું છું. આવા કામનો તે વળી શૉખ કેવો ?!"

"સત્ય કહું છું કે આ કામનો મ્હને શૉખ છે. આ દીવા હું ફોકટ સળગાવી આપીશ. એટલું જ નહિ પરંતુ જો તું મ્હારો શૉખ પૂર્ણ કરવા દઇશ તો હું તને ઉલટો બે પૈસા આપીશ. હું પૈસા આપું તેની તું ચ્હા પી આવ, એટલામાં તો હું આ પાસેનો એક દીવો સળગાવી દઇશ."

"દીવો સળગાવવાનો શૉખ પાર પાડવા માટે તમે મ્હને બે પૈસા આપશો ! તમે ચક્રમચંદ્ર હો એમ જ મ્હને લાગે છે !"

"હા બાઇ હા, દીવા સળગાવવાની બાબતમાં હું એવો જ છું એમ કહું તો એમાં કાંઇ અતિશયોક્તિ જેવું નથી. તેમ કરવાથી મ્હને ઘણો જ આનંદ થાય છે. હું ફક્ત આ એક જ દીવો સળગાવીશ. વળી તને બે પૈસાને બદલે ત્રણ પૈસા આપીશ. ત્હારી સ્ત્રી બીમાર છે ને ? તેને માટે એક પૈસાનું દાડિમ લેતો જજે."

"તમને એક પણ દીવો સળગાવવા દેવો એ મ્યુનિસિપાલિટીના કાયદા વિરુદ્ધ છે. ઇન્સપેક્ટર કે કોઇ બીજો અધિકારી અત્રે એકાએક આવી પહોંચે તો મ્હારો રોટલો જાય; છતાં તમારી ઇચ્છા છે તો ફક્ત આ એક જ દીવો સળગાવો !"

ગૅસની બત્તીના થાંભલાને નિસરણી મૂકી ગુલાબ ઉપર ચઢયો. નિસરણી ઊંચી હોવાથી તે શર્માની ઑફિસનું સૂક્ષ્મદૃષ્ટિથી નિરીક્ષણ કરવા લાગ્યો. આ કાર્ય કરવા માટે જ દીવા સળગાવવાનું ઉપલક્ષ દર્શાવીને તે નિસરણીપર ચઢયો હતો. તેનું દીવો સળગાવવા તરફ દુર્લક્ષ્ય જોઇને પેલા ગરીબ નોકરે કહ્યું:—" ઓ મ્હોટા ભાઇ ! જલ્દીથી દીવો સળગાવો. કોઇ અમલદાર આવી પહોંચશે તો મ્હારા રામ રમી જશે."

દીવા સળગાવનારની વિનવણી તરફ ગુલાબનું બિલકુલ લક્ષ્ય નહોતું. તે તો શર્માની ઑફિસનું સંપૂર્ણ ધ્યાનથી દર્શન કરતો હતો. શર્માની ઑફિસમાં બે માણસો આ સમયે બેઠા હતા. એમાંના એકે આપણા ગુલાબની ખબર લીધી હતી. તેણે મ્હોટો ઑવરકોટ પહેર્યો હતો. બીજો માણસ પણ તેના જેવો જ બદમાશ જણાતો હતો; છતાં બન્નેનાં મુખમંડળમાં આસમાન જમીન જેટલો ફર્ક હતો. તે એક ખુરસી ઉપર બેઠો બેઠો કાંઇ વાંચતો હતો. 'સમાજસ્થિતિ ક્યારે સુધરશે ?' એ તાત્વિક ગ્રંથની હસ્તલિખિત પ્રત વાંચતાં વાંચતાં તેના મુખ ઉપર આનંદાવિર્ભાવ માલૂમ પડી આવતો હતો.

આ પ્રકારનું દિગ્દર્શન કર્યા પછી ચતુર ગુલાબ એકદમ નીચે ઉતર્યો તથા પેલા દીવા સળગાવનારના હાથમાં ત્રણ પૈસા મૂકીને તે બોલ્યોઃ—" ભાઈ ! મ્હારો શૉખ પૂર્ણ થયો છે. આ નિસરણી ઉપર ઊભા રહેવાથી જ મ્હને ઘણો આનંદ થયો છે. હવે ત્હારી ઇચ્છા હોય તો તું દીવા સળગાવ; સેવક વિદાય થાય છે. લે રામ રામ ! "

પછી મોતીઆને લઇ ગુલાબ હૉટેલમાં જઇ પહોંચ્યો. આ સમયે પ્રતાપ પોતાનાં કાર્યોથી નિવૃત્ત થઇ હૉટેલમાં આવી ગુલાબની રાહ જોતો હતો. ગુલાબ આવ્યો કે તરત જ તેણે પૂછ્યુંઃ—" વેશધારી સમાજસેવકનો પત્તો લાગ્યો કે ? "

" હા. " ગુલાબે પ્રત્યુત્તર આપ્યો.

" જો સાંભળ, એ માણસ જ ચોર છે. એ પુસ્તક તેનું નથી. ઠીક, એ ક્યાં રહે છે ? એનો પત્તો કેવી રીતે લાગ્યો ? "

ગુલાબે ઉત્તરમાં સઘળી હકીકત પ્રતાપચંદ્રને નિવેદન કરી.

" કૃષ્ણકાન્ત શર્મા ?! " પ્રતાપ સર્વ હકીકત સાંભળી રહ્યા પછી આશ્ચર્યથી બોલ્યોઃ—" આ નામ તો મ્હેં કદાપિ સાંભળ્યું નથી. ગુપ્તપોલિસનો ખાનગી વ્યવસાય કરનારા ઘણાખરાને તો હું ઓળખું છું. આ શર્મા કોણ છે અને ક્યાંનો છે તેની મ્હને લેશ પણ માહિતી નથી ચિંતા નહિ; વેશાંતર કરી તું મ્હારી સાથે ચાલ તથા મ્હને

એ શર્માની ઑફિસ બતાવ. ”

પાંચ મિનિટમાં જ વેશાંતર કરી તેઓ હૉટેલની બ્હાર નીકળી પડયા.

“ તમે તો અત્યારે બરાબર પંજાબી પહેલવાન જેવા દેખાઓ છો ! ” પ્રતાપના વેશ તરફ જોતાં ગુલાબે કહ્યું.

“ હા અલબત્ત ! શરાફ બજારમાં અમારી એક પેઢી લાંબી મુદતથી ચાલે છે. પેઢીનું કામ મ્હારો નાનો ભાઇ સુરજયસિંહ કરતો હતો. ધીમે ધીમે તેણે સટ્ટાનો ધંધો કરવા માંડયો. આ હકીકત મ્હારા જાણવામાં આવતાં મ્હેં તેને સખ્ત ઠપકો આપ્યો. મ્હેં તેને જે કાંઇ કહ્યું તે તેના કલ્યાણાર્થે જ કહ્યું હતું; કારણ કે સટ્ટો કરવાની લત ઘણી ખરાબ છે. મ્હારાં હિતવચનોનો સદ્‌બોધ નહિ સ્વીકારતાં ઉલટું ખોટું લગાડી તે ઘેરથી નાસી ગયો છે. જે દિવસથી તે જતો રહ્યો છે તે દિવસથી ઘરનાં માણસો મ્હારો જીવ ખાયા કરે છે. તેઓ કહે છે કે, ‘ એક ભાઇ છે તથા તે હજી ન્હાનો હોવાથી અજ્ઞાની કહેવાય. ભ્રમથી થોડા પૈસા ઉડાવ્યા તો તે તેથી શો દશ લાખનો ડલ્લો લૂંટાઇ ગયો છે ? ! ’ મ્હેં તેની ઘણી તપાસ કરી; પરંતુ તેનો પત્તો લાગ્યો નથી. દશ પંદર દિવસમાં જ તે પાછો આવશે એવી મ્હારી ધારણા હતી; પરંતુ આજે દોઢ મહિનો થયા છતાં તેનો પત્તો નથી. મ્હારી માએ મ્હને ગભરાવી નાખ્યો છે. આથી કરીને મ્હેં વિચાર્યું કે હવે સ્વસ્થ બેસી રહેવું યોગ્ય નથી. મ્હને પણ હવે તેને માટે ચિંતા થયા કરે છે. ભાઇ ભાઇનો પ્રેમ જ એવો છે. અત્રે કૃષ્ણકાન્ત શર્મા નામના કોઇ ખાનગી ગુપ્ત પોલિસના અમલદાર હમણાં જ આવ્યા છે. તેઓ ઘણા ચાલક તેમ જ નિપુણ છે; તેથી મ્હારા ગૂમ થયેલા ભાઇની શોધ કરવાનું કાર્ય તેમને સોંપવાનો મ્હારો વિચાર છે. આપણાથી બને તેટલી શોધ કરવી એ આપણી ફરજ છે. ” આમ કહી પ્રતાપે એક નિશ્વાસ મૂકયો.

“ અરેરે ! ” એક ગાઢ નિશ્વાસ મૂકી ગુલાબે કહ્યું. “ આપના ભાઇનો પત્તો હું જ મેળવી આપું તો ? ! તે મ્હારો વિશેષ પરિચયી છે,

કેમ નહી ?" આમ કહી ગુલાબે મૃદુહાસ્ય કરી પુનઃ કહ્યું:-"આ જ હકીકત શર્માને કહેવાનો આપનો વિચાર હોય એમ જણાય છે !"

"હા એવું જ કાંઇ પણ કહેવું જોઇએ. આ જ નિમિત્તથી શર્માની ઑફિસમાં પ્રવેશ કરવાનું સુગમ થઇ પડશે તથા તેની મુલાકાત લેવાશે ! ઠીક, જો ત્હેં જણાવ્યું તે સ્થળ પણ આવ્યું. જો પેલી શર્માની ઑફિસનું પાટીઉં ! તું આટલામાં ફર્યા કર. મ્હને કાંઇ વિશેષ વખત લાગવાનો નથી." આમ કહી પ્રતાપચંદ્રે શર્માની ઑફિસમાં પ્રવેશ કર્યો.

'પ્રતાપચંદ્ર હમણાં આવશે-હમણાં આવશે.' એમ વિચારતો ગુલાબ રસ્તા ઉપર ઊભો ઊભો તેની ઉત્કંઠાથી રાહ જોતો હતો. લગભગ અડધો કલાક વીતિ જવા આવ્યો; પણ પ્રતાપચંદ્ર પાછો ફર્યો નહિ તેથી ગુલાબે પાસે આવેલી એક હૉટેલમાં ચ્હા પી આવવાનો નિશ્ચય કર્યો તથા પોતાના નિશ્ચયાનુસાર તે ચ્હા પી આવ્યો. લગભગ ૪૫ મિનિટ વીતિ ગઇ; પરંતુ પ્રતાપચંદ્ર પાછો આવ્યો નહિ તેથી તેણે શર્માની ઑફિસમાં જવાનો વિચાર કર્યો; પરંતુ ત્યાં જવાથી કદાચ પ્રતાપચંદ્રના ભેદનો સ્ફોટ થઇ જાય અને ઉલટો તે સંકટમાં આવી પડે એવો વિચાર આવવાથી તે ત્યાં જ લટાર મારવા લાગ્યો.

પચાસ મિનિટ વીતિ ગયા પછી પ્રતાપચંદ્ર ઝડપથી નીચે આવ્યો.

"શું પરિણામ આવ્યું ? શિકારનો પત્તો લાગ્યો કે નહિ ? ગુલાબે અધીરતાથી પ્રશ્ન કર્યો.

"હમણાં મ્હને એક પણ પ્રશ્ન પૂછીશ નહિ. જલ્દી એક ભાડાની ગાડી લઇ આવ."

"કેમ શું થયું છે ?"

"ચુપ રહે ! હમણાં તો તું હું તને કહું તેમ કર."

ગુલાબ નાકા ઉપરથી એક ભાડાની ગાડી લઇ આવ્યો. જે સ્થળે જવાનું હતું તે સ્થળની ગાડીવાનને સૂચના કરી પ્રતાપચંદ્ર ગાડીમાં બેઠો. ગાડી ચાલતી થયા પછી ગુલાબે પૂછ્યું:-"ક્યાં જવાનું છે?"

"પ્રૉ૦ ગજજરની ટાઇપ રાઇટીંગ કંપનીમાં."

"શા માટે?" ગુલાબે પુનઃ પ્રશ્ન કર્યો.

"તે તને યથાસમયે સમજાશે."

"યથાસમયે નહિ; મ્હને હમણાં જ કહો. મ્હારી જીજ્ઞાસા એટલી બધી વધી ગઇ છે કે હવે હું એક ક્ષણ માટે પણ ધીરજ ધારણ કરી શકતો નથી. બદમાશ શર્માની સાથે મુલાકાત થઇ કે?"

"હા, એટલું જ નહિ પણ મ્હેં તેને ઓળખ્યો સુદ્ધાં!"

"પરંતુ આપ તો કહેતા હતા ને કે 'હું તેને બિલ્કુલ ઓળખતો નથી!"

"હા, મ્હારું કહેવું કાંઇ ખોટું નહોતું. દશ વર્ષ પૂર્વે પણ એ લુચ્ચો આ જ ધંધો કરતો હતો. તે વખતે તેનું નામ જુદું હતું. પછી એક જણને ફસાવવાના અપરાધ માટે તેને સાત વર્ષની કેદની સજા થઇ હતી. એ થોડા જ સમયથી શ્રીઘરમાંથી મુક્ત થઇને આવેલો જણાય છે. હવે તેણે નવા નામથી કાર્ય ચલાવવા માંડ્યું છે."

"ત્યારે શું એ વગર ભાડાની કોટડીમાં પણ વાસ કરી આવ્યો છે કે?"

"અરે! એ તો ચીનનો શાહુકાર અને દિલ્હીનો ઠગ છે!"

"ત્યારે બીજો પેલો લઠ્ઠભારતી કે જેણે મ્હારી ખબર લીધી હતી તે ત્યાં હતો કે?"

"હા, તે તો અંદરની રૂમમાં બેસી રહ્યો હતો. એ શર્માનો સાથીદાર હોય એમ જણાય છે!"

"શર્માની માફક એ પણ લુચ્ચો જ હોવો જોઇએ!"

"એમાં શો શક?"

"હં, પણ પેલા હસ્તલિખિત ગ્રંથનું શું થયું?"

"તેનો પત્તો લાગ્યો છે; મ્હારી નજરે પણ તે ગ્રંથ પડ્યો છે. શર્માએ કેટલાક કાગળો તપાસવા પોતાની પેટી ઉઘાડી હતી. તે વખતે મ્હેં એ ગ્રંથ જોઇ લીધો હતો. સમય સાધીને એ પેટીની ચાવી

ઉપરની છાપ તથા ચાવીનો ઘાટ હું જોઇ આવ્યો છું."

"ત્યારે હવે શું કરવાનો વિચાર છે?"

"એક દુઃખી કુટુંબના હિતાર્થે, આપણે આજે ઘરફાડુનો ધંધો કરવાનો છે."

"શર્માની પેટી તોડવાનો કે?"

"હા, અને તે પણ જેમ બને તેમ જલ્દીથી."

"શું તે હસ્તલિખિત પ્રત ચોરી લેવાનો આપનો વિચાર છે?"

"હા, અને તે ફક્ત બે કલાક માટે જ"

"આપ શું કહો છો તે હું સમજી શકતો નથી."

"જો સાંભળ, તે હસ્તલિખિત પ્રત સદાને માટે આપણે ચોરી લઇશું તો શર્માને સંશય આવશે. આપણે મનમાં જેમ તેને માટે સંશય ઉત્પન્ન થયો છે તેમ આપણા માટે તેને સંશય ઉપજવો જોઇએ નહિ. તેણે આ હસ્તલિખિત પ્રતનું બંડલ બીજા કોઇ માટે મેળવ્યું છે એવી મ્હને મળેલી બાતમી ઉપરથી હું કલ્પના કરી શકું છું તથા પેલો બીજો માણસ કોણ છે તે આપણે શોધી કાઢવાનું છે."

"ત્યારે એ ગ્રંથ ચોરવાની આપણને શી જરૂર છે?"

"આપણને એ ગ્રંથની ફકત બે ત્રણ કલાકને માટે જ જરૂર છે; તેની બે ત્રણ પતો ટાઇપ રાઇટ કરાવી લેવાની છે."

"પરંતુ એ પુસ્તક કાંઇ ન્હાનું છે કે? તેની બે ત્રણ કોપી ટાઇપ રાઇટ કરતાં કેટલો બધો વખત જશે?"

"મ્હેં જે વિચાર કર્યો છે તે પ્રમાણે વર્તવાથી આ કાર્ય બે અઢી કલાકમાં પૂર્ણ થઇ જશે. ગુલાબ! જો, આ પ્રૉફેસર ગજ્જરની ઑફિસ આવી." બન્ને ગાડીમાંથી ઉતરી તરત જ ઑફિસમાં ગયા.

"ઘણું આવશ્યક કાર્ય છે તેથી પ્રૉફેસર સાહેબને હમણાં જ મળવું છે." પ્રતાપચંદ્રે ઑફિસના કારકુનને કહ્યું.

એક મિનીટમાં તો તે કારકુન પ્રતાપચંદ્રને પ્રૉફેસર પાસે લઇ ગયો અને પછી તે પાછો ફર્યો.

"કેમ, આપે મ્હને ઓળખ્યો નહિ કે? આ બનાવટી દાઢી મુછો જોઈ કદાચ આપ ઘોટાળામાં પડ્યા હશો!"

"કોણ પ્રતાપચંદ્ર કે? પહેલાં તો મ્હેં આપને ઓળખ્યા નહોતા જ! પરંતુ આપનો કંઠસ્વર સાંભળી હું આપને ઓળખી શક્યો છું. વળી આવા વેશમાં આપને પિછાની શકવાનું કાર્ય ઘણું અશક્ય છે! ઠીક, એકાએક કેમ આવવું પડ્યું?"

"મ્હારે એક હસ્તલિખિત પ્રતની ત્રણ નકલો કરાવવાની છે. લગભગ સાઠેક હજાર શબ્દો હશે."

"કરી આપીશું."

"કાર્ય ઘણી ઝડપથી થવું જોઇએ; ફક્ત બે કલાકમાં જ."

"ઠીક, ઝડપથી કરી આપીશું; પણ—"

"બની શકે તેટલી ઝડપ કરવી જ જોઇએ. આવતી કાલે રાત્રે આપ આપના વીસ કલાર્કોને કામ ઉપર હાજર રાખજો. રાત્રે અગીઆર વાગ્યે તેમને હાજર થવાની સૂચના આપજો. એ સમય દરમ્યાન હું હસ્તલિખિત પ્રત આપી જઇશ. ચાર્જ ઇચ્છા હોય તેટલો કરજો. ગમે તો બમણા પૈસા લેજો; પરંતુ વખતસર કાર્ય પૂર્ણ થવું જ જોઇએ. બે કલાકમાં થશે કે નહિ?"

"થવાને શી હરકત છે? અમારે કરવું જ જોઇએ. આપના જેવા જુના ગ્રાહકને ના કહેવાય?"

"ઠીક, ત્યારે હું રજા લઉં છું." આમ કહી પ્રૉફેસર સાથે કરમર્દન કરી પ્રતાપચંદ્ર ગુલાબ સાથે ચાલ્યો ગયો.

પ્રકરણ ૨૪ મું.

વિનોદ અને શ્રીકાન્ત.

સૂર્યદેવતા પશ્ચિમ દિગ્વધૂને સ્નેહાલિંગન કરવા પશ્ચિમાકાશમાં નમી પડ્યા છે. સંધ્યાદેવી ધીમે ધીમે વસુંધરાપર અવતીર્ણ થાય છે. વાયુ શીતળતા સમર્પણ કરે છે. પક્ષીઓ

શાંતિથી સુનીલ અનંત આકાશસમુદ્રમાં પોતાના ટોળાસહ નિવાસસ્થાન તરફ ચાલ્યાં જાય છે. જોતજોતાંમાં પશ્ચિમાકાશ રંગબેરંગી બની ગયું.

બાળક શ્રીકાન્ત છજામાં બેઠો બેઠો વિનોદિની સાથે આનંદવિનોદ કરે છે. ભગવતી નવદુર્ગા સંધ્યા સમયની પૂજામાં પ્રવૃત્ત થયેલી છે. યોગેશ્વર હજી ઘેર આવ્યો નથી.

શ્રીકાન્તે વિનોદને પૂછ્યું:—"માશી, દાદીમાની માફક તમે ઈશ્વર-ભક્તિ કેમ કરતાં નથી? શું માણસ મ્હોટું થાય ત્યારે જ ઈશ્વરભક્તિ કરે કે?!"

"ભાઈ! દાદીમા આપણા જેવાં મનુષ્ય નથી; તેઓ તો સ્વર્ગનાં દેવી છે."

"ત્યારે શું દાદીમા દેવી છે તેથી જ ઇશ્વરપૂજા કરે છે?"

"હા, પાપી મનુષ્યોને ઇશ્વરભક્તિ કરવાનો અધિકાર નથી. પ્રભુ તેમની ભક્તિ સ્વીકારતો નથી."

"ત્યારે માશી શું તમે પાપી છો? મ્હારા પિતા પાપી છે? ના—ના, તમે ખોટું બોલો છો!"

વિનોદને શો પ્રત્યુત્તર આપવો તે સુઝયું નહિ. તેને પોતાના આપેલા ઉત્તર માટે પશ્ચાત્તાપ થવા લાગ્યો. એકાએક તેનાં નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવ્યું. શ્રીકાન્ત સમજી ગયો કે તેના આ પ્રશ્નથી તેની માશીને ખોટું લાગ્યું છે; તેથી તેણે કહ્યું:—"માશી, એ તો ઠીક પરંતુ તમે તો પહેલાં મ્હારા પિતા સાથે બોલતાં નહોતાં. તમે કહેતાં હતાં કે એ વાઘ છે, તેમના કાન વાંકા છે, તેઓ બ્હેરા છે. ત્યારે હવે તમે વાઘનાથી કેમ બ્હીતાં નથી? હવે કહો જોઇએ કે તમે તે દિવસે જૂઠું બોલ્યાં હતાં ને?!"

"ભાઇ! ત્હારા પિતા પહેલાં વાઘ હતા; પરંતુ હવે બકરી થયા છે!"

"જાઓ—જાઓ, તમે તો બધું અસત્ય બોલો છો. હું તમારી કોઈ પણ વાત હવે માનું નહિ તો! હું મ્હારી બાને કાગળ લખવાનો

છું, તેમાં લખીશ કે વિનુ માશીએ હજી અસત્ય બોલવાની ટેવ છોડી નથી ! "

" ના ના, એવું ન લખીએ હોં ભાઈ! હવેથી હું અસત્ય નહિ બોલું; પરંતુ તું ત્હારી બાને કાગળ લખે છે કે શું ? "

" હા, દાદીમા કહે છે તે દિવસે હું કાગળ લખું છું. આવતી કાલે એક કાગળ લખવાનો છું."

" વાહ ! ત્યારે તું પણ ત્હારા પિતાની માફક મ્હોટો અમલદાર બનવાનો છે કે શું ?"

" હા માશી, જુઓને હું હમણાં અંગ્રેજી પહેલી ભણું છું. આ પરીક્ષામાં પાસ થઇશ કે સેકન્ડમાં જઇશ. પછી ચાર પાંચ વર્ષમાં તો હું ભણીગણીને મ્હોટો જબરો અમલદાર થઇશ અમલદાર, સમજ્યાં કે ?" શ્રીકાન્તે રુઆબમાં જ કહ્યું.

"વાહ ! અમલદાર થશો એટલે તો પછી તમારામાં શી ખામી રહેવાની ?!" વિનોદે સ્મિત કરતાં કરતાં કહ્યું:—"પછી તો તમારે માટે એક રાણીસાહેબ લાવવાં પડશે કેમ ભાઈ ?"

શ્રીકાન્ત હસી પડયો. તેણે કહ્યું:—"માશી, એ રાણીબાણીની વાત નહિ કરવી; કારણ કે અમારા માસ્તર સાહેબ કહે છે કે બ્રહ્મચર્ય પાળવાથી માણુસની બુદ્ધિ વધે છે, તે સારાં કાર્યો કરી શકે છે અને પોતાની સકળ ઇચ્છાઓ પરિપૂર્ણ કરી શકે છે. ઓ માશી, તમે મહાભારતમાં નથી વાંચ્યું કે, ભીષ્મપિતાએ પોતાની આખી જીંદગી સૂધી બ્રહ્મચર્ય પાળ્યું હતું ? "

શ્રીકાન્તનું જ્ઞાન જોઈ વિનોદને ઘણું આશ્ચર્ય લાગ્યું. તેણે તેને પોતાના વક્ષઃસ્થળ સાથે ચાંપી તેના અધરોષ્ઠપર ઘણાં ચુંબન કર્યાં.

સમજ—સમજ, ઓ વિષયવાસનાને વશીભૂત થયેલી વિનોદ ! સમજ; બ્રહ્મચર્યનો અલૌકિક પાઠ તું આ બાળરાજા પાસેથી સમજ !

પ્રકરણ ૨૫ મું.

પ્રતાપની અદ્‌ભુત યુક્તિ.

પ્રૉફેસરને મળી આવ્યા પછી બીજે દિવસે મધ્યાન્હકાળે ભોજન લઈ પ્રતાપચંદ્ર લુહારને ત્યાં જઈ એક કુંચી તૈયાર કરાવી લાવ્યો. કુંચીનો નમુનો ઘણો જ સાદો હતો તેથી તૈયાર થતાં વિશેષ વખત લાગ્યો નહિ.

" શર્માની ઑફિસમાંની પેટી ઉઘાડવાનો આપે નિશ્ચય તો કર્યો, પરંતુ એ કાર્ય કેટલું બધું ગંભીર છે તેનો કાંઇ વિચાર કર્યો છે કે?" ગુલાબે ગંભીર મુખમુદ્રાથી કહ્યું.

" ગંભીર તો છે જ અને તેથી કરીને જ એ કાર્યનો ઘણો ભાર હું ત્હારાપર મૂકવાનો છું."

"વાહ ! ત્યારે તો આ ક્ષણે જ મ્હારું રાજીનામું સ્વીકારો. મ્હને આવી નોકરીની જરૂર નથી."

"ખરેખર તું મૂર્ખ છે. રાજીનામું કેમ આપે છે? હું કહું તે પ્રમાણે કરીશ તો તને લેશ માત્ર અડચણ પડનાર નથી. તું ઘણી સહેલાઇથી એ કાર્ય પાર પાડી શકીશ."

"પરંતુ ત્યાં પ્રવેશ કેવી રીતે કરી શકાશે?"

" શર્માની ઑફિસમાં પ્રવેશ કરવાનું કાર્ય કાંઇક કઠિન છે ખરું. નીચે દ્વાર આગળ એક પેન્શનર પોલિસ સિપાહી રહે છે; તે ત્યાં જ સુઇ જાય છે."

"ત્યારે તો તે રિવૉલ્વર પોતાની પાસે રાખતો હશે અને વિશેષમાં આપણા મોતીઆ જેવા બે ચાર કુતરાઓ પણ તેની પાસે હશે!"

" એ સંબંધી ત્હારે બિલ્કુલ ચિંતા રાખવાની જરૂર નથી."

" ગમે તેમ હોય પરંતુ આ કાર્ય ઘણું જોખમભરેલું છે, મ્હા-

રાથી તે પાર પડવું ઘણું કઠિન છે. ”

“ અત્યારથી તું વિના કારણ ગભરાઈશ નહિ. ત્હારે ફક્ત પેટી ઉઘાડી તેમાંથી એ ગ્રંથનું બંડલ કાઢવાનું છે. બીજું બધું હું કરીશ. ”

“ જો સઘળું કાર્ય આપ કરશો તો મ્હને ખોટું લાગનાર નથી ! ”

“ પરંતુ ત્હારી મદદની જરૂર છે. ”

“ ઠીક ત્યારે, સેવકનો કાંઇ છુટકો છે ? ”

એ દિવસે રાત્રે દશ વાગ્યે એક ચિંતાતુર મુખમુદ્રાવાળો ભંગીઓ હાથમાં ઝાડુ લઇ કૃષ્ણકાન્ત શર્માની ઑફિસ જે મકાનમાં હતી તે મકાનની આજૂબાજૂ ફરતો હતો; છેવટે તે એ મકાનના પ્રવેશદ્વાર આગળ ઉભેલા પેન્શનર સિપાહી પાસે ગયો તથા કહ્યું:—“ જમાદાર સાહેબ ! પેલી ઉપરની મોરી સાફ કરવાની છે. ” આમ કહી એ ભંગીઆએ માથા ઉપરનો ટોપલો નીચે મૂક્યો.

“ આટલી મોડી રાત્રે ! કોની મોરી ? ”

“ કો......ની......! ” ભંગીઓ માથું ખંજવાળતાં યાદ કરતો હોય તેવી રીતે બોલ્યો: “ કરસન—હા એવું જ કાંઇ અટપટું નામ છે. ”

“ કરસન કોણ ? ” સિપાહીએ ચ્હીડાઇને પૂછ્યું.

“ મ્હને ચોક્કસ ખબર નથી; પરંતુ મુકાદમ સાહેબે આ જ ગલીના નાકા ઉપર કહ્યું હતું. મ્હારા ભાઇને કહી મુકાદમ સાહેબ ચાલ્યા ગયા હતા. શું કરું ? ભાઇને નામ યાદ રહ્યું નહિ. કામ તો થવું જ જોઇએ, નહિ તો મુકાદમ સાહેબ નોકરી ઉપરથી કાઢી મૂકે ! ”

“ અહીં તો કોઇની મોરી સાફ કરવાની નથી; સાફ કરવાની હોત તો તેની મ્હને ખબર હોત. ”

“ હવે શું કરવું ? ટોપલો અને ઝાડુ ઠેઠ ઘેરથી એટલે લગભગ એક ગાઉથી અહીં સુધી લાવ્યો ત્યારે ઘરનું ઠેકાણું પડતું નથી. મ્હારું નસીબ જ ચાર ડગલાં આગળનું આગળ છે. ઘર તો આ

ગલીના નાકા ઉપર છે એવી મ્હને ચોક્કસ ખબર છે. નામ પણ કરસન જેવું જ કાંઇક છે. સાહેબ ! મહેરબાની કરી મ્હારું એક કામ કરશો ? "

" શું કામ છે ? " સિપાહીએ રુઆબમાં જ પ્રશ્ન કર્યો.

સિપાહીની મુખમુદ્રા ઉપરથી ઝાડુવાળો સમજી ગયો કે તે પોતાના ઉપર રીઝ્યો છે તેથી તે નમ્રતાપૂર્વક કહેવા લાગ્યોઃ–" મ્હને ફક્ત આ ટોપલો અને ઝાડુ સ્હવાર સુધી અહીં મુકી જવા દો. હું મળસ્કે જ આવીને લઇ જઇશ. વળી તે વખતે મુકાદમ સાહેબ પાસેથી ચોક્કસ ઠેકાણું પણ લેતો આવીશ."

એ બીચારા વૃદ્ધ સિપાહીને અદ્યાપિપર્યંત કોઇ માર્મિક વ્યક્તિ મળી નહોતી; તેથી તે ભોળવાઇ જઇ કહેવા લાગ્યોઃ–" ઠીક, ત્હારો સામાન જુના દાદરની પાછળ બેલાશક મૂકી જા."

" ગરીબ ઉપર ઘણી જ મેહેરબાની કરી સાહેબ! " એમ કહી ભંગીઆએ અંદર જઇ પોતાનો ટોપલો તથા ઝાડુ દાદર પાછળ મૂકયાં તથા બ્હાર આવીને પૂછ્યું:-" આપના શેઠ કેટલા વાગ્યે ઉઠે છે ? "

" સ્હવારે છ સાડા છ વાગ્યે. "

" બહુ સારું; હું સ્હવારમાં વ્હેલો ઉઠું છું. આપનો મ્હારા ઉપર ઘણો જ ઉપકાર થયો છે સાહેબ ! " આમ ભંગીઓ વિદાય થયો.

" બીચારો ઘણો જ ભોળો અને ગરીબ જણાય છે !" સિપાહી સ્વતઃ વિચારવા લાગ્યો, " હવે દરવાજો બંધ કરી સૂવા જવાને શી હરકત છે ? હવે કોઇ આવે એમ જણાતું નથી. "

આ પ્રમાણે વિચારી તે છેક ઉપરના મજલે ગયો ત્યાં તેની હમ્મેશાં સૂઇ રહેવાની જગ્યા હતી.

આ હકીકત ઉપરથી વાંચકોના ધ્યાનમાં આવ્યું હશે કે એ ભંગી તે બીજો કોઇ નહિ; પરંતુ પ્રતાપચંદ્ર જ હતો. તેણે એ ટોપલાની અંદર ગુલાબને છુપાવી રાખ્યો હતો. પોતાનું કાર્ય કેટલાક

અંશે સફળ થયેલું સમજી આનંદથી થોડે દૂર જઇ તે લટાર મારવા લાગ્યો.

સિપાહીને સૂવા ગયાને આશરે અડધોએક કલાક થયો હશે કે ગુલાબ ટોપલામાંથી બ્હાર નીકળ્યો. તેણે ચોતરફ કાન દીધા; પરંતુ સર્વત્ર શાંતિ જ માલૂમ પડી આવી. ત્યાર પછી તે ચોરની માફક ધીમે પગલે દાદર ચઢવા લાગ્યો. ઉપર જઇ તેણે પ્રતાપચંદ્રે પ્રથમથી કરેલી સૂચનાનુસાર જમણી બાજૂનું દ્વાર ઉઘાડ્યું તથા સહેલાઇથી શર્માની ઑફિસમાં પ્રવેશ કર્યો.

ખીસ્સામાંથી ચોર ફાનસ કાઢી ગુલાબે દિવાનખાનાનું સૂક્ષ્મદૃષ્ટિથી નિરીક્ષણ કર્યું એટલે પ્રતાપચંદ્રે જણાવેલી પેટી પણ તેની નજરે પડી.

તરત જ પેટી માટે તૈયાર કરવવામાં આવેલી કુંચી ગુલાબે પોતાના ખીસ્સામાંથી બ્હાર કાઢી તથા તેને કળમાં બેસાડી પેટી ઉઘાડી. પેટી ઉઘાડતાંની સાથે જ ગુલાબની એક બંડલ ઉપર નજર પડી. તરત જ તેણે તે બંડલ ઓળખ્યું.

એ બંડલની અંદર 'સમાજસ્થિતિ ક્યારે સુધરશે?' એ પુસ્તકની હસ્તલિખિત પ્રત હતી. એ બંડલને તેણે એક રુમાલની અંદર બાંધ્યું. બંડલ બાંધી તેની સાથે એક દોરી પણ બાંધી તથા તે છજા પાસે આવેલા દ્વાર પાસે ગયો. ઘણી જ સાવચેતીથી તેણે રસ્તા તરફ એક વખત નજર કરી તથા દ્વાર પુનઃ બંધ કર્યું.

બ્હાર રસ્તા ઉપર પ્રતાપચંદ્ર લટાર માર્યા કરતો હતો; પરંતુ તેનું ધ્યાન શર્માની ઑફિસ તરફ જ હતું. પ્રતાપચંદ્રનો પોષાક અત્યારે કોઈ ભીખારીને પણ ધૃણા ઉપજાવે એવો હતો તથા તે દારુડીઆની માફક લથડીઆં ખાતો હતો. ધીમે ધીમે તે શર્માની ઑફિસ નીચે આવ્યો તથા દિવાલને અઢેલી છેક નીચે છુપાઇ બેઠો.

એટલામાં પુનઃ શર્માની ઑફિસના છજાનું દ્વાર ઉઘડ્યું; પરંતુ આ વખતે તે નહિ જેવું જ ઉઘડ્યું; ફક્ત પેલું બંડલ તેમાંથી બાહાર નીકળી શકે તેમ હતું. પ્રતાપનું ધ્યાન પણ બંડલ તરફ

હતું. બંડલ નીચે આવતાં જ તેણે દોરીથી તેને છોડી નાખ્યું. ઉપરથી ગુલાબે દોરી ખેંચી લીધી. પ્રતાપચંદ્ર તે બંડલને પોતાનાં વસ્ત્રોમાં છુપાવી ચાલી નીકળ્યો તથા થોડે દૂર ગયા પછી એક ગાડી ભાડે કરી ગાડીવાનને ગાડી પ્રૉ૦ ગજ્જરની ટાઇપ રાઇટીંગ કંપની તરફ લઇ જવા સૂચના કરી. ગાડીમાં જ પ્રતાપચંદ્રે પોતાનો ભિખારીના જેવો વેશ બદલી નાખ્યો.

અગીઆર વાગી ગયા હતા. રસ્તા ઉપર ક્વચિત્ જ કોઇ જતું આવતું માલમ પડતું હતું. ગાડી પંદર મિનિટમાં જ પ્રૉ૦ ગજ્જરની ઑફિસ આગળ જઇ પહોંચી.

ગાડીવાળાને ઉભા રહેવાની સૂચના કરી પ્રતાપ પ્રૉ૦ ગજ્જરની ઑફિસમાં ગયો તથા તેમના હાથમાં તેણે પેલી હસ્તલિખિત પ્રત આપતાં કહ્યું."–પ્રૉફેસર સાહેબ! લ્યો આ કૉપીઓ. લગભગ સાઠેક હજાર ઉપર શબ્દો હશે! તેના વીસ ભાગ કરો એટલે ઠીક થશે. તમે વીસ કલાર્કો બોલાવ્યા છે ને?" પ્રૉફેસર સાહેબે ઉત્તરમાં સંમતિ દર્શાવી.

પ્રતના ભાગ પાડવાનું કાર્ય પાંચ મિનિટમાં જ પૂર્ણ થયું. એમ થતાં સઘળા કલાર્કો પોતાને કામે લાગી ગયા.

રાત્રિનો વખત, ત્રણ ત્રણ હજાર શબ્દોની કૉપીઓ લઇને બેઠેલા વીસ કલાર્કો, ટાઈપોનાં બટનો દાબતાં તેમની આંગળીઓની ઉડતી ધાંધળ, તે વીસ યંત્રોનો 'ટક્ ટક્' અવાજ, રાત્રિ વિશેષ વ્યતીત થઇ ગયેલી હોવાથી ઝડપથી કાર્ય કરી નાખવાની ઉત્કંઠા ધરાવનારા વીસ કલાર્કોના ચહેરા વગેરે દેખાવ ઘણો જોવા લાયક હતો.

માત્ર દોઢ કલાકમાં જ સર્વ કાર્ય સંપૂર્ણ થઇ ગયું. 'સમાજ સ્થિતિ ક્યારે સુધરશે?' એ પુસ્તકના લખેલા ભાગની ત્રણ નકલો તૈયાર થઇ. કાર્ય ત્વરાથી પૂર્ણ કરવા માટે પ્રૉફેસર સાહેબનો યોગ્ય શબ્દોદ્વારા આભાર માની, તૈયાર થયેલી નકલો ખીસ્સામાં મૂકી, બિલ ચુકવ્યા ઉપરાંત બક્ષિસ તરીકે એક દશ રૂપીઆની નોટ પ્રૉફેસર સા-

હેબના હાથમાં મૂકી પ્રતાપચંદ્ર નીચે ઉતર્યો. ગાડી નીચે ઉભી જ હતી, તેમાં બેસી તે પુનઃ શર્માની ઑફિસ તરફ વળ્યો.

થોડા સમય પછી તે જ્યારે ગાડીમાંથી ઉતર્યો ત્યારે તે એક નશાબાજ ભિખારી જેવો જણાતો હતો. રસ્તે લથડતો લથડતો તે શર્માની ઑફિસના નીચેના ભાગ આગળ ગયો તથા તેણે ધીમેથી ખોંખારો કર્યો. તરત જ શર્માની ઑફિસના છજાનું દ્વાર ઉઘડ્યું અને એક દોરી નીચે આવી.

પ્રતાપચંદ્રે તે દોરી સાથે પુનઃ એ બંડલ બાંધી દીધું. તરત જ તે દોરી ઉપર ખેંચાઇ ગઇ. પ્રતાપચંદ્રે ત્યાંથી ઉપડી જતાં અગાઉ ગુલાબને પોતાની આંગળીનો સંકેત કર્યો. ગુલાબે પણ સંકેતદ્વારા પ્રત્યુત્તર આપ્યો. દ્વાર પુનઃ બંધ થયું.

શર્માની પેટીમાં તે બંડલ પુનઃ જેમ હતું તેમ જ મૂકવામ આવ્યું અને ગુલાબ પાછો ટોપલામાં ભરાઇ બેઠો.

બરાબર સ્હવારે પાંચ વાગ્યે ભંગીઓ આવ્યો તથા પેલો પેન્શનર સિપાહી કે જે પ્રાતઃકાળે ઉઠી યથાસ્થળે હાજર થયો હતો તેને સંબોધીને તેણે કહ્યું:–" જમાદાર સાહેબ ! મ્હને વિના કારણ મહેનત પડી અને આપને પણ વિના કારણ ત્રાસ વેઠવો પડયો ! રામકરસન નામના માણસની મોરી સાફ કરવાની હતી. તેઓ પાસેની ગલીમાં જ રહે છે. આપનો ઉપકાર હું કદાપિ વિસરનાર નથી ! "

ત્યાર પછી અંદર જઇ ટોપલો માથે મૂકી, હાથમાં ઝાડુ લઇ પ્રતાપચંદ્ર ફરીથી એ સિપાહીને સલામ કરી પલાયન કરી ગયો.

હૉટેલમાં પહોંચ્યા પછી ગુલાબે કહ્યું:–" આ કાર્ય ઘણી જ ચાલાકીથી પાર પાડયું છે. મ્હને તો કાલે સમસ્ત રાત્રિનો ઉજાગરો કરવો પડયો છે. હું તો હવે કુંભકર્ણની માફક ઘોરવાનો છું ! " આમ કહી તે શય્યાવશ થયો.

પ્રકરણ ૨૬ મું.

સંશયનો સંચાર.

બંસરીબાલાને પિયરમાં ગયાને લગભગ એક માસ થવા આવ્યો છે; પરંતુ એ સમય દરમ્યાન યોગેશ્વરે તેના ઉપર એક પણ પત્ર લખ્યો નથી. તે બીચારીને પતિનો પોતાના ઉપર વિરાગ થયાની પૂર્ણ ખાત્રી થઇ ચુકી છે. તેની માતા યમુના ઘણી જ ચતુર સ્ત્રી હોઇ તેણે પુત્રીના ચિંતાતુર રહેતા મુખમંડળપરથી તેમ જ યોગેશ્વરની બેદરકારી ઉપરથી પોતાના મન સાથે એક ચોક્કસ કલ્પના કરી લીધી.

રાત્રિના લગભગ દશેક વાગી ગયા છે. બંસરીબાલા પોતાના બાળકને લઇ નિદ્રિતા થઇ ગઇ છે. યમુના તથા ગિરીશચંદ્ર પોતાના શયનગૃહમાં બેઠા છે. એકાએક યમુનાએ વાત કાઢીઃ–"તમે વિનોદને એકલીને ત્યાં શામાટે રહેવા દીધી ? આપણી બંસરી સાથે તેને પણ અહીં તેડી લાવવાની જરૂર હતી."

ગિરીશચંદ્રે કહ્યુંઃ–"તેને તેડવા માણસ મોકલીશું તો તે આવશે જ. મ્હેં તેને જાણી જોઇને જ ત્યાં રાખી છે; કારણ કે વહેવાણની પાસે એક માણસ જોઇએ જ. વળી તેઓ એકલાં ગૃહસંસારનું સઘળું કામકાજ કરી શ્રીકાન્તને કેવી રીતે સાચવી શકે ? મ્હેં તેમની સગવડતા સાચવવા માટે જ વિનોદને ત્યાં રહેવા દીધી છે. એથી શું ખોટું થયું છે ?"

"થવાનું શું હતું તે તમે ક્યાંથી જાણો ? વહેવાણના ઉપર દયા કરીને દીકરીને દુઃખના દરિયામાં ડૂબાવી દીધી."

"ત્હારું મન આટલું બધું શંકાશીલ કેમ છે ? યોગેશ્વરનું ચારિત્ર્ય કાંઇ ખરાબ નથી."

"જો તેમ ન હોય તો આખા માસમાં તેમનો એક પણ

પત્ર કેમ ન આવ્યો ? વિવાહ પ્રસંગે તો તે જ જમાઇ બીજે ને ત્રીજે દિવસે પત્ર લખતા હતા. તેઓ હવે એક એક માસ સુધી ચુપ કેમ રહે છે ? વળી વિનોદને એકલીને ત્યાં શાથી ગમે છે ?"

" શું એ સત્ય છે ? યોગેશ્વર તેમ જ વિનોદ તરફથી પત્ર આવતો નથી એ હકીકત મ્હને અત્યાર સુધી કેમ જણાવી નહિ ? એમ છતાં પણ યોગેશ્વર ડાહ્યા છે. વિનોદ પણ કાંઇ એટલી બધી મૂર્ખ નથી. ત્હારી ધારણા અસંભવિત છે ! વહેવાણ ઘણાં સુચતુર છે !"

" જમાઇ સારું માણસ છે એ સત્ય છે; પરંતુ તે યુવાન છે. ખાય છે, પીએ છે અને નોકરી કરે છે. આજકાલના ઘણાખરા પાશ્ચાત્યજ્ઞાનમંડિત યુવકોને ધર્માધર્મનું જ્ઞાન હોતું નથી. વળી આપણાં વહેવાણ બીચારાં એકમાર્ગી છે. તેમને બીજી દિશાનું જ્ઞાન નથી. તેઓ તો રાત્રિ દિવસ ઇશ્વરાધના જ કર્યા કરે છે. વળી પુત્રીનું મ્હોં હમણાં કેવું વિચારશીલ તથા ચિંતાતુર દેખાય છે તેની તમને ખબર છે કે ?"

" તું ભૂલે છે. વિનોદ સારાસારનો વિચાર કરી શકે તેમ છે."

" અરેરે ! તમે હમ્મેશાં ભોળા જ રહેવાના ! વિનોદ બાળવિધવા છે, તે નવયુવતી છે. તેની ભાવનાઓનો હજી નાશ થયો નથી. વિનોદને આપણી બંસરીબાલાની સગવડ સાચવવા માટે જ બોલાવવામાં આવી હતી તેથી વહેવાણે પણ તેને તેની સાથે વિદાય કરવી જોઇતી હતી. વળી વિનોદ અને યોગેશ્વર બંસરીબાલાના અત્રે આવવાથી એકબીજાનાં વિશેષ સહવાસમાં આવશે. તેઓ સાથે જમે, બેસે, ઊઠે અને રહે તો તેથી શું પરિણામ આવે તેનો કાંઇ વિચાર કર્યો ? અગ્નિ પાસે ઘી ક્યાં સુધી ટકી શકે ? બીચારી બંસરી કાંઇ કહેતી નથી તો પણ હું સઘળું સમજી ગઇ છું. તેના સુખમય સંસારમાં અશાન્તિનો અગ્નિ સળગવા લાગ્યો છે."

ગિરીશચંદ્રને હવે જ્ઞાન ઉપજ્યું. ગૃહિણીની કથા તેને કાંઇક વાસ્તવિક લાગી. તેણે ગંભીર ભાવ ધારણ કરી કહ્યું:—" હરિ હરિ ! વે શો ઉપાય ? બંસરીબાલાનું હવે શું થશે ? હું તેને હવે ત્યાં મોક-

લીશ નહિ એ આપણે ત્યાં ખાઇ પીને બાળક મુકુંદ સાથે પોતાના દિવસો પસાર કરશે. હું તેને દુઃખાગારમાં હડસેલી મૂકવાનો નથી."

"એમ તે થાય કે? ગમે તેમ તો પણ કન્યા એ પારકું ધન છે. પતિના સહવાસ સિવાય તે સુખી થઇ શકશે ખરી કે? ગમે તેવો હોય પરંતુ પતિ જ પત્નીનું આલોકનું તથા પરલોકનું સકળ સર્વસ્વ છે."

"ત્યારે શું એ પ્રચંડ જ્વાળામુખીની જ્વાળા સહન કરવાને મ્હારી પ્રાણાધિકા પુત્રીને હું મોકલું? પ્રભુ! પ્રભુ! તું અમારા ઉપર નિષ્ઠુર થઇ અમને અમારી આ વૃદ્ધાવસ્થામાં કલંક લગાડીશ નહિ."

"જો હજી પણ મ્હારું માનો તો હું કહું તેમ કરો. આપણે માણસ મોકલી વિનોદને અત્રે તેડાવી મંગાવીએ. તમારા ત્યાં જવાથી વિના કારણ જમાઇ ગુસ્સે થશે અને એ ગુસ્સાની જ્વાળા બીચારી બંસરીને વેઠવી પડશે; માટે કોઇ વિશ્વાસપાત્ર માણસ મોકલીને વિનોદને તેડાવો તથા તે સાથે જણાવો કે 'તમને ગૃહકાર્યાદિમાં અડચણ ન આવે એ માટે અમે વિનોદ અત્રે આવશે કે તરત જ બંસરીબાલાને મોકલી દઇશું.' આટલું થતાં સુધી સ્થિરતા રાખ્યા સિવાય આપણો બીજો કોઇ ઉપાય નથી. ઇશ્વર સર્વ સારું જ કરશે."

"ઠીક, હું કાલે ને કાલે જ એ સંબંધીની સઘળી વ્યવસ્થા કરી માણસ મોકલીશ."

ત્યાર પછી પતિ પત્ની નિદ્રાધીન થયાં. સ્વપ્નાવસ્થામાં પણ પુત્રીના અમંગળનું તેઓ દર્શન કરવા લાગ્યાં.

પ્રકરણ ૨૭ મું.

ગૃહત્યાગ.

વાંચકબંધુઓ! ચાલો, હવે એક વખત આપણે ડૉકટર રમેશચંદ્રના ગૃહસંસારનું દર્શન કરી આવીએ ગ્રીષ્મઋતુનો દિવસ છે. સખ્ત તાપ પડે છે. મધ્યાન્હકાળ થયો છે. એવામાં

રોગીઓ તપાસીને રમેશચંદ્ર ઘેર આવ્યો. બ્હારના દિવાનખાનામાં કપડાં કાઢી, હાથ મ્હોં ધોઈને તેણે અંતઃપુરમાં પ્રવેશ કર્યો. દ્વારમાંથી તે મમતામયી માતાને હાંક મારી રસોડામાં ગયો. તેની માતા એક શેતરંજીપર સૂઈ રહેલી હતી. પુત્રનો કંઠસ્વર સાંભળતાં જ તે ઊઠી ઊભી થઈ. તેનું શરીર દિવસે દિવસે દુર્બળ થતું હતું; નહિ તો પહેલાં કદાપિ તે દિવસે વિશ્રામ લેતી નહિ.

માતાએ ઉઠી પુત્રના ભોજનની વ્યવસ્થા કરી. એટલી વ્યવસ્થા કરતાં જ માતા થાકી ગઈ હોય એમ રમેશચંદ્રને લાગ્યું. તેણે કહ્યું:– "મા ! તું દિવસે દિવસે વિશેષ દુર્બળ થતી જાય છે; છતાં રાત્રિ દિવસ શા માટે મહેનત કર્યા કરે છે ? તું મહેનત ન કરે તો ન ચાલે કે ? તને મહેનત નહિ કરવા માટે હું વારંવાર કહું છું; છતાં તું મ્હારું કહેવું સાંભળતી જ નથી !"

માતાએ ગદ્‌ગદ કંઠે કહ્યું:–" ભાઈ ! હવે મ્હારે ક્યાં વધારે દિવસ સુધી આ સંસારમાં રહેવાનું છે ? જેટલા દિવસ છું તેટલા દિવસ સુધી હું મ્હારું કામ કર્યા કરીશ. પોતાને હાથે કર્યા સિવાય કોઈ કામ મનગમતું થાય ખરું કે ?"

માતા પુત્રને વાયુ ઢોળવા લાગી. તેનું શરીર ગમે એટલું દુર્બળ બની ગયું હતું; છતાં તેના શ્રમનો પાર નહોતો. પુત્રને જે ભોજન-સામગ્રી ભાવતી હતી તે પોતાને હાથે બનાવ્યા સિવાય તેને તૃપ્તિ થતી નહોતી. વળી પુત્ર જ્યારે ભોજન કરવા બેસતો ત્યારે તે તેની પાસે બેસી તેને આગ્રહપૂર્વક–પ્રેમપૂર્વક જમાડતી હતી. ગ્રીષ્મકાળમાં ભોજન પ્રસંગે પુત્રને વાયુ ઢોળ્યા સિવાય તેનો જીવ શાન્ત થતો નહિ. જો કે કેટલીક વખત રમેશચંદ્રને રોગીઓને તપાસી ઘેર આવતાં વિલંબ થતો; પરંતુ કદાપિ તેને શીતળ ભોજન જમવું પડતું નહિ. એ સંબંધી-ની વ્યવસ્થા સ્નેહમયી માતા કરી રાખતી હતી. માતાના યત્નથી રમેશચંદ્રનો ઘણો ખરો શ્રમ દૂર થઈ જતો હતો. જો પૂત્રવધૂ ઘર-કામમાં સહાયતા કરતી હોત તો માતાનો શ્રમ ઓછો થાત; પરંતુ

માતાને વધૂ તરફથી સહાયતા મળતી નહિ એ માત્ર તે જાણતી હતી અને રમેશચંદ્ર પણ જાણતો હતો. બીજાં બધાં એમ જ સમજતાં હતાં કે, માતા જાણી જોઇને જ વધૂને કોઇ પણ કામ કરવા દેતી નથી. જમતાં જમતાં રમેશચંદ્રે માતાને પૂછ્યું:—" બા ! કોઇ પણ પ્રકારે એની ચિત્તવૃત્તિમાં ફેરફાર થઇ શકતો નથી ? તું આટલી બધી મહેનત કરે છે છતાં ત્હારે માટે તેના અંતરમાં બિલ્કુલ દયા ઉપજતી નથી ?"

માતાએ કહ્યું:—" ભાઇ ! હમણાં ત્હારે આવા પ્રશ્નો પૂછવાની કાંઇ જરૂર નથી; તું શાન્તિથી જમી લે. "

પુત્ર બીજું કાંઇ બોલ્યો નહિ; કેમ કે માતાનો ઉત્તર તે સહેલાઇથી સમજી શક્યો. એક ગાઢ નિશ્વાસ મૂકી તે ભોજન કરવા લાગ્યો. તેનું ચિત્ત પણ સ્વસ્થ નહોતું. આજે બે ગરીબ રોગી દવા લેવા આવેલાં નહિ હોવાથી તથા તપાસ કરવા છતાં તેમનો પત્તો નહિ લાગવાથી તે ચિંતાતુર બની ગયેલો હતો.

માતા જાણતી હતી કે, પત્નીના વ્યવહારથી પોતાનો પુત્ર ઘણો દુઃખી છે. પાછું તેને વિશેષ દુઃખ થાય એવી આશંકાથી તે હમ્મેશાં પુત્રવધૂના દોષ ઢાંકી દેવાનો પ્રયત્ન કરતી હતી. તે સમજતી હતી કે, જેની પાસેથી પુરુષ વિશેષ સુખ મેળવવાની આશા રાખે છે તેની પાસેથી પુત્રને પ્રચંડ નિરાશા મળી છે. આમ હોવાથી તે હરેક પ્રયત્નથી પુત્રને સુખી કરવાની ચિંતા રાખતી હતી. પુત્ર સમજતો હતો કે, માતા સિવાય સંસારમાં તેનું બીજું કોઇ સ્વજન આત્મીય નથી. ધીમે ધીમે માતા પુત્ર વચ્ચેનો સ્વાભાવિક સ્નેહસંબંધ ઘણો ગાઢ તથા અસાધારણ મધુર બની ગયો હતો. જો પુત્રને ઘેર આવતાં સહજ પણ વિલંબ થતો તો માતા અસ્થિર બની જતી હતી. જે કાર્ય માતા પોતે કરતી નહિ તે કાર્ય પુત્રને મનગમતું થતું નહિ. પુત્ર સારી રીતે સમજતો હતો કે, પોતાના સિવાય માતાનું સંસારમાં બીજું એકકે આકર્ષણ નથી. મા પણ સમજતી હતી કે, પોતાની ગેરહાજરીમાં પુત્રને પગલે ને પગલે અડચણ ભોગવવી પડે તેમ છે. બન્ને જણાંને એકબીજા સિવાય ચાલી શકે તેમ નહોતું.

ભોજન કરી દિવાનખાનામાં ગયા પછી રમેશચંદ્રે જોયું કે, દિવાનખાનાની પાસેના શયનગૃહમાં પલંગમાં સુઇ રહીને તેની પત્ની એક ગુજરાતી નવલકથા વાંચ્યા કરતી હતી. ચોટલાના ભીંજાયલા વાળ સત્વર સુકાઇ જાય એટલા માટે તેણે પોતાનો ચોટલો છૂટો રાખ્યો હતો. તેના મ્હોંપર વિરક્તિની ભાવના હતી. એ મ્હોં ઉપર સહજ પણ પ્રફુલ્લતા નહોતી. રમેશચંદ્રે શયનગૃહમાં પ્રવેશ કર્યો એટલે પત્નીએ માત્ર એક વખત તેના તરફ દૃષ્ટિ કરી. એ સમયે નવલકથાના એક પ્રકરણની છેવટે પતિપત્ની વચ્ચે માનભંજનનો અભિનય ચાલતો હતો. પત્નીએ પાછું નવલકથા વાંચવામાં ધ્યાન આપ્યું. રમેશચંદ્ર વિરક્ત બની જઈ બોલી ઊઠયો:—"મ્હેં તને વારંવાર કહ્યું છે કે, ત્હારે ગમે તે પુસ્તક વાંચવું નહિ છતાં તું કેમ કાંઇ સાંભળતી નથી ?"

આ વાકયનો પત્નીએ કાંઈ ઉત્તર આપ્યો નહિ. રમેશચંદ્રે કહ્યું: "બાનું શરીર સારું નથી; છતાં તે આખો દિવસ મહેનત કર્યા કરે છે અને તું શાન્તિથી નવલકથા વાંચ્યા કરે છે ! તને બિલકુલ શર્મ નથી આવતી કે ?"

આ વખતે પત્નીએ કહ્યું;—" શર્મ શાની ? વળી કોણ તમારાં બાને ઘરનું કામકાજ કરવાને કહે છે ? તમારી ઇચ્છા હોય તો ઘરકામ કરવા માટે વધારે નોકર ચાકર રાખો; એમાં મને શી અડચણ છે ?"

પત્નીના વ્યવહારથી ઘણા દિવસથી રમેશચંદ્રનું ધૈર્ય પોતાની સીમા ઓળંગી ગયું હતું; આજે એ ધૈર્યનો તદ્દન નાશ થયો. તેણે કહ્યું:—"હું તને સાફ કહી દઉં છું કે તું બાના નામ સાથે નોકર ચાકર શબ્દનો ઉચ્ચાર કરીશ નહિ."

પત્નીએ કર્કશ કંઠે કહ્યું:—"શા માટે ન કરું ? આ ઘરમાં કોઇ પણ પ્રકારની વ્યવસ્થા છે કે ? આ ઘરમાં સભ્યતાસંપન્ન માણસ રહી શકે તેમ છે કે ?"

ક્રોધાતિશયથી રમેશચંદ્રનું સર્વાંગ કંપતુ હતું. તેનાં નેત્રો લાલચોળ બની ગયાં હતાં. તેણે કહ્યું:—" ત્હારે લીધે જ આ ઘરમાં કોઇ



“ આનું શરીર સારું નથી; છતાં તે આખો દિવસ મહેનત કર્યાં કરે છે અને તું શાન્તિથી નવલકથા વાંચ્યા કરે છે ! તને બિલકુલ શર્મ નથી આવતી કે ?” પૃષ્ઠ ૧૧૮.

મનોરંજન પ્રેસ, મુંબઇ.

માણુસ રહી શકે તેમ નથી! તું જ એવી ગુણિયલ ગૃહિણી છે!!"

રમેશચંદ્રની પત્ની પુસ્તક પછાડી ઊઠી ઊભી થઇ. તેનું માથું ઉઘાડું જ હતું. તેણે શયનગૃહના એક કબાટ પાસે જઈ પોતાની કમરપરના કુંચીઓના ઝુમખામાંની એક કુંચી લગાડી કબાટ ઉઘાડયું, તથા કબાટમાંથી બીજું એક કુંચીઓનું ઝુમખું લઇ, કબાટને ખુલ્લું જ રહેવા દઇ અભિમાનિની ક્રોધથી કંપતી કંપતી રમેશચંદ્ર પાસે થઇને બીજા ઓરડામાં ચાલી ગઈ.

જે ઓરડામાં સાસૂ હતી એ જ ઓરડામાં વધૂ હાજર થઇ. સાસૂએ આગલે દિવસે કોઇ વસ્તુ બ્હાર કાઢવા માટે વધૂને એક કુંચીઓનું ઝુમખું આપેલું હતું. એ ઝુમખું પછીથી તેની પાસે જ હતું. એ ઝુમખું અવાજ સાથે મેજ ઉપર ફેંકીને વધૂએ કહ્યું:—"મ્હારા પિયરમાં નોકર ચાકરની ખોટ નથી. દાસીપણું કરતાં હું શિખી નથી. મ્હને હમણાં ને હમણાં મ્હારે પિયર મોકલી દ્યો. હવે અહીં રહેવાની મ્હારી બિલ્કુલ ઇચ્છા નથી."

પુત્રવધૂના આવા વ્યવહારથી સાસૂ ટેવાઇ રહેલી હતી. પુત્રવધૂના વ્યવહારથી તેનું મન જ્યારે ઘણું વ્યથિત થતું ત્યારે તે પોતાના મનને એવી રીતે સમજાવતી હતી કે, એ તો તેના પ્રાણાધિક પુત્ર રમેશની પત્ની છે. છોરું કદાચ કછોરું થાય તો તેથી માબાપથી તેના જેવાં થવાય છે કે? આમ હોવાથી જ આજે સાસૂના ધૈર્યનો ભંગ થયો નહિ. તેણે સ્વાભાવિક કોમળ સ્વરે કહ્યું:—"વહુ! બેટા! શું થયું છે?"

જે કાંઇ થયું હતું તે ગર્જના કરીને વધૂ સાસૂને સમજાવવાનો આરંભ કરવા લાગી. સંભવતઃ ક્રોધનો પ્રથમ તરંગ એ ગર્જનામાં શાન્ત થઇ ગયા પછી સાસૂ વધૂને મધુર વચનોથી શાન્ત કરી શકત. પહેલાં આવું ઘણી વખતે બન્યું હતું; પરંતુ આજે તેમ બન્યું નહિ. રમેશચંદ્ર આવીને દ્વાર પાસે ઊભો રહ્યો હતો. તેણે આગળ આવીને કહ્યું:—"જો આ હકીકત બાને નહિ કહેતાં મ્હને કહી હોત તો પણ

હું એવી વ્યવસ્થા કરત. ત્હારા કહેવા પ્રમાણે વ્યવસ્થા હું હમણાં જ કરુ છું."

આમ કહીને રમેશચંદ્ર પાછો દિવાનખાનામાં ગયો. માતાએ તેને બોલાવ્યો; પરંતુ તે પાછો ફર્યો નહિ. પુત્રનો મુખભાવ જોઇ માતાને ભય લાગ્યો. તે જાણતી હતી કે, પુત્રમાં તેના પિતાનો ક્રોધ ઉતરેલો છે. થોડા સમય પછી માતા પાસે જઇને રમેશચંદ્રે કહ્યું:— "ગાડી આવેલી છે!"

રમેશચંદ્રની પત્ની પોતાનું ઘણું અપમાન થયેલું સમજી. ક્રોધે ભરાયલી સર્પિણીની માફક તેનો શ્વાસ ઝડપથી ચાલવા લાગ્યો. રમેશચંદ્રની સાથે સાથે જ તેણે પણ એ ઓરડાનો ત્યાગ કર્યો. માતાએ કહ્યું:—"રમેશ! રમેશ! તું ગાંડો બની ગયો છે કે શું? આ તું શું કરે છે?"

આમ કહી પૂત્રવધૂને ઉદ્દેશીને તે બોલી:—"વહુ! બેટા! તું મ્હારી વાત સાંભળ. આ ઘર ત્હારું નથી કે?"

પતિ પત્નીમાંથી કોઇએ ઉત્તર આપ્યો નહિ. એ સમયે બન્નેના હૃદયમાં ક્રોધનું પ્રાબલ્ય વિશેષ હતું. તેમની વિચાર કરવાની શક્તિ દૂર થઇ ગઇ હતી.

પત્ની ગાડીમાં ચઢી બેઠી એટલે રમેશચંદ્રે કોમચેનને ગાડી લઇ જવાની આજ્ઞા કરી. તત્કાળ કોમચેને ઘોડો દોડાવ્યો.

પુત્ર તથા પુત્રવધૂને ક્રોધથી ચાલ્યાં જતાં જોઇને માતાએ પણ તેમનું અનુસરણ કર્યું; પરંતુ તે બીચારી તેમની પાસે જઇ પહોંચી તે પહેલાં તો ગાડી ચાલી ગઇ હતી. દાસ દાસીના દેખતાં પુત્રને કાંઇ કહેવું માતાએ ઉચિત ધાર્યું નહિ. એકાન્તમાં પુત્રને સમજાવી પુત્રવધૂને પિયરમાંથી તેડાવી મંગાવવાનો તેણે વિચાર કર્યો.

પત્નીના વિદાય થઇ ગયા પછી રમેશચંદ્ર માતા પાસે આવીને બેઠો. એ સમયે તેના ક્રોધનો થોડો ભાર હલકો થયો હતો, હવે તેના ચિત્તમાં માત્ર ચંચળતા રહી હતી. માતાએ કહ્યું:—"ભાઇ! ક્રોધને વશ થઈ આવું કાર્ય કેમ કર્યું?"

"બા ! મ્હેં અન્યાય કર્યો છે એ ખરું છે; પરંતુ શું કરું ? હવે હું સહન કરી શકતો નથી........" આટલું બોલી રમેશચંદ્ર રડી પડ્યો.

માતાએ સ્નેહથી પુત્રનું મસ્તક પોતાના હૃદય સાથે ચાંપ્યું. જીવનના પ્રથમ દુઃખથી માતાના ખોળામાં બાળક જેવી રીતે છુટે મ્હોડે રડે તેવી જ રીતે આજે ઘણાં વર્ષ પછી જીવનના દારુણ દુઃખથી માતાના હૃદયમાં મસ્તક રાખી રમેશચંદ્ર રડ્યો. જે અગ્નિ આજકાલ કરતાં ઘણાં વર્ષથી ધીમે ધીમે હૃદયને દગ્ધ કર્યા કરતો હતો તે અગ્નિની દહનજ્વાળા જાણે કે આજે માતા પાસે રુદન કરવાથી શાન્ત થઇ.

માતાનાં નેત્રો પણ શુષ્ક રહ્યાં નહિ. તે સ્નેહથી પુત્રના શરીરપર હાથ ફેરવવા લાગી. તે પોતાની વીસ વર્ષની ઉમ્મરે પ્રથમ સંતાન રમેશચંદ્રને દેવતાના દુર્લભ દાન તરીકે પોતાના ખોળામાં મેળવી એ અસહાય શિશુના શરીરપર જેવા સ્નેહથી પોતાનો હાથ ફેરવતી હતી તેવા જ સ્નેહથી આજે તેના શરીરપર પોતાનો કોમળ હાથ ફેરવવા લાગી. સ્નેહમયી માતા પાસે પુત્ર હમ્મેશાં સમાન–બાળક જ હોય છે.

પ્રકરણ ૨૮ મું.

અભિમાનિનીનું અભિમાન.

ઉપરોક્ત બનાવ બનવાથી રમેશચંદ્રની માતાના હૃદયપર તેની ગંભીર અસર થઇ. તેનું શરીર દિવસે દિવસે વિશેષ દુર્બળ થવા લાગ્યું. તેને કોઇ મુખ્ય રોગ લાગૂ પડેલો નહોતો; છતાં તેનું શરીર ક્રમાન્વયે વિશેષ નિર્બળ થતું હતું. તેના શરીરમાં જીવનશક્તિનો ઘણો અભાવ હતો. મૃત્યુની છાયા ધીમે

ધીમે વિશેષ સ્પષ્ટ થવા લાગી. માતાએ ઔષધનું સેવન કર્યું નહિ; પરંતુ રમેશચંદ્ર તેની સેવા ચાકરી કરવામાં બિલ્કુલ કચાશ રાખતો નહિ. એક દિવસે માતાએ પુત્રને કહ્યું:—"રમેશ ! ભાઇ ! હવે આ પ્રસંગે હું બચવાની નથી. મ્હારું મૃત્યુ થતાં પૂર્વે એક વખત હું વહુને તેડાવીશ. ભાઇ! મ્હારી આટલી ઇચ્છા પાર પાડવામાં તું હરકત કરીશ નહિ."

રમેશચંદ્રે આ વાક્યોના ઉત્તરમાં સજળનયને કહ્યું:—"બા! ત્હારા મૃત્યુ સમયે હું એકલોજ નિશ્ચિંત થઇને ત્હારી ચરણસેવા કર્યા કરીશ; બીજા કોઇનું કામ નથી."

માતાએ કહ્યું:—"ભાઇ! જો હું વહુને નહિ તેડાવું તો મ્હારું એક કર્ત્તવ્ય બાકી રહી જશે. તેણે ગમે તેવો દુર્વ્યવહાર કર્યો હોય તો પણ તે ત્હારી સ્ત્રી હોવાથી તેનો ત્યાગ કરવો જોઇએ નહિ. મ્હારું મૃત્યુ થતાં સુધી જો તમારો આવો વિવાદ ચાલુ રહેશે તો મૃત્યુ પ્રસંગે મ્હને સહજ પણ સુખ થશે નહિ—મ્હારા અંતરાત્માને પરલોકમાં પણ શાન્તિ મળશે નહિ."

રમેશચંદ્રે કહ્યું:—"બા તું બધું સમજે છે. જેણે આટલા દિવસ સુધી ત્હારો ઉપદેશ સ્વીકાર્યો નથી—આદર્શનું ઉદાહરણ લીધું નથી તેને મૃત્યુ પ્રસંગે સદુપદેશ સભળાવીને તું સુધારી શકીશ કે?"

"કદાચ ન સુધારી શકું તો પણ મ્હારું કર્ત્તવ્ય મ્હારે બજાવવું જ જોઇએ. ઘરનું છિદ્ર કદાપિ પારકા માણસને બતાવી શકાતું નથી. ગૃહસંસારનાં છિદ્રો પારકાં માણસો જુએ તો તેથી વંશને કલંક કિંવા અપયશ છે." માતાએ કહ્યું.

"પણ માણસનો પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય છે. તેની પ્રકૃતિમાં સહેલાઇથી ફેરફાર થશે કે?"

"એ સંબંધીનો ઉપાય ત્હારે કરવાનો છે. હું જાણું છું કે, તું એકમાર્ગી છે. એ દોષ ત્હારો પોતાનો નહિ; પરંતુ ત્હારા વંશનો છે; પરંતુ મ્હારા મૃત્યુ સમયની એક ઇચ્છા તો ત્હારે પૂર્ણ કરવી જ

પડશે. ત્હારે વહુની સાથે સલાહ સંપથી ચાલવું પડશે. જો એ કાર્ય તદ્દન અસંભવ લાગે તો પછી એ સંબંધી તું બીજી વ્યવસ્થા કરજે મ્હોટા કુટુંબને રહેવામાં અડચણ વેઠવી પડે નહિ એટલા માટે ત્હારા પિતાએ આવું વિશાળ મકાન તૈયાર કરાવ્યું છે. તું મ્હારો એકનો એક પુત્ર છે. વિધાતાએ મ્હારા ભાગ્યમાં પૌત્ર અગર પૌત્રીનું મ્હોં જોવાનું લખ્યું નથી. ત્હારે એકલાને આટલા મ્હોટા ઘરની કાંઇ જરૂર નથી. ઘરના અંદરના ભાગમાં વહુને રાખજે અને આગલા ભાગમાં તું પોતે રહેજે. તમારી બન્નેની વ્યવસ્થા દાસદાસીઓ કરશે. તું વહુની વ્યવસ્થામાં હાથ નાખીશ નહિ એટલે પછી તમારી બન્નેની વચ્ચે કલહ કંકાસ થશે નાહ."

ક્ષણ કાળ સુધી કાંઇ વિચાર કરીને રમેશચંદ્રે કહ્યું:—" બા! ત્હારી ઇચ્છા વિરુદ્ધ વર્તવાનો મ્હારો વિચાર નથી."

"ત્યારે હું આજે જ વહુને તેડવા માટે માણસ મોકલીશ." માતાએ કહ્યું.

"પરંતુ તે કદાચ તેડવા જનાર માણસને પાછું કાઢશે તો એ અપમાન મ્હારાથી વેઠી શકાશે નહિ." રમેશચંદ્ર બોલ્યો. તેના આ વાક્યના ઉત્તરમાં માતા કાંઇ બોલી નહિ.તેણે તે જ દિવસે વહુને તેડી લાવવા માટે માણસ મોકલ્યું. તે સાથે એક પત્રમાં તેણે લખ્યું કે, 'મ્હારું શરીર ઘણું બગડયું છે. તને મળવાની–જોવાની મ્હારી ઘણી ઇચ્છા છે. જો કદાચ મ્હારા રમેશ સાથે સહજ બોલાબોલી થઈ હોય તો તેથી ત્હારે ક્રોધ કરવો જોઇએ નહિ. આ સંસાર ત્હારો છે. હું તો મરવા પડી છું. તું પાછી આવ; ક્યારે આવીશ તે લખી જણાવજે.' આ ઉપરાંત માતાએ વધૂના પિયરનાં સઘળાં માણસોના કુશળ વર્ત્તમાન પૂછ્યા હતા.

દાસી વધૂને પિયર જઇને પાછી આવી. પુત્રવધૂએ પ્રત્યુત્તર આપ્યો નહોતો. પાત્રાપાત્રનો વિચાર કર્યા સિવાય દાસીની પાસે પણ તેણે મરજી પડે એવાં વચનો ઉચ્ચાર્યા હતાં. દાસીએ આવીને કહ્યું:– "બા! મ્હારા જીવનમાં મ્હેં આવો તિરસ્કાર કદાપિ વેઠ્યો નથી.

મ્હને બેસવાનું સુદ્ધાં કહ્યું નહિ! વહુએ તમારો પત્ર વાંચી ફાડી નાખી, ફેંકી દઇને કહ્યું 'તું જઇને કહેજે કે, હું આવવાની નથી. પ્રથમ સભ્યતા શીખ્યા પછી સભ્ય માણસો સાથે સંબંધ કરજો. હજી તમને વ્યવહારનું શિક્ષણ મેળવતાં ઘણો વખત લાગે તેમ છે. જ્યાં સભ્ય માણસોનો નિવાસ નથી ત્યાં સભ્યતાનું શિક્ષણ કેવી રીતે મળે ?' આવાં આવાં નહિ કહેવા જેવાં અનેક વચનો તિરસ્કાર ભાવથી તેમણે મ્હને કહ્યાં છે. હું તેમને શું કહું? હું તો તેમની ઉગ્ર મૂર્તિ જોઈ ચુપચુપ પાછી ચાલી આવી. હું પાછી ફરતી હતી એવામાં વહુની બાએ મ્હને પાછી બોલાવી બેસવાને કહ્યું. એ વખતે વહુ બોલી ઊઠયાં, 'એનો સત્કાર કરવાની કે એને મ્હોં આપવાની કાંઇ જરૂર નથી. એ પાપ ભલે વિદાય થાય! એ ઘરની અસભ્યતાનો સ્પર્શ અહીં થાય એવી મ્હારી ઇચ્છા નથી." છેવટે પુત્રીના ભયથી માતા કાંઈ બોલી શકી નહિ."

રમેશચંદ્રની માતાએ દાસીને વિદાય કરી એટલે તે ચાલી ગઇ. માતાનાં નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવ્યું. કદાચ પાછો રમેશ આવી પોતાનું અશ્રુજળ જોઈ જશે તો તે દુ:ખી થશે એવી આશંકાથી તેણે આત્મસંવરણ કરી અશ્રુજળ સ્વચ્છ કરી નાંખ્યું. પોતાનું આટલું બધું અપમાન થયેલું હોવા છતાં પુનઃ એક વખત પુત્રવધૂને તેડાવવાનો પ્રયત્ન કરી જોવાનો તેણે વિચાર કર્યો. આજના પ્રકારની સહજ પણ હકીકત તેણે રમેશચંદ્રને જણાવા દીધી નહિ. તેણે પોતાના મનના દુઃખને મનમાં જ શમાવી રાખ્યું.

થોડા દિવસ પછી માતાએ ફરીથી પુત્રવધૂની પાસે દાસી મોકલી. તે સાથે પત્રમાં તેણે લખ્યું કે:—" મ્હારે કન્યા નહિ હોવાથી તું જ મ્હારી કન્યા બરાબર છે. હવે હું વધારે દિવસ સુધી બચી શકું તેમ નથી; મૃત્યુ પૂર્વે એક વખત તને શુભાશીર્વાદ આપવાની મ્હારી ઇચ્છા છે. તું મ્હારી આટલી ઇચ્છા અપૂર્ણ રાખીશ નહિ. એક વખત જરૂર મ્હારી પાસે આવજે."

આ દયાજનક વચનોએ પણ પુત્રવધૂના હૃદયને સ્પર્શ કર્યો નહિ. તે પોતાના મનમાં ને મનમાં એ વચનોપર હસી. તેણે વિચાર્યું:— "હવે બરાબર ચટકો લાગ્યો છે. મ્હારા સિવાય ચાલતું નથી તેથી જ મ્હને તેડાવવાને આવા અસત્ય પત્રો લખવામાં આવે છે. હું જ્યારે મ્હારા અપમાનનો બરાબર બદલો લઇશ ત્યારે જ એ ઘરમાં પગ મૂકીશ." સ્વગત આવો વિચાર કરી તેણે કહ્યું:—"એક વખત તો હું કહી ચુકી છું કે, હું આવવાની નથી; છતાં વારંવાર શા માટે મ્હને હયરાન કરો છો?!" દાસીએ પાછી ફરી માતાને એ વાક્ય કહી સંભળાવ્યું. એ વખતે રમેશચંદ્ર માતા પાસે જ બેઠેલો હતો. તેણે પણ દાસીનું વાક્ય સાંભળ્યું. તે મનમાં ને મનમાં જ ક્રોધાગ્નિની પ્રચંડ અગ્નિશિખાઓથી બળી મરવા લાગ્યો. દાસીએ કહ્યું:—"માતાજી, એ વખત આવું બન્યું! વારંવાર તમે શા માટે મ્હને તિરસ્કાર સહન કરવા મોકલો છો?!"

દાસીના વિદાય થઇ ગયા પછી રમેશચંદ્રે માતાને પૂછ્યું:—"બા! પહેલાં પણ એક વખત દાસીને મોકલી હતી કે?"

માતાએ ગદ્ગદ કંઠે કહ્યું:—"હા." આ કંઠસ્વરપરથી તે જાણે કે પુત્ર પાસે અપરાધિની હોય એવો સ્પષ્ટ ભાસ થતો હતો!

રમેશચંદ્ર વિશેષ કાંઇ બોલ્યો નહિ. તે નીચું જોઇને બેસી રહ્યો હતો. માતાએ પુત્રના કપાળમાંની શિરાઓને પુષ્ટ થતી જોઇ. રમેશચંદ્ર ક્રોધથી ચંચળ બની ગયો હતો. મહા મુશ્કિલતે તેણે આત્મસંવરણ કર્યું હતું.

થોડા સમય પછી માતાએ કહ્યું:—"ભાઇ! ત્હારી નામરજી હોવા છતાં આ કાર્ય મ્હેં કર્યું છે. મ્હારે લીધે ત્હારું અપમાન થયું છે. જેમણે ત્હારો વિવાહ કર્યો હતો તેઓ જીવતા હોત તો તે જ પોતાનું કર્ત્તવ્ય નક્કી કરત; પરંતુ હું એક સ્વલ્પ બુદ્ધિની સ્ત્રી છું. મ્હારા અને ત્હારા દુર્ભાગ્યે તેઓ આજે સ્વર્ગમાં છે. મ્હારા દિવસો પણ હવે પૂર્ણ થવા આવ્યા છે. મ્હારે એકકે પુત્રી નથી. ત્હારો વિવાહ કરી હું એક પુત્રી

મેળવી શકીશ એવી પહેલાં મ્હને આશા હતી; પરંતુ અરેરે ! એ સુખ ઇશ્વરે મ્હારા ભાગ્યમાં લખેલું નથી. મ્હેં માનાપમાન ભૂલીને આ કાર્ય કર્યું છે. આવું પરિણામ આવશે એમ હું ધારતી નહોતી. ત્હારું કલ્યાણ કરવાની ઇચ્છાથી જ મ્હેં એક માતા તરીકેનું કાર્ય કર્યું છે; છતાં મ્હારા ભાગ્યના દોષથી તેનું વિપરીત પરિણામ આવ્યું છે ! "

આટલું બોલી થોડા સમય સુધી ચુપ રહીને પુનઃ માતાએ કહ્યું:– " ભાઇ ! ત્હારી નામરજી હોવા છતાં આ કાર્ય કરીને મ્હેં ત્હારું મન દુઃખી કર્યું છે. આ માતાના અપરાધ તરફ તું ધ્યાન આપીશ નહિ."

" બા–બા ! " અશ્રુના પ્રબળ વેગથી રમેશચંદ્રનો કંઠ રુંધાઇ ગયો. તે રડવા લાગ્યો. પુત્રના રુદન સાથે માતા પણ રુદન કરવા લાગી. માતાના એ પવિત્ર અશ્રુજળથી જાણે કે પુત્રનું સઘળું અકલ્યાણ ધોવાઇ ગયું. પછીથી માતા પ્રેમપૂર્વક પુત્રનાં નેત્રોમાંનું અશ્રુજળ સ્વચ્છ કરવા લાગી; છતાં એ અશ્રુપ્રવાહને તે જેમ જેમ સ્વચ્છ કરતી હતી તેમ તેમ તેનો વેગ વધતો હતો.

માતા પાસે થોડા સમય સુધી રુદન કરીને રમેશચંદ્ર શાન્ત થયો–તેના હૃદયની દારુણ યાતના દૂર થઇ. પછીથી ઊઠીને તે અગાશીમાં ગયો. આ સમયે સંધ્યાકાળ થવા આવ્યો હતો.

ધીમે ધીમે રાત્રિ થઇ. આકાશમાં ચંદ્રનો ઉદય થયો. શહેરનો કોલાહલ ઓછો થયો. ચિંતાતુર રમેશચંદ્ર અગાશીમાં આંટા મારવા લાગ્યો. તે પોતાના જીવનના બનાવોને એક પછી એક યાદ કરવા લાગ્યો. ઘણા સમય પછી તે નીચે આવ્યો. એ રાત્રે તેને બરાબર નિદ્રા આવી નહિ. મધ્યરાત્રે એક વખત ઊઠીને તેણે જોયું તો તેની માતા જાગતી હોઇ તેનાં નેત્રો અશ્રુજળથી ભીંજાયલાં હતાં. રમેશચંદ્રે માતાની તદ્દન પાસે જઇને કહ્યું:–" બા ! તું રડે છે ! "

" ભાઇ ! હું તને સુખી જોઇને મરી શકી નહિ ! " મમતામયી માતાના આ વાક્યમાં કેટલા બધા શોકનો સમાવેશ થયેલો હતો તેની કલ્પના અન્યને થવી સર્વથા અશક્ય છે.

પ્રકરણ ૨૯ મું.

શયતાનોનું કારસ્થાન.

"જે પૂછવું હોય તે બેલાશક પૂછો. આપની પાસે સત્ય હકીકત નિવેદન કરવામાં કાંઇ હરકત નથી." પ્રતાપના પ્રશ્નના ઉત્તરમાં હેમલતાએ કહ્યું.

"કાકાજીનો તેમ જ શ્યામચરણનો સંબંધ કેટલાં વર્ષથી છે?"

"તે આજકાલનો નથી—ઘણી મુદ્દતનો છે. કાકાજી તેના ઉપર એટલા બધા પ્રસન્ન છે કે પોતાની મિલકતમાંથી કેટલીક રકમ તેઓ તેને આપવાના છે. શ્યામચરણે તેમને પોતાની પ્રપંચજાળમાં ફસાવ્યા છે."

"વિપિનવિહારી સાથે શ્યામચરણની એકકે વખત મુલાકાત થઇ હતી કે?"

"હમણાં તો થઇ નથી; થોડા દિવસ પૂર્વે તેઓ બન્ને મળ્યા હતા."

"હં, સમાજસ્થિતિ ક્યારે સુધરશે? એ પુસ્તક સંબંધી વિવિનવિહારીએ તેને કાંઇ વાત કરેલી છે કે?"

"હા, શ્યામચરણ પણ એક લેખક છે. એ પુસ્તક સંબંધી વાતચિત થઇ હતી એટલું જ નહિ પણ તેમણે લખેલો સર્વ ભાગ શ્યામચરણે વાંચી જોયો છે. ગઇ કાલે આ સઘળી હકીકત કહેવાનું હું ભૂલી ગઇ હતી."

"બરાબર છે. એ હસ્તલિખિત પ્રત શ્યામચરણે વાંચેલી હોવી જોઇએ. ઠીક, હવે હું રજા લઇશ. આવતી કાલે તમે ભરુચ ઉપડી જજો. હું હવેથી ત્યાં આવીને તમને મળતો રહીશ."

"ભાઇ! અમારા ઉપર આપની ઘણી કૃપા છે. ઇશ્વર આપના આભારના ભારમાંથી મુક્ત થવા જેટલો બદલો આપવાનું સામર્થ્ય અમને આપે એવી એ પરમકૃપાળુ પ્રભુને મ્હારી પ્રાર્થના છે."

"બ્હેન ! એવું કાંઇ મનમાં રાખશો નહિ. તમે મ્હારાં ભગિની સમાન છો અને ભગિનીને સહાય કરવી એ બંધુધર્મ છે. લ્યો, હવે હું જાઉં છું." આમ કહી પ્રતાપચંદ્ર ત્યાંથી વિદાય થયો.

*   *   *   *

સુરતનું સરદારભુવન ભાગ્યે કોઈ પ્રવાસીથી અજાણ્યું હશે. સરદારભુવનનો બંગલો વિશાળ છે. બંગલાની આસપાસ સુંદર બાગ આવી રહેલો છે. એ ભુવનમાં સર્વ પ્રકારનાં સુખસાધનોનો સમાવેશ થયેલો છે. ભુવનનો માલિક રામલાલ પણ સ્વભાવે ઘણો સુશીલ પુરુષ છે.

આશરે સાડાત્રણને સુમારે ભુવનની અંદર એક ઊંચો, હૃષ્ટપુષ્ટ શરીરવાળો તેમ જ પાણીદાર નેત્રોવાળો મનુષ્ય આવ્યો. આ મનુષ્ય તે બીજો કોઇ નહિ પરંતુ શ્યામચરણ હતો.

શ્યામચરણ આ ભુવનમાં વારંવાર ઉતરતો હોવો જોઇએ એમ દેખાયું; કારણ તે આવતાંની સાથે જ એકાદ પરિચિત મનુષ્યાનુસાર રામલાલને કહેવા લાગ્યો:–"મહાશય ! આઠેક વાગે મ્હારા એક સ્નેહી આવનાર છે, માટે ઉપરના માળની છેલ્લી રૂમ મ્હને આપો; કારણ કે તે ઉત્તમ હવાવાળી છે. વળી મ્હારા સ્નેહી ઘણા શિષ્ટ મનુષ્ય છે. ઉત્તમ પ્રકારની વ્યવસ્થા રાખજો. લગભગ નવેક વાગ્યે ભોજન તૈયાર રાખજો."

રામલાલે પણ તેના કહેવા પ્રમાણે સઘળી વ્યવસ્થા કરી આપવાનું કબૂલ કર્યું; કેમ કે, ચાંદીનું નાણું બારોબાર તોળનારની તે ઘણી સારી વ્યવસ્થા કરતો હતો.

બરાબર નવ વાગ્યે શ્યામચરણનો સ્નેહી આવ્યો. તેના હાથમાં એક બૅગ હતી. વાંચકો વિચારમાં પડી ન જાય એટલા માટે અમે જણાવીએ છીએ કે શ્યામચરણનો સ્નેહી બીજો કોઇ નહિ પરંતુ કૃષ્ણકાન્ત શર્મા છે.

ન્હા પાણી લીધા પછી નવ વાગ્યે બન્ને જણે ભોજન કર્યું. કેટલાંક ગપ્પાં હાંકી રહ્યા પછી શ્યામચરણે પોતાના સ્નેહીને પૂછ્યું:–

" મિ૦ શર્મા ! તમે પેલી હસ્તલિખિત પ્રત લાવ્યા છો કે ? "

કૃષ્ણકાન્તે બૅગ ઉઘાડી તેમાંથી એક હસ્તલિખિત પ્રતનું બંડલ કાઢી સ્યામચરણના હાથમાં મૂક્યું તથા ધીમે અવાજે તે કહેવા લાગ્યો:—" અમુક એક વસ્તુ મ્હારે જોઇએ છીએ તો તે ન મળી શકે એ સર્વથા અસંભવિત છે, સમજ્યા કે ? પ્રતાપચંદ્રની જાહિરખબર તમારો તાર આવ્યા પહેલાં જ મ્હેં વાંચી હતી; પણ તે પ્રસંગે મ્હેં એ વિષય તરફ વિશેષ લક્ષ્ય આપ્યું નહોતું. તમારો સાંકેતિક તાર આવ્યા પછી જ મ્હેં એ કાર્ય પાર પાડવાની મ્હારા સોબતી સાથે વ્યવસ્થા કરી હતી. મ્હારા સોબતીને તમે જોયા તો હશે; તેઓ ઘણા જ ચાલાક છે. તેમણે આ કામગીરી બજાવી છે. હૉટેલમાં ગયા ત્યારે પ્રતાપચંદ્રની પીડા બહાર ગઇ હતી. સુયોગ સાધી લઇ મ્હારા સાથીએ આપણું કાર્ય કરી લીધું; બાકી પ્રતાપચંદ્રને છક્કડ મારવી એ કાંઇ સહેલી વાત નથી ! તેનો નોકર ગુલાબ ઘેર હતો. તેણે પહેલાં તો હસ્તલિખિત પ્રત આપવા માટે ના પાડી; પરંતુ મ્હારા સોબતી ઘણા બળવાન્ છે. તેમણે હૉટેલની અંદર પ્રતાપચંદ્રના ટેબલ ઉપર એ હસ્તલિખિત પ્રત પડેલી જોઇ કે તરત જ ગુલાબને પોતાના હાથમાંના સોટાનો સ્વાદ ચખાડ્યો. સોટો પડતાં જ ગુલાબ મુર્ચ્છાવશ થઇ ગયો; પછી હસ્તલિખિત પ્રતને ઉપાડી લઇ ગુલાબની યોગ્ય વ્યવસ્થા કરી તેઓ મ્હારી પાસે ચાલ્યા આવ્યા !"

" પ્રતાપચંદ્રને તમારે માટે સંશય તો નથી આવ્યો ને ? "

" સંશય ? બિલ્કુલ નહિ ! તમે પ્રતાપ પ્રતાપ શું કરી બેઠા છો ? મ્હારી આગળ તેનું કાંઇ ચાલે નહિ. એ તો એના ગ્રહ સારા હોવાથી જ એની વિશેષ નામના થઇ છે; બાકી ચાલાકી કોને કહે છે તેની એ બીચારાને શી ખબર ? જુઓને, આ જ કાર્યમાં તેને કેવો સપડાવ્યો છે ? પરંતુ સાંભળો સીતારામ......"

" અરે ! એ નામ અહીં લેશો નહિ. મ્હને તમે સ્યામચરણ નામથી બોલાવો. આજકાલ કરતાં લગભગ દશ વર્ષથી–હું પ્રસિ-

દ્વિમાં આવ્યો ત્યારથી આ મ્હારો વિચાર તો તમારા ધ્યાનમાં આવ્યો જ હશે ! ”

“ હા–હા, કેમ નહિ ! ” કૃષ્ણકાન્તે હસતાં હસતાં કહ્યું, “ એ સમયે આપણે સાથે જ રહેતા હતા અને જે આનંદ ભોગવતા હતા તે શું હું ભૂલી શકું તેમ છું કે ? ત્યાર પછી આપણે કેટલા બધા સભ્ય થઇ ગયા છીએ ? ! વળી તમે આનંદચંદ્રને ત્યાં ઘુસી ગયા એ એક રીતે સારું જ થયું છે. ”

“ પરંતુ તમારા સિવાય મ્હારા પૂર્વચરિત્રની કોઇને માહિતી નથી. વળી તમારા ઉપર મ્હને સંપૂર્ણ વિશ્વાસ હોવાથી મ્હારે ભય રાખવાનું કાંઈ પ્રયોજન નથી. ”

“ એ તો ઠીક, પણ શ્યામચરણ ! આનું શું કરવાનો ઇરાદો છે ? ” શર્માએ હસ્તલિખિત પ્રત પોતાના હાથમાં લઇને કહ્યું, “ આ પ્રતનું શું કરવું છે એ સંબંધી તમે મ્હને હજી કાંઇ જણાવ્યું નથી; મ્હેં તેનું સંપૂર્ણ અવલોકન કર્યું છે. ”

“ કેમ ગ્રંથકારે વિલક્ષણ બુદ્ધિમત્તા દર્શાવી છે ને ? ”

“ મ્હને તો એમાં કાંઇ એટલી બધી યોગ્યતા જણાતી નથી દારુ, જુગાર, દારિદ્ય એ સંબંધી જ બધું પિષ્ટપેષણ કરવામાં આવ્યું છે ! મ્હને તો માત્ર પુસ્તકનું નામ જ ઉત્તમ લાગે છે ! ”

“ ખરેખર, તમે તો કોઇ ગાજર પારેખ જણાઓ છો ! પુસ્તકનું નામ યથાર્થ છે. એ નામથી પણ ગ્રંથકારની બુદ્ધિનો પરિચય થયા સિવાય રહેતો નથી. પુસ્તક અત્યુત્તમ છે. મ્હેં તે ઘણા સમય પૂર્વે વાંચ્યું હતું. સાહિત્યના વિષયમાં હું તમારા કરતાં વિશેષ જ્ઞાન ધરાવું છું; કારણ કે હું પણ વીસમીસદીનો એક લેખક છું ! ” શ્યામચરણે ગર્વસૂચક સ્વરે કહ્યું.

“ હા, જેલમાં જઈ આવેલા લેખકના લેખોની ઘણી જ પ્રશંસા થાય છે એવું મ્હેં જે સાંભળ્યું છે તે યથાર્થ છે. જેના નસીબમાં જેલજાત્રા લખેલી ન હોય એવા લેખકોએ તમારી વિરુદ્ધ અસહકાર જ

કરવો જોઇએ! આ પુસ્તક ઉત્તમ છે તો પછી તમે તેને પૂર્ણ લખી કાઢી ઉત્તમ ગ્રંથકાર તરીકે જનસમાજમાં કીર્ત્તિ સંપાદન કરો." કૃષ્ણકાન્તે મશ્કરીના ભાવથી કહ્યું.

"અરે કીર્ત્તિ તો શું; પરંતુ એ પુસ્તક પ્રસિદ્ધ થવાથી કીર્ત્તિ ઉપરાંત દ્રવ્ય અને એક સૌન્દર્યસંપન્ના સહધર્મિણી મેળવવા હું સૌભાગ્યશાળી થનાર છું." શ્યામચરણે આનંદાતિશયથી કહ્યું.

"કીર્ત્તિ, દ્રવ્ય, અને સૌન્દર્યસંપન્ના સહધર્મિણી તમને મળશે અને તે પણ આવા કંગાલ પુસ્તક ઉપર?! વાહ! હું તો આ વાત માની શકું નહિ. આજકાલ ઉત્તમ પુસ્તકોને પણ જોઇએ તેવું ઉત્તેજન મળતું નથી સમજ્યા? આ પુસ્તકની સો કોપી ખપવી પણ અશક્ય છે!"

"ખપે યા ન ખપે તેની મ્હને કાંઇ ચિંતા નથી. પુસ્તક છપાઇને પ્રસિદ્ધ થવું જોઇએ. એટલું જ નહિ, પરંતુ તેનાપર લેખક તરીકે મ્હારું પોતાનું નામ પ્રકટ થવું જોઇએ. આમ થયું કે મ્હારું કાર્ય પાર પડ્યું સમજવું." આમ કહી શ્યામચરણે પોતાની સઘળી આશાઓ અને ઉમેદો પોતાના સ્નેહી કૃષ્ણકાન્ત શર્માને નિવેદન કરી: જેની સંક્ષિપ્ત હકીકત આ પ્રમાણે છેઃ—

'આનંદચંદ્રને પુસ્તકોની ઘણી ધૂન લાગી રહેલી છે. સારા ઉત્તમ લેખકોને તેઓ યથાશક્તિ મદદ કરે છે. હું લેખકનું કાર્ય કરું છું એ તેમની ધ્યાન બ્હાર નથી. મ્હારા ઉપર તેમનો ઘણો સ્નેહ છે. મ્હને તેઓ મહા વિદ્વાન્ સમજે છે. તેમણે પોતાના મૃત્યુપત્રમાં મ્હારા નામ ઉપર થોડી રકમ રાખેલી છે. જો આ ઉત્તમ ગ્રંથ મ્હારા નામથી પ્રસિદ્ધ થાય તો મૃત્યુપત્રની રકમ તેઓ બમણી કે ત્રમણી કરી આપશે. તે સિવાય તેમણે સરલા નામની એક ઘણી ખૂબસૂરત બાળિકાને ઉછેરી મ્હોટી કરી છે; તેના ઉપર તેઓ પોતાની જ પુત્રી જેટલો પ્રેમ રાખે છે. તે હજી કુમારિકા છે; એ કુમારિકા મેળવવાને માટે હું ભાગ્યશાળી થનાર છું. વળી પોતાની સઘળી

મિલકત આનંદચંદ્રે સરલાને લખી આપી છે; તેથી જો તે કુમારી મેળવવાને હું ભાગ્યશાળી થાઉં તો પછી મ્હારા આનંદ તથા વૈભવમાં શી ખામી રહે? આનંદચંદ્રે કરેલું મૃત્યુપત્ર મ્હેં એક વખત ગુપ્ત રીતે વાંચી લીધું છે અને તે ઉપરથી મ્હેં આ સઘળી આશાઓનું પોષણ મ્હારા મનમાં કર્યું છે.'

"એમ?!" શર્મા આશ્ચર્યથી બોલી ઊઠયો: "સરલા તમારી સહધર્મિણી થવાને રાજી છે કે?"

"અરે! એ વિષયની ચિંતા કરવાનું કાંઇ પ્રયોજન નથી. તે આનંદચંદ્રના આભારના ભારમાં દબાયલી છે; તેથી તેમના કહ્યા પ્રમાણે જ તે વર્તે છે અને વર્તશે. જુઓ આ પુસ્તક મ્હેં પ્રસિદ્ધ કર્યું કે આનંદચંદ્ર શેઠ મ્હારા ઉપર પ્રસન્ન થવાના જ અને તેમ થયું કે સરલા મ્હને મળી ચૂકી! મુખ્ય બાબત આનંદચંદ્રને પ્રસન્ન કરવાની જ છે."

"હં!" શર્માએ કહ્યું, "પણ તમને ખબર છે કે આ સુધરેલા જમાનામાં હવે છોકરીઓ પૈસાને જોતી નથી; જેના ઉપર તેમનો પ્રેમ લાગ્યો હોય છે તેને જ તેઓ પોતાનું જીવનસર્વસ્વ સમર્પણ કરે છે. તેઓ પોતાનાં માબાપની પણ દરકાર કરતી નથી. તમે જાણો જ છો કે આજકાલ પ્રેમનાં બંડ ઘણાં ઊઠે છે!"

"એ માટે ચિંતા કરવાનું કાંઇ પ્રયોજન નથી. ફક્ત આનંદચન્દ્રને પ્રસન્ન થવા દો; પછી જુઓ કે મ્હારી સઘળી ઉમેદો પાર પડે છે કે નહિ?"

"પરંતુ હવે તો તમે વૃદ્ધ થવા આવ્યા છો. હવે લગ્ન કરવું એ સારું છે કે? એ બાળિકા તમારા જેવા વૃદ્ધને પસંદ કરશે કે? તમે જાણો છો કે:—

'બોજ ઉપાડે બળદિયા, મૂરખ પામે રાજ;
બુઢ્ઢો પરણે બાયડી, એ સહુ પરને કાજ!"

"વાહ! શું હું બુઢ્ઢો થઇ ગયો?! એકાદ તરૂણ પણ મ્હારા

જેટલો બળવાન્ નહિ હોય! ગયા ચૈત્ર માસની શુરુઆતમાં જ મ્હને બેંતાળીસમું વર્ષ પુરું થઇ ત્રેંતાળીસમું બેઠું! જુઓ તો ખરા કે હું કેવો પુરુષાર્થી છું?!"

"ભાઇ! તમારા પુરુષાર્થનું ફળ તમને મળે તો આ સ્નેહીનું વિસ્મરણ કરતા નહિ!"

"તમારું વિસ્મરણ થાય એ સંભવિત છે કે? તમારી જરૂર તો મ્હને અંતકાળ સુધી પડવાની જ. કાર્ય સફળ થયા પછી હું તમને પાંચ હજાર રૂપિયા પુરષ્કાર તરીકે આપીશ!"

કૃષ્ણકાન્ત શર્મા અતિ પ્રસન્ન થયો. તેણે શ્યામચરણને પોતા-નાથી બનતી સર્વ પ્રકારની મદદ આપવા કબુલ કર્યું.

ઘણા વખત સુધી વાતચિત ચાલી. છેવટે અગીઆર વાગી ગયા પછી બન્ને જણા ચાલ્યા ગયા. જતી વખતે પેલી પ્રત શ્યામ-ચરણે પોતાની સાથે લઇ લીધી. એક નંબરની રૂમમાં તેમની વાત-ચિત ચાલી હતી ત્યારે તેની સાથેની બીજા નંબરની રૂમમાં અંધ-કારની અંદર ભીંતને અઢેલી એક વ્યક્તિએ તેમની સઘળી વાતચિત ગુપ્ત રીતે સાંભળી લીધી. કૃષ્ણકાન્ત અને શ્યામચરણના ચાલ્યા ગયા પછી એ વ્યક્તિ પણ તેમની પાછળ બ્હાર નીકળી પડી. એ પ્રતાપ-ચંદ્ર હતો.

પ્રકરણ ૩૦ મું.

વિસર્જન.

કાચપાત્રમાં જે કાંઈ રાખવામાં આવે છે તેનો જ ભાવ તથા રંગ પાત્ર સ્વીકારે છે. પુરુષનો આધાર સ્ત્રી છે. પુરુષ જેવા પ્રકારનો થાય છે તેવી જ સ્ત્રી થાય છે અર્થાત્ સ્ત્રીજાતિ પણ કાચપાત્ર પ્રમાણે છે. કદાચિત્ જો પુરુષ

કાંચન થાય છે તો તેના સંસર્ગથી સ્ત્રી પણ તેવી જ થાય છે. યોગેશ્વરનું પણ તેવું હતું. વિનોદિની યોગેશ્વરનો આધાર–કાચપાત્ર હતી. જો યોગેશ્વર કદાચ કાંચન થયો હોત તો વિનોદિની અનાયાસે તેવી જ થઈ શકત.

યોગેશ્વરે સૌન્દર્યના મોહથી મુગ્ધ થઇ, વિલાસલાલસાથી જ્ઞાનશૂન્ય બની જઇ વિનોદિનીનો આશ્રય સ્વીકાર્યો છે. તેણે વિનોદિનીના સ્વચ્છ અને નિર્મળ હૃદયરૂપ કાચપાત્રમાં વિલાસભાવનાનો મદિરા રેડયો છે. એ જ મદિરાથી વિનોદિનીએ મોહમયી બની જઇ યોગેશ્વરને મદનો-ન્મત્ત–મોહોન્મત્ત બનાવ્યો છે. વિનોદિની પણ મોહવશ થઇ વિમૂઢા પ્રમાણે પોતાના દિવસો પસાર કરે છે. વિનોદિનીએ ભૂતકાળ અને ભવિષ્યકાળની ઉપેક્ષા કરી વર્ત્તમાનના ક્ષણિક આનન્દનો ઉપભોગ કરવા માંડયો છે. તેણે માનવી હોવા છતાં પિશાચિનીનો આકાર ધારણ કર્યો છે; કારણ યોગેશ્વરે પણ પિશાચ બની જઈ મદિરાનું પાન કરવા માટે આશાસર્વસ્વનો ત્યાગ કર્યો છે.

ભગવતી નવદુર્ગાએ બંસરીબાલાને પિયર મોકલી ત્યાર પછીથી તેને નિરાંત નથી. બંસરીબાલા જ્યારે ભગવતી પાસે હતી અને તે વખતે વિનોદિની ભગવતીની જેવી સેવા ચાકરી કરતી તેવી સેવા ચાકરી હવે તે કરતી નથી. સંસારકાર્યમાં પણ હવે તેનું પ્રથમના જેટલું ધ્યાન નથી. દાસ દાસી જે કરે છે તે થાય છે. વિનોદિની પોતાના મનમાં એવો વિચાર કરે છે કેઃ—“ હવે તો સુયોગ મળી આવ્યો છે. યોગેશ્વર મ્હારા થઇ ચુકયા છે. હવે શા માટે હું કોઇનો ભય રાખું ? ” ભગવતી નવદુર્ગાથી ખરો પ્રકાર અજાણ્યો રહી શકે એ અશકય હતું. વિનોદ અને યોગેશ્વરના હાવભાવ જોઇ તથા દાસદાસીની કેટલીક ગુપ્ત વાતચિત સાંભળી તે સઘળું સમજી ગઈ હતી; પરંતુ તેનામાં યોગેશ્વરને કાંઇ કહેવાની શકિત નથી. ભગવતી વિચારે છે કે, “ આ ભયંકર પાપકથા હું યોગેશ્વરને કહીશ તો તે ક્રોધે ભરાશે. વળી ક્રોધની ઉત્તેજનાથી તે મ્હારું અપમાન કરશે અને તેમ થશે તો

મ્હારા આત્માને અપાર વ્યથા થશે.” પતિ અને પુત્ર એ બે ઉપર તો હિન્દુ નારીનું જીવન છે. બીચારી ભગવતીના પતિ સંસારત્યાગી થયેલા છે. ગૃહસંસાર યોગેશ્વરથી જ ચાલે છે. તે સ્વતંત્ર છે. તેનો સ્વાધીન પુત્ર યોગેશ્વર નિર્ભયતાથી માતાને અગ્રાહ્ય કરી હિન્દુના પવિત્ર શીતળ સંસારાશ્રમના આશ્રયમાં રહી પાપપંકમાં ડુબ્યે જાય છે. જે પુત્ર પોતાની માતાની હાજરીમાં પોતાના ઘરમાં આવું પાપપૂર્ણ કાર્ય કરે છે તે પુત્ર માતાનો તિરસ્કાર કરી નૂતન પાપનો સંચય કરે એ શું અશક્ય છે?

ભગવતી નવદુર્ગાએ અપમાનના ભયથી આટલા દિવસ સુધી શાન્તિ ધારણ કરી છે. તે પોતાના ઓરડાનું દ્વાર બંધ કરી દિવસ રાત ઇષ્ટમંત્રનો જપ જપ્યા કરે છે તથા સંસારત્યાગી સ્વામીનું સ્મરણ કરી કેટલીક વખત રુદન પણ કરે છે. શ્રીકાન્ત તેનું નયનઅંજન છે.

છેવટે નવદુર્ગાએ બંસરીબાલાને તેના પિયરથી બોલાવવાનો નિશ્ચય કર્યો. તેણે વિચાર્યું કે પુત્રવધૂ આવી યોગ્ય વ્યવસ્થા કરશે. આમ વિચારી તેણે પુત્રને કાંઇ પણ ન કહેતાં પુત્રવધૂને તેડી લાવવા એક માણસને પત્ર આપી મોકલ્યો. પત્ર લખી માણસ મોકલવામાં આવ્યાની ખબર પડતાં યોગેશ્વર પોતાની માતાનું અપમાન કરતાં સંકોચાયો નહિ.

યોગેશ્વર ભોજન કરવા બેઠો છે. નોકર કચેરીનો પોષાક ઠીક કરે છે. વિનોદ પરિવેષણ કરે છે. આ પ્રસંગે નવદુર્ગાએ ત્યાં પ્રવેશ કર્યો. યોગેશ્વરે ભોજન કરતાં કરતાં માતાને જોઇ પોતાનું મ્હોં ચઢાવ્યું; તેણે કહ્યું:-“ જાઓ, હવે તમે સર્વ તમારી મરજીમાં આવે તેમ કર્યાં કરો !”

ભગવતીએ પુત્રનું આ અપ્રાસંગિક વાક્ય સાંભળી આશ્ચર્ય પામી પૂછ્યું:-“ કેમ ભાઇ ! મ્હેં શું કર્યું છે ?”

યોગેશ્વરે ક્રોધસૂચક સ્વરે કહ્યું:-“ કરવાનું શું હતું ? મ્હારું માથું નીચું નમાવ્યું ! માણસને તેડવા મોકલ્યું તો તેને પાછું હાંકી

કાઢયું ! તમે જાણી જોઇને મ્હારું અપમાન કરાવ્યું!"

નવદુર્ગાએ કહ્યું:—"એમાં શું અપમાન થઇ ગયું ? ભાઇ ! વહેવાણનું શરીર સારું નથી તેથી તેમણે પુત્રીને મોકલી નથી. તેમણે જણાવ્યું છે કે, વિનોદને અત્રે મોકલી દેશો કે તરત બંસરીબાલાને અમે મોકલી દઇશું; એમાં શાનું અપમાન?!"

યોગેશ્વરે કહ્યું:—"હવે વિનોદ કાંઈ રસોઇયણ નથી કે જેને તેને ઘેર જઇ રસોઈ કર્યા કરે!"

નવદુર્ગાએ પોતાના હૃદયની જ્વાળાને હૃદયમાં જ દબાવી કહેવા માંડયું:—"બેટા! તું આ શું બોલે છે ? વિનોદને કયાં પરઘેર રાંધવા જવાનું છે ? તે વહેવાઇ મહાશયની ભાણેજ થાય છે. વળી વહેવાઇએ જ તેનું અત્યાર સુધી પ્રતિપાલન કર્યું છે; તેથી તેમણે વિનોદને મોકલી દેવાનું લખ્યું છે. ત્હારે વહેવાઇના લખ્યા પ્રમાણે તેને મોકલી દેવી જોઇએ. એ વિષયમાં કાંઇ કહેવાનો તને અધિકાર નથી!"

યોગેશ્વર જો મનુષ્ય હોત તો માતાના આ તિરસ્કારથી પૃથિવીમાં શમાઇ જાત; પરંતુ એ લાલસાના મંદિરમાં મનુષ્યત્વનું બળિદાન દઇ વિનોદિનીનું દર્શન કરી રહ્યો છે. માતાના તિરસ્કારની તેના મનપર બિલકુલ અસર ન થતાં ઉલટો તે ક્રોધે ભરાયો. રોષસૂચક સ્વરે તેણે કહ્યું:—"વહેવાઇ મહાશયે આ સઘળો પ્રપંચ કર્યો છે. વિનોદને બોલાવી લેવા તેમણે આવો સંદેશો મોકલ્યો છે. તેમને પૂછાવો તો ખરાં કે તમારાં વહેવાણને શો રોગ થયો છે?"

નવદુર્ગા હવે પોતાના ક્રોધનું સંવરણ કરી શકી નહિ. તેણે પણ ગુસ્સાથી કંપતાં કહ્યું:—"મ્હોં સંભાળીને વાત કર. મ્હારી પાસે તું ત્હારી પાપકથા ઉચ્ચારીશ નહિ ! ગમે તેમ હોય પણ આપણો વિનોદના ઉપર કોઈ પણ પ્રકારનો અધિકાર નથી. આજે જ હું તેને મોકલી દઇશ ! હું જોઉં છું કે તું શું કરી શકે છે?!"

યોગેશ્વરે સહજ નમ્ર થઇ દઢતાથી કહ્યું—"વિનોદને મોકલવામાં આવશે નહિ! વિનોદના જવાથી મ્હને કોણ રસોઇ કરી આપશે?

તમારી મ્હોડે ચઢાવેલી વહુને પણ ક્યાં કોઇની ચિંતા છે ?! "

ક્રોધે ભરાયલી માતા પુત્રનાં આ વચનો સહન કરી શકી નહિ. રોષથી, ક્ષોભથી તેમ જ અપમાનથી ઉત્તેજિત બની જઇ તેણે યોગેશ્વરના તરફ તીવ્ર નજર ફેંકી કહ્યું:—" મર તું ! " છેવટે મનમાં ને મનમાં જીભ દાબી પુત્રના કલ્યાણની કામના ઇચ્છી પ્રકાશમાં કહ્યું:— " તો ઠીક, મ્હારે આજે ને આજે ચાણોદ જવું છે ! હું હવે આ સ્થળે રહીશ નહિ. હમણાં બાર વાગ્યાની ગાડીમાં જ હું જઇશ. "

યોગેશ્વરે કાંઇ પણ ઉત્તર આપ્યો નહી. ક્રોધથી કંપતો કંપતો તે ભોજનપરથી ઊઠી ગયો. ભગવતી નવદુર્ગા અશ્રુજળ સ્વચ્છ કરતી કરતી શુષ્ક મુખે, કાંઇ પણ ખાધા સિવાય તથા વધારાનું એક પણ વસ્ત્ર લીધા સિવાય યોગેશ્વરના પાપગૃહમાંથી નીકળી પડી.

યોગેશ્વરે માતાને કાંઈ પણ કહ્યું નહિ. વિદાય વખતે યોગેશ્વરે માતાનાં ચરણદર્શન પણ કર્યાં નહિ. તે ભૂખ્યોને ભૂખ્યો જ કચેરીમાં ચાલ્યો ગયો. આખો દિવસ કચેરીનું કાર્ય કરી સંધ્યા સમયે પાછા ફરતાં તેને પોતાની વર્તણૂંક માટે પશ્ચાત્તાપ થવા લાગ્યો; પરંતુ વિનોદિનીના સહવાસસુખની વિષયધારાએ આવીને તેના ક્ષોભને શાન્ત કર્યો.

યોગેશ્વર ! થયું, અંત આવ્યો ! ત્હારા સંસારની તૃપ્તિ અને સુખશાન્તિનો વિનાશ થયો ! ત્હારું ભાગ્યચક્ર ફરી ગયું !

પ્રકરણ ૩૧ મું.

સાસૂનો પત્ર.

ભગવતી નવદુર્ગાએ ચાણોદ જઇ પહોંચી ત્યાંથી એક વિસ્તૃત પત્ર એક જણ પાસે લખાવી બંસરીબાલા તરફ રવાના કર્યો. એ પત્રમાં લખ્યું હતું કે, " બેટા ! મ્હેં આ પુણ્યક્ષેત્રમાં નિવાસ કરવાનો નિશ્ચય કર્યો છે. જો પરમાત્માની કૃપા

હશે તો હવે અત્રે જ આ જીવનના બાકી રહેલા દિવસો પૂર્ણ કરીશ. હવે હું સંસારમાં પાછી ફરીશ નહિ અને યોગેશ્વરનું અન્ન ખાઇશ નહિ. પરમાત્મા યોગેશ્વરનું કલ્યાણ કરો. બેટા! તું આવીને ત્હારો ઘરસંસાર સંભાળી લે. મ્હારો પત્ર મળતાંની સાથે જ તું ત્હારા પિતાને સાથે લઇ ઘેર આવજે. જો તું નહિ આવે તો મ્હારા સ્વામીના વંશને કલંક લાગશે. બેટા! હું ત્હારી પાસે અપરાધિની છું. સકળ પરિવારનું રક્ષણ કરવા માટે જેવી રીતે એક ગૃહિણીએ પોતાનું કર્ત્તવ્ય બજાવવું જોઇએ તેવી રીતે હું મ્હારું કર્ત્તવ્ય બજાવી શકી નથી. મ્હારા દોષને લીધે ત્હારું ભવિષ્ય બગડ્યું છે. મ્હારા યોગેશ્વરે પાપમાર્ગપર પ્રયાણ કરવા માંડ્યું છે. મ્હારા દોષથી મ્હારા સ્વામીના વંશને કલંક લાગવાનો સમય પાસે આવી પહોંચ્યો છે. હું જાણું છું કે મ્હારા સ્વામી–ત્હારા શ્વસુર મનુષ્ય નહિ પરંતુ દેવતા છે. તેઓ જે કહેતા તે સત્ય જ ઠરતું. વીસ વર્ષ સુધી તેમનો વિયોગ વેઠેલો હોવા છતાં પણ મ્હેં સધવાના સૌભાગ્યનો ત્યાગ કર્યો નથી. મ્હને સંપૂર્ણ વિશ્વાસ છે કે, મ્હારા સ્વામી અદ્યાપિ જીવે છે. આટલા બધા કાળ પછી મ્હારો મ્હારા પ્રભુની સાથે સાક્ષાત્કાર થશે. હું એ જ આશાનું હૃદયમાં પોષણ કરી યોગેશ્વરનો ત્યાગ કરી અહીં ચાલી આવી છું. મ્હારી આશા પૂર્ણ થશે. બેટા! સ્ત્રીનું સર્વસ્વધન તેનો પતિ જ છે. પુત્ર કરતાં પણ પતિની કિમ્મત આર્યનારી માટે અધિક અંકાય છે. પુત્રનો ત્યાગ કરવાનું નારીથી બની શકે છે; પરંતુ પતિનો ત્યાગ કરવાનું બની શકતું નથી. પતિના દોષથી જેવી રીતે પત્ની બગડે છે તેવીજ રીતે પત્નીના દોષથી પતિ પણ બગડે છે. પતિના ચરિત્ર માટે જે સ્ત્રી સંદેહ કરે છે તેનું મૃત્યુ જ ઉત્તમ છે; કારણ કે મ્હારો એવો વિશ્વાસ છે કે સાધ્વી સ્ત્રી પતિને જે દિવસથી સંદેહની દૃષ્ટિથી જુએ છે તે જ દિવસથી પતિ ચારિત્ર્યભ્રષ્ટ થાય છે. બેટા! તને ઘણો ભય લાગ્યો છે. વિનોદનો વ્યવહાર જોઈ, યોગેશ્વરની બુદ્ધિની વિકૃતિ જોઇ તું ભયની ભાવનાથી કંપી ઊઠી છે. ભયથી વિહ્વળ બની જઇ તું પિત્રાલયમાં ચાલી ગઇ છે;

પરંતુ બેટા! જો તું પિયરમાં ન ગઇ હોત તો મ્હારો યોગેશ્વર પાપ-સાગરમાં વિશેષ ડૂબત નહિ! પરંતુ તેને શો દોષ દઉં? દોષ મ્હારા ભાગ્યનો જ છે! મ્હારી જ મૂર્ખતાનું આ પરિણામ છે! તને મ્હેં ઘણા જ લાડમાં ત્હારું લાલન પાલન કરી ઉછેરી છે. મ્હેં કેવળ મ્હારાં નયનોને જ સાર્થક કર્યાં છે. મ્હેં કેવળ મ્હારા જ મનના કોડ પૂર્ણ કર્યા છે. એ સમયે હું વિચારતી કે, મ્હારું જીવન આવા જ આનંદમાં સદા સર્વદા ચાલ્યું જશે; પરંતુ વિધાતાનું વિધાન વિભિન્ન પ્રકારનું હોવાથી તેમ બન્યું નહિ. છેવટે પુણ્યમય સંસારમાં પાપે પ્રવેશ કર્યો. બેટા! હવે એ પાપપૂર્ણ સંસારમાં હું કેવી રીતે નિવાસ કરી શકું? મ્હારે મ્હારા પરલોકનો તો વિચાર કરવો જોઇએ? મ્હારા પતિના આદેશનું તો પાલન કરવું જોઇએ? શું કહું બેટા? દુઃખની પરિસીમાથી જ હું અત્રે ચાલી આવી છું. તને હું મ્હારી હૃદયવ્યથાની કલ્પના કેવી રીતે કરાવું? તો પણ તને હવે એક વાત કહેવાની છે, તે એ છે કે, ગમે તેવો હોય પણ યોગેશ્વર ત્હારો પતિ છે—દેવતા છે. તેનું ગૃહ તથા તેનો આશ્રય ત્હારે માટે સ્વર્ગ કરતાં પણ વિશેષ શ્રેષ્ઠ છે. ત્હારો આલોક તેમ જ ત્હારો પરલોક યોગેશ્વર છે. એ જ ત્હારો ઇષ્ટદેવતા છે. ત્હેં તેના ચરિત્ર સંબંધી સંદેહ કરી જે પાપ કર્યું છે તે પાપનું પ્રાયશ્ચિત્ત વેઠવાનું હવે ત્હારા ભાગ્યમાં આવી લાગ્યું છે. કેટલાક દિવસ સુધી ત્હારે એ તુષાનળની જ્વાળા સહન કરવી પડશે તે તો અનાથનો નાથ દીનબંધુ દયાળ દીનાનાથ જાણે! તો પણ હું તને આ પવિત્ર સ્થાનમાં બેઠી બેઠી, શ્રી પરમાત્માનું ધ્યાન ધરતાં ધરતાં આશીર્વાદ આપું છું કે ત્હારું દુઃખ સત્વર દૂર થશે. તું પુનઃ સુખી થઇશ; છતાં ત્હારે એ તુષાનળની જ્વાળા થોડા સમય માટે સહન કરવી જ પડશે—જ્વાળાના ભયથી હમણાં થોડા સમય માટે તું સ્વામીસંગથી દૂર થઇશ નહિ. જ્વાળાની વેદનાથી સ્વામીસેવાની અવહેલના કરીશ નહિ. આવ મા! મ્હારા ઘરની લક્ષ્મી! મ્હારા દેવતા તુલ્ય સ્વામીના વંશધરની પુણ્યસ્વરૂપિણી, આવ, અમારા ઘરમાં

આવી યેગેશ્વરની પાસે રહી મ્હારું આલોકનું સુખ વધાર. હવે મ્હારો અને ત્હારો સાક્ષાત્કાર થવો અસંભવ છે. ફક્ત મરણાંતે જો મ્હારી સુકૃતિ હશે તો પતિનાં દર્શન કરી જીવનનું સાર્થક કરીશ. તમારા ભાગ્યમાં હોય તો, બન્ને જણાં એ સમયે અહીં આવજો. હું તમને યુગલરૂપે જોઇ કૃતાર્થ થઇશ—સુખેથી મરણને શરણ થઇશ; અસ્તુ."

બંસરીબાલાને યથાસમયે આ ઉપદેશાત્મક પત્ર મળ્યો. પત્ર વાંચી રહ્યા પછી તે કેટલાક સમય સૂધી અવાક્ બની ગઈ. પછીથી એકાએક રુદન કરવા લાગી. રુદન કરતાં કરતાં પુનઃ તેણે પત્રને વાંચ્યો. પછી એ પત્ર તેણે પિતાના હાથમાં મૂકયો. વયોવૃદ્ધ ગિરીશચંદ્ર પણ પત્ર વાંચી વિચળિત થઇ ગયો. બંસરીબાલાને સંબોધીને તેણે કહ્યું:—" ચાલ બેટા ! હું તને આજે જ મૂકવા આવું છું."

યમુના પણ ત્યાં આવી પહોંચી. ગિરીશચંદ્રે પત્રનો ટૂંક સાર પત્નીને જણાવ્યો. સર્વ હકીકત ધ્યાનમાં આવતાં જ યમુના કંપી ઊઠી. પોતાની પ્રાણાધિક પુત્રીની ભવિષ્યની સ્થિતિનું ચિત્ર અંતરમાં ઉપસ્થિત થતાંની સાથે જ તે આકુળ વ્યાકુળ બની ગઇ. કરૂણાપૂર્ણ સ્વરે તેણે કહ્યું:—" અરેરે ! મ્હારી એકની એક સ્નેહમયી પુત્રીનું કપાળ ફુટયું. હરિ ! હરિ! ખરેખર બાલ્યાવસ્થામાં જે પુત્રનો પિતા મૃત્યુ પામે છે તે બાળક અવસ્ય બગડે છે જ. મ્હેં પ્રથમથી જ મ્હારી બંસરીનો વિવાહ એ ઘેર કરવાની ના પાડી હતી છતાં તમે ધ્યાન આપ્યું નહિ! યેગેશ્વરની વિદ્વતામાં ધૂળ પડી ! મ્હારી ધારણા સત્ય નિવડી. હવે તો તમારી આંખો ઉઘડીને! હવે શો ઉપાય છે? બંસરીના નસીબમાં જે હશે તે થશે! હરિ ! હરિ ! એકની એક પુત્રીના સંસારને સુખી જોવાનું આપણા ભાગ્યમાં નહિ હોય ! હવે તેને મોકલી દેવી જ જોઇએ; તે સિવાય બીજો કોઇ રસ્તો જ નથી ! "

બંસરીબાલા ધૈર્યશાલિની હતી. માતા પિતાની દુઃખી અવસ્થા જોઇ તે એક વખત વિષાદપૂર્ણ મુદ્રાથી હસી. તેણે વિચાર્યું:—" મ્હારા નસીબમાં જે બનવાનું હતું તે બન્યું છે, તેને કોઈ શું કરે ?" બંસરીબાલા

પોતાનો ધર્મ સમજી શકવાને સમર્થ હતી. આવા સમયે સ્વામીના કાર્યો તરફ નિહાળી તેના સંગથી વંચિતા રહી પોતાના આલોકના અને પરલોકના સકળ સુખસર્વસ્વનો નાશ કરે એવી તે મૂર્ખ નહોતી.

બંસરી પોતાની સાસુનો જે દિવસે પત્ર મળ્યો તે જ દિવસે પોતાના પિતાને સાથે લઇ સ્વગૃહે જવા તૈયાર થઇ. તેણે સ્વેચ્છાથી સળગતા અગ્નિમાં પ્રવેશ કર્યો!

ધન્ય છે બંસરિ! ધન્ય છે ત્હારા જીવનને. શિખો, આર્યનારીઓ! પતિભક્તિનો પાઠ શિખો! સ્વામીની સેવા કેવી રીતે કરવી એ અમારી નવલનાયિકા બંસરીબાલાના ચારિત્ર્યપરથી શિખો!

પ્રકરણ ૩૨ મું.

પુનરાગમન.

લગભગ દશેક વાગ્યાનો સુમાર થઇ જવા આવ્યો છે. યોગેશ્વરનો કોર્ટમાં જવાનો વખત થઇ ગયેલો હોવાથી તે ભોજન કરવા બેઠો છે. વિનોદિની ભોજનસામગ્રી પીરસે છે. શ્રીકાન્ત થોડે દૂર બેઠો બેઠો ચોરની માફક જમે છે. તેની પિતામહીના ચાણોદ ચાલ્યા ગયા પછી તેને ઘણી લાગણી થઇ આવે છે. એકાંતમાં બેસી ઘણો વખત તે રડયા કરે છે. વખત થતાં નિશાળે ચાલ્યો જાય છે. વિનોદિનીનો પણ શ્રીકાન્ત ઉપર હવે પ્રથમના જેવો પ્રેમ નથી. યોગેશ્વર પણ તેના તરફ વિશેષ લક્ષ્ય આપતો નથી. બીચારો બાળક પિતાને કાંઇ પણ કહેતો નથી. ભૂખ લાગી હોય તો પણ વિનુમાશી પાસે ભોજન માગતો નથી. કપડાં બગડી ગયાં હોય, બુટ ફાટી ગયા હોય તો પણ તે કોઇને કાંઇ કહેતો નથી. તેનું મુખ પ્રથમના જેવું હાસ્યપ્રફુલ્લ નથી.

પિતા પુત્ર બેઠા બેઠા ભોજન કરે છે. વિનોદિની કંપતી કંપતી મૃદુહાસ્યસહ યોગેશ્વરને પીરસે છે. 'આ ખાઓ—પેલું ખાઓ' એ

પ્રમાણે આગ્રહ કરી અનેક ખાદ્યપદાર્થો યોગેશ્વરની થાળીમાં મૂકે છે. યોગેશ્વરને પીરસતાં થાળીમાં જે કાંઈ વધે છે તે બાળક શ્રીકાન્તની થાળીમાં મૂકી રસોડામાં ચાલી જાય છે. વિનોદ હવે સંસાર તરફ જોતી નથી, ખરચ તરફ કાંઇ લક્ષ્ય આપતી નથી. પ્રથમ કરતાં હમણાનું માસિક ખરચ બમણું ત્રમણું થઇ ગયું છે. વિનોદ હવેપ્રથમની વિનોદ નથી. તે હવે રસમયી, ભાવમયી, વિલાસમયી થઇ છે—વિનોદ પિશાચિ બની ગઇ છે!

યોગેશ્વરે દૂધની વાડકી ઊંચકી દૂધ પીવા માંડયું એવામાં બંગલાની નીચેના દ્વાર આગળ ' ગડ—ગડ ' અવાજ કરતી એક ભાડાની ગાડી આવીને ઊભી રહી. શ્રીકાન્ત ગાડીનો અવાજ સાંભળી ' બા આવી છે ! ' બોલતો હાથ ધોઈ અધીર ચિત્તે તેમ જ પ્રસન્ન મુખે ઊઠી ગયો. શ્રીકાન્તના મુખમાંથી નીકળેલા શબ્દો સાંભળવામાં આવતાં યોગેશ્વરના હાથમાંની વાડકી હાથમાં રહી. વિનોદિનીએ પણ શ્રીકાન્તનું વાકય સાંભળ્યું. સાંભળતાંની સાથે જ તેનું ગુલાબી મુખમંડળ પાણ્ડુવર્ણું બની ગયું. તેની એવી સ્થિતિ થઇ ગઇ કે જેવી સ્થિતિ એકાએક વજ્રાઘાત થતાં પણ થાય નહિ. બંગલામાં સર્વ નિસ્તબ્ધ છે. દાસ દાસીઓ શાન્ત છે.

શ્રીકાન્તની કથા સત્ય નિવડી. બંસરીબાલા આવી પહોંચી છે. તેની સાથે તેના પિતા ગિરીશચંદ્ર પણ આવ્યા છે. બંસરીબાલાની કમરપર ૭ માસનો બાળક છે. સાથે બીજી એક ગાડીમાં બધો સામાન ભરેલો છે. ગિરીશચંદ્રે સૂચના કરવાથી ચાકરોએ પોટલાં, ટ્રંકો વગેરે સર્વ નીચે ઉતાર્યું. ગાડીવાનને ગાડીભાડું ચુકવી આપી ગિરીશચંદ્રે પોતાના જ્યેષ્ઠ દોહિત્રનો હાથ પકડયો અને ન્હાના દોહિત્રને પુત્રીની પાસેથી પોતાની પાસે લઇ યોગેશ્વરના અંતઃપુરમાં પ્રવેશ કર્યો. પિતાની પાછળ બંસરીબાલા પણ ધીમે ધીમે જવા લાગી.

ગૃહની અંદર આવી શ્રીકાન્તે પોતાની માતાના પહેરેલા વસ્ત્રનો પાલવ પકડીને કહ્યું:—" પિતાશ્રી, મ્હારી બા આવી છે, મ્હારો ભાઇ આવ્યો છે—મ્હારા દાદા આવ્યા છે ! વાહ કેવી મઝા ! કેવો

આનંદ!!" આમ કહી શ્રીકાન્ત નાચવા લાગ્યો–કૂદવા લાગ્યો. તેના શુષ્ક નેત્રોમાંથી હર્ષાશ્રુઓ સરી પડવા લાગ્યાં. કેટલીક મુદત થયાં શ્રીકાન્ત સુખદુઃખના ભેદ સમજી શકયો છે. હવે તે માનુષની માફક રુદન કરતાં પણ શિખ્યો છે. આ વખતે તે આનંદની ઉત્તેજનાથી પોતાના હર્ષાશ્રુપ્રવાહને રોકી શકયો નહિ–માતા ભાઇ તેમ જ દાદાના આગમનથી તે આનંદોન્મત્ત બની ગયો.

યોગેશ્વર હવે સ્થિરતા ધારણ કરી શકયો નહિ. દૂધની વાડકીને નીચે મૂકી તે ઊઠયો. હાથ મ્હોં ધોયા પછી કંપતા શરીરે તથા ચિંતાતુર મુખે તેણે શ્વસુરને પ્રણામ કર્યા અને સંકોચસૂચક સ્વરે કહ્યું: "મ્હારે સત્વર કચેરીમાં જવાનું છે તેથી હું જાઉં છું. આપ આહારાદિ કરી વિશ્રામ લેજો." આમ કહી તે નીચે મ્હોંડે બંગલાની બ્હાર નીકળી ગાડીમાં બેસી કચેરી તરફ ચાલ્યો ગયો. ન્હાના બાળક તરફ કે બંસરીબાલા તરફ તેણે એક વખત જોયું પણ નહિ.

વિનોદિની કંપી ઊઠી છે. તેનું અંગ અત્યંત કંપે છે. અત્યાર સુધી તે શાન્ત રહી હતી; પરંતુ હવે તેનાથી શાન્ત રહી શકાયું નહિ. તે મહા મુશિબતે ધીમે ધીમે આગળ આવી; પરંતુ પૂર્વાનુસાર તેના વર્તમાન ભાવ સ્થિર, ધીર, અને ગંભીર નથી. ઘણા જ ધીમેથી પગ ઉપાડવા છતાં ચરણયુગલ એક બીજા સાથે અથડાઇ પડે છે. વિનોદે વિચાર્યું કે આવી વિલાસપૂર્ણ દેહલતા લઇ, આવા પાનથી લાલચોળ બનેલા ઓષ્ઠાધર લઇ મામાની પાસે જવું એ વ્યાજબી નથી. વિનોદે ધાર્યું કે જે વિનોદને મામા 'પાષાણપ્રતિમા' સંબોધનથી સંબોધતા હતા તે જ વિનોદ આજે તેમની પાસે રસમયી, વિલાસમયી અને ભાવમયી થઇ કેવી રીતે ઉપસ્થિત થઇ શકે? જે બંસરીબાલાનો તેણે ઘણો ગંભીર ગુન્હો કર્યો છે તેની પાસે પણ તે કેવી રીતે જઇ શકે? પરંતુ વિનોદનો છુટકો જ નહોતો. જો તે ન જાય તો તે જે હકીકત છુપાવવા માગે છે તે તરત જ પ્રકટ થઇ જાય એમ છે. આથી કરીને વિનોદે ધીમે ધીમે અગ્રેસર થઇ મામાને

પ્રણામ કર્યા. ન્હાના બાળકને પોતાની પાસે લેવાનો વિનોદે પ્રયત્ન કર્યો; પરંતુ ગિરીશચંદ્રે બાળકને છોડયો નહિ. વિનોદ સાથે કાંઇ પણ વાતચિત કર્યા વિના પુત્રીસહ ગિરીશચંદ્ર મેડાપર ગયો.

બંસરીબાલા પ્રથમ પોતાના ઓરડા તરફ ગઇ. દ્વાર આગળથી જ ઓરડામાંની રચના જોઇ તેને ઘણું આશ્ચર્ય લાગ્યું. ટેબલ, ખુરસી, આયના, તસ્વીરો વગેરે સર્વ વસ્તુઓનું બંસરીબાલાએ પુનઃ પુનઃ નિરીક્ષણ કર્યું. ત્યાં આગળ તે વધારે વખત ઊભી રહી શકી નહિ. તે તત્કાળ બ્હાર આવી અને છજાની અંદર ચિંતાતુર મુખે બેસી પડી. તેનાં ગાત્રો શિથિલ થઇ ગયાં. તેનાં વિશાળ નયનયુગલમાંથી અશ્રુજળનો પ્રવાહ અવિચ્છિન્ન રીતે વહેવા લાગ્યો. વક્ષસ્થળ ઉપરનું કપડું ભીંજાઇ ગયું. જ્યાં આગળ તે બેઠી હતી ત્યાં આગળની જમીન પણ ભીંજાઇ ગઇ શ્રીકાન્ત માતાની પરિચર્યા જોઇ અત્યાર સુધી શાન્ત રહ્યો હતો તે આ વખતે માતાનાં નેત્રોમાંથી અશ્રુધારાને વહેતી જોઇ રુદન કરવા લાગ્યો; પણ તે માતાની માફક શાન્તિથી પોતાના હૃદયભારને ઓછો કરી શકયો નહિ. માતાને ગળે બાઝી પડી તે ‘બા... બા......’ કરતો છૂટે મ્હોંડે રડવા લાગ્યો.

પોતાના આવતાં પહેલાં ગિરીશચંદ્રે યોગેશ્વરને કાંઇ પણ સમાચાર મોકલ્યા નહોતા; તેથી કરીને ભોજનાદિનો પ્રબંધ થયો નહોતો. બંસરીબાલાએ સ્નાનાદિથી નિવૃત્ત થઇ પોતે જ રસોડામાં પ્રવેશ કર્યો અને ભોજન તૈયાર કર્યું. લગભગ દોઢેક વાગ્યાના સુમારે ગિરીશચંદ્ર જમવા બેઠા. શ્રીકાન્ત પણ તેમની સાથે પુનઃ ભોજન કરવા બેઠો તથા ભોજન કરતાં કરતાં તેણે કહ્યું:—“દાદા! મ્હારી બાના હાથની રસોઇ આવી મીઠી કેમ લાગે છે? વિનુમાશી તો ઘણી તીખી રસોઇ બનાવતાં હતાં!”

બંસરીબાલાએ કહ્યું:—“ભાઇ! આવું બોલીએ નહિ! એ તો ત્હારાં માશી છે ને!”

પ્રકરણ ૩૩ મું.

ક્ષમામયી.

સંધ્યા સમયે યોગેશ્વર કચેરીમાંથી ઘેર આવ્યો. આજે ઘરની સર્વ પ્રકારની વ્યવસ્થા બંસરીબાલાએ કરી છે. હાથ ધોવાનું પાણી, મ્હોં લુંછવાનો ટૉવેલ, સાબુ વગેરે વસ્તુઓ તેણે યથાસ્થળે ગોઠવી દીધી છે. પતિને માટે તેણે પોતે જ ગરમ રસોઇ બનાવી છે. સ્વચ્છ સ્થળે ભોજનનો થાળ મૂકી રાખ્યા સાથે જ એક ગ્લાસમાં સ્વચ્છ અને શીતળ જળ ભરી રાખ્યું છે. પાનનું બીડું પણ તૈયાર કરી રાખ્યું છે.

યોગેશ્વર હાથ મ્હોં ધોઇ વસ્ત્રો બદલી ભોજન કરવા બેઠો. રસોઇ ઘણી સ્વાદિષ્ટ થઇ હતી. યોગેશ્વરે તૃપ્તિ થતાં સૂધી ભોજન કર્યું. જળપાન કર્યા પછી યોગેશ્વર પાન ખાઇ ચીરુટ પીતો પીતો ત્યાં પડેલી એક ખુરસી ઉપર બેઠો. એવામાં સ્હામેના દ્વાર આગળથી કોઇનાં પગલાંનો અવાજ થયો. અહા! આ તો તે જ પુરાતન પગલાંનો અસ્ફુટ અવ્યક્ત અવાજ હતો! યોગેશ્વર કંપી ઊઠયો. દ્વાર તરફ તે વિહ્વળ દૃષ્ટિથી જોઇ રહ્યો. અલ્પ કાળમાં જ સતી સાધ્વી પતિપરાયણા બંસરીબાલા યોગેશ્વર પાસે ઉપસ્થિત થઇ અને તેણે પોતાના મ્હોંપરનું લજ્જાસૂચક વસ્ત્ર ઊંચું કર્યું તે સાથે જ આખા દિવાનખાનામાં એક પ્રકારની વિલક્ષણ પ્રભા પ્રસરી રહી!

પત્નીને જોતાં જ યોગેશ્વર વિપદમાં પડયો. પોતાની દૃષ્ટિ આગળ શતદલ કમળના જેવું એક સુંદર મુખ અને હૃદયમાં એક અન્યતમ સુંદર મુખ છે. એક મુખમાંથી હમ્મેશાં દિવ્યજ્યોતિ બ્હાર પ્રકાશી નીકળે છે અને બીજા સુંદર મુખની સકળ જ્યોતિ ધીમે ધીમે વિલીન થતી જાય છે. યોગેશ્વરે પોતાના હૃદયમાં એક ચિત્ર જેયું તો બીજી ક્ષણે દૃષ્ટિ સમક્ષ પુષ્પારવિંદ જેવું સ્નેહના ઉમળકાથી પરિપૂર્ણ મુખ

ઉપસ્થિત થયું ! એ બેમાંથી ક્યું મુખ ઉત્તમ હતું ? યોગેશ્વર ! ત્હારા હૃદયનું ઉષાસમિરવિચ્યુત સેફાલી કુસુમના જેવું મુખ તને સુંદર લાગે છે કે આ બ્હારનું ભુવન ભૂલાવે એવું જ્યોતિપૂર્ણ ચંદ્રવદન તને સુંદર લાગે છે ?

યોગેશ્વર કોણુ જાણે શા વિચારથી હસ્યો અને પોતાના મન સાથે વિચાર કરતાં હાર્યો. પાનનું બીડું હાથમાં લઇ તે બિછાનામાં જઇ પડયો.

બંસરીબાલા દિવાનખાનાનાં દ્વાર બંધ કરી સ્વામીની શય્યા પાસે આવી ઊભી રહી નમ્રતાથી કહેવા લાગીઃ-" નાથ! દાસીથી જો કાંઇ અપરાધ થયો હોય તો ક્ષમા આપો. તમારા સંસારમાં આ દાસીને પણ દયા કરી સ્થાન આપો. "

યોગેશ્વરના મુખ ઉપર એકાએક કાંઇ વિષાદરેખા તરી આવી. તેણે કહ્યુંઃ-" બંસરિ! બંસરિ ! હું ભૂલ્યો છું. મ્હેં હાથે કરી ત્હારા તથા મ્હારા સંસારને તેમ જ આપણા બન્નેના આલોક અને પરલોકને બગાડવાની શરુઆત કરી છે. માતાજીની ગંભીર પ્રશાંત સૌમ્યમૂર્ત્તિ હવે મ્હારાં અંતર્ચક્ષુ સમક્ષ ઉપસ્થિત થાય છે. મ્હેં વૃદ્ધ માતાની પણ અવહેલના કરી છે. અરેરે! જેને પેટે મ્હેં જન્મ લીધો છે તેની પણ મ્હેં કાંઇ દરકાર કરી નથી."

બંસરીબાલાને આ પશ્ચાત્તાપથી સહજ આનંદ થયો. તેણે કહ્યુંઃ— " નાથ ! હવે પશ્ચાત્તાપ કરવાની જરૂર નથી. જે થવાનું હતું તે થઇ ગયું છે. તમે ક્યાં નથી જાણુતા કે, ભાવિથી કોઇ વિશેષ બળવાન્ નથી. હવે તો કૃપા કરીને એ ત્રણ માસની રજા મેળવો એટલે આપણે પરમ પવિત્ર ચાણોદ ક્ષેત્રમાં જઇને માતાજીને મળીએ. માતાજીના ખોળામાં માથું મૂકવાથી સકળ જવાળા શાન્ત થશે. "

યોગેશ્વરે કહ્યુંઃ-" તુ ખરું કહે છે. જો હું માતાજી પાસે નહિ જાઉં તો ઉન્માદગ્રસ્ત બની જઇશ. હું આજે જ રજાને માટે બંદોબસ્ત કરું છું; પરંતુ બંસરિ ! મ્હેં ત્હારા ઘણા અપરાધો કર્યા છે—ત્હારા

જેવી દેવીસ્વરૂપિણી ગૃહિણીની અત્યાર સુધી અવહેલના કરી છે. તું મ્હને ઉદારતાથી ક્ષમા આપી મ્હારી સાથે આવીશ કે?"

બંસરીબાલાએ ગદ્‌ગદ કંઠે કહ્યું:—"નાથ! તમે જ્યાં હશો ત્યાં હું આવીશ જ. તમે મ્હારા સ્વામી છો–દેવતા છો. તમેજ આ સેવિકાની સેવાની સામગ્રી છો."

પત્નીના સ્નેહની પરિસીમા જોઇ યોગેશ્વરનાં નેત્રામાંથી અશ્રુજળની વૃષ્ટિ થવા લાગી. તેણે ગદ્‌ગદ કંઠે કહ્યું:–"બંસરિ! તું મ્હને ભલેને ક્ષમા આપે; છતાં લગભગ ગયા છ માસમાં બનેલા બનાવ મ્હારાથી કદાપિ ભૂલી શકાય તેમ નથી. હું હવે સર્વ સમજી ચુકયો છું. હું મ્હારાં ચક્ષુને હવે દિવ્ય થયેલાં જોઉં છું. કહે જોઇએ કે હવે હું શું કરું? શું કરવાથી મ્હારા ઉદ્ધાર થઇ શકે તેમ છે?"

બંસરીબાલાએ કહ્યું:–"પિતાજી મ્હને હમ્મેશાં કહેતા હતા કે જગદંબાના અપાર કૃપાગુણોથી સંસારમાં વિસ્મૃતિ છે; તેથી જ માનુષ શાન્ત થાય છે અને સૃષ્ટિ રક્ષા પામે છે. આમ હોવાથી જ માનું નામ પણ મહામાયા છે. જે થવાનું હોય તે થયા કરે છે; પરંતુ કરેલાં કાર્યો હમ્મેશાં સ્મરણમાં રાખીને માનુષ સંસાર ચલાવી શકે નહિ. સુખ દુઃખ, તથા પાપ પુણ્ય આ સંસારમાં ચક્રની માફક જાય છે અને આવે છે. જે મનુષ્ય આ આવજાની ઉપેક્ષા કરી શકે છે તે જ ખરું મનુષ્ય છે. તમે કયાં નથી જાણતા કે:—

सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्य नैव पापमवाप्स्यसि ॥

જે માણસ આ પ્રમાણે પોતાના મન ઉપર જય મેળવી શકે છે તે જ ભાગ્યવાન્ પુરુષ છે. વળી તમે તો મ્હારા સ્વામી–મ્હારા સંસારને સાર, મ્હારા આલોક અને પરલોકના સર્વસ્વસ્વરૂપ છો? રોષ, ક્ષોભ, ભય, ભાવના મ્હારે તમારી પાસે દર્શાવવાનાં નથી. તમારા કાર્યાકાર્યની આ લોચના કરવાનો મ્હને અધિકાર પણ નથી. મ્હારો અધિકાર માત્ર તમારી સેવા કરવાનો છે તે હું કર્યા કરીશ અને તમારા સુખ

મ્હામું જોઇ રહીશ. સારા ખોટાનો વિચાર કરવાની મ્હને શી જરૂર છે? તમે શા માટે વ્યથિત થાઓ છો? બન્ને સંતાનને ખોળામાં લ્યો, ઉપાર્જન કરો અને દાસીના ઉપર નિશદિન પ્રણયામૃતની વૃષ્ટિ થવા દ્યો."

જે યોગેશ્વર પત્નીને મૂર્ખ સમજતો હતો તે જ યોગેશ્વર પત્નીના જ્ઞાનની કલ્પના હવે કરી શક્યો. તેણે મુગ્ધ બની જઇ કહ્યું:—"ખરેખર, બંસરિ! ત્હારામાં અને સ્વર્ગની દેવીમાં કોઇ પણ પ્રકારનો ફેર નહિ જ હોય. મ્હને ત્હારો ઘણો ભય હતો. હું એમ ધારતો હતો કે તું રડીશ, મ્હારો તિરસ્કાર કરીશ, મ્હને શર્માવીશ તથા એ અભાગિનીને ગાળો દઇશ! ત્હારા તરફના ભયની આશંકાથી તો હું વિશેષ વાતચીત નહિ કરતાં કચેરીમાં ચાલ્યો ગયો હતો; પણ હમણાં ત્હારાં દેવી વચનો વચનો સાંભળી તથા ત્હારો વ્યવહાર જોઇ મ્હારી લજ્જા દૂર થઇ ગઇ છે—મ્હારો ભય પણ દૂર થયો છે. મ્હને આશ્વાસન મળ્યું છે. દયામયિ! તું તો ક્ષમાની જ પ્રતિમૂર્ત્તિ છે!" આમ કહી યોગેશ્વરે પત્નીને ચુંબન કરી તેને પોતાના હૃદય સાથે દબાવી દીધી.

બંસરીબાલા! ક્ષમામયી દેવિ! ત્હારા જેવી સહધર્મિણી ભારતવર્ષના પ્રત્યેક સંસારમાં કેમ નથી હોતી?

પ્રકરણ ૩૪ મું.

આનંદચંદ્રની મુલાકાત.

યોગેશ્વરની સ્થિતિથી વાંચકો અજ્ઞાત નથી. તે હવે વારંવાર વિપિનવિહારીની તબિયત જોવા જઇ શકતો નથી. વળી પ્રતાપચંદ્રની સૂચનાનુસાર હેમલતા પતિને સાથે લઇ હવાફેર માટે ભરુચ ચાલી ગઇ છે.

હેમલતા વિદાય થઇ તથા સરદારભુવનમાં જે દિવસે રાત્રે

પ્રતાપચંદ્રે શ્યામચરણ તથા કૃષ્ણકાન્તનું કારસ્થાન જાણી લીધું તેને બીજે દિવસે પ્રતાપચંદ્ર પણ ભરુચ ગયો. વિપિનવિહારીની પ્રકૃતિને પણ કાંઇક આરામ હતો; છતાં હજી તેનામાં જોઇએ એટલી શક્તિ આવી નહોતી.

પ્રતાપ જે દિવસે ભરુચ પહોંચ્યો તેને બીજે દિવસે સવારે તેણે ગુલાબને તાર કરી જણાવ્યું કે:—"મોતીઆને લઇ એકદમ મ્હારી પાસે આવ. હમણાં થોડો સમય આપણે અહીં રહેવાનું છે. જરૂરી સામાન પણ સાથે લાવજે."

તાર મળતાંની સાથે જ ગુલાબે પ્રતાપચંદ્રની સૂચનાનુસાર કર્યું; પરંતુ પ્રતાપચંદ્રે ભરુચ રહેવાનો વિચાર શા માટે નક્કી કર્યો હશે તે સંબંધી એ કાંઇ સમજી શકયો નહિ. ગુલાબનો જીવ ઘણો અધીરો હતો. કોઈ પણ વિષયનો ભેદ પામી જવાની તેને ઘણી જીજ્ઞાસા થતી હતી. પ્રતાપને મળતાં જ તેણે પ્રશ્ન કર્યો:—"આપે અહીં રહેવાનો વિચાર કેમ કર્યો છે?"

"તું પ્રથમ મુકામપર ચાલ, પછી હું તને સઘળી હકીકત કહીશ." આ પ્રમાણે ગુલાબને આજ્ઞા આપી તે તેને મુકામ ઉપર લઇ ગયો. પ્રતાપચંદ્રે પણ વિપિનવિહારીની સાથે જ રહેવાનું રાખ્યું હતું.

મુકામપર આવી પહોંચ્યા પછી પોતાના વિચાર તથા સરદાર-ભુવનમાંથી મળી આવેલો ભેદ વગેરે હકીકત પ્રતાપે ગુલાબને કહી સંભળાવી. સર્વ હકીકત સાંભળી રહ્યા પછી ગુલાબે પ્રતાપચંદ્રને પૂછ્યું:—"ત્યારે શું તમે ગ્રંથકાર બનશો?"

"હા, બનવું જ જોઇએ; નહિ તો એ બન્ને લુચ્ચાઓ મળી આપણને ગોથું ખવડાવશે; વળી વિપિનવિહારીની તબિયત હજી એવી સુધરી ગઇ નથી કે તેઓ અપૂર્ણ રહેલા ગ્રંથને પૂર્ણ કરી શકે; છતાં આપણે જે કાંઇ કરવાનું છે તે તેમની સહાયતા લઇને જ કરવાનું છે. પ્લૉટ તેમ જ ગ્રંથનો ટૂંક સાર તો તેમણે અગાઉથી જ

લખી રાખ્યો છે, જેથી આગળ લખવાને ઘણી સુગમતા થઇ પડશે."

એ જ દિવસથી પ્રતાપચંદ્ર આખો દિવસ વિપિનવિહારીની શય્યા પાસે બેસી રહી અપૂર્ણ ગ્રંથને આગળ લખવા લાગ્યો. વિપિનવિહારી પણ પ્રતાપને પોતાનાથી બનતી મદદ કરવા લાગ્યો. પ્રતાપચંદ્રનો પોતાના પ્રત્યેનો અપાર તથા નિસ્વાર્થ પ્રેમ જોઇ તેનાં નેત્રોમાંથી કૃતજ્ઞતાસૂચક અશ્રુજળની વારંવાર વૃષ્ટિ થતી હતી. બે ચાર દિવસ પછી હરદ્વાર ગુરુકુળમાંથી વિપિનવિહારીનો પુત્ર પણ આવી પહોંચ્યો; જેથી માતા પિતાને અત્યાનંદ થયો.

* * * *

"પ્રતાપચંદ્ર આપનું જ નામ કે ? વાહ ! આપ આવ્યા તે ઘણું સારું થયું. આપના પરિચયથી મ્હને ઘણો આનંદ થયો છે. કોઇ પણ ધંધામાં પ્રવીણ અને લોકપ્રિય થયેલા માણસ સાથે જ્યારે મ્હારી મુલાકાત થાય છે ત્યારે સ્વાભાવિક રીતે જ મ્હને ઘણો આનન્દ થાય છે." આનંદચંદ્રે પ્રતાપને ઉદ્દેશીને કહ્યું.

"મહાનુભાવ ! આપ મ્હને જે માન આપો છો તેથી હું આપનો વિશેષ આભારી છું." આનંદચંદ્રના વિશાળ વાંચનાલયમાં એક ખુરસી ઉપર બેઠેલા પ્રતાપચંદ્રે ઉત્તર આપ્યો, "આપનાં પ્રશંસાપૂર્ણ કાર્યો મ્હારા ધ્યાન બ્હાર નથી. સારા સારા ગ્રંથો ઉપર આપને ઘણો પ્રેમ છે એ હું જાણું છું; તો પણ જેનું આયુષ્ય ગુન્હાઓની તપાસ કરવામાં ગયું છે એવા એક સાધારણ મનુષ્ય માટે આપને આટલો બધો આદર અને સહાનુભુતિ હશે એવી કલ્પના સુદ્ધાં પૂર્વે મ્હારા અંતરમાં ઉપજી નહોતી." પ્રતાપે નમ્રતાથી કહ્યું.

"ન કેમ હોય ? સમાજસુધારણા એ મ્હારો મુખ્ય વિષય છે. સમાજમાંનાં દુઃખો ઓછાં થાય એવી મ્હારી મહત્વાકાંક્ષા છે. ગુન્હાઓ શોધી કાઢી ગુન્હેગારોને શિક્ષા કરવામાં પણ સમાજનું એક પ્રકારનું વિશેષ હિત રહેલું છે."

"આપનો વિચાર સર્વથા ઉચિત છે." પ્રતાપચંદ્રે કહ્યું અને

પછી આનંદચંદ્રને પુસ્તકો સંબંધીની વાતચિત પસંદ પડશે એમ વિચારી તેણે વાર્તાપ્રવાહ બીજી દિશામાં વાળ્યોઃ—" આપની પુસ્તકો સંબંધીની પ્રીતિ તેમ જ પ્રવૃત્તિ પ્રશંસાપાત્ર છે."

"હા, આ પુસ્તકોના સહવાસમાં જ હું મ્હારા દિવસો નિર્ગમન કરું છું. મ્હને એક મ્હારી ઇચ્છાનુસાર વર્તનાર હોશિયાર, ચાલાક તેમ જ વિદ્વાન્ મદદનીશ મળ્યો છે અને તેથી કરીને જ હું મ્હને પોતાને ઘણો સુખી સમજું છું."

"આપ આપના પ્રાયવેટ સેક્રેટરી શ્યામચરણની વાત કરો છો કે ?"

"હા, તેઓ મ્હારા સેક્રેટરી છે એટલું જ નહિ; પણ તેમના ઉપર મ્હારો પ્રેમ અને વિશ્વાસ છે. તેમની વિદ્વતા પ્રશંસાપાત્ર છે. તેમનું સાહિત્ય સંબંધીનું જ્ઞાન અત્યંત પ્રશંસનીય છે. ઉત્તમ પુસ્તકોનો સંગ્રહ કરવામાં તેઓ મ્હને ઘણા મદદગાર થઇ પડયા છે. આ સઘળો જે ગ્રંથસંગ્રહ આપ જુઓ છો તે તેમની જ વિદ્વતા અને પ્રવૃત્તિનું પરિણામ છે. મ્હારા ઉપરની તેમની આટલી બધી મમતા નિષ્ફળ નિવડવાની નથી. તેમને પચીસ હજાર રૂપિયા આપવાનું મ્હેં મ્હારા મૃત્યુપત્રમાં લખી રાખ્યું છે. શ્યામચરણની મ્હારા ઉપર એવી ભક્તિ છે કે જેથી કોઇ પણ મ્હારી પાસે આવે તો તેની આગળ તેમના સંબંધી બે બોલ બોલ્યા સિવાય મ્હારાથી રહી શકાતું નથી."

આનંદચંદ્રના ભવ્ય મુખ તરફ થોડો વખત જોઇ રહ્યા પછી પ્રતાપચંદ્રે તરત જ વિષય બદલ્યો. પ્રતાપે પુસ્તકો સંબંધી જ વાત કાઢી. આનંદચંદ્ર ઘણા પ્રસન્ન થયા. વાંચનાલયમાં કેટલાક ઉત્તમ ગ્રંથો હતા તે તેમણે સહજ અભિમાનથી પ્રતાપચંદ્રને બતાવ્યા. તેઓ ઘણાં ખરાં પુસ્તકો વાંચતા પણ હતા. માતૃભાષા તેમ જ આંગ્લભાષાનું તેમને સારું જ્ઞાન હતું. જૂદાં જૂદાં પુસ્તકોના ગુણદોષ સંબંધી પોતાના વિચારો પ્રતાપચંદ્ર આગળ પ્રદર્શિત કરી તેને તેમણે આશ્ચર્યચકિત બનાવી દીધો.

અરબી ભાષાની વાર્ત્તાઓ માટે તેમ જ સાહિત્યમાં પ્રસિદ્ધ થતી ભેદી ભોંયરામાં કાળિરાત્રે નિર્જન આરણ્યમાં ખુનીખંજરોની ઝપાઝપી થાય એવી અસંભવિત અને બિભત્સ નવલકથાઓ માટે આનંદચંદ્રનો મત ઘણો જ ખરાબ હતો. વિશેષ કરીને તેમને ઐતિહાસિક નવલકથાઓ અને નાટકો ઘણાં પસંદ હતાં. વાત નીકળતાં તેમણે પ્રતાપને કહ્યું:—"સમાજસ્થિતિનો સુધારો કરવાનું કાર્ય એકાદ સહેલી ભાષામાં લખાયલા પુસ્તકથી જેવું થશે તેવું ધર્માચાર્યોના ઉપદેશોથી, વક્તાઓનાં આકાશને ગજાવી મૂકે એવાં ભાષણોથી કિંવા વર્ત્તમાનપત્રોના અસરકારક અગ્રલેખોથી થનાર નથી. જો કે આ વિષય મતભેદનો છે; પરંતુ મ્હારો તો ઘણા વિચારોને અંતે આ પ્રમાણે ચોક્કસ મત થયો છે."

'અંકલ ટોમ્સ કૅબિન' નામનું અંગ્રેજી પુસ્તક પ્રતાપચંદ્ર પાસે ધરી આનંદચંદ્રે કહ્યું:–"આ એક સામાન્ય વર્ગની નવલકથા છે. ભાષાસૌંદર્યની દૃષ્ટિએ એમાં વિશેષતા જેવું કાંઇ જ નથી; તો પણ આ એક જ પુસ્તકે કેવું મહાન્ કાર્ય કર્યું છે?! સમાજસ્થિતિની અંદર કેટલો બધો સુધારો થયો છે? આ કાંઇ આચાર્યોની અનુશાસનપત્રિકા નથી; પણ અમેરિકામાં ગુલામગીરી બંધ કરાવવાના કાર્યમાં આ પુસ્તકે જેટલી સફળતા મેળવી છે તેટલી સફળતા હજારો અનુશાસનપત્રિકાઓ કરનારા મેળવી શકત નહિ એ નિર્વિવાદ છે. અમેરિકામાં નીગ્રો લોકોની ગુલામગીરી બંધ કરાવવા માટે મિસિસ સ્ટેનલીએ જેવા પ્રકારે પ્રયત્ન કર્યો છે તેવા પ્રકારનો પ્રયત્ન 'આધુનિક ગુલામગીરી' બંધ કરાવવા માટે જો એકાદ શિષ્ટ લેખક કરે તો કેવું સારું? જો એમ થાય તો સમાજ ઉપર તેનો મહદુપકાર થયેલો જ ગણી શકાય."

પ્રતાપે આશ્ચર્યસહ કહ્યું:–"શું આધુનિક ગુલામગીરી?!"

"હા હા, ગુલામગીરી નહિ તો બીજું શું? આધુનિક ગુલામગીરી જ! તમે જ કહોને કે સમાજની અંદર ઘર કરી બેઠેલાં

વ્યસનો જેવાં કે દારુ, જુગાર, અફીણ, ચ્હા, તમાકુ વગેરે આધુનિક સમાજની ગુલામગીરીનાં બંધનો નહિ તો બીજું શું છે? એકાદ હોશિયાર ગ્રંથકાર આ અત્યંત મહત્વના વિષય ઉપર ગ્રંથ લખીને આધુનિક ગુલામગીરીથી સ્વતંત્ર થવાનો માર્ગ સૂચવે તો બહુ પ્રશંસાપાત્ર કાર્ય ગણાય. આવો ગ્રંથ આપણી માતૃભાષામાં કોઇ લખી કાઢે તો હું મ્હારી ઘણી સંપત્તિ તેને સંમાનસહ સમર્પણ કરું!" આનંદચંદ્રે આંતરિક વિચાર વ્યક્ત કર્યો.

પ્રતાપચંદ્રનો ચહેરો પ્રફુલ્લિત થયો. પોતાની હકીકત કાઢવાનો આ ઉત્તમ વખત મળી આવેલો વિચારીને તેણે કહ્યું:—"આપ કહો છો તેવા પ્રકારનું એક પુસ્તક તૈયાર છે."

"પ્રતાપચંદ્ર! તમે શું કહો છો? ત્યારે તે પુસ્તક અત્યાર સુધી મ્હારા જોવામાં કેમ આવ્યું નહિ? તે પુસ્તકનું નામ શું છે?"

"એ પુસ્તક હજી છપાઇને પ્રસિદ્ધ થયું નથી; વળી તે હજી લખાઇને પણ સંપૂર્ણ થયું નથી."

"પરંતુ એ પુસ્તકનો લેખક કોણ છે? ગ્રંથકારનું નામ તો જણાવો?"

"ગ્રંથકાર અપ્રસિદ્ધ છે; પણ તે અલૌકિક બુદ્ધિશક્તિ અને કલ્પનાશક્તિ ધરાવે છે! સુદૈવે મ્હને તે પુસ્તક વાંચવા મળ્યું હતું. થોડો ઘણો ભાગ મ્હેં વાંચ્યો છે; તે ઉપરથી હું ખાત્રીપૂર્વક કહું છું કે ગ્રંથકારની બુદ્ધિ તેમ જ જ્ઞાન ઉચ્ચ પ્રતિનાં છે. ગ્રંથકાર બૃહસ્પતિ જ છે એમ કહું તો પણ કાંઇ ખોટું નથી!"

"તમારા કહેવાથી મ્હને એ પુસ્તક વાંચવાની ઘણી જીજ્ઞાસા થાય છે. તેની હસ્તલિખિત પ્રત મ્હને જોવા મળી શકશે કે કેમ? તમે કૃપા કરી એ પ્રત મ્હને મેળવી આપશો કે?"

"એમાં કૃપા કરવા જેવું કાંઇ નથી; થોડા દિવસમાં જ એક નકલ લઇ હું પુનઃ આપની પાસે આવીશ."

\+ \+ \+ \+

પ્રતાપ ઘણો જ આનંદ પામી પાછો ફર્યો. જતાં જતાં તે વિચારવા લાગ્યો કે, "વિપિનવિહારીનું પુસ્તક આનંદચંદ્રની નજરે લાવવાનો સુયોગ તો મળ્યો. હવે સર્વ સારું જ થશે. આનંદચંદ્રનું અંતઃકરણ પ્રસન્ન થતાં તેઓ સહજમાં સઘળી પૂર્વકથા ભૂલી જશે અને તેમને પ્રસન્ન કરવાના કાર્યમાં એ પુસ્તક અવશ્ય ફળીભૂત થશે. એ પુસ્તક વિપિનવિહારીની વિલક્ષણ બુદ્ધિમત્તાનું પરિપકવ ફળ હોવાથી એ વાંચી આનંદચંદ્રનો પોતાના ભત્રિજા સંબંધી જે ભ્રમ-મૂલક અભિપ્રાય છે તે બદલાશે. તે ભત્રિજાને તથા પોતાનાં સ્વ-જનોને પ્રેમપૂર્ણ દ્રષ્ટિથી જોશે." આવી સુંદર આશા પ્રતાપના હૃદયપ્રદેશમાં ઉપસ્થિત થઈ.

પુસ્તક હજી સુધી સંપૂર્ણ લખાઇને તૈયાર થઇ ગયું નહોતું. માત્ર ઉપસંહાર લખવાનું કાર્ય અવશિષ્ટ રહ્યું હતું. એટલું જ નહિ પરંતુ પ્રતાપના મનમાં એ પુસ્તકને પુનઃ સુધારવાનો વિચાર હતો; છતાં તેણે વિચાર્યું કેઃ—"હવે વખત ગુમાવવો યોગ્ય નથી. આનંદ-ચંદ્ર એટલે પાકેલું પાન—તે કયારે ગળી પડશે એ વિશે ખાત્રીપૂર્વક કાંઇ કહી શકાય નહિ. સીત્તેર વર્ષ તો થઇ ગયાં છે. તે ઉપરાંત શ્યામચરણને કેટલીક મિલકત આપવા માટે તેમણે પોતાના મૃત્યુપત્રમાં ઉલ્લેખ પણ કરી દીધો છે. આવા હરામખોરોને આનંદચંદ્રની મિલ-કતમાંથી અમુક રકમ મળે તો ઘણો જ અન્યાય થયેલો ગણાય. આમ હોવાથી કાકા ભત્રિજાનું સત્વર મિલન કરાવી દેવું પ્રતાપને જરૂરી લાગ્યું. પુસ્તક સંપૂર્ણ લખી નાખી તેનો અમુક ભાગ આનં-દચંદ્રને જલ્દી વંચાવવાનો તેણે નિશ્ચય કર્યો. પછી તે બાગનો ત્યાગ કરી ચાલ્યો જવા લાગ્યો.

પ્રકરણ ૩૫ મું.

નવીન પરિચય.

જ્યેષ્ઠ માસનો દિવસ છે. ભગવાન્ સૂર્યનારાયણ પોતાનાં પ્રખર કિરણોનો વર્ષાવ કરી પ્રાણિ માત્રને આકુળ વ્યાકુળ બનાવી દે છે. આનંદચંદ્રના ઉદ્યાનની અંદર આવેલા હૉજમાંના જળરાશીની અંદર અનેક પ્રકારના તરંગો પ્રત્યેક ક્ષણે ઉપસ્થિત થાય છે તથા વિરામી જાય છે.

હૉજ ઉપર ચઢવાનાં પગથીઆં ઉપર એક કૂતરો ક્લાન્ત થઇ અર્દ્ધમુદ્રિત નેત્રે જીભ બ્હાર કાઢી શ્વાસપ્રશ્વાસ લે છે. તેની આસપાસ ચાર પાંચ કાગડાઓ 'કા—કા' અવાજ કરતા આમ તેમ ઉડે છે. હૉજની પાસે જ એક બકુલ પુષ્પનું વૃક્ષ છે. વૃક્ષ ઉપર બેસીને એક કોકિલા પોતાના મધુર કંઠથી અવાજ કરી રહી છે. કોકિલા સિવાય બીજાં પણ કેટલાંક પંખીઓ ગ્રીષ્મનો પ્રબળ તાપ વેઠી નહિ શકાવાથી વૃક્ષની ડાળીઓ ઉપર બેઠાં બેઠાં વ્યાકુળતાસૂચક ધ્વનિ કરી રહ્યાં છે. પૃથિવીના આ દારુણ ઉત્તાપને સમયે એક લગભગ ચૌદ વર્ષની બાળિકા નિમ્નદષ્ટિ કરી બકુલના વૃક્ષ નીચે બેઠી છે. જે બાળિકા હમ્મેશાં પુષ્પોની સુગંધ લેતી હતી તેનું ચિત્ત આજે એક પણ પુષ્પ તરફ વળ્યું નહિ. આજે કોઇ ગંભીર મર્માન્તિક વેદનાથી તેનું નિર્બળ હૃદય અતિશય વ્યથિત થયેલું જણાય છે. બાળિકાનું મનોહર મુખમંડળ જોતાં માલૂમ પડી આવે છે કે એ મુખમંડળ ઉપર અત્યારે વિષાદની ગંભીર છાયા છવાઇ રહી છે. તેનો વિસ્તૃત કેશરાશી વાયુની સાથે વિહાર કરી રહ્યો છે. એકાએક ઉપરથી 'ટપ—ટપ' કરતાં બે ચાર બકુલ પુષ્પો બાળિકાની સુંદર દેહલતા ઉપર પડયાં; પણ બાળિકાનું લક્ષ્ય તે તરફ નથી. તે નિશ્વાસપર નિશ્વાસ મૂકે છે. મર્મભેદક નિશ્વાસની સાથે જ બાળિકાનાં નીલપદ્મ નયનયુગલમાંથી

અશ્રુપ્રવાહ ગંડસ્થળ ઉપર થઇ તેના વક્ષસ્થળને ભીંજવવા લાગ્યો. તે સ્વગત વિચારવા લાગીઃ—"શ્યામચરણ! ત્હારી સાથે હું લગ્નગ્રંથીથી જોડાઉં ? તેમ કદાપિ બનશે નહિ. હું જાણી જોઇને મ્હારું જીવન ત્હારા જેવા એક ઘરડા ઘુવડને અર્પણ કરવા ઇચ્છું જ નહિ. અફ્સોસનો વિષય એ છે કે કાકા પણ ત્હારા સહાયકાર છે; પણ તને ક્યાં ખબર છે કે હું પ્રેમ સમક્ષ પૈસાને તદ્દન તુચ્છ સમજું છું. મ્હને કાકાની સંપત્તિની બિલ્કુલ પરવાહ નથી. હે પ્રભુ! તું કાકાને સુબુદ્ધિ આપ કે જેથી કરીને આ ગરીબ બાળિકાનો ભવ બગડે નહિ!"

બાળિકા આવા વિચારોમાં હતી એવામાં જ આનંદચંદ્રની મુલાકાત લઇ વિચારોના વમળમાં તણાતો તણાતો પ્રતાપચંદ્ર એ સ્થળ આગળ આવી પહોંચ્યો. ઉદ્યાનમાંથી બ્હાર નીકળવાનો રસ્તો બકુલના પુષ્પ પાસે થઇને જ જતો હતો. પ્રતાપે બાળિકાના તરફ નજર કરી—ચતુર્ચક્ષુનું મિલન થયું. ઓષ્ઠોએ હાસ્યનું કાર્ય બજાવ્યું. નેત્રોએ પ્રેમ દર્શાવ્યો. કપોળે અનુરાગ પ્રસિદ્ધ કર્યો. પ્રતાપ ધીમે ધીમે બાળિકા પાસે ગયો અને લજ્જાશીલા બાળિકાને અતિ મધુર કંઠે તેણે પ્રશ્ન કર્યોઃ—"બાળા! તમે કોણ છો ? આવા સખ્ત તાપમાં તમે એકલાં અહીં કેમ બેસી રહ્યાં છો? જો કોઇ પણ પ્રકારનો સંકોચ ન હોય તો તમે મ્હને તમારો પરિચય આપો."

બાળિકાએ પોતાના કપોલપ્રદેશ ઉપર વિહરતી કેશકલાપની એક લટને પોતાની કોમળ આંગળીથી પકડી કહ્યુંઃ—"મ્હારું નામ સરલા છે. હું આનંદચંદ્ર શેઠની આશ્રિતા પુત્રી છું. આપ ક્યાંથી આવો છો તથા ક્યાં પધારો છો એ આપ મ્હને જણાવશો કે ?"

"ઘણી જ ખુશીથી. હું છુપી પોલિસનો અમલદાર છું. મ્હારું નામ પ્રતાપચંદ્ર છે. અમુક ખાનગી કારણને લીધે શેઠને મળવું હતું અને એટલા માટે જ હું અત્રે આવ્યો હતો."

પછી થોડા સમય સુધી બન્ને શાન્ત રહ્યાં. પ્રતાપચંદ્રના મગ

આગળ ચલાવવાને આતુર નહોતા; તે તો ત્યાં જ અટક્યા! છેવટે પ્રતાપે પુનઃ કહ્યું:—" સરલાસુંદરિ! તમારા સંબંધી તમને એક વાત કહેવાનો મ્હારો વિચાર છે."

" ઘણી જ ખુશીથી કહો; પરંતુ મ્હારી સાથે સંબંધ ધરાવતી કોઇ વાતની માહિતી આપને ક્યાંથી ?!" સરલાએ સંમતિ દર્શાવી આશ્ચર્ય પામી પ્રશ્ન કર્યો.

" જો આત્મપ્રશંસાનો અપરાધ ન ગણો તો સત્યતાની ખાતર મ્હારે જણાવવું જોઇએ કે ગુપ્ત પોલિસના અમલદારોથી ભાગ્યે જ કોઇ વિષય ગુપ્ત રહે છે. હમણાં હું આનંદચંદ્રનું હિત થાય એવાં કેટલાંક કાર્યોમાં રોકાયલો છું અને એ કાર્યો તેમજ તમારા સંબંધીની કેટલીક હકીકત મ્હારા જાણવામાં આવી છે; તેથી તમારા ઉપર કોઇ સંકટ ન આવી પડે એ માટે હું તમને પ્રથમથી સાવધાન કરવા ઇચ્છું છું."

" આપની મ્હારા પ્રત્યેની પ્રેમભરી મમતા તથા લાગણી જોઇ હું આપનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. હવે આપ એ હકીકત નિવેદન કરશો કે?"

" હા; પરંતુ તમે મ્હને પ્રથમ હું જે પ્રશ્નો પૂછું તેના ઉત્તર આપો. શ્યામચરણને તો તમે ઓળખતાં હશો?"

" હા સારી પેઠે; કારણ કે તે મ્હારા કાકાજીનો પ્રાયવેટ સેક્રેટરી છે. એ કાકાજીનો ઘણો જ માનીતો છે. તેમનું હેત મ્હારા કરતાં પણ શ્યામચરણ ઉપર વધારે છે!"

" તેની વર્તણૂંક તથા સ્વભાવ સંબંધી તમે કાંઇ જાણો છો?"

" હા તે નીચ પ્રકૃતિનો પુરુષ છે. મ્હને તેનો ઘણો ભય લાગે છે."

" ભય પામવાનું બિલ્કુલ પ્રયોજન નથી. જુઓ સાંભળો, શ્યામચરણ તથા તેનો એક સ્નેહી મળી આનંદચંદ્ર શેઠને છેતરવાની

ઇચ્છા રાખે છે. હું તેમનું કપટ ખુલ્લું કરવાની તજવીજમાં છું. વળી શ્યામચરણ તમારી સાથે વિવાહગ્રંથીથી જોડાવાની મહત્વાકાંક્ષા રાખે છે; કારણ કે જો તેમ થાય તો શેઠની ઘણી ખરી—અરે બધી મિલકત તેને મળે તેવું છે. તમારી વાતચિત ઉપરથી હું સ્પષ્ટ સમજી શકું છું કે તમે તેનાં સહધર્મિણી થવા સર્વથા નારાજ છે; પણ કદાચ કોઇ પણ પ્રકારના સ્વાર્થની ઇચ્છાથી તમે તેની સાથે લગ્ન કરવા ઇચ્છો તો તે બદલ હું તમને હવે એક હિતૈષી તરીકે ના જ પાડું."

"સ્વાર્થ ? જીંદગીને ધૂળમાં મેળવવાનો સ્વાર્થ ? એવા સ્વાર્થ તરફ પ્રાણાંતે પણ મ્હારી દૃષ્ટિ આકર્ષાય તેમ નથી. આપ મ્હારા હિતૈષી છો એવું જાણી મ્હને અત્યાનંદ થાય છે. જ્યારે જ્યારે અત્રે પધારો ત્યારે મ્હને દર્શનનો લાભ આપી કૃતાર્થ કરશો." આમ કહી સરલાએ પ્રતાપચંદ્ર તરફ એક ચંચળ કટાક્ષ ફેંક્યો.

"વાહ! શા માટે નહિ? તમારાં દર્શનથી અત્યાનંદ થયો. તમારું હિત કરવું એજ મ્હારું ધ્યેય રહેશે. તમે એ દુષ્ટથી બિલ્કુલ ડરશો નહિ. થોડા જ વખતમાં હું તેને તેનાં કૃષ્ણકર્મોની ભયંકર શિક્ષા અપાવ્યા સિવાય રહેનાર નથી."

"ઠીક, પુનઃ આપ ક્યારે પધારવાના છો?"

"કેમ મ્હારું કાંઇ કાર્ય છે? કાર્ય હોય તો કહો?"

"કાર્ય શું? બે ઘડી દુઃખી જીવને વિસામો મળે."

"દુઃખી જીવને વિસામો આપવો એ જ મ્હારી ફરજ છે. હું પુનઃ જ્યારે આવીશ ત્યારે તમને મળીશ જ. લ્યો હવે મ્હને રજા છે?" પ્રતાપચંદ્રે પ્રશ્ન કર્યો. "હા......પ.. ધા...રો" શર્માતાં શર્માતાં સરલાએ પ્રતાપને જવાની રજા આપી.

પ્રતાપચંદ્ર અંતરના ઊંડાણમાંથી એક નિશ્વાસ મુકી વિદાય થયો.

પ્રકરણ ૩૬ મું.

ક્ષમાની સજીવ મૂર્ત્તિ.

બીજે દિવસે પ્રભાતકાળે બંસરીબાલા શય્યાનો ત્યાગ કરી હરિ નામનું સ્મરણ કરતી ઊઠી તથા પ્રાતઃકાર્યાદિ કરવા માટે દિવાનખાનામાંથી બ્હાર નીકળવા લાગી. તે વખતે અર્દ્ધનિદ્રિત તેમજ અર્દ્ધજાગ્રત અવસ્થામાં યોગેશ્વરે કહ્યું:–બંસરિ! અહીં આવ; થોડો સમય બેસ. મ્હારે ત્હારી સાથે કેટલીક મહત્વની વાતચિત કરવી છે."

બંસરીબાલા પુનઃ શય્યા પાસે આવીને બેઠી તથા સહજ આશ્ચર્યથી તેણે પ્રશ્ન કર્યો:–" અત્યારના પહોરમાં તે શી વાતચિત કરવાની છે?!"

યોગેશ્વરે પ્રત્યુત્તર આપ્યો કે:–" રજાનો રિપોર્ટ કેટલા માસ માટે કરીશું ? ખબર કાઢી જોતાં એમ માલૂમ પડ્યું છે કે લગભગ ત્રણેક માસ પછી આપણી અત્રેથી બદલી થનાર છે; આમ હોવાથી સરસામાન પણ સાથે લઇ જવો કે અહીં રહેવા દેવો?"

બંસરીબાલાએ કહ્યું;–" આ સ્થાનનો ત્યાગ કરવો એ ઉત્તમ છે. આ સ્થાન સાથે જ દુઃખની સ્મૃતિ સંઘટિત થયેલી છે. પ્રિયતમ ! પાપની છાયા આ જ સ્થળે પડી છે માટે આ સ્થાનનો ત્યાગ કરવો એ જ ઉત્તમ છે. સરસામાન અહીં રાખી મૂકવાની વિશેષ આવશ્યકતા નથી. પિતા અહીં જ છે તેથી તેમનો શો આદેશ છે તે જાણી લઇ તેમની ઇચ્છાનુસાર વર્તજો."

યોગેશ્વરે ભયથી કંપતા કંઠે પૂછ્યું:–"અભાગિની વિનોદની હવે આપણે શી વ્યવસ્થા કરીશું ?"

બંસરીબાલાએ ગંભીરતાપૂર્વક કહ્યું:–" તેની ચિંતા તમારે

શા માટે રાખવી જોઇએ? તેનું નામ ઉચ્ચારવામાં પણ આટલો બધો ભય અને સંકોચ કેમ રાખો છો? મ્હારી પાસે કોઇ પણ પ્રકારનો સંકોચ રાખવાનું પ્રયોજન નથી!"

યોગેશ્વરે એક ગાઢ નિશ્વાસ મુકી કહ્યું:—"સંકોચ રાખવા જેવું જ બન્યું છે. મ્હને એમ વિચાર થયા કરે છે કે ત્હેં જો કદાચ આ પાપિષ્ઠ પતિપર કૃપા ન કરી હોત તો મ્હારી કેવી દુર્દશા થાત? ત્હારા હૃદયની સકળ જ્વાળાને દૂર કરવાને હું શું કરું તે સમજી શકતો નથી!"

બંસરીબાલાએ ઘણી જ નમ્રતાથી ગદ્દકંઠે કહ્યું:—"નાથ! મ્હારા જીવનાધાર હું તમારે પગે પડું છું અને વિનંતિ કરું છું કે હવે પુનઃ મ્હારી પાસે આવા પ્રકારનો ભય તથા સંકોચ રાખશો નહિ. તમારો એવો ભાવ મ્હારા મર્મપ્રદેશને અત્યંત વ્યથિત કરે છે."

યોગેશ્વરે કરૂણાજનક કંઠે તથા અસ્પષ્ટ સ્વરે કહ્યું:—"મ્હને કહેતાં ઘણી શર્મ આવે છે; પણ હવે તને કહ્યા સિવાય છુટકો જ નથી. પ્રિયા! આ પાપીને તું ક્ષમા આપજે. જો આ વખતે મ્હારી વાત સાંભળી તું મ્હારો તિરસ્કાર કરીશ તો હું બચી શકીશ નહિ! જો હું તને હમણાં એ વાત ન કહું તો પણ એ વાત બહુ દિવસ સુધી ગુપ્ત રહી શકે તેમ નથી!"

બંસરીબાલાએ આશ્વાસનસૂચક સ્વરે કહ્યું:—"જે કહેવાનું હોય તે ખુશીથી કહો. હું કોઇ પણ પ્રકારની આશંકા રાખ્યા સિવાય તમારી વાત સાંભળીશ. તમે ગમે તેવા હો તો પણ મ્હારા મનમાં તો એમ જ છે કે તમે સ્વર્ગના દુર્લભ દેવતા છો. તમારું ક્ષુદ્રત્વ મ્હારા મનમાં કાળાંતરે પણ વાસ કરી શકે તેમ નથી."

યોગેશ્વરે કહ્યું:—"બંસરિ! ત્હારા મ્હેં અનેક અપરાધો કર્યા છે. હું એમ ધારું છું કે વિનોદ ગર્ભવતી છે! હવે કોઇ ઉપાય?!"

બંસરીબાલા કંપી ઉઠી. થોડા સમય સુધી તે પતિને પ્રત્યુત્તર

આપી શકી નહિ. પ્રાતઃકાળની કુમુદિની પ્રમાણે તેના મુખમંડળની સકળ પ્રભા એકદમ વિલીન થઇ ગઇ. મૌન ધારણ કરી તેણે થોડા સમય સુધી રુદન કર્યું; અંતે હૃદયભાર ઓછો થતાં આંખો સ્વચ્છ કરી પૂછ્યું:–" વિનોદ આ હકીકત જાણે છે કે ?"

યોગેશ્વરે કહ્યું:–" વિનોદને અત્યાર સુધી એ હકીકતની ખબર હતી; પરંતુ તેની તેને ચિંતા નહોતી; ત્હારું અત્રે આગમન થયા પછી તેને પોતાના કાર્ય માટે ઘણો પશ્ચાત્તાપ થાય છે. વિનોદે બુદ્ધિભ્રષ્ટ થઇ મ્હારી સાથે પાપાચરણ આચર્યું છે. લોકલજ્જા કે ભયભાવના તેને અત્યાર સુધી હતી જ નહિ. મ્હેં આવી ઉન્મત્તતા કયારે ય જોઇ નથી !"

બંસરીબાલાએ કહ્યું:—" ઉન્મત્ત થઇ ગયા વિના તે બીચારી આ પ્રમાણે કરે ખરી કે? હવે તો જેમ ઇશ્વરે ધાર્યું હશે તેમ થશે. તેને પણ આપણે આપણી સાથે લઇ જઇશું."

યોગેશ્વરે ચિંતાતુર મુખે કહ્યું:–" એમ કેમ બનશે ? એ પવિત્ર તીર્થક્ષેત્રમાં માતાજીની આગળ વિનોદને આપણે કેવી રીતે લઇ જઇશું?"

બંસરીબાલાએ દૃઢતાથી કહ્યું:—" તેને સાથે લઇ ગયા સિવાય આપણો છુટકો જ નથી. જે થવાનું હતું તે થયું છે. એ બીચારીનો ત્યાગ કરવાથી તેના હૃદય ઉપર સખ્ત આઘાત થશે. તેને સાથે રાખવી જ પડશે. પિતાની સાથે હવે હું તેને જવા દેનાર નથી. હું તેને મળીને કોઇ નિશ્ચય ઉપર આવીશ અને જે માર્ગ ઠીક હશે તે સ્વીકારીશ."

ધન્ય છે! એ ક્ષમાની પ્રતિમૂર્ત્તિ! ત્હારા ઉદાર હૃદયને સહસ્રવાર ધન્ય છે!!

પ્રકરણ ૩૭ મું.

અબળાનો આત્મત્યાગ.

" મમ ગયા પછી હૈં દુઃખી થશે !
" રડતું કોઇ તો અશ્રુ લૂંછજે !
" જરૂર તું ક્ષમા આપશે મ્હને !
" જઇશ હું હવે માતની કને:! "

—કલાપી.

પ્રભાતકાળનો સમય છે. પ્રાતઃકૃત્યાદિથી નિવૃત્ત થઈ બંસરીબાલાએ રસોડામાં પ્રવેશ કર્યો. પતિ, પુત્ર, વિનોદ, દાસ દાસી વગેરે સર્વને માટે તેણે પોતે જ રસોઇ તૈયાર કરી. તથા તેણે સર્વેને પરિવેષણ કરી ભોજન કરાવ્યું. બંસરીબાલાની વ્યવસ્થાથી સર્વ સંતુષ્ટ છે—પરિતૃપ્ત છે.

યોગેશ્વર ભોજન કરી રહ્યા પછી પુનઃ પૂર્વાનુસાર પાન ચાવતો ચાવતો ખુરસી ઉપર બેઠો. તેનો હૃદયભાર હવે સહજ ઓછો થયો છે. તે કાંઇક અંશે શાંતિ મેળવી શક્યો છે.

યોગેશ્વરના કચેરીમાં જતાં પહેલાં બંસરીબાલા એક વખત મુખ ઉપરનાં સ્વેદબિન્દુઓ લુંછતી લુંછતી દિવાનખાનામાં આવી. યોગેશ્વર તે વખતે કપડાં પહેરી કચેરીમાં જવાની તૈયારી કરતો હતો. તેણે પત્નીને પોતાની પાસે ખેંચી લઇ પોતાના વક્ષસ્થળ સાથે ચાંપી તેના અધરોષ્ઠપર ચુંબન કર્યું.

બંસરીબાલાએ પ્રશ્ન કર્યો:—" શું આજે જ તમે રજાનો રીપોર્ટ કરવાના છો કે ? બે દિવસ પછી જ કરજો ! બહુ ઉતાવળ કરવાનું કાંઇ પ્રયોજન નથી. હમણાં તો પિતાશ્રીને બે દિવસ અત્રે રહેવાને માટે કહો. ત્યાર પછી વિચાર કરીને યોગ્ય કાર્ય કરીશું. "

યોગેશ્વરે સહજ શર્માઇ જઇને પૂછ્યું—"તું જેમ કહે છે તેમ જ કરીશ; પણ શુભ કાર્ય કરવામાં વિલંબ થવા દેવાની શી જરૂર છે?"

બંસરીબાલાએ જતાં જતાં કહ્યું:—"શુભ કે અશુભ ગમે એવું કાર્ય કરવું હોય તો પણ પૂર્ણ વિચાર કરીને કરવું એ જ ઉત્તમ છે. હમણાં તો જેમ મ્હેં કહ્યું તેમ કરો; પછી બધું જોઇ લેવાશે." આમ કહી બંસરીબાલા ત્વરિતગતિથી ચાલી ગઈ. યોગેશ્વર પણ ચિંતાતુર મુખે કચેરી તરફ વિદાય થયો.

આજે એકાદશી છે. વિનોદિનીને નિર્જળા એકાદશીનો અપવાસ છે. તે ભુખ્યા પેટે પોતાના ઓરડામાં ચટાઇ પાથરી સૂતી છે. બંસરીબાલા ભોજન કરી મધ્યાન્હકાળના અરસામાં વિનોદના ઓરડામાં આવી. ધીમેથી દ્વાર બંધ કર્યા પછી વિનોદની પાસે બેસી તેની પીઠ ઉપર તેણે હાથ મૂકયો.

બંસરીબાલાના હસ્તસ્પર્શથી વિનોદનું સર્વાંગ કંપી ઊઠયું. તે ધીમે ધીમે ઊઠીને બેઠી થઇ. તેના શરીર ઉપરથી ગર્ભનાં લક્ષણ સ્પષ્ટ માલૂમ પડી આવતાં હતાં. વિનોદ થોડા સમય સુધી બંસરીના મુખ તરફ ટગર ટગર જોઇ રહી. અંતે તે રડી પડી. તેને રુદન કરતી જોઇ બંસરીની પણ તેવી જ સ્થિતિ થઇ. ઘણા વખત સુધી રુદન કરી બન્નેએ પોતાનો હૃદયભાર હલકો કર્યો. અંતે બન્ને જણીઓ ગાઢ નિશ્વાસ મૂકી એક બીજી તરફ જોઇ રહી.

છેવટે વિનોદે કંપતા કંઠે કહ્યું:—"બ્હેન! હવે શું થશે?"

બંસરીએ મહાકષ્ટે ધીમેથી કહ્યું:–"જે ભાગ્યમાં હશે તે થશે. બ્હેન! વિધાતાની ઇચ્છા વિરુદ્ધ કાંઇ પણ થઇ શકે તેમ નથી; તો પણ હમણાં મ્હારું જે કર્ત્તવ્ય છે તે તો મ્હારે બજાવવુંજ પડશે!"

વિનોદ આ વાક્ય સાંભળી અનેક ક્ષણ સુધી શાન્ત બેસી રહી તથા પુનઃ રુદન કરવા લાગી. બાષ્પ ગદ્ગદ કંઠે તેણે કહ્યું:–"ત્યારે શું તમે મ્હને હાંકી કાઢશો? હું અભાગિની હવે ક્યાં જઇશ?"

બંસરીએ વિનોદના મ્હોં ઉપર હાથ મૂકી, તેના કંઠને આલિંગન કરી, પ્રેમપૂર્ણ સ્વરે ઉત્તર આપ્યોઃ–" તું આવી વાત શા માટે કરે છે? તું હવે ક્યાં જવાની છે? આ સંસારમાં મ્હને કદાચિત્ એક મુઠ્ઠી અન્ન મળશે તો પણ બન્ને બ્હેનો તેના ભાગ કરી ખાઇશું. ત્હારે ક્યાંય જવાનું નથી. તું સહજ પણ ચિંતા કરીશ નહિ."

વિનોદે નેત્રોમાંનું અશ્રુજળ સ્વચ્છ કરી બંસરીબાલાના મુખ તરફ ટગર ટગર જોઇ રહીને કહ્યુંઃ–" પરંતુ મ્હારે લીધે તમારે સમાજનાં કટુ વચનો સહન કરવાં પડશે! આ હતભાગિનીએ તમને દુઃખ દેવામાં કાંઇ બાકી રાખી નથી."

બંસરીબાલાએ વિનોદનું સાંત્વન કરતાં કહ્યુંઃ–" વિનોદ ! તું મ્હારી બ્હેન છે. ત્હારે માટે અમારે દુઃખ સહન કરવું જ જોઇએ. મ્હારા સ્વામીએ ત્હારા ઉપર પ્રેમ કર્યો તેથી જ ત્હારી આવી સ્થિતિ થઇ છે. આવી ભયંકર સ્થિતિમાં તને કેવી રીતે દૂર કરી શકાય? "

વિનોદ રુદન કરતાં કરતાં કહ્યુંઃ–" બ્હેન ? હું કલંકિની છું. પિશાચિની છું. અરેરે બ્હેન ! મ્હેં તમારા સુખના નન્દનકાનનમાં અગ્નિ સળગાવ્યો છે. એ અગ્નિની જ્વાળાથી હું જ બળી મરું છું. તમારું પણ સકળ સુખ અદૃશ્ય થઇ ગયું છે. હું તમારી દયાને યોગ્ય છું કે? આ ભયંકર સર્પિણીનું શા માટે તમે પોષણ કરો છો? "

બંસરીબાલાએ વિનોદનું મુખ દબાવી તેને આગળ બોલતી અટકાવીને કહ્યુંઃ " નહિ–નહિ, હવે એ વાતને યાદ કરીશ નહિ. ગઇ ગુજરીને વિસારી દે. મ્હારો સંસાર અગ્નિથી બળવાનો નથી. તું કલંકની વાત શા માટે કરે છે? લોકો ભલેને ફાવે તેમ બોલે; હું સમાજની ચિંતા રાખતી નથી. મ્હારા સ્વામીનું ઓરસજાત સંતાન ત્હારા ગર્ભમાં છે; હું તને કેવી રીતે કલંકિની કહું ? તું તો મ્હારા પતિદેવતાના પ્રેમની પાત્રી છે જેથી હું તને કેમ કરીને દૂર કરી શકું ? પાપ પુણ્યનો વિચાર કરવાની મ્હને શી જરૂર છે ? મ્હારા પતિ જે કરે છે અને કરશે તે બધું મ્હારે મન તો ઉત્તમ જ છે."

વિનોદ બંસરીબાલાના મુખેથી આવાં ઉદારતાપૂર્ણ અપૂર્વ વચનો સાંભળી અત્યંત આશ્ચર્યચકિત દૃષ્ટિથી તેના તરફ જોઇ રહી. તે બંસરીબાલાની અતુલનીય ઉદારતા જોઈ મુગ્ધ બની ગઇ.

બંસરીબાલા વિનોદને આશ્ચર્યમાં પડેલી જોઇ કહેવા લાગીઃ— "બ્હેન ! તને આશ્ચર્ય શાનું લાગે છે ? મ્હારા સ્વામીની તૃપ્તિમાં જ મ્હારી તૃપ્તિ છે. તેમના સુખમાં જ મ્હારું સુખ સમાયલું છે. વડિલજનોના પુણ્યપ્રભાવ અને શુભાશીર્વાદથી હું કોઇ પણ રીતે દુઃખી થાઉં તેમ નથી!"

બંસરીબાલાનાં આવાં ઉદારતા અને કૃપાપરિપૂર્ણ વચનો સાંભળી વિનોદ એકદમ ઉચ્ચસ્વરે રડી પડી. એક ન્હાના બાળકની માફક તેણે રુદન કરી પોતાનો હૃદયભાર હલકો કર્યો. બંસરીબાલાનાં નેત્રોમાં પણ અશ્રુજળ ભરાઇ આવ્યું. એ જળે તેના ગંડપ્રદેશ ઉપર થઇને વક્ષસ્થળને ભીંજવ્યું. ઘણા સમય સુધી રુદન કર્યા પછી વિનોદે કહ્યું:—"બ્હેન! હું કલંકિની છું; છતાં તેમને હું ચ્હાઉં છું. મરતાં સુધી હું તેમને ચ્હાઇશ. આ પ્રણયપ્રાબલ્યથી બધું ભૂલી જઇ હું તેમના ચરણોમાં ઢળી પડું છું. હું જાણું છું કે મ્હારી આ પાપપૂર્ણ પ્રવૃત્તિથી મૃત્યુ પછી મ્હને નરકમાં સ્થાન મળશે; પણ યોગેશ–મ્હારા વ્હાલા યોગેશની આગળ–તેમના મિલનથી થતા અપૂર્વ સુખની આગળ મ્હને નરકનાં ભયંકર દુઃખોની કાંઇ પણ ચિંતા નથી. હું ઉન્માદિની બની ગઇ છું; છતાં હવે સહજ ચૈતન્ય આવવાથી હું પશ્ચાત્તાપની જવાળાથી અસ્થિર બનતી જાઉં છું. બ્હેન! તમને આ સાક્ષાત દેવીના–ક્ષમાની પ્રતિમૂર્તિના ગુણો કોણે અર્પણ કર્યા ?"

બંસરીબાલાએ કહ્યું:—"જે દેવતા મ્હારું કલ્યાણ કરે છે તેમણે મ્હને આવા ગુણો અર્પણ કર્યા છે; પણ બ્હેન! ત્હારો વિચાર અયોગ્ય છે. તું કદાપિ આત્મહત્યા કરીશ નહિ. આત્મહત્યા કરવી એ ભયંકર પાપ કાર્ય કરવા જેવું છે. વળી ત્હારી આત્મહત્યાની સાથે અન્ય એક જીવની પણ હત્યા થશે. બ્હેન! તને મ્હારા સમ છે; તું આત્મહત્યા કરીશ નહિ!"

વિનોદે કહ્યું—" બ્હેન ! હવે આત્મહત્યા કર્યા વિના ઉપાયાંતર નથી. મ્હને પુત્ર થાય કે પુત્રી થાય, પરંતુ તે મ્હારા કલંકનું જ ચિહ્ન ગણાય. એ કલંકની સ્યામ છાયા નીચે રહી શું મ્હારું સંતાન પણ ઓછું કલંકી ગણાય કે ? હું મરીશ, મરીશ જ: પણ મરતાં પહેલાં એક વખત વ્હાલા યોગેશ્વરનાં દર્શન કરવાની મ્હારી પ્રબળ ઇચ્છા છે. "

બંસરીબાલાએ વિનોદને આશ્વાસન આપતાં કહ્યું:—" જે વિધાતાનું વિધાન હશે તે થશે. તેના વિધાન ઉપર સારા નરસાનો વિચાર કરવાનું કર્તવ્ય આપણું નથી. આજની રાત્રિનું તને નિમંત્રણ કરવા જ હું આવી છું. આજે તેમની સાથે ત્હારું મિલન થાય એવી વ્યવસ્થા હું જ કરીશ ! "

પ્રકરણ ૩૮ મું.

ગૃહિણી કે દેવી ?

યોગેશ્વર સંધ્યા સમયે કચેરીમાંથી ઘેર આવ્યો. બંસરીબાલાએ તૈયાર કરેલા ભોજનને ન્યાય આપી દિવાનખાનામાં એક ચીરુટ ફુંકતો તે બેઠો તથા પત્નીએ બનાવેલા પાનને તેણે મ્હોંમાં મુકયું. બંસરીબાલા પણ યોગેશ્વર જે પાત્રમાં જમી ઊઠયો હતો તે જ પાત્રમાં ભોજન કરી પાન ચાવતી ચાવતી સ્વામી પાસે આવી. યોગેશ્વર અતુલ સૌન્દર્યમયી પત્નીના મુખમંડળ તરફ ટગર ટગર જોઇ રહ્યો. બંસરીબાલાએ પતિ પાસે આવીને નમ્રતાથી કહ્યું:—" મ્હારી એક વાત સાંભળશો કે ? "

યોગેશ્વરે મહા મુશ્કેલે પોતાના વિષાદ ભાવને છુપાવી કહ્યું:— " ત્હારી વાત હું શા માટે ન સાંભળું ? ત્હારે જે કહેવું હોય તે

બેલાશક કહે. તું જેમ કહીશ તેમ હું કરીશ જ." આમ કહી યોગેશ્વરે પત્નીના અધરોષ્ઠપર ચુંબન કર્યું.

બંસરીબાલાએ ગંભીરતાથી કહ્યું:—" જુઓ, બીચારી વિનોદના દુઃખનો પાર રહ્યો નથી. હું તમને વિનવું છું કે, આજે રાત્રે હું તેને તમારી પાસે મોકલું તે વખતે તમે તેનો તિરસ્કાર કરશો નહિ; તેને યોગ્ય વચનો કહી શાન્તિ આપજો ! "

યોગેશ્વર થોડા સમય સુધી સ્તબ્ધ રહ્યો. છેવટે તેણે મૃદુસ્વરે કહ્યું:–" ના, હવે હું તેને મળવાને ઇચ્છતો નથી ! "

બંસરીબાલાએ આગ્રહપૂર્વક કહ્યું:—" તમારે તેને મળવું જ પડશે. આજે રાત્રે તમારે તેને તમારી પાસે જ રાખવી પડશે. "

યોગેશ્વરે દૃઢતાથી કહ્યું:—" મ્હારાથી એમ બની શકશે નહિ. હું તેનું મ્હોં જોઇશ નહિ. તેને કોઇ બીજા સ્થળે મોકલી દે. "

" વાહ રે વાહ ! બીચારીને આટલા બધા દુઃખના દાવાનળમાં હડસેલી મૂકી અને હવે તેનું મ્હોં જોવાની પણ ના પાડો છો એ શું વ્યાજબી છે કે ?! હું આજે અવશ્ય તેને તમારી પાસે મોકલીશ તથા પાસેના ઓરડામાં હું સૂઈ રહીશ. "

" નહિ—નહિ, બંસરિ ! હું ત્હારે પગે પડું છું. તું મ્હારું રક્ષણ કર. હું હવે વિનોદના ઉપર પ્રેમ રાખી પાપપુંજમાં વૃદ્ધિ કરવાને ઇચ્છતો નથી. દાઝ્યા ઉપર ડહામ દેવાનું શું તું વ્યાજબી ધારે છે ? હું ત્હારી યોગ્યતા સમજી ચુકયો છું—ત્હારો ત્યાગ કરી હું હવે પરદારાપર પ્રીતિ કરી શકીશ નહિ. "

" તમારો મ્હારા ઉપર અપાર પ્રેમ છે તેથી તમે મ્હારું કહેવું કબૂલ કરો અને તે બીચારીના હૃદયની સઘળી જ્વાળા દૂર કરો. "

" બંસરિ ! તું એ માટે વૃથા આગ્રહ ન કર ! "

" કેમ, આટલા બધા દિવસ સુધી એની ઇચ્છા પુર્ણ કરી ત્યારે પછી એક દિવસ માટે એની અતૃપ્તિને દૂર નહિ કરો કે ? "

" ના, કદાપિ નહિ—કાળાંતરે પણ નહિ. "

" વાહ ! તેનો આલોક તથા પરલોક બગાડયો તથા માથ ઉપર કલંક લાગવાનો વખત આવ્યો ત્યાં સુધી તમે તેને સુખી કરવાનો યત્ન કર્યો છે ત્યારે પછી હવે તેને લાત મારી કાઢી મૂકવી એ શું યોગ્ય છે કે ? અરેરે ! એ બીચારીનો તમારા ઉપર કેવો અપાર પ્રેમ છે ! તેના હૃદયની સ્નેહધારા હજી સુધી અવિચ્છિન્ન રીતે તમારા તરફ વહે છે. તેણે બીચારીએ પોતાના પિતૃકુળ તેમ જ શ્વસુરકુળની ચિંતા કર્યા સિવાય પોતાનું સર્વસ્વ તમને સમર્પણ કરી દીધું છે; તમારા રૂપના મોહથી તેણે પોતાનું સર્વસ્વ નષ્ટપ્રાયઃ કરી મૂક્યું છે. તેને કલંકિની રૂપે દુનિયામાં અપમાનિત કરવાનું ૨ કાર્ય શું તમારાથી બની શકશે ? નાથ ! તેની સ્થિતિનો સ્થિર ચિત્તે વિચાર કરી જુઓ ! "

યોગેશ્વર પત્નીનાં આ વચનો સાંભળી સહજ નમ્ર થયો. પૂર્વાવસ્થાની કાંઇ સ્મૃતિ તાજી થઇ આવતાં તે કહેવા લાગ્યો:—" બંસરિ ! તું વિનોદ માટે આટલો બધો પક્ષપાત શા માટે કરે છે ? એ ત્હારી કનિષ્ટ ભગિની હોવા છતાં તેણે ત્હારી વિરૂદ્ધ કેવા પ્રકારનો વ્યવહાર ચલાવ્યો છે તેનો ત્હેં કાંઇ વિચાર કર્યો ? શ્રીકાન્તના મુખ તરફ તો નજર કરી જો ! તેનું મુખ કેવું વિષાદપૂર્ણ બની ગયું છે તથા તેનું શરીર કેવું શોષાઇ ગયું છે ? મનુષ્ય મર્કટની માફક એક વખત અગ્નિમાં હાથ ધરે છે, વારંવાર ધરતું નથી; તે પ્રમાણે હું પણ હવે વિનોદના મુખનું દર્શન કરીશ નહિ ! "

" નાથ! આજે મ્હારે ન છુટકે મ્હારી યોગ્યતા કરતાં આગળ વધીને બોલવું પડે છે તે માટે પ્રથમથી ક્ષમા માગી લઉં છું; પરંતુ શ્રીકાન્ત શોષાઇ ગયો, મ્હારા તરફ વિનોદે અયોગ્યાચરણ આચર્યું એ સર્વના કારણરૂપ તો તમે છો! તે બીચારીનો વાંક શા માટે કાઢો છો ? જે પ્રકાર બન્યો છે તે તો તમારાથી જ બનવા પામ્યો છે. તમે શ્રીકાન્તના જન્મદાતા છો; છતાં અદ્યાપિપર્યંત તેની સ્થિતિ તરફ તમારું લક્ષ્ય કેમ ગયું નહિ ? વિનોદનો શો વાંક છે ? તે તો બીચારી પોતાની વેદનાને દૂર કરવા ઇચ્છતી હતી. કર્ત્તવ્ય કર્યું તમે અને દોષ

તેને ઘો એ ક્યાંનો ન્યાય ? તમારે તેને મળવું જ પડશે; નહિ તો તે આત્મઘાત કરશે. તમે તેને સુખી કરશો. તેથી મ્હને કાંઇ નુકસાન નથી. અમે બન્ને જણીઓ તમારી ગૃહિણિઓ થઇશું. તેના દીર્ઘ નિશ્વાસો મ્હારાથી સહન કરી શકાશે નહિ. આપણા ગૃહમાં જો સ્ત્રીહત્યા થશે તો આપણું અકલ્યાણ થશે; માટે મ્હારી વિનંતિ સ્વીકારો અને તેના દુ:ખને દૂર કરો. તે બીચારી દેહ, પ્રાણ, આત્મા અર્થાત્ પોતાનું સર્વસ્વ સમર્પણ કરી તમને ચ્હાય છે. જો તમે તેનો સ્વીકાર નહિ કરો તો તે ભયથી વિહ્વળ બની જઇ આત્મઘાતનું મહાપાપ કરવાને તૈયાર થશે અને નિરુપાયે નરકકુંડમાં પડશે. તમારા સિવાય તેને કોણ આશ્રય આપશે ? "

યોગેશ્વરે પત્નીને કાંઇ પણ પ્રત્યુત્તર આપ્યો નહિ. તે સ્થિરતાથી પત્નીનાં વચનો સાંભળી ચુપકીદી ધારણ કરી બેસી રહ્યો. તેનાં નેત્રોમાંથી અશ્રુધારા સરી પડવા લાગી. બંસરીબાલાની ઇચ્છા સફળ થઇ. ધન્ય છે દેવિ ! ત્હારા ઉદાર હૃદયને ધન્ય છે ! વાંચક ! આ તે ગૃહિણી કે દેવી ? !

પ્રકરણ ૩૯ મું.

છેલ્લી મુલાકાત.

" કિતાબો ઇશ્કની ખોલી, ઉથામ્યાં પ્રેમનાં પોથાં;
વિષમ છે ડંખ પ્રીતિના, ત્રિકટ છે સ્નેહ રસ્તા ત્યાં ! "

× × × ×

" ફાની છે આ જગત સઘળું અન્ત આ જીવવાને;
જે છે તે ના ટકી કદિ રહે સર્વદા કાળ ક્યાંએ. "

× × × ×

" શોધી લેને પ્રિય પ્રિય સખે ! સર્વદા જે રહેશે,
આશા તૃપ્તિ વિભવ સુખની તુચ્છ સૌ છોડી દેને ! "

—કલાપી.

મધ્યરાત્રિ વીતિ ગઇ છે. સર્વ ભોજનાદિથી નિવૃત્ત થઇ નિદ્રાધીન થયાં છે. સર્વત્ર નિસ્તબ્ધતાનું સામ્રાજ્ય સ્થાપિત થયેલું છે. એવા સમયે બંસરીબાલા વિનોદને સાથે લઇ ધીમે ધીમે પોતાના શયનાલય તરફ વળી. શયનાલયના દ્વાર આગળ વિનોદને લઇ જઇ પોતે એકલી ત્વરિતગતિથી પાસેના ઓરડામાં ચાલી ગઇ.

જે શયનમંદિર લગભગ છ માસથી વિનોદનું વિલાસમંદિર હતું તે શયનમંદિર નજરે પડતાં વિનોદના હૃદયમાં પૂર્વસ્મૃતિ તાજી થઇ આવી. જે શયનાલયમાં તેણે પોતાની ઇચ્છાઓને પૂર્ણ કરી હતી તે શયનાલય જોતાં જ આજે તેને રડવું આવે છે. જે સ્થાન વિનોદિનીની વિહ્વળ દૃષ્ટિમાં અત્યાર સુધી તેના આલોકનું પ્રમોદકુંજ હતું તે સ્થાનમાં પ્રવેશ કરતાં કરતાં આજે તે થરથર કંપે છે. સ્વેદાંબુઓથી તેના સર્વાંગનું વસ્ત્ર ભીંજાઇ જાય છે. વિનોદિનીએ એક ઉપર એક એમ અનેક ગાઢ નિશ્વાસો મૂકયા. એ વિશ્વાસોનો અસ્ફુટ સ્વર યોગેશ્વરે સાંભળ્યો. તેણે આવી વિનોદનો હાથ પોતાના હાથમાં લીધો અને તેને અંદર ખેંચી લઇ દિવાનખાનાનું દ્વાર બંધ કર્યું.

જે વિનોદ યોગેશ્વરના હસ્તનો સ્પર્શ થતાં તેના શરીરમાં છુપાઇ જઇ તેને ગાઢ આલિંગન આપતી હતી તે જ વિનોદ આજે યોગેશ્વરના હસ્તનો સ્પર્શ થતાં જ કંપી ઊઠી. તે જમીન ઉપર બેસી જઇ લમણે હાથ દઇ નીચું જોઇ રહી. યોગેશ્વરે આરામખુરસી ઉપર સ્થાન લીધું તથા કહ્યું:—" શા માટે આવી ચિંતાતુર સ્થિતિમાં બેસી રહી છે ? ત્હારે શું કહેવું છે ? ત્હારે જે કહેવાનું હોય તે કોઇ પણ પ્રકારનો સંકોચ રાખ્યા સિવાય કહે ? "

યોગેશ્વરનાં આ વચનો સાંભળી હતભાગિની વિનોદ વિશેષ રુદન કરવા લાગી. યોગેશ્વરે વિનોદિનીના વિષાદપૂર્ણ વદન તરફ સ્થિર દૃષ્ટિથી ઘણા સમય સુધી જોયા કર્યું. અંતે તેણે કહ્યું: " કહે જોઇએ કે તું શામાટે ગભરાય છે ? ત્હારે શું કહેવું છે ? "

વિનોદે રુદન કરતાં કરતાં કહ્યું:—" હું હવે શું કહું ? કહેવાનું છે પણ શું ? હું એક વખત તમારું દર્શન કરવાને આવી છું."

યોગેશ્વરે કહ્યું:—" મ્હને તો તું હમ્મેશાં જુએ છે, છતાં અત્રે આવવાનું શું પ્રયોજન છે ? "

" તમે આ શું કહો છો ? શું તમે બધું વિસરી ગયા ?"

" વિસરી જવાય તો એના જેવું બીજું ઉત્તમ શું છે ? તું જા, હવે હું તને સુખી કરી શકીશ નહિ, વિનોદ! તું મ્હારા અપરાધની મ્હને ક્ષમા આપ એટલે થયું ! "

" હું જવાને માટે જ આવી છું. મ્હને જોતાં હવે તમને તિરસ્કારવૃત્તિ કેમ જન્મે છે ? મ્હારું ગર્ભસ્થ સંતાન તો તમારું જ ઔરસ છે છતાં તમને હવે આવી શર્મ કેમ લાગે છે ? ! "

" શર્મ કેમ ન લાગે ? તું જ્યાં સૂધી આ સ્થળે રહીશ ત્યાં સૂધી હું સમાજમાં બ્હાર જઇ શકીશ નહિ. બંસરીબાલા પાસે મ્હારે શર્માઇ રહેવું પડશે. તું કૃપા કરીને જા. મ્હારા દુઃખનો પાર રહ્યો નથી ! "

" જો બંસરીબાલાની તમને શર્મ હોત તથા તમે તેના દેવત્વને ઓળખી શક્યા હોત તો મ્હારી આવી દુર્દશા ન થાત. હવે તમે મ્હને અહીંથી જતી રહેવાને જણાવો છો; પરંતુ મ્હારી દુર્દશા કરનાર કોણ છે ? કોના રૂપની જવાળાથી હું માર્ગ ભુલી પાપપંકમાં જઇ પડી છું ? કોણે મ્હને મ્હારી ભગિનીનું કપાળ ભાંગવાનું પૈશાચિક કાર્ય શિખવ્યું છે ? યોગેશ્વર ! તમે જ મ્હારી દુર્દશા કરી છે. તમારા રૂપના મોહથી જ મ્હેં મ્હારી ભગિનીના સુખનો નાશ કર્યો છે. તમારાં પ્રણયગદ્દગદ વચનોથી જ મ્હેં હળાહળનું અમૃત સમજી પાન કર્યું છે. તમે કુળાંગનાના સહવાસનું સુખ અનુભવ્યું છે. સતીત્વનું મૂલ્ય કેટલું છે એ શું તમારી જાણ બ્હાર હતું ? તમે તો સહધર્મિણીસહિત સંસારક્ષેત્રનાં સકળ પવિત્ર તીર્થો જોયાં છે; તમે જાણી જોઇને મ્હને શા માટે આ પાપપંકમાં ખેંચી લાવ્યા ? વળી તમારે પ્રથમથી જ સાવચેત રહેવું જોઇતું હતું. જો મ્હને પુરુષોના સ્વાર્થી સ્વભાવની અગાઉથી

માહિતી હોત તો હું તમારા તરફ દૃષ્ટિ સુદ્ધાં કરત નહિ ! જો મ્હારા સ્વામીના મુખની સહજ પણ છાયા મ્હારા હૃદયપ્રદેશમાં અંકિત થયેલી હોત તો હું તમારા આ ચંદ્રતુલ્ય મુખને જોઇ આત્મભાન ભૂલત નહિ. જો હું બ્રહ્મચર્યનો લેશ પણ પ્રભાવ સમજી શકી હોત તો એક ક્ષણને માટે પણ હું તમારા આશ્રયનો સ્વીકાર કરત નહિ. હું અત્યાર સુધી કાંઇ જાણતી નહોતી-કાંઇ સમજતી નહોતી. જ્યારે તમને જોઇ હું દીવાની બની ગઈ, મ્હારું સર્વસ્વ અર્પણ કરીને મ્હેં તમને સુખી કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે જ તમે મ્હને આજે કાઢી મૂકવાને તૈયાર થયા છો, કેમ ? હાય અદૃષ્ટ ! હાય કર્મફળ !

વિનોદિનીના મર્મપ્રદેશમાંથી નીકળેલાં આ વાગ્બાણો યોગેશ્વરને ઘણાં અસહ્ય થઇ પડયાં. તે પોતાની ભયંકર ભૂલ સમજી શક્યો. તેણે આરામખુરસી ઉપરથી ઊઠી દિવાનખાનામાં થોડો વખત આંટા માર્યા. ત્યાર પછી તે વિનોદની પાસે આવી જમીન ઉપર બેસી પડયો અને ગદ્‌ગદકંઠે બોલ્યો:—" વિનોદ ! વિનોદ ! હું મ્હારી ભૂલ સમજી શક્યો છું. ત્હારો શો વાંક છે ? ! ત્હારા કરતાં મ્હારા પાપની મ્હારે ભયંકર શિક્ષા સહન કરવી પડશે. વિનોદ ! હું ત્હારી પાસે ક્ષમા માગું-છું. ત્હારી શી ઇચ્છા છે ? કહે-કહે, તું કહે તે કરવાને હું તૈયાર છું, ત્હારા સંતોષમાં જ હવે મ્હારા પાપનો નાશ છે, અન્યથા હું બચી શકું તેમ નથી જ ! "

વિનોદે અવરુદ્ધ કંઠે કહ્યું:—" મ્હને હવે કોઇ પણ પ્રકારની ઇચ્છા નથી; જે ઇચ્છા હતી તે પૂર્ણ કરી ચુકી છું. હવે તો હું મરી જઇશ તો જ સુખને મેળવી શકીશ. મૃત્યુ પૂર્વે તમારી છેલ્લી મુલાકાત લેવાને જ હું અહીં આવી છું. હજી મ્હારી કેટલીક દુરાશાઓ રહી ગઇ છે. હવે હું શા માટે ભય રાખું ? મૃત્યુ પૂર્વે તમારાં બે ચાર મિષ્ટ વચનો હું શ્રવણ કરીશ. જે મિષ્ટ વચનો સાંભળી હું મારા આલોકને ભૂલી ગઇ છું તે જ મિષ્ટ વચનો પુનઃ એક વખત સાંભળીશ. મ્હારી ઇચ્છા તમે પૂર્ણ કરશો કે ? "

"હવે હું ત્હારી શી ઇચ્છા પૂર્ણ કરી શકું તેમ છું? અરેરે! મ્હેં બ્રાહ્મણપુત્ર થઇ દાનવનું કાર્ય કર્યું છે. હું પાપને સમજી શકતો હોવા છતાં તેનાથી બચી શક્યો નથી. સત્કાર્ય કરવાનું સામર્થ્ય મ્હારામાં રહ્યું નથી; પરંતુ પાપ પુણ્યનો તો મ્હને વિચાર હોવો જોઇએ! હું મહામોહવશતઃ એ વિચારશક્તિને પણ ભુલી ગયો છું. જો બંસરીબાલા પોતાના પિત્રાલયમાંથી આવી ન હોત તો મ્હને આટલું પણ જ્ઞાન જે હમણાં ઇશ્વરકૃપાથી આવ્યું છે તે આવત નહિ; કિન્તુ આ જ્ઞાન તે સત્ય જ્ઞાન નથી–ભયજનિત જ્ઞાન છે! સામાજિક કલંકભયજનિત જ્ઞાન ને બંસરીબાલાનું તિરસ્કારજનિત જ્ઞાન છે! અહા મ્હારી બંસરિ! એ તો સાક્ષાત દેવી છે. હું મૂઢ મોહને વશ થઇ તેના ગુણોને પારખી શક્યો નથી. મ્હેં તેનો તિરસ્કાર કર્યો. આટલું બધું થવા છતાં તેણે એક પણ કટુ વચન ન કહેતાં મ્હને મિષ્ટ વચનો કહી મ્હારા દુઃખનો ભાર ઓછો કર્યો છે. ત્હારા મામાના આગમનથી અને ત્હારા ગર્ભના વિકાસથી એકાએક મ્હને ભયજનિત જ્ઞાન થયું છે. આમ હોવાથી હું તને શું કહી શકવાને સમર્થ છું? છતાં વિનોદ! હજી પણ હું તને કહું છું કે, ત્હારા સૌન્દર્યે મ્હને દીવાનો બનાવી દીધો છે; હજી પણ તને જોતાં જોતાં હું વિહ્વળ બનતો જાઉં છું. વિનોદ! વિધાતાએ તને આટલું બધું સૌન્દર્ય કેમ આપ્યું છે?"

વિનોદે વિહ્વળતાથી કહ્યું:–"પુનઃ એ જ વાત કહો. મ્હારા સૌન્દર્યના ગૌરવની વાત હું સાંભળીશ, સાંભળીને સુખી થઇશ–કૃતાર્થ થઇશ. હું તમને કેટલા બધા ચ્હાઉં છું એ ફક્ત મ્હારું હૃદય જ જાણે છે. તમે મ્હારા મનના સઘળા ભાવ સમજી શકો છો. મ્હારો દેહ તથા મન અર્પણ કરી હું તમને ચ્હાઉં છું. મ્હારા ધર્મનો ત્યાગ કરી હું તમને ચ્હાઉં છું. મ્હારું જીવન સમર્પણ કરી તમને ચ્હાઉં છું. હું શું કરું તો તમને વિશેષ પ્રિય થઇ શકું? હું પુત્રવતી થાઉં તેમાં તમને સુખ નથી–તેમ થશે તો તમારો પ્રેમ મ્હારા ઉપર રહેશે નહિ.

મ્હને પુત્રની જરૂર નથી—હું કેવળ તમને જ ખરા જીગરથી ચ્હાઉં છું! હવે વધારે શું કહું? મ્હારું ગળુ સુકાઇ જાય છે! આજે તો એકાદશી છે ને? કહો—કહો નાથ કે હું કેવી સુંદર છું?"

ગમે તેટલી કઠોરતા ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે તો પણ યોગેશ્વર માનુષ હતો; તેનામાં માનસિક બળની ન્યૂનતા હતી. વિનોદના વચનોના પ્રવાહમાં તેની સઘળી કલ્પિત કઠોરતા ચાલી ગઇ.

વિનોદમાં હવે બેસી રહેવા જેટલી શક્તિ નથી. એમ જાણી યોગેશ્વરે પોતાનો જમણો હાથ વિનોદના પૃષ્ઠદેશ આગળ પ્રસારિત કરી રાખ્યો. છિન્નમૂળ છોડની માફક વિનોદ એ પ્રસારિત હસ્ત ઉપર ઢળી પડી. ધીમે ધીમે વિનોદ પુનઃ ક્ષીણકંઠે કહેવા લાગીઃ—" અહા! આ કેવું સ્વર્ગસમ સુખ છે! મ્હારે સ્થળે જો કદાચ તમે હોત તો આ સુખનો યથાર્થ અનુભવ લઇ શકત. અહા! આટલું બધું સુખ સહન કરી શકાતું નથી! આવા સુખમાં જ જો મૃત્યુ આવી આવી મળે તો મૃત્યુ કેવું સુખદાયક થઇ પડે?! મ્હને તમારી આગળ હવે પાપ પુણ્યની પરવાહ નથી! મ્હારું સર્વસ્વ તમે જ છો. સુખ દુઃખની પ્રાપ્તિ સિવાય જીવનની કિંમત સમજાતી નથી. તમને જોતાં મ્હને અપાર સુખ થાય છે. તમે જ મ્હારી ભક્તિમાં પ્રભુ, મ્હારા સાક્ષાત કૃષ્ણ, કંઠના અલંકાર, નેત્રોના તારા, હૃદયનું લોહી, દેહનું જીવન અને જીવનનું સર્વસ્વ છો. તમે મ્હારા દર્શનમાં પ્રકાશ, શ્રવણમાં સંગીત, શ્વાસમાં વાયુ અને સ્પર્શ છો. તમે મ્હારી હયાતીનું સુખ, ભૂતકાળની સ્મૃતિ, ભવિષ્યની આશા તેમ જ પરલોકનું પુણ્ય છો. તમારી આગળ હું પરલોકનો વિચાર પણ શા માટે કરું? હું તમારે ખોળે સૂતી છું;—જોઇ જાઓ, યમદૂતો, વિષ્ણુદૂતો—સર્વ આવીને જોઇ જાઓ કે હું કેવી સુખી છું! આ કરતાં મ્હને બીજી વધારે શાની અપેક્ષા હોય?"

આ વખતે યોગેશ્વરે રડી દીધું. ટપટપ કરતું તેનાં નેત્રયુગલનું અશ્રુજળ વિનોદિનીના વક્ષસ્થળ ઉપર પડવા લાગ્યું. વિનોદ શુષ્કમુખે સ્મિત કરી મીંચેલાં નેત્રોએ માની લીધેલા મહા સુખનો ઉપભોગ ભોગવવા લાગી. યોગેશ્વરને રુદન કરતો જોઇ તેણે પોતાના હાથે

યોગેશ્વરનાં લોચન લુંછ્યાં. પછી તે સ્મિત કરી કહેવા લાગીઃ—" તમે રડો છો શા માટે ? શું રુદન કરી તમે મ્હારા પ્રત્યેના તમારા અપાર સ્નેહનો પરિચય કરાવો છો ? તમે મ્હને ખોળામાં રાખી રુદન કરો છો એથી તો મ્હને વિશેષ સુખ થાય છે. મ્હારી માફક કોઇ પણ રમણી તમને ચ્હાય નહિ એ ખાત્રીથી સમજી રાખજો. બંસરીબાલાને ગૃહસંસાર છે, ધર્મકર્મ છે, પુત્રદ્વય છે. મ્હને તો તમારા સિવાય અન્ય કોઈ નથી. સ્વર્ગ પણ તમે અને નરક પણ તમે. હું કોઇનો પણ ભય રાખતી નથી. કોઇનો વિશ્વાસ પણ રાખતી નથી. તમે મ્હારા જ છો; હું તમારી થઇને મરીશ તો મ્હને ઘણો આનંદ થશે. હું નહિ હોઉં તો પણ સંસારમાં તમને કોઇ પણ પ્રકારનું દુઃખ પડનાર નથી. બંસરીબાલા સાક્ષાત સ્વર્ગની દેવી છે. વ્હાલા ! મ્હારા કરતાં તે તમને વધારે સુખી કરી શકશે. નાથ ! આ અભાગિનીને ભૂલી જવાથી જ તમને સુખ થશે. જો કે તમારી સ્મૃતિથી મ્હને ઘણું જ સુખ થાય છે; કિન્તુ એ સ્મૃતિ પણ પ્રાણવાયુની સાથે જ ચાલી જશે. મ્હારી છેલ્લી પ્રાર્થના માત્ર એટલી જ છે કે જ્યાં સૂધી આ અભાગિની જીવે ત્યાં સૂધી તેને તમે તમારા ચરણયુગલમાંથી દૂર કરશો નહિ ! "

યોગેશ્વરે અવરુદ્ધ કંઠે કહ્યું:—" વિનોદ ! આવાં વચનો શા માટે ઉચ્ચારે છે ? તું શા માટે નહિ બચે ? હું ત્હારો પુનઃ સ્વીકાર કરું છું. તું સદા સર્વદા મ્હારી પાસે રહેજે. " આમ કહી યોગેશ્વરે વિનોદિનીના શુષ્ક પણ સુંદર અધર ઉપર ધીમેથી એક ચુંબન કર્યું. વિનોદનું શ્વેતવર્ણ મુખ એકાએક લાલ થઇ ગયું ધીમેથી તેના ઓષ્ઠાધરે કંપિત થઇ યોગેશ્વરને પ્રતિચુંબન આપ્યું. યોગેશ્વર કંપી ઊઠયો ! આ શું ? વિનોદનું સર્વાંગ શીતળ કેમ છે ? યોગેશ્વરે વિનોદના સર્વાંગપર હાથ ફેરવી જોયો તો સર્વ ગાત્રો શીતળ થઇ ગયેલાં માલૂમ પડયાં ! ભયની ભાવનાથી તત્કાળ તેણે બંસરીબાલાને હાંક મારી. બંસરીબાલાએ ત્વરાથી દિવાનખાનામાં આવી વિનોદના સર્વાંગપર કર સ્પર્શ કર્યો તો તેને પણ વિનોદનું સર્વાંગ શીતળ થઇ ગયેલું જણાયું.

પ્રકરણ ૪૦ મું.

પાપનું પ્રાયશ્ચિત્ત.

" જીવિત આ થયું છે મ્હને કટુ !
મરણની ન કાં ઔષધિ લઉં ?
ન મુજ વિશ્વને વિશ્વની ન હું,
દિલ ન મૃત્યુથી આ નિવારવું ! "

—કલાપી.

" આ શું ? ! સર્વાંગ ઠંડું છે ! " આમ કહી બંસરીબાલા એકાએક આર્ત્તનાદથી રુદન કરવા લાગી. આખા બંગલામાં કોલાહલ થઇ રહ્યો. દાસદાસીઓ સર્વે દોડી આવ્યાં. ગિરીશચંદ્ર પણ આ કોલાહલ સાંભળતાં જ એકદમ દિવાનખાના તરફ દોડી આવ્યો. યોગેશ્વરના દિવાનખાનામાં અચેતનાવસ્થામાં સૂતેલી વિનોદિનીનો દેહ જોઇ પ્રથમ તો તે એકદમ ચમકી ઊઠયો; પછીથી સવિશેષ નિરીક્ષણ કરી વધારે ચમકી બે પગલાં પાછળ હઠયો. પોતાના રસ્તાની વચ્ચે એકાએક સર્પદર્શન થતાં મનુષ્ય જેમ ભયથી પાછા હઠી જાય તદનુસાર ગિરીશચંદ્ર પણ હઠી ગયો. બરાબર આ જ વખતે યોગેશ્વર દિવાનખાનાની બ્હાર ચિંતાતુર મુખે ચાલ્યો ગયો.

બંસરીબાલાએ પિતાને જોઈ શોક તેમ જ ભયથી અસ્થિર થઇ જઇને કહ્યું:–" પિતાજી ! આમ ગભરાઇ શા માટે જાઓ છો ? વિનુબ્હેનની સ્થિતી ગંભીર થઇ પડી છે. હવે શું થશે ? ડૉક્ટરને બોલાવી લાવવા માણસ મોકલો."

" ડૉક્ટરને બોલાવી લાવવા માટે માણસ ગયું છે; બ્હીવાનું શું કારણ છે ? શું વિનોદ મરી જશે એમ તું ધારે છે ? "

" પિતાજી, મ્હને તો તેના મરણનો જ ભય લાગે છે. જો તેમ થાય તો બીચારી વિનોદિનીને માટે વિધિ અનુકૂળ છે એમ જ સમજી



“ હમણાં તો કાંઈ વિશેષ ભય જેવું નથી; રોગિણી થોડા જ વખતમાં સ્વસ્થ થશે. ગર્ભનાં ચિન્હો માલૂમ પડે છે; એમ જણાય છે કે, અલ્પ કાળમાં ગર્ભપાત થશે !” પૃષ્ઠ ૧૭૭.

શકાય. જે કૃત્યનો પશ્ચાત્તાપ વિનોદિનીને પોતાને થાય છે તે જ પશ્ચાત્તાપનું અંતિમ પરિણામ વિનોદિનીએ પોતે જ આમ લાવવા ધાર્યું હશે કે કેમ તે હું સમજી શકતી નથી."

બરાબર આ વખતે રમેશચંદ્ર આવ્યો. બંસરીબાલા વિનોદનું માથું પોતાના ખોળામાં રાખી મર્યાદાથી બેઠી. યોગેશ્વર પણ રમેશચંદ્રની સાથે દિવાનખાનામાં આવેલો હતો. રમેશે રોગીની સવિશેષ ચિકિત્સા કરી કહ્યું:–" હમણાં તો કાંઇ વિશેષ ભય જેવું નથી; રોગિણી થોડા જ વખતમાં સ્વસ્થ થશે. ગર્ભનાં ચિન્હો માલૂમ પડે છે; એમ જણાય છે કે અલ્પ કાળમાં જ ગર્ભપાત થશે!"

ગિરીશચંદ્રે આગળ આવી કહ્યું:–" ભાઇ! આજે એણે નિર્જળા એકાદશીનો અપવાસ કર્યો છે. આખા દિવસમાં જળનું એક બિંદુ સુદ્ધાં લીધું નથી. એકાએક આવી સ્થિતિ થઇ ગઇ છે; હવે શો ઉપાય ?"

રમેશે ગંભીરતાપૂર્વક કહ્યું:–" હું ઔષધ આપું છું. એક ચાલાક દાયણને પણ બોલાવવી પડશે. હું એક બે કલાક પછી પુનઃ આવી જઇશ." આમ કહી રમેશ ચાલ્યો ગયો. માણસ પણ ઔષધ માટે મોકલ્યું કે જે થોડા સમયમાં જ ઔષધ લઇ આવ્યું. સૂચનાનુસાર ઔષધ આપતાં વિનોદે પોતાનાં નેત્રો ઉઘાડયાં. તેણે એક ગાઢ નિશ્વાસ મુકી ઊઠીને બેસવાનો પ્રયત્ન કર્યો; કિંતુ વ્યર્થ. તેણે ક્ષીણકંઠે કહ્યું:– " ઉંહ...પેટમાં બહુ દુઃખ થાય છે, ઘણી જ અસહ્ય વેદના થાય છે! ઓ મામા! તમે કયાં છો ? આમ આવો ! બ્હેન કયાં છે ?"

બંસરીબાલાએ કહ્યું:—" બ્હેન! ગભરાઇશ નહિ; હું ત્હારી પાસે જ છું. દર્દ થોડા વખતમાં જ શમી જશે. ડૉકટર આવીને દવા આપી ગયા છે; ભય રાખીશ નહિ."

વિનોદે વિષાદપૂર્ણ સ્વરે કહ્યું:–" હવે દર્દ વધારે થાય છે, કમર ફાટી જાય છે. અંતકાળ નજીક આવે છે મામા! તમે મ્હારી પાસે આવીને બેસો."

ગિરીશચંદ્ર વ્યાકુળચિત્તે અને વિરક્તમુખે વિનોદની પાસે આવીને બેઠો. વિનોદિનીને કાંઇ પણ નહિ કહેવાનો તેનો વિચાર દૂર થઇ ગયો. વિનોદ અશ્રુનો વેગ રોકી શકી નહિ. તેણે કહ્યું:–"હું કુળકલંકિની હવે જીવીને શું કરું ? હું મરીશ, મરવાને માટે જ તૈયાર થઇ રહી છું. યમદૂતો મ્હને સહાયતા કરવા તૈયાર થઇ ગયા છે. મ્હને નરકમાં લઈ જવાની તેઓ તૈયારી જ કરે છે."

"થયું ન થયું થનાર નથી. પ્રભુએ ધાર્યું હશે તે જ થશે."

"જે અજ્ઞાનને હું જ્ઞાન સમજતી હતી તે જ મ્હારી સાથે લડે છે. હવે હું આ સંસારમાં થોડા સમયને માટે છું. હું કલંકિની થઇ છું એ મ્હારા દોષને શું ક્ષમા ઘટતી નથી કે ?"

"ત્હારો શાનો દોષ ? દોષ તો અમારો જ છે. તને અમે અહીં રાખી મૂકી એજ અમે ઘણી મોટી ભૂલ કરી છે. એ દુષ્કર્મનું પરિણામ અમારે ભોગવવું જ પડશે. ત્હારા કલંકમાં અમને પણ કલંક લાગ્યું!"

"કોઇનો કાંઇ દોષ નથી. દોષ ફક્ત મ્હારો જ છે–સઘળો અપરાધ મ્હારો જ છે."

ગિરીશચંદ્રે કહ્યુ:—"નહિ વિનોદ ! ત્હારા દોષ કરતાં યોગેશ્વરનો દોષ સહસ્રધા અધિક છે. વિનોદ ! શાસ્ત્રના મર્મને તું સમજતી નથી એટલે સાધારણ રીતે જ હું કહું છું કે ત્હેં મહાપાપ કર્યું હોય તો પણ હૃદયના પશ્ચાત્તાપથી પાપની શુદ્ધિ થવાનો સંભવ છે. ભૂલ ન કરે તે દેવ કોટિમાં ગણાય. વિનોદ ! ત્હારા પાપનું પ્રાયશ્ચિત્ત થઇ ચુક્યું! હવે તું ખેદ ન કર. હું ત્હારું દુઃખ જોઇ શકતો નથી. વિનોદ ! દેવી જેવાં નવદુર્ગાને દુઃખ થયું તેને માટે મ્હને ખેદ થાય છે. તેમના સોનાના સંસારમાં અગ્નિ સળગ્યો છે !"

"મામા ! હવે મ્હારા પાપનો સંપૂર્ણ ખ્યાલ આવે છે પણ હું નિરુપાય છું! હું મરીશ, મરી જઇને આ કલંક દૂર કરીશ. હું મરીશ એટલે બ્હેનને કોઇ પણ પ્રકારની હરકત રહેશે નહિ. જે દુઃખ મ્હને થાય છે તે અસહ્ય છે. હું વિશેષ સમય સુધી આવું દારુણ દુઃખ વેઠી શકનાર નથી."

"બંસરીના સ્વામીએ બંસરીને ચિરદુઃખિની કરેલી હોવાથી તે જ સુખ દુઃખના કર્તા છે; તેમાં તું શું કરે ? યોગેશ્વર શિક્ષિત હોવા છતાં તેમણે કેમ ભૂલ કરી ?"

"જે થવાનું હતું તે થયું છે. વિધવાનું ખરું કર્તવ્ય જૂદું હોવું જોઇએ. યોગેશ્વરને પણ તેમનાં માતાપિતા તરફથી ધાર્મિક શિક્ષણ મળ્યું નથી. ધર્મની કેળવણી સિવાય મનુષ્ય કદાપિ સદાચારી થઇ શકતું નથી."

"ખરું છે. દોષ અમારો અને સાથે વહેવાણ નવદુર્ગાનો. અમારે દોષે તું અહીં આવી તથા વહેવાણના દોષથી તને અહીં સ્વતંત્રતા મળી. વળી અમારો ઉભયનો મુખ્ય દોષ એ જ છે કે તમને એકકેને ધર્મશિક્ષાનો પ્રભાવ અમે સમજાવ્યો નહિ. તમારું મુખ્ય કર્ત્તવ્ય તમને શિખવ્યું નહિ. તમે તમારી ઇચ્છાનુસાર વર્તન કર્યું છે. શાસનની માન્યતા સિવાય સંયમ થઇ શકતો નથી; તમારો શો દોષ ? દોષ અમારી બુદ્ધિનો જ છે !"

"નહિ નહિ, આવી વાત સાંભળવાની મ્હારી ઇચ્છા નથી. હવે આ પાપનું પ્રાયશ્ચિત્ત શું છે તે કૃપા કરીને જણાવશો કે ?"

"વખતે સર્વ થઇ રહેશે. ત્હારી સ્થિતિ જોતાં એમ માલૂમ પડી આવે છે કે ભગવાન્ દયા કરીને સત્વર તને દુઃખમુક્ત કરશે. હમણાં પણ તું ત્હારા પાપનું પ્રાયશ્ચિત્ત જ કરે છે. તને જે ભયંકર યાતના થાય છે તેની તુલના થઇ શકે તેમ નથી. દરેક મનુષ્યને પોતાના પાપનું ફળ આ સંસારમાં જ મળે છે. ત્હારા જેવી બીજી કોઇ હતભાગિની આ વિશ્વમાં ભાગ્યે જ હશે !"

"બસ કરો મામા ! બસ કરો. જેવું મ્હારું ભાગ્ય !" આ વાક્ય પૂર્ણ થતાં ન થતાંમાં જ વિનોદને મુર્ચ્છા આવી અને તે બેશુદ્ધ બની ગઇ. તેનો દેહ સ્થિર થઇ જવા લાગ્યો. મ્હોં ઉપર સ્વેદાંબુઓ ઉપસી આવવા લાગ્યાં. વદન તથા નેત્રો નિસ્તેજ થઇ જવા લાગ્યાં. ગર્ભપાત થતાં પૂર્વેનાં લક્ષણો સ્પષ્ટ દેખાવા લાગ્યાં. તરત જ ગિરીશ-

અંદ્ર સમય વિચારી ત્યાંથી બ્હાર ચાલ્યા ગયા. યોગેશ્વરે પણ શ્વસુર મહાશયનું અનુસરણ કર્યું. એટલામાં દાયણ ત્યાં આવી પહોંચી.

આ વખતનું દુઃખ તે ભીષણ દુઃખ છે ! નરકનું દુઃખ પણ આવું દુઃખદાયક નહિ હોય ! અરેરે ! કેટલું કષ્ટ ! કેટલી વ્યથા !! કેટલી પીડા !!! એ સઘળું શું ભાષાથી સમજાવી શકાય તેમ છે ? મુખેથી ઉચ્ચારી શકાય તેમ છે ? વિનોદ પૂર્ણગર્ભા નથી; તેને ગર્ભપાત થવાનો ઉપક્રમ થયો છે. પાઠક ! આ દેખાવ મહા દુઃખકર છે. તેનું વર્ણન નિર્જીવ લેખિનીથી થઇ શકે તેમ નથી.

લગભગ છ કલાક સૂધી તીવ્ર યાતના સહન કરી બીજે દિવસે પ્રાતઃકાળે વિનોદિનીએ એક મૃતપુત્રને જન્મ આપ્યો.

દુષ્કર્મનું ફળ જો કે પ્રથમ તો પ્રિય લાગે છે પણ ખરી રીતે તે અંતે દુખદાયી નિવડે છે. વિનોદે સઘળી યંત્રણા સહન કરી; પણ મા થવાનું સાૈભાગ્ય તેને પ્રાપ્ત થયું નહિ, ઉલટું તેના જ મૃત્યુની ઘડી ધીમે ધીમે નજીક આવવા લાગી. હરિ ! હરિ ! !

પ્રકરણ ૪૨ મું.

ભ્રમસંશોધન.

યથાસમયે પ્રતાપચંદ્ર આનંદચંદ્ર શેઠ પાસે ગયો. તેમણે તેનું અંતઃકરણપૂર્વક સ્વાગત કરી સ્નેહસૂચક સ્વરે કહ્યું:–" હમ્મેશાં હું તમને યાદ કર્યા કરું છું. તમે કહેલા પુસ્તક સંબંધી હજી પણ મ્હને અવનવા વિચારો આવ્યા કરે છે."

" હું એ ગ્રંથની ટાઇપ કરેલી નકલ આજે આપની પાસે લાવ્યો છું."

તરત જ પ્રતાપે 'સમાજસ્થિતિ ક્યારે સુધરશે ?' એ ગ્રંથની ટાઇપ કરેલી એક પ્રત આનંદચંદ્રના હાથમાં મૂકી.

"ખરેખર, આ ગ્રંથ જોતાં મ્હને અવર્ણનીય આનંદ થાય છે. આ ગ્રંથ વાંચવાની મ્હને ઘણી જીજ્ઞાસા છે; છતાં વયોવૃદ્ધિને લીધે હું બરાબર વાંચી શકું તેમ નથી."

પ્રતાપે પોતાની ખુરસી આનંદચંદ્ર પાસે ખેંચી કહ્યું:—"આપને આ પુસ્તક વાંચવાની ઘણીજ જીજ્ઞાસા છે તો આપને માટે થોડા સમય સુધી હું મ્હારાં નેત્રોનો ઉપયોગ કરીશ. હું જ આપને 'સમાજસ્થિતિ ક્યારે સુધરશે ?' એ પુસ્તકનો કેટલોક ઉપયોગી ભાગ વાંચી બતાવું છું. પછી તો આપને સંતોષ થશે ને ? "

" ત્યારે તો હું તમારો ઘણો જ ઉપકાર થયો સમજીશ. "

તરત જ પ્રતાપે પુસ્તક વાંચવા માંડયું. આ જ પુસ્તકરૂપી પાયા ઉપર પ્રતાપની સર્વ આશાઓરૂપી ઇમારત ચણાવાની હતી. લગભગ ત્રણ કલાક સુધી વાંચનકાર્ય ચાલ્યું; છતાં આનંદચંદ્ર સહજ પણ કંટાળ્યા હોય એમ જણાયું નહિ. તેઓ પ્રતાપના મુખમાંથી નીકળતો પ્રત્યેક શબ્દ ધ્યાન દઇને સાંભળતા હતા, તેમની મુખમુદ્રા ઉપર પણ અપૂર્વ આનંદ જણાતો હતો. તેમનાં નેત્રોમાંથી હર્ષાશ્રુઓ સરી પડવા લાગ્યાં હતાં. એકાએક તેઓ બોલી ઉઠયાઃ—" પ્રતાપચંદ્ર! ખરેખર આ ગ્રંથ અત્યુત્તમ તથા વિલક્ષણ બુદ્ધિનું જ પરિણામ છે. સમાજનું સત્ય ચિત્ર દોરવામાં લેખક ઘણો જ કુશળ જણાય છે. ગ્રંથકારે સર્વ પ્રકારનો સ્વાનુભવ મેળવીને જ આ ગ્રંથ લખ્યો હોવો જોઇએ. આ ગ્રંથ તૈયાર કરવા માટે પણ તેણે કેટલું બધું દુઃખ વેઠયું હશે ? "

" પરંતુ તેને પોતાના દુઃખ માટે બિલ્કુલ ચિંતા નથી. "

" શાની ચિંતા હોય ? સમાજ સંબંધી તેનો પ્રેમ અને સહાનુભૂતિ વિલક્ષણ પ્રકારનાં છે. લોકોનાં દુઃખ માટે જેના આત્માને આટલી બધી લાગણી થાય છે તેને પોતાના દુઃખનો વિચાર ઉદ્દભવે એ અશક્ય છે. અહા ! આ ગ્રંથ તો અપૂર્વ છે ! આ ગ્રંથના વાંચનથી મ્હારા કેટલાક ભૂલભરેલા તથા સંકુચિત વિચારો મ્હને હવે માલૂમ પડે છે. પ્રતાપચંદ્ર ! તમારો મ્હારા ઉપર ઉપકાર થયો છે; હવે

ફક્ત એટ જ પ્રકારનો ઉપકાર કરવાને માટે તમે ના નહિ જ પાડો!"

"શેઠજીની ઇચ્છા પૂર્ણ કરવાને હું હરેક પળે તૈયાર છું."

"આ ગ્રંથના લેખકની મુલાકાત કરવાની મ્હને ઉત્કટ ઇચ્છા છે; કૃપા કરી તમે તેમને અત્રે લઇ આવશો કે ?"

પ્રતાપનું અંતઃકરણ આનંદપૂર્ણ વિચારતરંગો સાથે વિહરવા લાગ્યું. તેણે કહ્યું:—"આ ગ્રંથકારને હું અવશ્ય લઇ આવીશ; પરંતુ તેને મળવાથી કદાચ આપને નિરાશા થશે તો ? ધારો કે કદાચ તે આપની કલ્પના કરતાં વિલક્ષણ પ્રકારનો હોય તો ?"

"તેમ બને જ કેમ ? તેના ગ્રંથના અત્યંત ઉચ્ચ પ્રકારના લખાણ ઉપરથી જ તેનું અંતઃકરણ કેટલું મહાન્ અને ઉદાર હોવું જોઇએ એ સ્પષ્ટ માલૂમ પડી આવે છે. તેને જરૂર તેડી લાવજો. આ વૃદ્ધ ઉપર એટલી કૃપા અવશ્ય કરજો. તમારી આ સઘળી સેવા નિષ્ફળ થનાર નથી. હું તમને એક યોગ્ય રત્ન અર્પણ કરી તમારું જીવન વિશેષ સુખકર કેવી રીતે થાય તેનો અવશ્ય વિચાર કરીશ."

"આપનો મ્હારા ઉપર અપાર પ્રેમ છે. આપ મ્હને પુત્ર કરતાં પણ અધિક વ્હાલો છો એ જ મ્હારે માટે મહા આનંદની વાત છે. એ ગ્રંથકારને હું અવશ્ય આપની પાસે લઇ આવીશ. આ ગ્રંથ અડધો વંચાયો છે. બાકીનો અડધો ભાગ આવતી કાલે હું વાંચી બતાવીશ." આમ કહી પ્રતાપ આનંદચંદ્ર શેઠ પાસેથી વિદાય થયો; પણ તેના મનમાં તો પેલી સરલાની મનોહારિણી મૂર્ત્તિ નૃત્ય કરી રહી હતી.

પ્રકરણ ૪૨ મું.

પુનર્મિલન તથા ભેદસ્ફોટ.

"I loved him my dear son.
May forgive me! I have been to blame
Kiss me, my children."
Then they clung about,

The old man's neck, and kissed him many times,
and all the men was broken with remorse,
and all his love came back a hundred fold.

—**Tennyson**.

બીજે દિવસે અવકાશના સમયે આવી ગ્રંથનો બાકી રહેલો ભાગ પ્રતાપે આનંદચંદ્રને વાંચી સંભળાવ્યો તથા છેવટે શ્યામચરણ અને કૃષ્ણકાન્ત શર્માનાં ગુપ્ત કારસ્થાનો તથા તેમની રાક્ષસી મહત્વાકાંક્ષાઓનો તેણે તેમના સમક્ષ સ્ફોટ કરી નાખ્યો. પ્રતાપ પાસેથી ‘ સમાજસ્થિતિ ક્યારે સુધરશે ? ’ એ પુસ્તકની હસ્તલિખિત પ્રત કેવી રીતે શા માટે એકાએક ગૂમ થઇ હતી તેનો પણ પ્રતાપે આનંદચંદ્ર પાસે સઘળો ખુલાસો કર્યો. સઘળો ભેદ ખુલી ગયા પછી આનંદચંદ્રે ઉત્તેજિત કંઠે પ્રતાપને કહ્યું:– “ પ્રતાપચંદ્ર ! તમારો ઉપકાર હું કાળાંતરે પણ ભૂલી શકીશ નહિ. મ્હારાં નેત્રો હવે ખરેખર ઉઘડયાં છે ! મ્હારો આયુષ્યક્રમ તદ્દન સંકુચિત અને એકમાર્ગી હતો એવું હવે હું સારી રીતે સમજ્યો છું. મ્હારું વર્તન ચોખ્ખું અને ન્યાયી છે એમ અત્યાર સુધી મ્હારું ધારવું હતું; પરંતુ એ સઘળો એક પ્રકારનો ભ્રમ જ હતો. તમે જે ગ્રંથ મ્હને વાંચી બતાવ્યો છે તે અત્યુત્તમ ગ્રંથને લીધે જ મ્હારા હૃદયમાં પ્રકાશ પડયો છે.”

એવામાં સરલા ત્યાં આગળ આવી પહોંચી. પ્રતાપચંદ્રને બેઠેલો જોઇ તેના વદન ઉપર સહજ આનંદ અને લજ્જાનાં ચિહ્નો દેખાવા લાગ્યાં. તેણે આનંદચંદ્રની શય્યા પાસે ઉપસ્થિત થઇને કહ્યું:–“પિતાશ્રી ! હવે તમને કેમ છે ? ”

આનંદચંદ્રે ગંભીરસ્વરે કહ્યું:–“ બેટા ! આંધળાને આંખો મળી છે. પ્રતાપચંદ્રની આપણા ઉપર અપાર કૃપા થઇ છે. બેસ બ્હેન ! બેસ. ” આમ કહી આનંદચંદ્રે સરલાનો એક હાથ પકડી તેના ઉપર અપૂર્વ સ્નેહથી ચુંબન કર્યું. થોડા સમય પછી તેમણે સર-

લાના મસ્તક ઉપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું:—" સરલા! હું પ્રતાપચંદ્ર સાથે ત્હારો વિવાહ કરું તો તેથી તું પ્રસન્ન થાય તેમ છે કે કેમ ? "

સરલા લજ્જાતિશયથી નીચું જોઇ રહી તથા **मौनं संमति लक्षणम्** એ સૂત્રાનુસાર આનંદચંદ્ર તેનો ભાવ સમજી ગયા. પ્રતાપચંદ્રનાં નેત્રોમાંથી પણ આનંદાશ્રુઓ સરી પડવા લાગ્યાં. તેને એમ જ લાગ્યું કે પોતાનો સઘળો પ્રયત્ન સફળ થયેલો હોઇ તેનો પોતાને યોગ્ય પુરષ્કાર મળશે જ."

આનંદચંદ્રે પ્રતાપચંદ્રને ઉદ્દેશી ઘણા જ સ્નેહથી કહ્યું:—" પ્રતાપચંદ્ર! તમારા અનેક ઉપકારોનો યતકિંચિત્ પણ બદલો વાળવાની આશાથી હું મ્હારી સ્નેહમયી સરલાને તમને સોંપીશ. મ્હારી પાલ્યપુત્રીને માટે તમારા જેવું ઉત્તમ પાત્ર મળ્યું છે એ વિચારથી પણ મ્હને અવર્ણનીય આનન્દ થાય છે. પ્રભુ તમારા ઉભયના સુખમાં જ મ્હને સુખી રાખે એમ હું ઇચ્છુંછું."

પ્રતાપ કાંઇ પણ બોલ્યો નહિ. તે શાન્તિથી પોતાનું મસ્તક એક આજ્ઞાધારકની માફક નીચું નમાવી રહ્યો.

વિપિનવિહારી, હેમલતા તથા તેના પુત્ર રમાનાથ વગેરેને આજે પ્રતાપચંદ્ર પોતાની સાથે જ તેડી લાવ્યો હતો; પરંતુ તેમને સર્વને તેણે સરલાના દિવાનખાનામાં બેસવાનું જણાવ્યું હતું અને સમય આવ્યે બોલાવવાની સૂચના કરી હતી. પ્રતાપચંદ્રે થોડા સમય સુધી શાન્ત બેસી રહ્યા પછી કહ્યું:—" આપની ' સમાજસેવક ' કે જે ' સમાજસ્થિતિ ક્યારે સુધરશે ? ' એ ગ્રંથના લેખક છે તેમને મળવાની ઇચ્છા હતી ને ? "

" હા, ' સમાજસેવક ' ક્યાં છે ? " આનંદચંદ્રે અધીરતાથી પ્રશ્ન કર્યો.

પ્રતાપચંદ્રે સરલાને સંકેત કર્યો કે તરત જ સરલાએ પોતાના દિવાનખાનામાં જઇ ' વિપિનવિહારી ' ને ત્યાં આગળ મોકલ્યો. અત્યારે વિપિનવિહારીના વદન ઉપર મલિનતા જણાતી હતી. આ મલિ-

નતા માંદગીની નહિ પણ કાકા પાસે જવાની હિંમત સંબંધીની હતી. ઓરડાની અંદર પ્રવેશ કરતાં જ સ્નેહમયસ્વરે તેનાથી બોલી જવાયું કેઃ—" કાકા–કાકા ! " આ શબ્દો બોલતાં બોલતાંમાં તો તેનાં નેત્રોમાંથી હર્ષાશ્રુઓ ઉભરાઇ જવા લાગ્યાં.

આ સંબોધન સાંભળી આનંદચંદ્રને અત્યંત આશ્ચર્ય લાગ્યું!

" આ અવાજ ! " તેમણે વિચાર્યું, " આ પરિચિત અવાજ આજે ઘણાં વર્ષ પછી મ્હારા સાંભળવામાં આવ્યો છે. આ અવાજ મ્હારા સ્વપ્નમાં અનેક વખત મ્હારે શ્રવણે પડ્યો છે. હું ભૂલતો તો નથીને ? નહિ–નહિ. " પછીથી તેમણે ઉચ્ચસ્વરે કહ્યુંઃ—" કોણ વિહારી ? મ્હારો વ્હાલો પુત્રતુલ્ય ભત્રિજો ? મ્હારા બંધુનું પુત્રરત્ન ! ભાઇ વિહારિ, તું હા કહે કે તું જ વિહારી છે ! કહે કહે, હા કહે ! ! "

" કાકા! હું જ આપનો દુર્દૈવી વિહારી છું. "

" આજે હું મ્હારા જીવનની સાર્થકતા થયેલી સમજું છું. મ્હારો પુત્રતુલ્ય ભત્રિજો આજે મ્હને પુનઃ પ્રાપ્ત થયો છે ! " આનંદચંદ્રના અંતરના ઊંડાણમાંથી આ શબ્દો નીકળ્યા.

આનંદચંદ્રે ભત્રિજાને સ્નેહથી છાતી સરસો ચાંપ્યો ! ઉભય અપાર પ્રેમથી એક બીજાને ભેટયા.

આ તેમના મિલનમાં–આ અડધી પળમાં–ઉભયના આત્મા તાદાત્મ્ય થયા. ગેરસમજને લીધે આટલાં વર્ષ સુધી દબાઇ રહેલો ઉભયનો પ્રેમપ્રવાહ પૂર્ણ જોશથી એક બીજા તરફ આક્રમણ કરવા લાગ્યો. પ્રેમની પરિસીમામાં ભૂતકાળના બનાવ નિમજ્જિત થઇ ગયા. ઉભયનાં નેત્રોમાંથી આનંદાશ્રુજળની વૃષ્ટિ થવા લાગી.

*   *   *   *   *

" ભાઇ વિહારિ ! આ ગ્રંથ સાથે ત્હારો શો સંબંધ છે એ સ્પષ્ટ કહે ? " આનંદચંદ્રે અધીરતાથી પૂછ્યું.

" આ ગ્રંથ સાથે મ્હારો કાંઇ વિશેષ સંબંધ નથી..."

વિપિનવિહારી આગળ બોલવા જતો હતો; પરંતુ પ્રતાપ વચ્ચે જ બોલી ઉઠયોઃ—

" આ ગ્રંથમાંનો પ્રત્યેક શબ્દ વિપિનવિહારીના હૃદયમાંથી નીકળેલો છે. આ ગ્રંથમાં તેમના અંતઃકરણનું તથા તેમના આત્માનું પ્રતિબિંબ પડેલું છે."

" વાહ! ઘણા જ આનંદની વાત! વિહારિ ! હું તો એમ જ ધારતો હતો કે તું ત્હારું સઘળું આયુષ્ય દુર્વ્યસનમાં જ વીતાડીશ; પરંતુ મ્હારો ભ્રમ હવે હું સમજી શક્યો છું." આનંદચંદ્રનો કંઠ ભરાઇ આવ્યો. થોડા સમય સૂધી શાન્ત રહી તેમણે કહ્યું: "વિહારિ ! તું આ ત્હારા વૃદ્ધ કાકાને ક્ષમા આપીશ કે ?"

" કાકા ! આપ મ્હારા પૂજ્ય છો; હું જ આપની પાસે ક્ષમા માગવાને યોગ્ય છું. આપ મ્હારી જે પ્રશંસા કરો છો તે સઘળી પ્રશંસામાં પ્રતાપચંદ્ર પણ ભાગીદાર છે; કારણ કે તેમની સહાયતા સિવાય આ ગ્રંથલેખનનું કાર્ય આટલા સમયમાં પૂર્ણ કરી શકાત નહિ. વળી આ ગ્રંથનું સઘળું લખાણ મ્હારું લખેલું નથી."

" તેથી શું થઇ ગયું ? જો આ પુસ્તકનો એક પેરેગ્રાફ પણ ત્હારા મગજમાંથી નીકળ્યો હોય તો તે બસ છે. એટલા ઉપરથી જ લેખકની બુદ્ધિની કલ્પના થઇ શકે છે. પંચમ પરિચ્છેદનો પ્રબોધક પ્રાસ્તાવિક વિભાગ ત્હેં જ લખ્યો છે ને ? એ ભાગ મ્હને અતિ પ્રિય થઇ પડયો છે. વારંવાર એ ભાગ સાંભળવાની મ્હને ઇચ્છા થાય છે. એ ભાગ તું પોતે મ્હને વાંચી બતાવીશ કે ? હવે કહે જોઇએ કે એ ગ્રંથલેખનમાં પ્રતાપચંદ્ર કેવી રીતે ભાગીદાર છે ?"

પ્રતાપે ખુરસીને આગળ ખેંચી લાવી કહ્યું:—" આ ગ્રંથ તૈયાર કરવામાં મ્હેં જે અલ્પ સ્વલ્પ કામગિરી બજાવી છે તેનો ઉલ્લેખ ન જ થાય એવી મ્હારી ઇચ્છા હતી પરંતુ જે માટે મ્હારું નામ સહાયકારી લેખક તરીકે ગણાવવામાં આવ્યું છે તે માટે મ્હારે સત્ય હકીકત જણાવવી જોઇએ. મ્હેં જે અલ્પ સ્વલ્પ ભાગ લખ્યો છે તે સઘળો

વિપિનવિહારીની ટૂંક નોંધ ઉપરથી જ લખ્યો છે અને ઘણોખરો ભાગ તો વિપિનવિહારીએ સ્વતઃ લખાવ્યો છે જે મ્હેં તેમની પાસે બેસીને લખ્યો છે."

"ઠીક, હવે શ્યામચરણ તથા કૃષ્ણકાન્ત શર્માને તેમનાં ભયંકર કાર્યો માટે યોગ્ય શાસન કરાવવાની જરૂર છે. મ્હેં કેવા નીચ તેમ જ વિશ્વાસઘાતી મનુષ્ય ઉપર અત્યાર વિશ્વાસ સૂધી રાખ્યો? છતાં ચિંતા નથી; હજી બાજી હાથમાં જ છે."

પુનઃ થોડા સમય સૂધી શાન્ત રહ્યા પછી આનંદચંદ્રે વિપિનવિહારીને પ્રશ્ન કર્યો:—"ભાઇ! હેમલતા ક્યાં છે?"

"આપને મળવાને તે અત્રે આવી છે; રમાનાથ પણ આવ્યો છે. તેઓ બેઠાં બેઠાં આપની આજ્ઞા મળવાની રાહ જુએ છે!"

"શું મ્હારો રમાનાથ પણ આવ્યો છે કે?" આનંદચંદ્રે હર્ષાતિશયથી પૂછ્યું.

"હા." કહી વિપિનવિહારી, પત્ની, પુત્ર તેમ જ સરલાને પણ ત્યાં બોલાવી લાવ્યો.

સર્વનું સ્નેહસંમિલન થયું. એક બીજાંનાં હૃદયોનો અંધકાર સત્ય જ્ઞાનના પ્રકાશથી દૂર થયો. આ વખતનો દેખાવ અત્યંત આનન્દજનક હતો!

પ્રકરણ ૪૩ મું.

પરલોકવાસ.

"ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી;
જોયું ન જોયું છો બને જો એક યાદી આપની."

—કલાપી.

વિનોદે મૃતપુત્રને જન્મ આપ્યો. પછી અત્યંત રક્તના વહી જવાથી તેનું અંગ પ્રત્યંગ પાણ્ડુવર્ણ બની જવા લાગ્યું. નાડી પણ પ્રથમ કરતાં ધીમી પડી જવા લાગી. રમેશચંદ્રે આવીને

વિવિધ પ્રકારનાં મૂલ્યવાન્ ઓષધો આપ્યાં. પરંતુ સઘળું નિષ્ફળ થયું. ધીમે ધીમે મૃત્યુના આગમનનાં ચિન્હો એક પછી એક વિનોદના અંગ ઉપર દેખાવા લાગ્યાં. છેવટે રમેશ નિરાશ થઇ ચાલ્યો ગયો. રમેશને વિદાય કરી યોગેશ્વર ચિંતાતુર મુખે વિનોદની પાસે જઇને બેઠો.

બંસરીબાલાએ બાળકોને વ્હેલા જમાડી દઇ પિતાના સ્નાનાદિની વ્યવસ્થા કરી. ચાકર ચાકરાણીઓને ખાવા માટે રોકડા પૈસા આપ્યા. બંસરીબાલાએ પણ અભાવે સ્વામીની સાથે બેસી થોડું ખાઇ લીધું. જો કે યોગેશ્વરની ભોજન કરવાની બિલ્કુલ ઇચ્છા નહોતી; છતાં તે પ્રેમમયી પત્નીના આગ્રહને અમાન્ય કરી શક્યો નહિ.

પિતાને સ્નાનાદિથી નિવૃત્ત થયેલા જોઇ બંસરીબાલાએ તેમને પણ આગ્રહ કરીને થોડું જમાડયા તથા બ્હાર આવનાર જનાર લોકોની વ્યવસ્થા કરવાનું સૂચવી પોતે વિનોદ પાસે જઇને બેઠી.

વિનોદ આ સમયે સહજ શુદ્ધિમાં હતી. બંસરીબાલાને પાસે આવેલી જોઇ તેણે ક્ષોણકંઠે કહ્યું:–" બ્હેન ! તું આવી ? આવ, મ્હારી પાસે બેસ. ત્હારું મ્હોં મ્હને બરાબર જોવા દે! "

બંસરીબાલાએ કહ્યું:–"વિનોદ ! હું ત્હારી પાસે જ છું. બ્હેન ! ત્હારે કાંઇ કહેવું છે ?"

વિનોદે કહ્યું:–"શું કહું ? કહેવાનું તો ઘણું છે પણ કહી શકાતું નથી! હવે મ્હારા મૃત્યુનો સમય તદ્દન નિકટ આવી પહોંચ્યો છે."

"બ્હેન! તું નિરાશ નહિ થતાં ધીરજ ધર. તું જીવતી રહી ત્હારું જીવન સુખમય કરી શકીશ. ત્હારું કોઇ પણ કાળે અશુભ થનાર નથી."

" હવે મ્હારો સમય જ કયાં રહ્યો છે? મ્હેં મ્હારો આલોક બગાડયો છે તથા પરલોક પણ બગાડયો છે. યોગેશ્વર કયાં છે ? "

યોગેશ્વર હાથથી ચક્ષુઓના અશ્રુજળને સ્વચ્છ કરતાં કહેવા લાગ્યો:–" હું અહીં જ બેઠો છું–ત્હારી પાસે જ છું. શું તું મ્હને જોઇ શકતી નથી ? ! "

" શા માટે ન જોઇ શકું ? નેત્રો બંધ કરું છું તો પણ તમારી

મૂર્ત્તિને હું જોઇ શકું છું; પરંતુ હવે તમે આટલા બધા ચિંતાતુર બની ગયેલા કેમ દેખાઓ છો ? ”

“ તેની ચિંતા ત્હારે શા માટે જોઇએ ? તું અધમજનોનો ઉદ્ધાર કરનાર શ્રીકૃષ્ણનું સ્મરણ કર અને અંતકાળે ત્હારા અંતરમાંથી મોહભાવ દૂર કર' જો સાંભળઃ–

'ક્હાની છે આ જગત સઘળું અન્ત આ જીવવાને,
જે છે તે ના ટકી કદિ રહે સર્વદા કાળ ક્યાં એ;
શોધી લેને પ્રિય પ્રિય સખે ! સર્વદા જે રહેશે,
આશા તૃપ્તિ વિભવ સુખની તુચ્છ સૌ છોડી દેને ! ”

“ યોગેશ્વર ! મ્હારા કૃષ્ણ–મ્હારા પ્રભુ તમે પોતે જ છો. તમે પાસે બેઠા છો તો પછી મ્હારે કૃષ્ણનું સ્મરણ કરવાની શી જરૂર છે ? તમે એક વખત મ્હારા માથા ઉપર તમારો હાથ ફેરવશો કે ?”

બંસરીબાલા હાથમાં ગંગાજળનું પાત્ર લઇ બોલી ઊઠીઃ–“બ્હેન ! લે આ ગંગાજળ પી અને રામ રામ કહે; તેથી તને શાન્તિ થશે !”

વિનોદે ક્ષીણકંઠે કહ્યુંઃ–“ મ્હને અશાન્તિ જેવું કાંઇ લાગતું નથી. આંખો મીંચતાં જ મ્હારા વ્હાલા યોગેશ્વરની મનહર મૂર્ત્તિનાં દર્શન થાય છે. એ દર્શનના પ્રભાવથી હું મ્હને મહાસુખી માનું છું. મ્હારા મનમાં મ્હારી પુર્વસ્થિતિના સુખમય સમયનું સ્મરણ થઇ આવે છે; પરંતુ એ સ્મરણ મ્હારે માટે પ્રાણહારક નિવડ્યું છે ! ”

યોગેશ્વરે કહ્યુંઃ–“ વિનોદ ! ત્હારા દુઃખનો સમય વ્યતીત થયો છે. તું પ્રભુનું સ્મરણ કર. રામ રામનો ઉચ્ચાર કર–તું આ પાપસંસારની પાપકથાને ભૂલી જા. ”

વિનોદે કહ્યુંઃ—“ આવા સુખના સંસારને પાપનો સંસાર કેમ કહો છો ? ”

ધીમે ધીમે પુનઃ વિનોદ બેશુદ્ધ બની જવા લાગી. તેનાં ચક્ષુઓ બંધ થયાં. થોડા સમય સુધી નિશ્ચેષ્ટ પડી રહ્યા પછી એકાએક તે આંખો વિકાસી કંપતા સ્વરે બોલી ઊઠીઃ—“ યોગેશ્વર ! યોગે-

શ્વર ! આ છોકરો કોણ છે ? તે મ્હારો હાથ શા માટે પકડે છે ? શું એ મ્હારો સ્વામી છે ? રક્ષા કરો–રક્ષા કરો, યોગેશ્વર ! મ્હારી રક્ષા કરો ! એ મ્હને બોલાવે છે–ક્યાં લઇ જવાને માટે બોલાવે છે ? હું જઈશ નહિ–હું જઇશ નહિ. બંસરીબાલા ! બ્હેન ! મ્હને બચાવો."

બંસરીબાલાએ આશ્વાસન આપતાં કહ્યું:–" બ્હેન ! બ્હીએ છે શા માટે? રામ રામ કહે ! હરિ હરિ કહે ! બ્હીશ નહિ. "

વિનોદ પુનઃ બેશુદ્ધાવસ્થામાં જ બડબડવા લાગી:—" હે પ્રભુ ! છેવટે જીવનના અંતકાળે મ્હારો ગૂમ થયેલો ભંડાર મ્હને મેળવી આપ્યો કે ? હવે શું થશે ? આ ચંદ્રમુખને યાદ કરવાને કેટલા કેટલા પ્રયત્નો કર્યા હતા–કેટલાં વર્ષ સુધી હું પત્થરની માફક સ્થિરતા ધારણ કરી રહી હતી; પરંતુ પૂર્વે કદાપિ આ મૂર્તિ મ્હારા મનમાં ઉપસ્થિત થઇ નહોતી, યોગેશ્વર ! આ શું ? આ દેવતાના મ્હોં આગળ તો તમારું મ્હોં રાક્ષસના જેવું ભયંકર જણાય છે ! અરેરે ! આ કેવી સ્થિતિ ?! હું આ શું જોઉં છું ? ! બ્હેન ! હવે મ્હારું શું થશે ? "

બંસરીબાલાએ સજળ નયને કહ્યું:–" બ્હેન ! તું કેવળ પતિતપાવન પરમાત્માપર વિશ્વાસ રાખી તેમનું સ્મરણ કર, તેઓ ત્હારા ઉપર દયા કરશે. તું રામ રામ કહે ! "

વિનોદે ત્રુટક વાક્ય ઉચ્ચાર્યું:–" આઃ...આઃ...રા...મ, રા...મ રા......મ......રા......મ ! "

અંતે વિનોદના આત્માએ પોતાનાં પાપપુણ્યને સાથે લઇ પ્રભુના દરબાર તરફ પ્રયાણ કર્યું.

પ્રકરણ ૪૪ મું.

અબળાનો આદર્શ.

" या सौन्दर्यगुणान्विता पतिरता सा कामिनी कामिनी । "

વિનોદનું મૃત્યુ થયાને લગભગ એક અઠવાડીઉં થઇ જવા આવ્યું. પરંતુ યોગેશ્વરનું ચિંતાપૂર્ણ હૃદય શાન્તિનું સ્થાન મેળવી શક્યું નહિ. તે દીવાના જેવી જ અવસ્થા ભોગવવા લાગ્યો. બંસરીબાલાનાં અનેક આશ્વાસનપૂર્ણ વચનોથી તેના દુઃખિત આત્માને શાન્તિ મળી નહિ. જે પાપમાં પડી તેણે સારાસારનો વિચાર કરવાનું માંડી વાળ્યું હતું તે પાપનું પ્રાયશ્ચિત્ત તે ભોગવવા લાગ્યો તથા પતિને દુઃખી જોઇ સતી સાધ્વી બંસરીબાલા પણ દુઃખી રહેવા લાગી. યોગેશ્વર હવે પસ્તાવા લાગ્યો. તેને ઇશ્વરનો ભય લાગવા માંડયો; પરંતુ જે થવાનું હતું તે થઇ ગયું. યોગેશ્વરનું સર્વ ચક્ર ફરી ગયું! પાપનું પ્રતિફળ તેને મળી ચુક્યું. ગિરીશચંદ્રના ઉપદેશથી તથા આશ્વાસનપૂર્ણ વચનોથી તેનું જીવનચક્ર ફર્યું નહિ.

સંધ્યાનો સમય છે. યોગેશ્વર પોતાના દિવાનખાનામાં બેઠો બેઠો અનેક વિચારો કરે છે. એવામાં એકાએક ત્યાં આગળ બંસરીબાલાએ આવીને કહ્યું:—" નાથ ! હવે વિચારો કરવાનો અર્થ શો છે ? વિધાતાનું જે વિધાન હતું તે પૂર્ણ થયું છે. દુઃખી આત્માને માટે વિસ્મૃતિ સિવાય શાન્તિ જ નથી. બનેલી વાત ભુલી જાઓ, ઇશ્વર ઉપર આસ્થા રાખી શાન્તિનો માર્ગ સ્વીકારો. પ્રભુ દુઃખીઆંનો બેલી છે. મહાપાપીઓનો પણ તેણે ઉદ્ધાર કરેલો છે તો પછી તમે તેના ઉપર વિશ્વાસ રાખો અને તમારા હૃદયની જ્વાળા દૂર કરવાની તેને પ્રાર્થના કરો."

યોગેશ્વરે ગંભીરતાથી કહ્યું:—" બંસરિ ! હું શું કરું ? મ્હને કાંઇ સુઝતું નથી. હું ભૂલ્યો છું. આ સંસારબંધનનો ત્યાગ કરી હું સ્વતં-

ત્રતાથી પાપપંકમાં પડયો અને તેને પરિણામે મ્હને સ્ત્રીહત્યા અને બાળહત્યાનું મહાપાપ લાગ્યું છે. આવા ભયંકર બનાવને હું કેમ કરીને ભૂલી જાઉં ? વળી ભૂલી જાઉં તો મ્હારા પાપનું પ્રાયશ્ચિત્ત કેવી રીતે થાય–મ્હને નરકયંત્રણા કેવી રીતે થાય ?"

"સ્વામિન્ ! તમે જાણો છો કે તમારા દુઃખે મ્હને, તમારાં બાળકોને, પરમપુજ્ય માતુશ્રીને તેમ જ અન્ય સ્વજન પરિજનોને મહાઃ દુઃખ થશે. શું અમને બધાંને દુઃખી કરી તમે પાપનું પ્રાયશ્ચિત્ત ભોગવશો ? નાથ! વિચાર કરી જુઓ; એમ કરવાથી તો ઉલટું છેવટે તમને વિશેષ દુઃખ થશે. તમે આ પ્રમાણે અધીર થઇ જશો તો પછી સંસાર કેવી રીતે ચાલશે ?"

યોગેશ્વરે ઉત્તેજિતકંઠે કહ્યું:–" મ્હને હવે ધર્માધર્મનું જ્ઞાન નથી. હું હવે પ્રથમનો યોગેશ્વર નથી. બંસરિ ! રાત્રિ દિવસ મ્હને એજ સ્મૃતિ યાદ આવ્યા કરે છે, અરેરે ! મ્હારે લીધે જ બિચારી વિનોદનું મૃત્યુ થયું છે. તે બિચારીને પરલોકમાં પણ મહા દુઃખ વેઠતી હું સ્વપ્નદ્વારા જોઉં છું. તેની દશા જોઇ નિદ્રામાં પણ હું કંપી ઊઠું છું. મ્હારા જેવો મહા ભયંકર પાપી હવે કેવી રીતે સ્વજન પરિજનને સુખી કરી શકે તેમ છે ?"

"નાથ ! તમે પૂર્ણ વિચાર કરો. તમારા કાર્યનો બદલો તમને મળી ચુકયો છે. સાવધાનતાથી ચાલશો તો પુનઃ અવશ્ય સુખી થશો. સંસારમાં અનેક પ્રકારનાં પ્રલોભનોથી મનુષ્યનું મન ચળિત થાય છે; પરંતુ એક વખત ઠોકર વાગવાથી આ સંસારકાર્યનો ત્યાગ કરી પોતે દુઃખી થઇ બીજાંઓને વિશેષ દુઃખી કરવાનો માર્ગ લેવો એ વ્યાજબી નથી. સંસારમાં આવું એક વખત નહિ પણ અનેક વખતે અનેક સ્થળે બને છે; પણ જે સારાસારનો વિચાર કરી શકવાને સમર્થ હોય છે તે ઠોકર વાગે છે કે તરત જ સાવધાન થાય છે."

" સારાસારનો વિચાર કરવાની શકિત હવે મ્હારામાં રહી નથી. વળી મ્હને હવે કોઇ પણ પ્રકારની આશા નથી. હવે મ્હને શાની આશા હોય ? ત્હારા પિતા શ્રીમાન્ છે. મ્હારાં બન્ને બાળકોનો ભાર

તેઓ ખુશીથી લઇ શકશે. વળી તું મ્હારા જેવા સ્વામીથી સુખી થઇ શકીશ નહિ. બિચારાં માતાએ મ્હારે લીધે જ ઘરનો ત્યાગ કર્યો છે; હવે મ્હને શાની આશા છે ?"

"તમે ભૂલો છો. તમને સર્વ પ્રકારનું સુખ, આશા, આકાંક્ષા, સુખ ઐશ્વર્ય વગેરે સર્વ છે. તમે નિરાશ શા માટે થાઓ છો ? તમારાં બાળકોને પિતાશ્રી કેવી રીતે માનુષ કરી શકશે ? વળી હું તમારી છું–તમે ગમે તેવા હો, પણ મ્હારે મન તો તમે સ્વર્ગના દેવતા કરતાં પણ વિશેષ શ્રેષ્ઠ છો. મ્હારા પિતાએ ઇશ્વરને સાક્ષી રાખી મ્હારું તમને દાન આપ્યું છે તેથી તમારા સિવાય મ્હારું બીજું કોણ છે? વિવાહ વખતે તમે કયા મંત્રોનો ઉચ્ચાર કર્યો હતો એ તમે નથી જાણતા કે ? તમે જ્યારે દયા કરી મ્હારો સ્વીકાર કરી મ્હને તમારી ગૃહિણી બનાવી છે ત્યારે પછી હવે મ્હારો ત્યાગ કરવો એ તમારે માટે યોગ્ય છે ? હું તમારી સેવા કરી ઉભય લોકમાં મ્હને પોતાને ધન્ય માનીશ. હું તમારો પ્રેમ મળવાથી સ્વર્ગનું સુખ મળેલું સમજીશ. તમારાં કાર્યોની આલોચના કરવી એ મ્હારો પત્નીધર્મ નથી. તમે મ્હારા પતિ છો–હું તમારી પત્ની છું. છાયાની માફક હું તમારી સાથે રહીશ. માતાજીનાં દર્શન કરવા માટે આપણે બધાં સાથે જ તેમના તરફ જઇશું."

યોગેશ્વરના ઉત્તેજિત વિચારો શાન્ત પડયા. આ વખતે તેણે પત્નીનો હાથ પોતાના હાથમાં લીધો તથા તે પત્નીને ભેટી પડયો. બંસરીબાલાએ પોતાના વસ્ત્રના પાલવથી સ્વામીનાં નેત્રો સાફ કર્યાં; પરંતુ અશ્રુજળની ધારા વહેતી જ રહી !

યોગેશ્વર ! તને ધન્ય છે ! જેને સદ્‌ગુણશાલિની સહધર્મિણીની પ્રાપ્તિ થયેલી હોય છે તે આ વિશ્વસંસારમાં મહા સૌભાગ્યશાળી છે.

બંસરીબાલા ! દેવિ ! આ પ્રમાણે જ તું ચંદનલેપની માફક પતિના હૃદય સાથે ચંપાઇ રહે ! તારા સંગસ્પર્શથી યોગેશ્વર પવિત્ર થાઓ, કર્ત્તવ્યપરાયણ થાઓ, વિચારવાન થાઓ તથા ધાર્મિક થાઓ ! ત્હારા પ્રભાવથી તેના સંસારનું સર્વ પ્રકારે કલ્યાણ થાઓ !

પ્રકરણ ૪૫ મું.

પિતાની મુલાકાત.

ચાણોદ એ પુણ્યક્ષેત્ર હોવા ઉપરાંત મહા આનંદનું ધામ છે.

બંસરીબાલાના આગ્રહથી યોગેશ્વર પોતાના આત્માને કાંઇક અંશે સ્થિર કરી શક્યો હોવાથી તે આજે બંસરીબાલા, પોતાના બન્ને પુત્રો તેમ જ શ્વસુરની સાથે ચાણોદ આવ્યો છે. બંસરીબાલાની માતા પણ તેમની સાથે છે. ભગવતી નવદુર્ગાએ પુત્ર વગેરેના આગમનની ખબર મળવાથી સ્ટેશન ઉપર માણસ મોકલ્યું હતું. એ માણસની સાથે પરિવારસહ એક ત્રણ મજલાના મકાનમાં જઇ યોગેશ્વરે ઉતારો કર્યો. ત્યાં આગળ સ્નાન સંધ્યાદિથી નિવૃત્ત થઇ તે દેવ દેવીઓનાં દર્શન કરવા નીકળી પડયો. દર્શન કરી ઉતારે આવી તેણે જળપાન કર્યું; પણ હજી સુધી ભગવતી માતાનાં દર્શન નહિ થવાથી તે વારંવાર પેલા અપરિચિત મનુષ્યને પોતાની માતા સંબંધી અનેક પ્રશ્નો પૂછવા લાગ્યો. એ અપરિચિત મનુષ્ય પણ યોગેશ્વરની વાતને ઉડાવી દઇ બીજી વાત કરતો હતો. અંતે સર્વેએ ભોજન કર્યું. ત્યાર પછી પેલા અપરિચિત માણુસે કહ્યું:–"ચાલો, હવે તમને ભગવતીનાં દર્શન થશે."

યોગેશ્વરે એ અપરિચિત મનુષ્યના મુખ તરફ દ્રષ્ટિપાત કરી જીજ્ઞાસાથી પૂછ્યું:–" ક્યાં છે ? મા ક્યાં છે ? તેમનાં દર્શન કરવા માટે ક્યાં જવાનું છે ? "

" અહીં પાસે જ જવાનું છે. ચાલો હું તમને ત્યાં તેડી જાઉં છું." અપરિચિત મનુષ્યનું આ કથન સાંભળતાંની સાથે જ યોગેશ્વર ઉતાવળો ઉતાવળો તેની સાથે જવા લાગ્યો. છેવટે એક બે માળાના ન્હાના ગૃહમાં યોગેશ્વર જઇ પહોંચ્યો. ત્યાં જતાંની સાથે જ તેણે જોયું કે,

એક ન્હાના પલંગ ઉપર કોઇ એક વૃદ્ધા સ્ત્રી સૂતી છે. તેને જોતાં એમ જ માલુમ પડી આવતું હતું કે તેના શરીરમાં ફક્ત હાડકાંનો માળો રહ્યો છે.

યોગેશ્વરે વૃદ્ધાની તદ્દન પાસે જઇ સ્થિરદષ્ટિથી જોયું. જોતાંની સાથે જ તે એ વૃદ્ધાને ઓળખી શકયો તથા તેના મુખમાંથી એવા શબ્દો બ્હાર નીકળી પડયા કે:–"કોણ મા–મા ? મ્હારી મા ?! શું હું જાતે જ તમારી આવી દુર્દશા થયેલી જોઉં છું ? મ્હારે લીધે તમારી આવી દુર્દશા થઇ ગઇ છે?! જુઓ મા! હું તમારો યોગેશ્વર, તમારાં દર્શન કરવા આવ્યો છું."

રુદન કરતો કરતો યોગેશ્વર માતાના ચરણ પકડી પલંગ ઉપર બેસી રહ્યો.

"કયાં છે–મ્હારી બંસરી કયાં છે? મ્હારાં બન્ને નયનરત્ન કયાં છે ? તું એકલો જ કેમ આવ્યો છે ?"

ઘણા ક્ષીણ કંઠે ભગવતીએ ઉપરા ઉપરી આ પ્રશ્નો પૂછ્યા. તેને સાંઘાતિક સંગ્રહણી રોગ થયો છે. તેના દેહની એવી દુર્દશા થઇ ગઇ છે કે તે ઉપરથી એમ સ્પષ્ટ માલુમ પડી આવે છે કે તે હવે આ સંસારમાં વિશેષ સમય કાઢશે નહિ.

"યોગી, આવ ભાઇ ! મ્હારી આંખોના તારા ! આવ; મ્હારી પાસે આવી મ્હને છેવટની વખતે ભેટી લે! ભાઇ ! મ્હારો મનુષ્ય જન્મ સાર્થક થયો છે ! આવ આવ, મ્હારી છેક પાસે આવ. બંસરી અને મ્હારાં પૌત્રરત્નોને પણ તું અત્રે બોલાવી મંગાવ."

નવદુર્ગાએ મહાકષ્ટે ઉપરોક્ત વાકયો ઉચ્ચાર્યાં. યોગેશ્વર તો માતાના બન્ને પગ પકડી રુદન જ કરવા લાગ્યો. તેના આ રુદનમાં જેટલું દુઃખ છે તેટલું જ સુખ છે. જેની આવી દેવી જેવી માતા મૃત્યુ પામે તે હજારો વર્ષ સુધી એકાસને બેસી રુદન કરે તો પણ તેના હૃદયનો ઘા રુઝાય નહિ. વળી આવી માતાના મૃત્યુ પૂર્વે જે પુત્ર માતૃચરણ ધારણ કરી શકે છે તેના હૃદયમાં પણ સુખ

હોય છે. માતાની પાસે રુદન નહિ કરવાથી દુઃખ કેવી રીતે દૂર થાય? માતાની પાસે રુદન નહિ કરવાથી સંતપ્ત આત્માને કેવી રીતે શાન્તિ મળે? યોગેશ્વર માતાની પાસે બેસી રુદન કરવાનો અવસર મેળવી શક્યો છે. લજ્જા, માન, સંભ્રમ, ભય, સંકોચ–સઘળું ભુલી જઇ તે બાળકની માફક ઉન્મત્તતાથી માતાની પાસે રુદન કરવાનો અવકાશ મેળવી શક્યો છે!

નવદુર્ગાએ પુનઃ કહ્યું:—"ભાઇ! મ્હારી બંસરીને બોલાવી મંગાવ. હું એકવાર તેનું દર્શન કરીશ! હવે હું વિશેષ સમય સુધી શરીર ધારણ કરી શકીશ નહિ. કાલ સ્હવારના સૂર્યનું દર્શન હું કરી શકીશ કે કેમ તે તો શ્રીપરમાત્મા જાણે! માટે હવે આ અલ્પ સમયની અંદર મ્હને તેમની બધાંની પાસેથી ચિરવિદાય લઇ લેવા દે."

આ સમયે યોગેશ્વરે પેલા અપરિચિત મનુષ્યને મોકલ્યો કે જે જઇને બંસરીબાલા વગેરેને ત્યાં આગળ બોલાવી લાવ્યો. ભગવતી પોતાની પ્રાણાધિક પુત્રવધૂને જોઇ, બન્ને પૌત્રરત્નોને જોઇ, વહેવાઇ વહેવાણને જોઇ આનંદથી અધીર બની ગઇ. શય્યા ઉપર ઉઠીને બેઠી થવાનો તેણે યત્ન કર્યો: પરંતુ તેનામાં બેસવાની શક્તિ રહેલી નહિ હોવાથી સર્વેએ તેને પુનઃ બિછાનામાં સુવાડી.

"આઃ! મરણમાં આટલું બધું સુખ છે! હું તો આવું કાંઇ જાણતી નહોતી! બેટા બંસરિ! ત્હેં ત્હારા જીવનની સંપૂર્ણ સાર્થકતા કરી છે. હું ત્હારા મુખ ઉપર એક પ્રકારની ઘણી ઉજ્વળ જ્યોતિ જોઇ શકું છું. આવ બેટા! મ્હારી પાસે આવ. મ્હારી લાડકી પુત્રવધૂ! તું જ મ્હારું સર્વસ્વ છે! હું તમને સર્વને પુનઃ આનંદમાં મૂકીને ચાલી જાઉં છું તેના કરતાં મ્હારે માટે વિશેષ આનંદનો પ્રકાર બીજો કયો હોઇ શકે? હે પ્રભુ! મ્હારાં બન્ને બાળકોને ચિરંજીવી કરો; મ્હારી બંસરીને ચિરસુખી કરો તથા મ્હારા સંસારજ્ઞાનહીન યોગેશ્વરનું રક્ષણ કરો!"

વૃદ્ધાએ આવા પ્રકારના અનેક આશીર્વાદો આપ્યા. તેણે કેટલીક

વાર સુખેદુઃખે રુદન પણ કર્યું. તેના સાથે સર્વે રુદન કરવા લાગ્યાં આ રુદનમાં જ સર્વેએ સકળ પરિચય કરાવ્યો. વિનોદના મૃત્યુની વાત, સંસારની નૂતન વ્યવસ્થાની વાત વગેરે સઘળી વાતચિત થઇ. ભગવતી નવદુર્ગાએ સઘળી હકીકત સાંભળી તથા વારંવાર પોતાની પુત્રવધૂ બંસરીબાલાને છાતી સરસી ચાંપી. જેને આવી પુત્રવધૂ હોય તેને બીજી શાની ચિંતા હોય ? અંતે નવદુર્ગા નિશ્ચિંત થઇ.

દુઃખદ અવસ્થામાં માતાનું દર્શન થવા છતાં પણ યોગેશ્વરના આત્માને ઘણી શાન્તિ મળી.

પ્રકરણ ૪૬ મું.

પિતા.

રાત્રિનો દ્વિતીય પ્રહર પૂર્ણ થવા આવ્યોછે. ભગવતી નવદુર્ગાની ચારે બાજૂએ સર્વ સ્વજન પરિજન બેઠાં છે. ગિરીશચંદ્રે ભજન કીર્તન કરવા માટે કેટલાક અન્ય લોકોને બોલાવ્યા છે. બંસરીની માતા બન્ને બાળકોને સૂવાડી તેમની પાસે બેઠી છે. નવદુર્ગાનો શ્વાસ ઘણી જ ત્વરાથી ચાલવા લાગ્યોછે; પરંતુ સંગ્રહણીનો રોગ હોવાથી રોગિણી સાવધ છે. વાક્શક્તિમાં પણ અડચણ ઉપસ્થિત થઇ નથી. બંસરીબાલા સ્નેહમયી સાસની સેવા કરે છે અને વચમાં વચમાં " ઓ બા ! હવે અમારું શું થશે ? ! " એ શબ્દો ઉચ્ચારી રુદન કરે છે. અનેક ક્ષણ સુધી શાન્ત રહ્યા પછી યોગેશ્વર શોકજનક કંઠે કહ્યું:—" મા ! તમારી આવી દુર્દશા થવા પામી ત્યાં સુધી અમને તમે કાંઇ સમાચાર મોકલ્યા કેમ નહિ ? જો બે દિવસ અગાઉથી તમારી સેવા કરવાનો અવસર મળ્યો હોત તો હું કૃતાર્થ થાત."

નવદુર્ગાએ ક્ષીણકંઠે કહ્યું:—" મધ્યરાત્રિ વીતિ ગઇ છે. આ જો, મ્હારી પાછળ કોણ આવે છે ? મ્હારી બીમારી સંબંધીનો પત્ર મ્હેં

કેમ લખ્યો નથી તેનું કારણ તેઓ જ તને કહેશે ! "

માતાનાં ઉપરોક્ત વચનો સાંભળતાંની સાથે જ સર્વેએ વ્યગ્રતાથી પાછળ દૃષ્ટિ કરી, તો માલૂમ પડ્યું કે એક જણ મુંડિતમસ્તક, દીર્ઘકાય, ગૌરાંગ પુરુષ હાથમાં કમંડળ લઇ સ્થિરભાવથી તેમના તરફ આવે છે. તેને જોતાં એમ નથી જણાંઇ આવતું કે તે વૃદ્ધ છે. હજી પણ એ તપઃક્લિષ્ટ શરીરમાં યૌવનનાં સકળ ચિહ્ન વર્તમાન છે; વર્ણનું લાવણ્ય, નયનનું ઉત્તમ તેજ, દેહનું સુગઠન, હૃદયની પ્રશસ્તતા હજી પણ પૂર્વાનુસાર કાયમ રહ્યાં છે. એ પ્રશાન્ત ધીર–ગંભીર મૂર્ત્તિને જોતાં જ સર્વ અત્યાશ્ચર્ય પામ્યાં. આગન્તુક સંન્યાસી એક પણ શબ્દનો ઉચ્ચર કર્યા સિવાય સર્વની પાસે ઉપસ્થિત થયો.

યોગેશ્વર હવે વિશેષ ધૈર્ય ધારણ કરી શક્યો નહિ. અત્યંત ઉત્સુકતાથી તેણે પોતાની માતાને પ્રશ્ન કર્યો:–" મા ! આ તેજઃપુંજ દિવ્યકાન્તિવાન્ સંન્યાસી મહાત્મા કોણ છે ? શું આ મ્હારા પરમારાધ્ય પિતૃદેવ છે ? "

" હા." નવદુર્ગાએ પ્રત્યુત્તર આપી માથા ઉપરના વસ્ત્રનો પાલવ આગળ ખેંચવાનો પ્રયત્ન કર્યો; કિંતુ તેના હાથ કંપવા લાગ્યા. બંસરીબાલાએ તરત જ પાલવથી સાસૂનું મસ્તક ઢાંકી દીધું.

સંન્યાસીના આ આકસ્મિક આગમનથી સર્વ અવાક્ થઇ ગયાં–નિસ્તબ્ધ થઇ ગયાં !

" આઃ–પિતા પિતા–મ્હારા પરમારાધ્ય પિતા ! " આમ કહી યોગેશ્વર પિતાના ચરણોમાં ઢળી પડી રુદન કરવા લાગ્યો.

" વત્સ ! આ પ્રમાણે રુદન કરીશ નહિ ! હું તને રુદન કરતો જોઇ ધૈર્ય ધારણ કરી શકતો નથી ! "

યોગેશ્વર પિતાના ચરણોમાંથી ઘણા સમય સુધી ઊઠ્યો નહિ. સંન્યાસી પણ ત્યાં જ આગળ જમીન ઉપર બેસી ગયો. યોગેશ્વરના મસ્તક ઉપર હાથ ફેરવી તેણે તેને આશીર્વાદ આપ્યો. બંસરીબાલાએ શ્વશુરની પાસે જઇ સાષ્ટાંગ પ્રણામ કર્યાં.

"આવ બેટા! આવ. અમારા સંસારની પુણ્યપ્રતિમા! આવ બેટા! હું તને અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપું છું કે તમે સર્વ સુખી થાઓ."

આમ કહી તેણે બંસરીબાલાના મસ્તકપર હાથ મૂકી તેને આશીર્વાદ આપ્યો તથા છેવટે યોગેશ્વરને સંબોધી તે કહેવા લાગ્યો:–" જો ભાઇ! હું સંસારમાં નહોતો રહ્યો છતાં ત્હારા સઘળા સમાચાર મ્હને મળતા હતા. જે સમયે વિનોદને અસાધારણ વેદના થતી હતી તે સમયે જો મ્હેં તને સમાચાર મોકલ્યા હોત તો તું આવત નહિ; વળી વિનોદના મૃત્યુ પછી તને બોલાવવાની કાંઇ વિશેષ જરૂર જણાઇ નહિ. છેવટે મ્હેં એમ સાંભળ્યું કે તમે સર્વે અત્રે આવનાર છો; એથી પત્ર લખ્યો નહિ. તું આવ્યો છે તો હવે તને કહેવાનું એટલું જ છે કે વિનોદને ભૂલી જઇ તું ત્હારી આ સતી સાધ્વી સહધર્મિણીને સંસારાશ્રમમાં રહી સુખી કર. જો કે મ્હારે ઘણું કહેવાનું છે; પરંતુ જપ કરવાનો સમય થયો હોવાથી હવે પુનઃ મહાશ્મશાનમાં આવતી કાલે પ્રાતઃકાળે આપણે મળીશું. એ વખતે હું તને યથોચિત ઉપદેશ આપીશ."

આમ કહી સંન્યાસી કમંડળમાંથી જળ લઇ ભગવતીના મસ્તક ઉપર છાંટી તેના કપાળપર હાથ મૂકી આશીર્વાદ આપી ચાલ્યો ગયો!

પ્રકરણ ૪૭ મું.

સ્વર્ગગમન.

રાત્રિના ત્રણ વાગ્યા છે. ભગવતીનું સર્વાંગ શીતળ થતું જાય છે. મૃત્યુનાં લક્ષણો ધીમે ધીમે સ્પષ્ટ થતાં જાય છે. જો કે હજી સુધી ભગવતી સારી રીતે વાતચિત કરી શકે છે; પણ વિશેષ સમય સુધી હવે બોલી શકાશે નહિ એમ લાગવાથી

તેણે યોગેશ્વરને તથા બંસરીબાલાને પોતાની પાસે બોલાવ્યાં. બન્ને જણાં પાસે આવ્યા પછી ભગવતીએ બંસરીબાલાનો હાથ પકડી યોગેશ્વરના હાથ ઉપર મૂકયો અને કહ્યું:–"તમે જ મ્હારા સંસારનું સર્વસ્વ છો. યોગેશ્વર ! આ છેવટની વખતે તને આપવા જેવી કોઇ અમૂલ્ય વસ્તુ મ્હારી પાસે નથી, પણ આ મ્હારા સંસારનું પુણ્ય, મ્હારા નયનનું મણિ, મ્હારા મહાસોહાગની સામગ્રી મ્હારી બંસરીનો તું સ્વીકાર કર. સુખ દુઃખમાં બંસરીની સલાહ લઇ કાર્ય કરજે. તેનાથી કાંઇ પણ છુપાવીશ નહિ. તેના આત્માને કોઇ પણ દિવસે દુભાવીશ નહિ. તેનો કોઇ દિવસ ત્યાગ કરીશ નહિ. ત્હારું રક્ષણ બંસરીએ જ કર્યું છે એ કદાપિ ભૂલી જઇશ નહિ. ભાઇ ! સ્ત્રીજાતિ સકળ કષ્ટ સહન કરી શકે છે પણ સ્વામીને પરાનુરાગી થયેલો તે જોઇ શકતી નથી. બંસરીએ એ યાતના સહન કરવા છતાં દેવીના જેવી જે ઉદારતા દર્શાવી છે તે ત્હારી જાણ બ્હાર નથી. તેનો કોઇ દિવસ અનાદર કરીશ નહિ તથા તેને કોઇ પણ પ્રકારનું દુઃખ દઇશ નહિ. બેટા બંસરિ! તને પણ હવે હું શું કહું ? ત્હેં જે આત્મસંયમ કર્યો છે તે સ્ત્રીજાતિથી સહેલાઇથી કરી શકાતો નથી. તું દેવી છે ! સાક્ષાત અન્નપૂર્ણા જ છે!! ત્હારા પુણ્ય પ્રભાવથી મ્હારા શ્વસુરનો વંશ રક્ષા પામ્યો છે અને મ્હારા સ્વામીનો સંસાર ટકી રહ્યો છે. બેટા! તું હમ્મેશાં સુખમાં રહો. ત્હારું મન સ્વામીભકિતમાં અચળ રહો. મ્હારો યોગેશ્વર ઇશ્વરની કૃપાથી હમ્મેશાં સદાચારી થઇ રહો એ મારી છેવટની ઇચ્છા છે. મા અન્નપૂર્ણા તમારું કલ્યાણ કરશે. તમે બધાં ચિરંજીવી રહો. કયાં છે, વહેવાણ કયં છે ? હું જાઉં છું. મ્હારો યોગી તમારો રહ્યો. મ્હારા પૌત્રો પણ તમારા જ રહ્યા. તમને વિશેષ શું કહું ? આ બાળબચ્ચાંઓને સુખમાં જોઇ તમારા દિવસો પણ સુખમાં જાઓ. યોગેશ્વર અને બંસરીબાલાને બરાબર ગૃહસંસારી કરજો. તમને સર્વને હું છેવટનો આશીર્વાદ આપું છું. વહેવાઇ મહાશય ! મ્હારો યોગેશ્વર એકલો રહ્યો. હું જાઉં છું ! હું

રહીને પણ શું કરવાની હતી? તમારાં બાળબચ્ચાંને તમે જ સંભાળજો. યોગેશ્વર તથા બંસરીને હું તમને સોંપું છું. મ્હારાં બાળકોને સોંપી હું તમારી પાસે ચિરકાળ માટે વિદાય માગું છું. હવે મ્હને કોઇ પણ પ્રકારની ચિંતા નથી. મ્હારો શ્રીકાન્ત અને પ્રમોદ કયાં છે? મ્હારાં બે માણિક્ય કયાં છે? તમને સઘળાંને મ્હારી પાસે જોતાં જોતાં મ્હને મરવામાં પણ અપાર સુખ લાગે છે. આવો મ્હારા વંશધર! તમે દીર્ધાયુષી થઇ અવિચળ સુખ ભોગવો!"

આટલું બોલી વૃદ્ધાએ મૌન ધારણ કર્યું. યોગેશ્વર રુદન કરતો કરતો માતાના મુખમાં ગંગાજળ રેડવા લાગ્યો તથા તેના કાન નજીક નારાયણ નામનો ઉચ્ચાર કરવા લાગ્યો.

ભગવતી નવદુર્ગાએ સહજ સ્થિર થઇ ક્ષીણકંઠે કહ્યું:-"ભાઇ! રુદન શા માટે કરે છે? આ મ્હારા અપાર સુખના સમયે આમ રુદન કરી મ્હને વ્યથિત શા માટે કરે છે? મ્હારા અંતના સમયે મારી આગળ રુદન કરી મારા આત્માને દુઃખી કરીશ નહિ. હું વિદાય થાઉં એટલે તું ત્હારો હૃદયભાર ઓછો કરજે. હમણાં ત્હારાં નેત્રોમાં આંસુ જોઇ હું સ્થિરતાથી નારાયણનું ધ્યાન ધરી શકતી નથી; ભાઇ! રુદન કરીશ નહિ."

આમ કહી કંપતા હાથે ભગવતીએ યોગેશ્વરનાં નેત્રોમાંનાં આંસુ સાફ કર્યાં. યોગેશ્વર શાન્ત થયો એટલે ભગવતીએ પુનઃ કહ્યું:—"બેટા યોગેશ્વર! હવે વિશેષ સમય રહ્યો નથી. પ્રાતઃકાળ થવા આવ્યો છે. મ્હારી પાસે તું એક વખત શ્રી કૃષ્ણ પરમાત્માની પરમ પવિત્ર છબી ધરી રાખ. હું એક વખત મ્હારા નાથનાં દર્શન કરી કૃતાર્થ થાઉં. મ્હને લાગે છે કે ત્હારા પિતા પણ હવે અત્રે અલ્પ કાળમાં જ આવી પહોંચશે."

બરાબર આ સમયે જ કોણ જાણે કે કયાંથી સંન્યાસી આવીને ઉપસ્થિત થયો. આવતાંની સાથે જ તે ભગવતીની પાસે ગયો તથા તેણે તેના મસ્તક ઉપર સ્પર્શ કર્યો. કમંડળમાંથી એક અંજલિ જળ

લઈ તેણે ભગવતીના મુખમાં રેડયું.

યોગેશ્વર પિતાને જોતાં જ તેમની પાસે ગયો. પિતૃચરણરજ માથે લઈ પિતાના કમંડળમાંનું જળ સ્વહસ્તે માતાના મુખમાં રેડયું. ત્યાર પછી પિતાપુત્ર ઉચ્ચ કંઠે નારાયણ નામનો ઉચ્ચાર કરવા લાગ્યા.

એક ક્ષણ પછી જ ભગવતીનો મહાશ્વાસવિકંપિત ચંચળ દેહ સ્થિર થઇ ગયો. તેનું સર્વાંગ શીતળ થઇ ગયું. હાથ પગ લોઢાના જેવા કઠિન થઈ ગયા. આવી રીતે ભગવતીએ પુણ્યમય ક્ષેત્રમાં પરલોકવાસ કરી મોક્ષ મેળવ્યો.

પૂર્વાકાશની જ્યોતિ પ્રભાતના આગમનનું સૂચન કરી રહી હતી. હજી પણ ઉત્તર તથા દક્ષિણમાં એક બે તારાઓ ભૂલી પડેલી બાળિકાની માફક કંપી રહ્યા હતા. પ્રમુદિત ઉષાના આનંદદાયક આગમનને લીધે પક્ષીઓ કલ્લોલ કરી રહ્યાં હતાં. નિદ્રાધીન નરનારીઓએ આ કલ્લોલધ્વનિથી જાણી લીધું કે પ્રભાત થયું છે!

પ્રકરણ ૪૮ મું.

મહાશ્મશાનમાં પિતાપુત્ર.

ભગવતી નવદુર્ગાના શબને અગ્નિસંસ્કાર કર્યા પછી સંન્યાસીએ યોગેશ્વરને ઉદ્દેશીને કહ્યું:—"ભાઇ! હવે વૃથા શોક કરીશ નહિ. જો સાંભળ, મ્હારે તને ઘણું કહેવાનું છે. મ્હારે જે કહેવાનું છે તે કહેવાને માટે પુનઃ આવું ઉત્તમ સ્થાન મળનાર નથી. વળી પુનઃ મ્હને વખત પણ મળનાર નથી."

યોગેશ્વરે કહ્યું:—"આપ મ્હારા પરમારાધ્ય પિતા છો. આપ જ મ્હારા મહાગુરુ છો. આપને જે કહેવું હોય તે બેલાશક કહો; આપની આજ્ઞા હું મ્હારા શિરપર ચડાવીશ."

સંન્યાસીએ કહ્યું:—" કોઇ પણ વાત કરવાને માટે શુભ અવસરની અને ઉપયુક્ત સ્થાનની આવશ્યકતા હોય છે, સ્થાનમાહાત્મ્યથી અને સમયના ગુણથી એક વાતના અનેક ભાવ તેમજ અર્થ થાય છે. આ જો, જે પ્રમાણે ચિતા બળે છે તે જ પ્રમાણે ત્હારા હૃદયમાં પણ પશ્ચાત્તાપની ચિતા બળે છે. ચિતાભસ્મ ધોઇને જળમાં નાખવી પડશે તે જ પ્રમાણે ત્હારા હૃદયની ચિતાભસ્મ પણ માયાના અશ્રુથી ધોવાઇ વિસ્મૃતિના પ્રવાહમાં તણાઇ જશે. ચિતા નિષ્કલંક કરી ધોવાથી પરજન્મમાં મૃત વ્યક્તિ સુંદર થાય છે. હૃદયની ચિતાભસ્મ પણ એક વખત સાફ કરી ધોવાથી એ ક્ષેત્રમાં જે ભાવોની ઉત્પત્તિ થાય છે તે પણ અતિ સુંદર હોય છે; માટે હૃદયમાં કોઇ પણ પ્રકારની ચિંતા રાખીશ નહિ. મનુષ્ય પોતાના માયામય જીવનમાં અસંખ્ય પાપોનું સ્મરણ કરીને ક્ષણ માત્રમાં જ અવસન્ન બની જાય છે. માયામય જીવનના ભયંકર અગ્નિમાં એક કલાકમાં જ બળી ભસ્મ થાય છે. સઘળાં પાપોનું તીવ્ર હળાહળ એક ક્ષણ માત્રમાં પી જઇને અસ્થિર બની જાય છે! એ શુભ મુહૂર્ત ક્યારે આવે છે તે કોઇ જાણતું નથી. જ્યારે આવે છે ત્યારે મનુષ્ય બળીને પવિત્ર થાય છે—એ અગ્નિને 'દિવ્ય અગ્નિ' કહેવાય છે! ત્હારા જીવનનો એ શુભ સમય હવે ઉપસ્થિત થયો છે. તું નિશ્ચિત રહી ત્હારા મનને સંયમમાં રાખી સદાચારને રસ્તે જજે."

યોગેશ્વરે કહ્યું:—" ત્યારે શું દુષ્કૃતિને માટે પશ્ચાત્તાપને પણ દૂર કરવો પડે છે?"

સંન્યાસીએ કહ્યું:—" અવશ્ય. ત્હારા જેવો શિક્ષિત મનુષ્ય અજ્ઞાનવશતઃ કોઇ દુષ્કર્મ કરતો નથી. અવસ્થાના રંગમાં રોળાઇને મનુષ્ય જાણી જોઇને આગમાં પડતું મૂકે છે. એક ક્ષણે દુષ્કર્મ કર્યું તો બીજી ક્ષણે પશ્ચાત્તાપ થાય છે. પશ્ચાત્તાપને દૂર કરવા માટે અનેક યત્નો પણ તમે કરો છો. ત્હારા જેવા શિક્ષિત મનુષ્યો એક વખત દુષ્કર્મનો પશ્ચાત્તાપ થઇ ગયા પછી પુનઃ દુષ્કર્મમાં ભાગ્યે જ પ્રવૃત્ત

થાય છે. આમ હોવાથી જ પશ્ચાત્તાપ અનાવશ્યક છે. વળી આ કર્મભૂમિમાં અનુતાપથી ઉન્મત્ત બની જવાથી અતિશય નુકસાન થાય છે."

યોગેશ્વરે પૂછ્યું:–" જો અનુતાપ કરવામાં ન આવે તો પાપનું પ્રાયશ્ચિત્ત કેવી રીતે થાય ? "

સંન્યાસી:–પાપનું પ્રાયશ્ચિત્ત પુણ્યકર્મ છે, અનુતાપ નથી; દેવતામાં હાથ મૂકી એક વખત હાથને બાળ્યો છે, હાથમાં ફોલ્લાઓ તથા કાળા ડાઘ ઊઠયા છે એથી કરીને શું તેને માટે રુદન કર્યા કરવું ?"

" ત્યારે શું કરવું ? "

"બીજાં સત્કાર્યો કરવામાં મચ્યા રહેવું ! ત્હારું આનંદપૂર્ણ જણાતું ખેલવું બંધ થઇ ગયું છે; એક ગર્ભિણીનો ગર્ભ સાથે જ નાશ થયો છે. આ સઘળું બન્યા પછી જ ત્હારાં નેત્રો ઉઘડયાં છે. હવે તને એમ વિચાર થયા કરે છે કે, આ સંસારમાં ત્હારું કોઇ નથી. ઉપર ભગવાન્ છે, દેહમાં બ્રાહ્મણનો પ્રાણ છે, મસ્તકમાં બ્રાહ્મણની બુદ્ધિ છે, પાસે લક્ષ્મીસ્વરૂપિણી ગુણવતી સહધર્મિણી છે. ત્હારી સહધર્મિણીના પુણ્યપ્રભાવથી જ ત્હેં યથેષ્ટ પુણ્યબળ મેળવ્યું છે. તું નૂતન સંસારી થા. પુરાતન પ્રસંગને વિસ્મૃતિને તળીએ જ દટાઇ રહેવા દે. અત્યાર સુધી તને જે દુ:ખ થયું છે તે ત્હારા પાપકાર્યના બદલામાં બસ થઇ પડે એમ છે; માટે હવે અનુતાપની યાતના દૂર કરવા માટે તું અન્ય કામકાજમાં પ્રવૃત્ત રહે. સ્વકૃતપાપને માટે હવે તું બિલકુલ વિચાર કરીશ નહિ. જગદંબાની ઇચ્છાથી અને નારાયણની કૃપાથી મહા પાપીનો પણ એકદમ ઉદ્ધાર થાય છે. આ વાક્યની ખાત્રી માટે આપણાં પ્રાચીન પુરાણોમાં અને શાસ્ત્રોમાં અનેક ઉદાહરણો છે. ફક્ત એટલી જ બાબતમાં ત્હારે સાવધાનતા રાખવાની છે કે તું જે કાર્ય કરે તે કાર્ય પુણ્યમય હોવું જોઇએ. "

યોગેશ્વરે કહ્યું:–" પિતાજી, આપના આદેશાનુસાર હું અવશ્ય

વર્તીશ; છતાં મ્હને એમ લાગે છે કે હું હવે સંસારમાં ફરીથી સુખી થઇ શકીશ નહિ. ”

સંન્યાસીએ કહ્યુંઃ-“ સંસારમાં દુઃખી છે જ કોણ ? હું તો સકળ પ્રાણીને સુખી જ દેખું છું. માનુષ સર્વ ભૂલી શકે છે તેથી જ તેની સુખીમાં ગણના થાય છે. વળી જ્યારે કાળના વહેવા સાથે સઘળું ભૂલી જવાય છે ત્યારે પછી થોડા દિવસ સુધી અનુતાપના અગ્નિથી હૃદય બાળી દુઃખી થવું એ બુદ્ધિમાનોનું કર્તવ્ય નથી. એમ કરવાથી તો મનુષ્યનું ચિત્ત તદ્દન અસ્થિર બની જાય છે તથા તે પોતાનાં સ્વજન પરિજનોને પોતાના દુઃખે દુઃખી કરી વિશેષ પાપનો સંચય કરે છે. એકના એક પુત્રનું મૃત્યુ થાય છે તો પણ માતા આહાર કરે છે, અવનવાં વસ્ત્રો ધારણ કરે છે તથા દેહનું રક્ષણ કરે છે. તું પણ ધીમે ધીમે વખતના વીતવાની સાથે સઘળું ભૂલી જઇશ એટલે હમણાં શા માટે વિના કારણ દુઃખી થાય છે ? આ જો, ચિતા શાન્ત થવા આવી છે. જા વત્સ ! સરિતાસ્નાન કર. ચિતાગ્નિ નિર્વાપિત કર ! જા બેટા ! ફરીથી શોકસિક્ત વસ્ત્રે તમે ઉભય સંસારમાં જઇ, નૂતન આચાર વ્યવહારથી સાધુ ગૃહસ્થના આદર્શરૂપ બનો. વળી એ લક્ષ્યમાં રાખવાનું છે કે, કદાપિ પોતાની જાતને ભૂલી પરોપકારની દિશાથી અન્ય દિશા પ્રતિ પ્રયાણ કરવું નહિ ! પરોપકાર એ જ ખરો ધર્મ છે. પરોપકાર એ જ ધર્મ અને એજ મનુષ્યત્વ છે. સ્વાર્થને દૂર કર્યા સિવાય પરોપકાર કરી શકાતો નથી. આ ઉપદેશ તું ત્હારા લક્ષમાં રાખજે અને તે પ્રમાણે વર્તી કુળ ગૌરવને ઉજ્વળ કરજે. બંસરી ઉપર પ્રેમ રાખજે. હું હવે વિદાય થાઉં છું. આ લોકમાં હવે ફરીથી આપણી મુલાકાત થશે નહિ ! ”

પ્રકરણ ૪૯ મું.

સંસારત્યાગ.

माता यस्य गृहे नास्ति भार्या चाप्रियवादिनी ।
अरण्यम् तेन गन्तव्यम् यथारण्यम् तथा गृहम् ॥

અર્થાત્:—જેના ઘરમાં માતા નથી અને ભાર્યા અપ્રિયવાદિની છે, તેણે વનમાં જ વાસ શા માટે ન કરવો ? કારણ કે તેને માટે ઘર અને વન સમાન છે.

ઘણા વખતથી આપણે માતૃભક્ત રમેશચંદ્રની ખબર લીધી નથી. આ સમય દરમ્યાન રમેશનું એક માત્ર આશ્રયછત્ર—તેની મમતામયી માતા આ અસાર સંસારનો ત્યાગ કરી પરલોકવાસિની થઇ છે. છેવટે શ્રાદ્ધનો સમય ઉપસ્થિત થયો. રમેશે વિચાર્યું, 'આ મ્હારૂં છેલ્લું કાર્ય છે તેથી હું સ્વગ્રામમાં જઇ શ્રાદ્ધ કરીશ.' આ વિચાર અનુસાર તે પોતાના ગામમાં જઇને શ્રાદ્ધ કરી આવ્યો.

હજી સુધી સુરતમાં યોગેશ્વરનો ઘણો સરસામાન રહેલો હોવાથી, બંસરીબાલા તથા પુત્રીસહ તે આણંદથી પુનઃ સુરત આવ્યો હતો. યોગેશ્વરનું સુરતમાં આગમન થયું છે એવું જાણવામાં આવતાં જ રમેશચંદ્ર તેને મળવા આવ્યો. આ સમયે યોગેશ્વરે રમેશચંદ્રના મુખપરથી ચિંતાની ગાઢ છાયા સહજ દૂર થયેલી જોઇ. તેણે એક વખત તેની પાસે તેની પત્નીને તેડાવી મંગાવવાની વાત કાઢી એથી રમેશનું મુખમંડળ વિશેષ વિષણ્ણ બની ગયું. તેણે કહ્યું:—" ના ના—હવે તેને તેડાવવાની કાંઇ જરૂર નથી. મ્હારો શો વિચાર છે તે યથા સમયે ત્હારા જાણવામાં આવશે.

એક દિવસે પ્રભાતકાળે રમેશચંદ્રના નોકરે આવી યોગેશ્વરને એક પત્ર આપ્યો. એ પત્ર લાંબો હોઇ રમેશચંદ્રનો લખેલો હતો. પત્રની હકીકત વાંચી રહેતાં યોગેશ્વરનું મસ્તક ભમવા લાગ્યું. તે રડી પડ્યો.

બંસરીબાલા પાસે જ ઊભી હતી. અમંગળની આશંકાથી અધીર બની જઇને તેણે પૂછ્યું:—"કોનો પત્ર છે?"

ભગ્નકંઠે યોગેશ્વરે ઉત્તર આપ્યો:—"રમેશનો. તે દેશત્યાગી થયો છે."

બંસરીબાલાએ આશ્ચર્યચકિતા બની જઇને પૂછ્યું:—"શું તેઓ દેશત્યાગી થયા છે?"

આ સમયે ચિંતાતુર યોગેશ્વરે કાંઇ ઉત્તર આપ્યો નહિ. સહજ સ્વસ્થ થતાં તેણે રમેશનો વિસ્તૃત પત્ર ફરી વાંચ્યો. ઘણા સમય સુધી એ પરિચિત હસ્તાક્ષરોપર તેની દૃષ્ટિ સ્થિર થઇ રહી.

એ પત્રમાં રમેશના જીવનનો ઇતિહાસ હતો. જે વાત નીકળતાં તે યોગેશ્વરને એમ કહેતો હતો કે, 'હમણાં નહિ, પછી કહીશ.' એ જ હકીકત આજે તેણે પોતાના પત્રમાં લખી હતી. જીવનમાં જે જ્વાળામુખીની વેદનાથી તે દુઃખી થયો હતો એ વેદનાનું તેણે યથાર્થ વર્ણન પોતાના પત્રમાં કર્યું હતું. તેણે લખ્યું હતું કે:—"હું સમજી શકતો નથી કે કયા જન્મના પાપે તેણે પત્ની તરીકે આ જન્મમાં મ્હારું અનુસરણ કર્યું છે! એ અભિમાનિનીએ જ મ્હારું જીવન વિષમય બનાવી દીધું છે." યૌવનની અતૃપ્ત આશાનું વહન કરી પત્ની પાસે શું માગતાં તેને શું મળ્યું છે! તેના યૌવનની સેંકડો સુખમય આશાઓનો તેની પત્નીએ પોતાના નિષ્ઠુર પદાઘાતથી નાશ કર્યો છે! રમેશે દુઃખાવેશમાં લખ્યું હતું કે, "હું પણ યુવક તેમ જ સંસારી છું. યૌવનધર્મ હું ભૂલી શકયો નથી. પ્રણયતૃષ્ણાને વિષ સમાન સમજી હું તેને દૂર કરી શકયો નથી. શું ઇચ્છાપુર્વક મ્હેં ચિંતા ધારણ કરી હતી? સેંકડો આશાઓ અને આકાંક્ષાઓસહ હું પત્ની પાસે ગયો હતો; પરંતુ તેના અગ્નિમય શ્વાસથી મ્હારો યૌવનવસન્ત વિશુષ્ક થઇ ગયો છે. અમૃત મેળવવા જતાં મ્હને ઝેર મળી આવ્યું છે. સહાનુભૂતિ મેળવવા જતાં મ્હને અસહનીય તિરસ્કાર મળ્યો છે." રમેશે પોતાના સાંસારિક જીવનની દુઃખમય હકીકત જાણે કે હૃદયના

ઉષ્ણ શોણિતથી લખી હતી ! તેણે પોતાના પત્રમાં એમ પણ લખ્યું હતું કે, “ ભાઇ ! મ્હેં દરેક વખતે તેને તેના અપરાધની ક્ષમા આપી હતી. મ્હેં ધાર્યું હતું કે, થોડા સમયમાં જ તેનો વ્યવહાર સુધરશે. જીવનના વિકાસકાળમાં—સંસારસહિત નૂતન પરિચયની આશા કોણ કરતું નથી ? તે એમ જ સમજતી હતી કે, હું અને તે ભિન્ન જગતવાસી છીએ. તેનું જગત્ અતિ ઉચ્ચ હતું અને મ્હારું જગત્ ઘણું નીચું હતું. તેણે જાણે કે પતિતનો ઉદ્ધાર કરવાના વિચારથી દુઃખ સ્વીકાર્યું હતું—મ્હારે માટે તેણે પોતાનું જીવન દુઃખમય કર્યું હતું, હાસ્યને બદલે અશ્રુજળ વરણ કર્યું હતું. સિંહાસનનો ત્યાગ કરી તેણે કંટકનો મુકુટ પહેર્યો હતો. તેથી જ તેના મ્હોં ઉપર પ્રફુલ્લભાવ નહોતો. જે ગૃહિણી—સચિવ—સખી અને શિષ્યા થશે એવી આશા રાખવામાં આવે છે તે જ્યારે આવું ધારે ત્યારે કેવું કષ્ટ થાય તેની કલ્પના અનુભવી સિવાય બીજું કોઇ કરી શકે તેમ નથી. એટલા માટે જ આજ સુધી મ્હેં મ્હારા કષ્ટની હકીકત કોઇને કહી નથી. એ તુષાનળમાં માત્ર હું જ ચિંતાતુર અને વ્યથિત ચિત્તે બળ્યા કરતો હતો. મ્હારા દુઃખની હકીકત માત્ર એક જણ જાણતું હતું. તેને મ્હારે દુઃખે મ્હારાથી પણ વિશેષ દુઃખ થતું હતું. એ માણસ બીજું કોઇ નહિ પરંતુ મ્હારી મમતામયી—સ્નેહમયી માતા હોઇ આજે તે સ્વર્ગમાં વાસ કરે છે. વારંવાર નિરાશા મળવાથી જીવન ભારરૂપ થઇ પડે છે. ધીમે ધીમે ધૈર્યની સીમાનો અંત આવે છે. આમ હોવાથી જ ક્રમે ક્રમે વાત વાતમાં અસંતોષ થતો હતો. તેના પરિણામે હું જ દુઃખી થતો હતો. ” આવી રીતે ઘણા દિવસ પસાર થયા હતા. માતાના ક્ષમાશીલ અને ઉદાર સ્વભાવને લીધે પતિપત્ની વચ્ચે જાહિર વિવાદ થતો નહિ; પરંતુ આકસ્મિક ઉત્પન્ન થયેલા વંટાળીઆના વેગને કોણ અટકાવી શકે ? એક પ્રસંગે એ વંટાળીઆનો વેગ વેઠી શકાયો નહિ. “ મ્હેં સઘળું સહન કર્યું છે; પરંતુ હવે સહન કરવા જેટલી શક્તિ તથા ધૈર્ય મ્હારામાં રહ્યાં નથી. આ સંસાર મરૂભૂમિમાં જે

મ્હારે માટે અમૃતનો ઝરો હતો—જે ઝરાની અમૃતધારાથી હું જીવતો હતો એ જનનીનો તિરસ્કાર થતાં મ્હારા ધૈર્યનો અંત આવ્યો. એ દિવસે મ્હેં માતાની આજ્ઞા પણ પાળી નહિ તથા મ્હેં અભિમાનિની પત્નીને તેના પિયરમાં મોકલી દીધી. પછીથી મૃત્યુકાળે માતાએ બે ત્રણ વખત ઘણી નમ્રતા દર્શાવીને તેને પોતાની પાસે આવવાનો સંદેશો મોકલ્યો હતો; છતાં દરેક વખતે તેને અપમાનિતા થવું પડ્યું હતું. એ અપમાન હજી સુધી સળગતા અંગારાની માફક મ્હારા હૃદયને બાળી ભસ્મીભૂત કરી નાખે છે. જ્યાં સુધી માતા હયાત હતી ત્યાં સુધી સંસારમાં મ્હારૂં સર્વસ્વ હતું. આજે એ સ્નેહમયી માતા નથી. તે જ્યારે સંસારનો ત્યાગ કરી ગઇ છે ત્યારે પછી હું પણ સંસાર-ત્યાગી થાઉં છું. મ્હારી છેલ્લી પ્રાર્થના એટલી છે કે, કોઇ મ્હારી શોધ કરશો નહિ. હવે મ્હારી સંપત્તિની વ્યવસ્થા કેમ કરવી એ હું જણાવું છું. નોકરવર્ગને મ્હેં સારો સંતોષ આપ્યો છે. હવે તેમને વિદાય કરી દેજો. જે વૃદ્ધા દાસીએ મ્હને મ્હોટો કર્યો છે તે વૃદ્ધા હવે ક્યાં જશે એ ચિંતા રહી નથી. મ્હેં તેને પુણ્યધામ ડાકોર મોકલી દઇ ત્યાં તે નિર્વિઘ્ને પોતાની આજીવિકા ચલાવી શકે એવો બંદોબસ્ત કર્યો છે. પહેલાં ઘરને વેચી નાખવાનો મ્હારો વિચાર હતો; પરંતુ પૂર્વજોની પુણ્યમય સ્મૃતિનો વિક્રય કરવો એ મ્હને ઠીક લાગ્યું નથી. ભાઇ! જેવી રીતે હું દરિદ્રનો બંધુ છું તેવી જ રીતે હમ્મેશાં તેમનો બંધુ રહીશ. આજકાલ ચિકિત્સકોની ખોટ નથી; પરંતુ એમનામાં દરિદ્ર જનોના સાચા બંધુઓ કેટલા છે? કેટલાં માણસો પોતાના શિક્ષણ તથા સાધનોનો ઉપયોગ દરિદ્ર જનોના કલ્યાણાર્થે કરે છે? મ્હારી પત્ની માટે માસિક વૃત્તિ નક્કી કરી અમુક રકમ મ્હેં બૅન્કમાં મૂકી છે. એ રકમનું વ્યાજ તેને મળ્યા કરશે. વિષયસંપત્તિ સંબંધીના સઘળા કાગળો મ્હારી પેટીમાંથી મળશે. પેટીની કુંચી આ પત્ર સાથે મોકલી છે. મ્હારી પત્નીનાં સઘળાં ઘરેણાં તથા વસ્ત્રો મ્હેં તેને પહોંચાડી દીધાં છે. તિજોરીમાં માતાજીના અલંકારો છે તેનું મ્હેં યત્નપૂર્વ રક્ષણ કર્યું છે. એ અલંકારો મ્હારી ધર્મભગિની બંસરીબાલાને આપજો. એ

સિવાયની અવશિષ્ટ સંપત્તિનો મ્હેં વિવિધ પ્રકારનાં દાનકાર્યોમાં ઉપયોગ કર્યો છે. મ્હને દ્રવ્યની જરૂર નથી. માતાજીનાં ઘરેણાં જો બંસરીબાલા નહિ લે તો મ્હારો આત્મા અસંત વ્યથિત થશે. ભાઇ ! આજથી હું મ્હારું જીવન દેશહિતના કાર્યમાં ઉત્સર્ગ કરું છું. આધુનિક શિક્ષિત યુવકોની આંતરિક સેવાની વર્ત્તમાન ભારતવર્ષને ઘણી જ અગત્ય છે. સંસારની માયાનો પરિત્યાગ કરી હું દેશહિતના સંકલ્પસહ વિદાય થાઉં છું. વિદાય......"

આ પત્ર વાંચી યોગેશ્વર રમેશચંદ્રને ત્યાં ગયો. ત્યાં ઘણી તપાસ કરી છતાં રમેશચંદ્ર ક્યાં ગયો હશે એ સંબંધી તે કાંઇ ચોક્કસ નિર્ણય કરી શક્યો નહિ. નિરુપાયે નિરાશ થઇ ઘર તરફ પાછો ફર્યો. તેણે રમેશચંદ્રના દાનપત્ર સંબંધીના તથા અન્ય ઉપયોગી કાગળપત્રો પોતાની સાથે લીધા. રમેશચંદ્રે તેને જ પોતાની મિલકતનો ટ્રસ્ટી બનાવ્યો હતો.

તે દિવસે જ યોગેશ્વરે રમેશચંદ્રના શ્વસુર મહાશયને મળવા માટે બોલાવી મંગાવ્યા. મધ્યાન્હકાળ વીતિ ગયા પછી તેમની ગાડી યોગેશ્વરના બંગલા પાસે આવીને ઉભી રહી. રમેશચંદ્રના દેશત્યાગી થયાના સમાચાર યોગેશ્વરે તેના શ્વસુરને જણાવ્યા. એ સમાચાર સાંભળી શ્વસુર મહાશય જમાઇની નિન્દા કરવા લાગ્યા. બંધુની નિન્દા સહન નહિ થવાથી યોગેશ્વરે કહ્યું:—" હવે આ ચર્ચા કરવાની શી જરૂર છે ? બંધુની નિન્દા સાંભળતાં મ્હને દુઃખ થાય છે. "

પછી યોગેશ્વરે રમેશચંદ્રની પત્નીને આપવાની માસિકવૃત્તિનો ઉલ્લેખ કર્યો. આ વખતે લાલચોળ નેત્રો કરી આગંતુકે કહ્યું:—" ના—ના, મ્હારી કન્યા ભિખારિણીની માફક શા માટે માસિક વૃત્તિ લે ? વાસ્તવિક રીતે તે જ સઘળી સંપત્તિની ઉત્તરાધિકારિણી છે."

" જો રમેશચંદ્રે બીજી કાંઇ વ્યવસ્થા ન કરી હોત તો તેમ જ થાત; પરંતુ તેણે બીજી વ્યવસ્થા કરેલી છે. " આમ કહી યોગેશ્વરે રમેશના શ્વસુર મહાશયને દાનપત્રની શર્તોની હકીકત કહી.

" આ સઘળી નિરુપયોગી વાત છે; મ્હારે કાંઇ સાંભળવું નથી."

આ વાક્ય સાંભળી વિરક્ત બની જઇને યોગેશ્વરે કહ્યું:—" જો

મરજી હશે તો તેમને હરેક માસે ઠરાવેલી રકમ મળી શકશે. એથી વિશેષ કાંઇ થઇ શકે તેમ નથી. "

દારૂના ઢગલામાં જો કે અગ્નિકણનો સ્પર્શ થયો. આગંતુકે અપાર ક્રોધે ભરાઇને કહ્યું:—" આ સઘળી લુચ્ચાઇને હું સારી રીતે સમજાું છું. સીધી રીતે સઘળું સોંપી દેશો તો ઠીક છે નહિ તો મ્હારે અદાલતનો આશ્રય સ્વીકારવો પડશે. તમે સરકારી અમલદાર છો તેથી હું કાંઇ ડરી જાઉં તેમ નથી. હાઇકોર્ટ સુધી લઢવાની મ્હારામાં શક્તિ છે. "

હવે યોગેશ્વરથી પણ ધૈર્ય ધારણ કરી શકાયું નહિ. તેણે કહ્યું:— "ભલે, ન્યાયમંદિરનાં દ્વાર ખુલ્લાં જ છે. કૃપા કરી તમે હવે અહીંથી ચાલ્યા જાઓ; કેમ કે આપણો મૌખિક વિવાદ વધે એવી મ્હારી ઇચ્છા નથી."

રમેશચંદ્રના શ્વસુર ક્રોધાવેશમાં જ બે ચાર કટુ શબ્દોનો ઉચ્ચાર કરતા કરતા ત્યાંથી ચાલ્યા ગયા. તેમના ચાલ્યા ગયા પછી યોગેશ્વર વિચારમગ્ન સ્થિતિમાં એકાન્ત સ્થળે બેસી રહ્યો. છેવટે તેણે સ્વગત કહ્યું:—" પિતાના આવા સંસર્ગમાં ઉછરેલી પુત્રીને લીધે જ રમેશને ઘણું દુ:ખ ભોગવવું પડયું છે. જગતમાં મનુષ્ય કેવું મૂર્ખ છે!

ઉપસંહાર.

કુંદ યોગેશ્વર એક જ સમયે પિતા માતાથી અને પ્રકૃત સ્નેહીથી વિયોગી થયો. માતા સ્વર્ગગમન કરી ગઇ, પિતાએ અજ્ઞાતવાસ—વનવાસ સ્વીકાર્યો તથા બંધુ દેશત્યાગી થયો. પ્રથમ તો સર્વના વિયોગથી યોગેશ્વરને દશે દિશાએ અંધકાર દેખાવા લાગ્યો; કિન્તુ સમયની ગતિ ન્યારી હોવાને લીધે ધીમે ધીમે તે શાન્ત થયો.

યોગેશ્વર હમણાં પુનઃ સુખથી સંસાર ચલાવે છે. શ્વસુરની અપાર સંપત્તિનો તે અધિકારી થયો છે અને બન્ને બાળકો દિવસે દિવસે મોટા થતા જાય છે. બન્ને અધ્યયન કરવામાં ઘણા જ હોશિયાર છે. શ્રીકાન્તના લગ્ન સમયે વાંચકોને આમંત્રણપત્રિકા મોકલવામાં આવશે.

અમારી વાર્તાની નાયિકા બંસરીબાલા ગૃહિણી નહિ પણ દેવી છે. તેણે પોતાનું જીવન એક દેવીના જેવું જ સચ્ચરિત્ર, પતિપરાયણ અને ધર્મમય રાખ્યું છે. ધન્ય છે આર્યાવર્તની અબળા ! ધન્ય છે તને અને ધન્ય છે ત્હારાં માતાપિતાને ! ! પુનઃ જ્યારે ત્હારા જેવી ગૃહિણીરૂપે દેવીઓના જેવું કર્ત્તવ્ય બજાવવાવાળી દેવીઓ વિશેષ સંખ્યામાં ઉત્પન્ન થશે ત્યારે જ ભસ્માવશેષ ભારત પુનઃ ઉન્નતિને પામશે.

વિનોદનો આ દુનિયામાંથી નાશ થયો છે. પરલોકમાં તેની શી ગતિ થઇ છે તે જણાવવાની શક્તિ આ ક્ષુદ્ર લેખકમાં નથી એટલે લાચાર!

' જેવી કરણી તેવી પાર ઉતરણી ' એ સૂત્રના આધારે શ્યામચરણ અને કૃષ્ણકાન્ત શર્માને તેમના કુટિલ કારસ્થાન માટે દેશનિકાલની સજા થઇ છે.

પ્રતાપચંદ્રની અપાર મહેનતના બદલામાં તેને સ્નેહમયી સરલા મળી છે. નવદંપતિના દિવસો આનંદમાં પસાર થાય છે. તેમનું સ્નેહલગ્ન ઘણા દિવસથી સંપન્ન થઇ ગયું છે.

વિપિનવિહારી પોતાના કુટુંબ સાથે કાકાની પાસે રહે છે અને અવકાશના સમયે પોતાની લેખનપ્રવૃત્તિ ચાલૂ રાખે છે. પ્રતાપચંદ્ર સરલા વગેરે સર્વ સાથે રહેતાં હોવાથી આનંદચંદ્રનો બંગલો જે પૂર્વે જનહીન હતો તે હવે સ્નેહીજનોના આનંદધ્વનિથી ગાજી રહ્યો છે. આનંદચંદ્રને હવે પોતાનું જીવન સુખમય લાગે છે.

' સમાજસ્થિતિ ક્યારે સુધરશે ?' એ પુસ્તક છપાય છે. ગ્રાહકોએ 'લુહાણા—બંધુ' કાર્યાલયમાં પોતાનું શુભ નામ નોંધાવવાની કૃપા કરાવી !

રમેશચંદ્રના શ્વસુર રમેશચંદ્રે કરેલી વ્યવસ્થા વિરુદ્ધ કાંઇ કરી શક્યા નહિ. તેમને લાચારીથી મૌન ધારણ કરવું પડ્યું. અસ્તુઃ

સમાપ્ત.

નીતિ દર્પણ ૨–૮
કૃષ્ણચરિત્ર ૧–૮
પોરટુગીઝ ભાષાનો ભોમીચો ૨–૮
ચેસ્ટરફીલ્ડનો પુત્ર પ્રતિ ઉપદેશ ૧–૮
ભોજ અને કાલિદાસ (સચિત્ર) ૪–૦
હીંદુસ્તાનના દેવો ૪–૮
રતન લોજનું રમખાણ ૨–૮
એક પથ્થરના પ્રતાપ ૨–૮
કાવ્ય દોહન ૧, ૨, ૩, ૬, ૭, ૮ ૧૭·૦
નર્મ કવિતા ૪–૮
વિષવૃક્ષ ૦–૧૨
દુઃખી દાદીબા અથવા પરીનનો પસ્તાવો ૫–૦
શીરીનની કાહાણી અથવા અંજીર બાગની કતલ ૫–૦
સુકન્યા સાવિત્રી (નાટક) ૧–૮
દુનિયા કે દોજખ ૨–૮
જીવતું દોજખ ૨–૦
મોતીના પડદા સંગ્રહ ૩–૮
પૃથીરાજ ચોહાણ અને ચંદબરદાઇ (સચિત્ર) ૨–૮
વિવિધ સુખાભાસ ૨–૮
જ્યોતિષ કલ્પતરૂ વૉલ્યુમ્સ ૧–૨ ૭–૦
જાતક પારિજાત ૫–૦
જ્ઞાન ચિંતામણી ૨–૮
મોક્ષ મંદિર ૨–૮
અપવાસ ભાગ ૧–૨ ૩–૦
સ્ટેન્ડર્ડ ઈંગ્લીશ ગુજરાતી ડીક્ષનેરી ૨૦–૮
ઉપનિષદો મૂળ તથા ગુજરાતી ભાષાંતર ૬–૮
તત્વાનુસંધાન મૂળ તથા ગુજરાતી ભાષાંતર ૨–૮
સંગીત રામાયણ ૩–૦
શ્રીમાન સુરાધીશ અથવા રસગંગા રસતલાવડી ૧–૮
ઓમરપાશા ૫–૮
રાજયોગી ભાગ ૧–૨ (નવલકથા) ૫–૮
નિર્ગુણ લક્ષ્મી અને સગુણ લક્ષ્મી ૦–૧૦
લંડન રાજ્ય રહસ્ય ભાગ ૧ થી ૪ ૪–૦
યજુર્વેદી આન્હિક સૂત્રાવલી ૨–૮
પ્રવીણસાગર સટીક મોટો સચિત્ર અસલી ૧૨–૦
પુરૂષશાસ્ત્ર ૨–૮
મુર્તીની આંખનો હીરો ૧–૦
મુશ્કીલે આસાન ૩–૦
હકદારનો હક ૨–૮
ગુણલક્ષ્મી ૧–૮
પ્રપંચજાળ (નવલકથા) ૧–૮
શરીર અને વૈદકશાસ્ત્ર ૧૦–૦
શારંગધર સંહિતા ૬–૦

કોટન કાર્ડીંગ અને સ્પીનીંગ	૭–૦
ગંધાતો ગુલાબ (નૉવેલ)	૨–૮
ઘરવૈદું	૫–૦
બાળકની માવજત અને સુવાવડ	૨–૮
બ્રહ્મસુત્ર શાંકર ભવિષ્ય વૉ. ૧–૨	૧૧–૦
કવિતા અને સાહિત્ય	૩–૮
પૃથુકુમાર (સચિત્ર)	૨–૦
ટોડ રાજસ્થાન	૧૦–૮
ગુલામગીરીનો ગજબ (સચિત્ર નવલકથા)	૨–૦
મંદારિકા અથવા મદઘેલી મનોરમા	૩–૦
સંજોગનો ભોગ (સચિત્ર)	૨–૮
બેદિલ કે બેવફા	૨–૮
ગુજરાતી મટીરીઆ મેડીકા	૬–૦
મહારાજ પ્રતાપાદિત્ય (રા. વ્રજલાલ જા. ઠક્કર કૃત.)	૨–૦
નેપોલીયન બોનાપાર્ટનું જીવન ચરિત્ર	૨–૮
શેરલોક હોમ્સનાં સાહસ કર્મો	૧–૦
મુક્ત નવાબો–સેહતાનનો હવાલો	૨–૮
શેર સોદા અને શેર બજાર	૩–૮
પારસમણી યાને હૃદયતેજ	૨–૦
સંગીત મંજરી	૧–૮
ચંદ્રકાન્ત ભાગ–૧ લો.	૩–૮
ચંદ્રકાન્ત ભાગ–૨–૩	૯–૦
મનોરમા (હીંદુ સંસારી વાર્તા)	૧–૮
સફેદ ઠગ	૨–૮
મા સગી કે સાવકી	૧–૪
કમલાના પત્રો	૨–૦
મ્હારી વીસ વાર્તાઓ	૨–૦
બાબુ અરવિંદ ઘોષનું તત્વજ્ઞાન	૨–૮
બાળ સદ્બોધ વાર્તા શતક	૧–૮
શિશુ સદ્બોધ માળા ભાગ–૧–૨–૩	૧–૪
નવલ નવરંગી	૩–૮
લાલમ લાલ યાને સુરતી શેલાણી	૧–૮
શ્રીધર્મગીતા	૨–૦
કૈલાસ માનસ સરોવર દર્શન	૨–૦
એક્ષેલસીયર મ્યુઝીક ગાઇડ	૨–૮
મેવાડની સંધ્યા અથવા પ્રેમની આહુતી	૨–૦
તકદી તાજ	૩–૦
હારમોનયમ શિક્ષક	૩–૦
સંગીત પ્રવેશિકા	૨–૦
વહેમી વનિતા	૨–૦
ડૂબતું વહાણ	૪–૦
ઉદ્યમ કર્મ સંવાદ (સામળ ભટ્ટ કૃત)	૧૦–૦
ગુજરાતી અંગ્રેજી કહેવતો	૧૨–૦
નંદશંકરનું જીવનચરિત્ર	૧–૮
ઉષાકાન્ત	૨–૦
ભાઇશંકર ગ્રંથમાલા	૩–૦
નવલ ગ્રંથાવલી ભાગ–૨ જો	૨–૦
,, ,, ભાગ–૩ જો	૨–૦

અત્યંત લોકપ્રિય વાંચવા લાયક નવલકથાઓ
અને લાયબ્રેરી ઉપયોગી પુસ્તકોનું
સંક્ષિપ્ત સૂચિપત્ર.

અગત્યની સૂચના.

કાગળ, છપામણી, બંધામણી વગેરેની અસાધારણ મોંઘવારીને લીધે ઘણાં ખરાં પુસ્તકોની કિમ્મતમાં દિવસે દિવસે વધારો થતો જાય છે; છતાં અમે અમારા ગ્રાહક બંધુઓને જણાવવાની રજા લઇએ છીએ કે, દરેક પુસ્તકની અમારા તરફથી વ્યાજબી કિમ્મત લેવામાં આવશે તથા જથ્થાબંધ ઑર્ડરો ઉપર પણ સારું કમીસન આપવામાં આવશે. એક વખત ઑર્ડર આપી ખાત્રી કરવાની નમ્ર વિનંતિ છે.

આ સંક્ષિપ્ત સુચિપત્રમાં દર્શાવેલાં તેમજ બીજાં તમામ ગુજરાતી પુસ્તકો અમારી પાસેથી ઘણી કિફાયત કિમ્મતે મળશે.

પરદેશ વી. પી. જઈ શકતાં નહિ હોવાથી પુસ્તકોની કિમ્મતની રકમ ઑર્ડર સાથે અગાઉથી મોકલી આપવી.

☞ સર્વ પ્રકારનો પત્રવ્યવહાર નીચેને શિરનામે કરવો:—

વ્રજલાલ જાદવજી ઠક્કર.

મેનેજર લુહાણા-બંધુ ઑફિસ.

અમદાવાદ (ગુજરાત.)

સચિત્ર ઐતિહાસિક નવલકથા.

પંજાબ રહસ્ય.

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी એ મહાન્ સ્વદેશસૂત્રનો સાક્ષાત્કાર કરવો હોય તો આ ઐતિહાસિક નવલકથા અવશ્ય વાંચો. એક રાજપૂત રાજકુમારનું પોતાની શૈશવાવસ્થામાં અર્થાત્ માત્ર એક જ વર્ષની ઉમ્મરે ભાગ્યયોગથી માતાપિતાથી વિખુટા પડવું, એક સદાશય અંગ્રેજ લશ્કરી અમલદારના આશ્રય નીચે ઉછરી તેનું મ્હોટા થવું, સ્વદેશસેવાના મહામંત્રની સાધનામાં તેણે પોતાનું જીવન સમર્પણ કરવું, દગાબાજ દેશબંધુઓદ્વારા તેનો છળ થવો એ વિષયો ઉપરાંત મહારાણા રણજીતસિંહના રાજદરબારમાં ચાલતાં કપટતંત્રોનો ઇતિહાસ આ નવલકથામાં રસિકતાથી વર્ણવેલો છે. પાકું સોનેરી લાયબ્રેરીને શોભાવે એવું પૂઠું છતાં મૂલ્ય માત્ર રૂ. ૨-૦-૦

નવલકથાઓનો કોહિનૂર ! સ્વર્ગીય પ્રેમનું અપૂર્વ ચિત્ર !

સ્નેહ-સદન

અથવા

પ્રણય રહસ્ય !

આધુનિક ભારતવર્ષની સ્થિતિનું હૃદયભેદક ચિત્ર જોવું હોય, કપટીઓની કપટલીલાનું દર્શન કરવું હોય, પ્રેમમયી પ્રેમદાના પ્યારની કસોટી જોવી હોય, કર્મક્ષેત્રમાં મસ્ત રહેવું નિષ્કામ જીવન જોવું હોય, બૅન્કોના ઘોટાળાનો પરિચય પામવો હોય, વૈધવ્ય જીવનનો સર્વોચ્ચ આદર્શ સમજવો હોય, આત્મૈક્ય યા તો अहं ब्रह्म તેમજ तत्वमसि નાં સૂત્રોનું રહસ્ય શિખવું હોય તથા તે ઉપરાંત સુધારાનો સડો-સ્વતંત્રતાનું સત્યાનાશ-ઈશ્વરના સાકાર નિરાકાર સ્વરૂપનું રહસ્ય વગેરે અનેક વિષયોનું સત્ય જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો સ્નેહસદન નવલકથા અવશ્ય વાંચો. કિંમત રૂા. ૧ એક.

'લુહાણા-બંધુ' કાર્યાલય—અમદાવાદ.

સંતસે શયતાન અથવા કામાંધનાં કાળાં કામ—ભા. ૧–૨–૩ મુખમાં રામ બગલમાં છુરી લઇ ફરનારા, મનુષ્ય પિશાચ તથા માનવી પિશાચિકાનું આ નવલકથામાં એક રસિક અને ચિત્તાકર્ષક ચિત્ર આલેખવામાં આવ્યું છે. કિં. રૂ. ૬.

કલંદરની કટાર અથવા સંસાર ખાંડાની ધાર ભાગ ૧–૨–૩ શયતાની ચક્કર, ભોંયરાનાં ભેદ ભરેલાં કુકર્મો, છુપી કટારીનું પરાક્રમ આદિ સર્વ વિષયો વાંચતાં આ સંસાર એ ખાંડાની ધાર જ છે એવો સર્વને ભાસ થયા વિના રહેશે નહિ. ત્રણે ભાગનું મૂલ્ય ૭–૮–૦

મણી મોહન—ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલાં વાર્તાનાં પુસ્તકોમાં મણી મોહનને પહેલા વર્ગમાં મૂકવામાં આવે છે. એટલું જ કહેવાથી એની લોકપ્રિયતા સમજી શકાય તેમ છે. પાકું પુઠું કિં.રૂ.રાા

સ્નેહમયી અને વિષમયી—બે વિરોધી સ્વભાવવાળી યુવતીઓની આ નવલકથા વાંચવા લાયક છે. પાકું પુઠું કિં. રૂ. રાા

મુરાદેવી ભાગ ૧–૨–૩. નંદવંશનો નાશ કરીને મહાબુદ્ધિમાન્ અને કૌટિલ્ય વિદ્યાવિશારદ ચાણક્યદેવે મૌર્યવંશની સ્થાપના શી રીતે કરી, તે સર્વ વિષયોનું વિવેચન ઘણું જ રસિક છે. ત્રણે ભાગની કિં. રૂ. ૬–૦–૦

રાજા દેવીદાસ અથવા **રમણીઓની રણભૂમિ**—સતી સાધ્વીની શૂરવીરતા અને બહાદુર બહારવટીઆઓની બહાદુરીવાળા પ્રસંગોથી આ વાર્તાનું પાનેપાનું ભરેલું છે. મૂલ્ય રૂ. ૩–૦–૦

રાક્ષસોની રતિક્રીડા—ભયંકર ભેદો, લુચ્ચાઓની લુચ્ચાઇઓ, તિલસ્માતી મકાનોમાં થતાં કારસ્થાનો, વગેરેનું રસિક વર્ણન છે. પાકું સોનેરી મનોહર પુઠું. ૨–૮–૦.

મહાકાળીનું ખડ્ગ—આ નવલકથા અદ્દભુત બનાવોથી ભરપુર હોઇ વાંચકની જીજ્ઞાસા વધારે છે પાકું પુઠું કીં. રૂ. ૨.

અલ્લાઉદ્દીનનો ઉદય—આર્ય સન્નારીઓના શિયળનું રક્ષણ

કરવા માટે તે વખતના રજપૂત રાજાઓ પોતાનો કેવો આત્મભોગ આપતા તેનું વર્ણન ઘણુંજ રસિક છે. પાંચ ચિત્રો છે. પાકું પુઠું કીં. રૂ. ૨॥

કુતરો કે કાળ ?—ડિટેકટીવ પોતાના કાર્યમાં જે ચતુરાઇ, બહાદુરી અને કુશળતા વાપરે છે તેની ખુબી ઓરજ છે. પાકું પુંઠું મૂલ્ય રૂ. ૨)

કમનસીબ લીલા (ભાગ ૧-૨)—આ નવલકથામાં સાંસારિક ઘટનાઓ તાદ્દશ્ય દૃષ્ટિ સમક્ષ ઉભીજ હોય એવું વર્ણન આલેખવામાં આવ્યું છે. આજે જ મંગાવો અને જ્ઞાન સાથે અપૂર્વ આનંદ મેળવો. બન્ને ભાગનું પાકું પુઠું કિં. રૂ. ૪॥

મધુર મિલન—તમારી પત્નીને આ નવલકથા વંચાવો, તમે વાંચો, પ્રેમની દિવ્યતા શિખો અને તમને પૃથ્વીપર અપૂર્વ આનંદમય સ્વર્ગ દેખાશે. કિં. રૂ. ૨-૦-૦

કલંકિત કાઉન્ટેસ યાને ખુની કોણ ? (ડિટેકટીવ નોવેલ) પ્રેમને માટે લક્ષ્મીને તુચ્છ ગણવાની દિવ્યવૃત્તિ, હૃદયની કુમાશ અને પ્રેમાળ હૃદયનું માધુર્ય ઘડીભર પ્રેમના રસપૂર્ણ હૉજમાં સ્નાન કરાવશે કિં. રૂ. ૩.

સૌન્દર્યવિજય—(ભાગ ૧-૨-૩-૪-૫) રેનોલ્ડઝના રાયહાઉસ પ્લૉટનું અક્ષરસહ ભાષાન્તર. વાર્તા મનોહર અને ચિત્તાકર્ષક છે. પાકું પુઠું પાંચે ભાગની કિં. રૂ. ૧૦॥

દશલાખનો દહલો અથવા રત્નકંકણ—ડીટેકટીવ વાર્તા રસપૂર્ણ અને રોમાંચ ઉપજાવે તેમ છે. કિ. ૨॥

કલંકિત કુમારિકા—ડીટેકટીવ વાર્તા અસંખ્ય ભેદ ભરેલા બનાવોથી ભરપુર છે. પાકુ પુઠું કિ. ૨॥

સુન્દર અને વિદ્યાનંદ—આ નવલકથામાં તેના વિદ્વાન્ લેખકે સાંસારિક ઘટનાઓનું આબેહુબ આલેખન કર્યું છે. પાકુ પુઠું કિં. ૧॥

મધુર મધુરી અથવા મુંબઇની મોહિની—રસમય અને

ચમત્કારિક બનાવોથી ભરપૂર. ચાર ચિત્રો સહિત પાકુ પુઠું કિં. ૧॥

પંદર લાખપર પાણી—શ્રીમંત ગૃહસ્થે પોતાના દીકરાને આપેલો પંદર લાખ રૂ. નો વારસો ફકત એક વર્ષના અરસામાં કેવી રીતે ઉડાવી નાંખ્યો તેનું વર્ણન છે. પાકુ પુઠું કિ. ૧॥

રત્નમંજરી—આદિથી અંત પર્યંત આધ્યાત્મિક જ્ઞાન પ્રદેશમાં વિચરી, માયા પટને છિન્ન ભિન્ન કરી પરમપદમાં નિયોજી, વિલીન થાય છે. (સચિત્ર) ।કં. ૨

બેગમહાલ (ભા. ૧–૨)—આ નવલકથાના માધુર્યનું વર્ણન માત્ર શબ્દોથી થાય તેમ નથી. આજે જ વાંચો બન્ને ભાગની કિ. ૪

કામાંધ કામિની—ડિટેકટીવ વાર્તા. એક ચોર એવું સરસ કામ બજવી બતાવે છે કે તેની બહાદુરી માટે ' વાહ વાહ ' કર્યા સિવાય રહેવાતું નથી. પાકું પુઠું. કિં. ૨॥

ભકતાણી કે ભામટી ?—આમાં ચાલુ જમાનાનો સારો ચિતાર આપ્યો છે. હાસ્યરસ પણ ભરપુર છે. પાકુ પુઠું કિ. રૂ. ૧॥

બગદાદનો બાદશાહ—શયતાનિતથી ભરેલી સુંદરીઓ સંસારમાં કેવા અનર્થો કરે છે એ ખાસ વાંચવા લાયક છે. પાકું પુઠું કિ. રૂ. ૨॥

રાણી પ્રજસુંદરી—બ્રાહ્મણ કન્યામાંથી રાજરાણી થઇ પતિ કાળા પહાડની સ્હામે રણભૂમિમાં કૂદી પડવું વગેરે સત્ય ઐતિહાસિક ઘટનાઓથી ભરપુર કીં. રૂ. ૨।

ભયંકર ભદ્ર—રેનોલ્ડકૃત ફોસ્ટનું આ અક્ષરસહ ભાષાન્તર નારાયણ વિસનજી ઠકકુરે કર્યું છે. સચિત્ર(ભા.૧–૨) પાકું પુઠું કિં.રૂ.પા

રમણી કે રાક્ષસી ?—અબળા જ્યારે મદનના મદથી ઉન્મત્ત બની જાય છે ત્યારે પોતાના વિકારની તૃપ્તિ માટે તે કેવાં ભયાનક કૃત્યો કરે છે તેનો ચીતાર છે. કિ. ૨॥ રૂ.

નાદીરનો દોરદમામ નારાયણ વિસનજી ઠકકુરકૃત ઐતિહાસિક નવલકથા. કિં રૂ. ૨॥

મારી ભયંકર સંસારયાત્રા–એક નિરાધાર અબળાનો આર્ત્તનાદ! ઠક્કુર નારાયણકૃત સામાજિક નવલકથા. ખાસ વાંચવા યોગ્ય છે. કિં. રાા રૂ.

લતા અને લલિતા ભાગ ૧ થી ૫ (સચિત્ર) આ વાર્ત્તાનો દરેક ભાગ અત્યંત રસિક તથા મનોહર છે આ વાર્ત્તા આનંદ સાથે સદુપદેશથી સંપૂર્ણ ભરેલી છે. પાકુ પુઠું કી. રૂ. ૮ાા.

કાશ્મીર અને કેસરી—(બીજી આવૃત્તિ) રસિક ઐતિહાસિક નવલકથા પૃષ્ઠ ૨૫૦ પાકું પુઠું કિ. ૧ાા રૂ.

પિશાચમંદિર ભાગ ૧–૨—(સચિત્ર) રેનોલ્ડ્ઝ કૃત મ્યાન્ઝસ્ટેચ્યુનું ભાષાન્તર. પૃષ્ઠે પૃષ્ઠે જીજ્ઞાસારસની જાણે કે સરિતા જ વહે છે. કિં. ૫ા રૂ.

ભાગ્યચક્રનો મહામંત્ર—આ સચિત્ર નવલકથા અનેક ઘટનાઓથી ભરપુર છે. પાકું પુઠું કિ. ૨ રૂ.

કંગાલ કેદી અથવા સ્નેહ બંધન (સચિત્ર) ભાગ ૧–૨ આ નવલકથા અનેકવિધ આકર્ષણીય ઘટનાઓથી પરિપૂર્ણ છે. પાકું પુઠું કી. ૪ાા રૂ.

દગાબાજ દુનિયા–સચિત્ર–રા. વ્રજલાલ ઠક્કરકૃત, વાર્ત્તાની વસ્તુસંકલના એવી અદ્દભુત, પરંતુ સંભવિત છે કે, પ્રત્યેક પૃષ્ઠે વાંચકની જીજ્ઞાસા વૃદ્ધિંગત થાય તેમ છે. કિં. ૨ા રૂ.

ભાગ્યદેવીની ભયંકરતા—પ્રત્યેક હિંદુ સ્ત્રીને આ નવલકથા વાંચવાની ખાસ ભલામણ છે. ચાર સુંદર ચિત્રો, પાકું પુઠું કિં. ૧ાા

પિશાચિની કે પ્રેમદા ?—ભૂતપ્રેતના ભયંકર ઉપદ્રવને લીધે ઉપજતું ભ્રમમૂલક દુઃખ વગેરે ઘટનાઓ ઘણી રસિક છે. કિં. ૧ાા

સ્વર્ગમાં શયતાન—આ નવલકથા અનેક રસિક ચમત્કારિક, અને આકર્ષક ઘટનાઓથી ભરપુર છે. પાકું પુઠું કિં. ૧ાા

મૃગલોચની અથવા માયાપ્રાબલ્ય—ભાગ ૧ થી ૧૦ આ

નવલકથા વાર્તાપ્રિય વાંચકોને એક વખત વાંચવાની અમે ખાસ ભલામણ કરીએ છીએ ઘણા ભેદભરમોથી ભરપુર છે. કિં. રૂ ર૧.

આજકાલનું હિંદુસ્તાન અથવા પ્રાણહારક મૃગજળ—ભાગ ૧-૨-૩ ચાલુ સમયની ખાસ વાંચવા લાયક નવલકથા. અવશ્ય વાંચો. સચિત્ર. ઠક્કુર નારાયણ વિસનજીકૃત ત્રણે ભાગની કિંમત રૂ. ૮-૮-૦

રણઘેલા રજપૂતો—સતીઓનું શૂરાતન ભાગ ૧-૨ (આવૃત્તિ ત્રીજી) રજપૂતોની વીરતા, અને કર્તવ્યપરાયણતા જાણવા માટે આ ઉત્તમ વાર્તા છે. વ્રજલાલ જા. ઠક્કરકૃત. બન્ને ભાગની કિં. પ॥

મધુ-માલતી ભા. ૧-૨-આ સામાજિક નવલકથામાં સામાજિક વિષયોનું ઘણું રસિક આલેખન કરેલું છે. પાકું પુંઠું કિં ૩-૮-૦.

મનોહારિણી માયા—આ નવલકથાની વસ્તુસંકલના એટલી બધી રસિક છે કે એક વખત વાંચવા લીધા પછી પડતી મૂકવાનું મન થશે નહિ. પાકું પુંઠું કિં. ૧॥ રૂ.

તારાસુંદરી—આર્ય બાળાઓની ધાર્મિકતા તથા કઠોરમાં કઠોર સંયોગમાં પણ તેમના પાતિવ્રત રક્ષણની કુશળતા જોવી હોય તો વાંચો કિં. રૂ. ૩

સંસારસંગ્રામ ભાગ ૧-૨-ધર્મપરાયણા સાધ્વી કેવી અડગ અને અચળ રીતે પતિભક્તિમાં લીન રહે છે વગેરે વિષયો અપૂર્વ છે. કિં. રૂ. ૩॥

પરાક્રમની પતાકા (ડિટેક્ટિવ) જાપાનના પ્રિન્સે ભેદી ખૂન શી રીતે કર્યાં તથા તેનો પત્તો છેવટ સુધી શા કારણથી ન મળ્યો વગેરે જાણવા વાંચો. પાકુ પુઠું કિ. ૨॥ રૂ.

ભવાનીનો ભોગ ભા. ૧-૨—રજપૂત બાળિકાઓના ધીર વીરતાનાં બનાવો વાંચતાં આંખોમાંથી ચોધારાં આંસુ વહેવા માંડે છે. પાકું પુઠું કિ. રૂ. ૩॥

ગોરા—ડૉક્ટર રવીન્દ્રનાથની પદલાલિત્યવાળી અને ભાવનામય લેખિનીથી લખાયેલી આ નવલકથાની પ્રશંસા કરવાની જરૂર નથી.

પાકું પુઠું કી. ૩ા

બંસરીબાલા—(સચિત્ર) આ સામાજિક નવલકથાની એક જ વર્ષમાં બીજી આવૃત્તિ થઇ છે એ ઉપરથી તેની લોકપ્રિયતા સમજી શકાશે. સોનેરી પુઠું મૂલ્ય રૂ. ૩ ત્રણ

કંચન—(ભાગ ૧-૨) આનંદસહિત ઉપદેશ મેળવવાનું આ નવલકથા સર્વોત્કૃષ્ટ સાધન છે. મૂલ્ય પાકુ પુઠું. કિં. ૩-૦-૦

નૌકાડુબી—કિંવા આશ્ચર્યઘટના જગવિખ્યાત કવીન્દ્ર સર રવીન્દ્રનાથ ટાગોરકૃત્ત નૌકાડુબીનું શબ્દશઃ ભાષાન્તર છે. પાકું પુઠું. કિં. રૂ. ૩ા

ભેદી ખજાનો—ડીટેક્ટીવ વાર્ત્તા. ખૂની કોણ છે, ચોર કોણ છે અને જાસુસ કોણ છે એ આખર સુધી સમજાતુંજ નથી. આ ભેદ ભરેલા બનાવોવાળી વાર્ત્તા છે. પાકું પુઠું કિં. ૨ા રૂ.

ગેબી ખુન—ડીટેક્ટીવ વાર્ત્તા. ખરો ખૂની કોણ છે અને ખૂનનો આરોપ કોનાપર આવી પડે છે વગેરે અદ્દભૂત બનાવોથી ભરપૂર મૂલ્ય રૂા. ૨ા

બાગે શયતાન (તલવારનું તુફાન)—એક શયતાન લુંટારાનાં ભીષણ કાવત્રાં આદિ વિષયો વાંચતાં ચક્ષુઓમાંથી અશ્રુજળની વૃષ્ટિ થાય છે. કિં. ૨ા રૂ.

કિશોરસિંહ અથવા દુઃખનો પહાડ—(ભાગ ૧-૨-૩) રેનોલ્ડઝકૃત કેનેથનો અનુવાદ. ઘણા ઘણા રોમાંચકારક બનાવોથી આ વાર્ત્તા ભરપુર છે. પાકુ પુઠું ત્રણે ભાગની કિં. ૮ રૂ.

તરૂણ તપસ્વિની—ભા ૧-૨ (સચિત્ર) સાધુના વેશમાં ફરતા શયતાનો કેવી પ્રપંચજાળ પાથરી ભોળા મનુષ્યોને ભરમાવે છે તેનો યથાર્થ ચીતાર છે. પાકુ પુઠું કિં. ૬ રૂ.

વસંત વિજય ભા. ૧-૨-૩ ચડતી પડતીના ચમત્કાર—એક નિષ્ઠુર હૃદયના દંપતિનાં રાક્ષસી કુકર્મોનો અસરકારક ચીતાર. કિં. રૂ. ૮-૪-૦.

કાળરાત્રિનું ખૂની ખંજર—(ભાગ ૧-૨) ધર્મનીતિ, સત્ય અને સ્વદેશપ્રીતિ વગેરેનો અસરકારક ઉપદેશ આપેશે છે. (આવૃત્તિ ૪ થી) કી. ૫-૮-૦.

કુસુમકાન્ત (સંસાર શેત્રંજ)—સતી સાધ્વી સ્ત્રીઓ સતીત્વને કેવી રીતે નભાવે છે અને સ્વધર્મનું રક્ષણ કરે છે વગેરે સર્વ વિષયોનું ઉજ્વલ ચિત્ર. મૂલ્ય રૂ. ૨।

જુલ્મી જાલિમ યાને ધ્રુજતી ધરા—સચિત્ર અદ્ભુત કારસ્થાનો અને ભૈરવના મંદિરના ભેદી ભોંયરાના ભયંકર પ્રપંચોનો ચિતાર છે. કિં. રૂ।. ૩

પદ્મલતા યાને કંટકમાં ગુલાબ—(સચિત્ર) ટુંકાણમાં આ નવલકથા સૌએ અવશ્ય વાંચવી જ જોઇએ કિં. રૂ. ૨-૪-૦.

કલ્યાણી અથવા હજાર વર્ષ પૂર્વેનું હિન્દુસ્તાન—આ એક ઐતિહાસિક વાર્તા પુર્વનો કોઇ ઓરજ ખ્યાલ આપે છે. પાકું લાયબ્રેરી શોભાવે પુંઠું કિં. રૂ. ૨॥.

નટવર— (ચંડાલ ચૉકડી) અથવા મ્હોટાનાં છોકરાં શ્રીમંતોના છકેલ છોકરાંઓનો ચિતાર. ચીત્રો સહિત ત્રણ ભાગ સાથે કિં. રૂ. ૩.

કલિકૌતક—(હાસ્યરસનો હોજ) રોતી સુરતને પણ ખડખડાટ હસાવશે. આજે જ મંગાવી ખાત્રી કરો. કી. રૂ. ૧।.

રતિશાસ્ત્ર કિંવા કોકશાસ્ત્ર. (આવૃત્તી બીજી સચિત્ર) રતિ તથા પુરૂપ કામવાસના, મૈથુન દોષ વર્ણન, રતિપ્રકાર, આસનવિવરણ, ઇચ્છાનુસાર પુત્ર પૂત્રી પ્રાપ્ત કરવાનો ઉપાય, માબાપ કાળાં હોવા છત સફેદ બચ્ચાં ઉત્પન્ન કરવાનો ઉપાય, ગર્ભસ્ત્રાવ અને ગર્ભપાત, ચાંદી, બદ. મુત્રરોગ, નપુંષકત્વ વગેરે ઘણા ઉપયોગી વિષયોથી ભરપુર છે. પાકું પૂઠું મૂલ્ય રૂ. ૩॥

જીવનશિક્ષા—જીવનના ઉંચામાં ઉંચા સિધાન્તોનું આ પુસ્તક છે. આ પુસ્તક વાર્તા નથી પણ જીવનનો પાયો છે.

કિં. રૂ. ૧–૮–૦

નવદંપતિને શીખામણ—પતિપત્નીઓએ આ પુસ્તક પોતાના નિત્યના મિત્ર તરીકે સાથે રાખવું જોઇએ. પાકું પુઠું કિં. રૂ. ૨–૦–૦

આનન્દઝરણાં—(એક સુન્દર કથાગુચ્છ) જગપ્રસિદ્ધ ડૉ. રવીન્દ્રનાથ ટાગોરની એક ભાવમયી સંપૂર્ણ વાર્તા સાથે કિં. રૂ. ૨–૪–૦

ધી સેલ્ફ ઈંગ્લીશ ઈન્સ્ટ્રકટર (રાજભાષા) આ પુસ્તક ઇંગ્રેજી ભણનારાઓને એક રત્નરૂપ છે. થોડી મહેનતે અને થોડું થોડું ભણવાથી આ પુસ્તકના આધારે ઇંગ્રેજી શીખી શકાય છે. જરૂર મંગાવો કીંમત ૧–૮–૦

ધી એવ્હરી ડે કોરસપોન્ડન્સ—અથવા રોજનો પત્ર વ્યવહાર. આમાં સ્નેહીઓ, સગાંવહાલાં, અરજીઓ, ભલામણ પત્રો, રેલવે કંપની, પોસ્ટ મંદવાડ મરણ, વગેરે સર્વ પ્રકારના પત્રવ્યવહારના જોઇયે તેવા તૈયાર નમુના તથા તેનો ગુજરાતીમાં અર્થ સાથે આપેલો છે. કિં. રૂ. ૧–૮–૦

ઘેલી કુસુમ—સરસ્વતીચંદ્રનો ગૃહસ્થાશ્રમ, બાળિકા શિક્ષણ, પુનર્લગ્ન વગેરે વિષયો ઘણા સારા ચર્ચ્યા છે. પાકુ પુંઠું કિં. ૨–૦–૦

જીવનચંદ્ર—એક સારો ખ્યાલ આપતી સામાજિક નવલકથા કિં. રૂ. ૨.

વ્યવહાર નીતિ દર્પણ—આ પુસ્તક તમે એકજ વખત વાંચશો તો તમારો એક સુબોધક મિત્ર થશે. પાકું પૂઠું રૂ. ૨–૮–૦.

નારાયણ ગદ્યગંગા—રા. ઠકકુર નારાયણના સાહિત્ય અને ઇતિહાસ વિષયક અત્યન્ત ઉત્તમ, માર્મિક ગદ્ય લેખોનો સંગ્રહ (સચિત્ર) કી. ૩–૮–૦

લાવણ્યમયી અને પ્રચંડ જવાળામુખી—આમાં બે ઐતિહાસિક વાર્તાઓ છે. બન્ને રસિક, ચિત્તાકર્ષક અને જ્ઞાનપ્રદ હોઇ વાંચવા

યોગ્ય છે. રૂ. કિં. ૨॥

પીનલકોડ—(ફોજદારી કાયદો) ગુજરાતીમાં દરેક ફોજદારી ગુન્હાઓમાંથી બચવા આ પુસ્તક પ્રત્યેક પોતાની પાસે રાખવાની જરૂર છે. કિં. ૯ રૂ.

કબીરકાવ્ય—ગમે તેવા પાષાણ હૃદયવાળા માણસને પણ આ પુસ્તક સારૂં જ્ઞાન આપી નૂતન જીંદગીમાં પ્રવેશ કરાવે છે. કિં. ૩–૪–૦

બુલબુલ—સુપ્રસિદ્ધ મરાઠી નોવેલનો અનુવાદ ઘણીજ સરળ અને રસજ્ઞ ભાષામાં હોવાથી વાંચવા યોગ્ય છે. કિં. રૂ. ૩–૮–૦

યૌવનચક્ર—નારાયણ વિસનજી ઠક્કુરકૃત નવીન રસિક નવલકથા. ઘણી જ રસિક હોઇ હમણાંજ બહાર પડી છે. કિં. રૂ. ૩–૦–૦

ચમત્કારિક ગુફા—ભાગ ૧–૨ (સચિત્ર નવલકથા) સુવિખ્યાત રેનોલ્ડ્ઝે લખેલી 'લયલા' નામની લોકપ્રિય નવલકથાનો ગુજરાતી ભાષામાં આ પ્રથમ અનુવાદ છે. ત્રણ રંગનાં અને સાદાં ચિત્રોથી સુશોભિત. સોનેરી પૂઠું કિંમત બન્ને ભાગની રૂ. ૫–૮.

કુંજકિશોરી—(સચિત્ર) દશા ફરે બુદ્ધિ ફરે એ પ્રમાણે અધમ મનુષ્યોની અને તેથી આગળ ઉપર કેવું ભયંકર પરિણામ આવે છે તેનો અને સત્યવાદી જનોને શિરે અનહદ સંકટો આવી પડવા છતાં હીંમતથી તે સંકટોને દૂર કરી પાપીઓની પ્રપંચજાળને કેવી રીતે તોડે છે તેનો આબેહુબ ચીતાર ચીતરવામાં આવ્યો છે. કીં. ૨–૪–૦

રાજા ભોજ અને કવિ કાલિદાસ—બુદ્ધિવર્ધક વાર્તાઓનો સચિત્ર સંગ્રહ. જુદા જુદા પ્રસંગો ઉપર કાલિદાસ પંડિતની સાથે મહારાજા ભોજને થયેલી વાતચિતનો, શ્લોકો વગેરેનો અપૂર્વ અને અત્યુત્તમ લોકપ્રિય સંગ્રહ. કિંમત રૂ. ૪.

પતિવ્રતા સતીઓ—(સચિત્ર) સ્ત્રીઓની ઉન્નતિ ને સ્ત્રીઓની પડતીથી જ દેશની ઉન્નતિ અને પડતી થાય છે એ સિદ્ધાંતને સ્ત્રીઓની ઉન્નતિ માટે આ ઉપયોગી ચરિત્ર ગ્રંથ પ્રસિદ્ધ કર્યો છે. સચિત્ર આવૃત્તિ ત્રીજી, કિં. રૂ. ૪.

સંસાર કે નરકાગાર?	૧—૮
ગુલવાડીનું ગુલાબ	૩—૮
મણિકાન્ત કાવ્યમાળા (સચિત્ર)	૩—૦
કુંજકિશોરી (સચિત્ર)	૨—૪
જીવનચંદ્ર	૨—૦
પદ્મલતા	૨—૦
રાજનંદિની	૧—૪
વિલક્ષણ વેર	૨—૮
વહેમી વનિતા...	૨—૮
મુરલીલાલ (સચિત્ર)	૧—૮
ગુલશાના (પ્રેમકથા)	૧—૮
ગૃહસ્થાશ્રમ (સચિત્ર)	૨—૮
સાધ્વી શશીકળા	૧—૦
અનુપકુમારી	૧—૮
મુળરાજ સોલંકી (સચિત્ર)...	૩—૦
લલિતપ્રભા	૧—૮
અદ્‌ભુત લુંટારો	૩—૮
વિચિત્ર પ્રેમપંખિણી (સચિત્ર)	૨—૦
અકબર રાજરહસ્ય ભાગ ૧—૨	૩—૧૨
મહાભારત અંગ્રેજી ગુજરાતી ડિક્ષનેરી (ઉચ્ચાર સાથે. પૃષ્ઠ સંખ્યા ૧૬૦૦)	૨૦—૦

☞ આ સિવાય ગુજરાતી ભાષાનાં તમામ પુસ્તકો અમારે ત્યાંથી ઘણી કિફાયત કિમ્મતે મળશે. આફ્રિકા તથા પરદેશ વી. પી. જઈ શકતાં નહિ હોવાથી પુસ્તકોની કિમ્મતની રકમ ઑર્ડર સાથે અગાઉ મોકલવાની કૃપા કરવી. સઘળો પત્રવ્યવહાર નીચેને શીરનામે કરવો.

વ્રજલાલ જાદવજી ઠક્કર.
મેનેજર, લુહાણા-બંધુ ઑફિસ.
અમદાવાદ (ગુજરાત).

व्रजलाल जादवजी ठकर.
मेनेजर लुहाणाबंधु ऑफिस
अमदावाद (गुजरात).

શ્રી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યું, સલાપોસરોડ—અમદાવાદ.